કરણીનો કાયદો

તેજ ભવિષ્યનાં ચઢતાં ઊતરતાં બેહેસ્ત કે દોજખનો દરવાજો:

એટલે કે

જેવી કરણી તેવી પાર ઊતરણી:

અથવા

રવાનની મુક્તિ.



આ-વે ગેઉષા હેમ્યન્તુ, યોઇ વે ડ્યઓથનાઇશ્ સારેન્તે,
અહુરો અષા હિજ્વા ઉખ્ધાઇશ્ વંઘ્રહેઉશ્ મનંઘ્રહો,
યએષાંમ્ તૂ પોઉરુયો મજ્દા ફ્રદક્ષ્તા અહી.

બનાવનાર,

ડૉકટર પેશતનજી નવરોજજી પાવરી, જી. જી. એમ. સી.,

'દુઃખ નિવારણ' તથા 'આતશની બુલંદી' ના કર્ત્તા.

મુંબઈ,

દફતર આશકારા ઑઈલ એનજીન પ્રેસમાં

એદલજી માણેકજી વાચ્છાએ છાપ્યું છે.

સને ૧૨૬૫ યજદેજરદી—સને ૧૮૯૬ ઈસવી.

કરણીનો કાયદો

તેજ ભવિષ્યનાં ચઢતાં ઊતરતાં બેહેસ્ત કે દોજખનો દરવાજો :

એટલે કે

જેવી કરણી તેવી પાર ઊતરણી :

અથવા

રવાનની મુક્તિ.

આ-વે ગેઉષા હેમ્યન્તુ, યોઈ વે બ્યઓથનાઈશ્ સારેન્તે,
અહુરો અષા હિજ્વા ઉખ્ધાઈશ્ વંઘેહેઉશ્ મનંઘ્હો,
યએષાંમ્ તૂ પોઉરૂયો મજ્દા ... ફ્રદક્તા અહી.

બનાવનાર,

ડૉક્ટર પેશતનજી નવરોજજી પાવરી, જી. જી. એમ. સી.,

'દુઃખ નિવારણ' તથા 'આતશની બુલંદી'ના કર્ત્તા.

મુંબઈ,
દફતર આશકારા ઑઇલ એનજીન પ્રેસમાં
એદલજી માણેકજી વાચ્છાએ છાપ્યું છે.

સને ૧૨૬૫ યજદેજરદી—સને ૧૮૯૬ ઈસવી

અર્પણ પત્રીકા.

આપણા વડા માનવંતા દસ્તુરજી સાહેબ,

દસ્તુર ડૉક્ટર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પઆસાના,

એમ. એ., પી. એચ. ડી., ડી. સી. એલ., (ઑક્સૉન).

પારસી ટોળાનાં ભલાંને અર્થે, અંતઃકરણની ભલામાં ભલી લાગણીથી,
આજ સુધી અથાગ મેહેનત તથા જેહેમત, તેમની વૃધ્ધાવસ્થા
છતાં કરતા આવ્યાછે, તથા પોતાના વખતનો, પૈસાનો,
અને તનદરોસ્તીનો ભોગ આપી લોકોને
નેક તથા સાચે માર્ગે દોરવતા આવ્યાછે,
તે બુજરગ માયાલુ સાહેબને
આ પુસ્તક
કર્ત્તા તરફથી મોટાં માન તથા ભાવ સાથે
અર્પણ કરવામાં આવેછે.

પ્રસ્તાવના.

આ પાંચ ભાષણો, "જરતોસ્તી ધર્મ તથા ક્રીયા માર્ગ ઉપર એતેકાદ વધરાવનારી મંડળી" તરફથી, જરતોસ્તી બાનુઓ તથા ગ્રહસ્થોના મોટા મેળાવડા આગળ વાંચવામાં આવ્યાં હતાં, તથા પાછળથી, મુંબઇની "થીઓસોફીકલ સોસાયટી" માં વાંચી સંભળાવ્યાં હતાં. "જરતોસ્તી ધર્મ તથા ક્રીયા માર્ગ ઉપર એતેકાદ વધરાવનારી મંડળી" તરફથી હમુને આશરો મળવાથી, તથા એ ભાષણોમાં આવેલી બાબતોમાં ઘણું શિખવાનું છે, એવું હમારા કેટલાક વિદ્વાન મીત્રો તરફથી જાણવામાં આવવાથી, હમોએ આ ભાષણોમાં આવેલી બાબતમાં થોડોક ફેરફાર કરીને, તેઓને એક પુસ્તકના આકારમાં છપાવી બાહેર પાડયાંછે. આ પુસ્તકમાં સમાવેલી બાબત જોકે ઘણી સુકી છે, તોપણ વાંચનાર તેનો અભ્યાસ હોંસથી તથા પ્યારથી કરશે, એમ ધારીને તે છપાવવાનું દરૂસ્ત ધાર્યું છે.

મારાં અદનાં મત પ્રમાણે આ લખાણો ફકત પારસી કોમનેજ નહી, પણ કોઇ પણ ધર્મવાળાને, ઉપયોગી થઇ પડશે એમ હું માનુંછું, કારણકે માણસને આ સંસારનાં દુઃખ સુખના સાગરમાં, તેને માટે નેક તથા સત્ય માર્ગ કયોછે, તે તેનાજ ધર્મની મારફતે જાણવામાં તેને મદદ કરશે, એમ હું માનુંછું, જેથી તેને આ દુનીયામાંજ સુખ મળે એટલુંજ નહી, પણ તેની કરણીનાં પરિણામે બીજી જીહાંનમાં હમેશગીનું સુખ એટલે મોક્ષ માર્ગ દર્શાવનારૂં તે થઇ પડશે. આ સંસારમાં દરેક જણ સુખ મેળવવાની શોધમાં રેહેછે, પણ એવાં કેહેવાતાં દુનિયાઇ સુખની શોધમાં રેહેતાં બનેછે એમ કે તેના ખ્યાલી વીચારમાં ગરક થઇ પોતાની ખરી ફરજ આ તકલીદી દુનિયામાં શું છે, તે ભુલી જાયછે, અને ઘડી પળની ખાકી સ્વપના રૂપી મોજથી લલચાઇ જઇ ખાકી સુખને ખરૂં સુખ તરીકે માની લઇ મરણ પામેછે. એવાં તકલીદી સુખનેજ એવું તો મજબુત રીતે ખરાં સુખ તરીકે જગતના લોકોએ માની લીધુંછે કે કોઇ માણસ મરણ પામેછે, ત્યારે પણ, સાધારણ રીતે અને પેહેલો સવાલ સર્વના મોહોડામાંથી જે નિકળેછે, તે એ છે કે ગુજરનાર શખસ કેટલું **નાણું** મુકીને મરી ગયોછે. જાણેકે નાણું તેજ તેને માટે હમેશગીનું સુખ તથા મોક્ષ માર્ગ હોય. પણ એથી ઉલટું કોઇ પણ એમ નથી પુછતું કે મરનારના ગુણ કેવા હતા, મરનારે પાક કે નાપાક જીંદગી ગુજારી હતી. મરનાર બીચારો મોક્ષ મેળવવા લાયક હતો કે નહી. તો હવે આ પુસ્તક ધ્યાનથી વાંચવાથી, અને તેમાં દર્શાવેલી રીતી નીતિઓને પોતાની દોલત તરીકે કરી લેવાથી, અને તેમ ચાલવાથી કરીને, નેક અને સાચે માર્ગે તે ચાલવા વગર રેહેશે નહી એમ હું માનુંછું. સચાઇ અને રાસ્તીપણું, તથા નેકી એજ દરેકની દોલત સમાન છે, એમ કેહેવામાં ખોટું કંઇ નથી. ખાકી દોલત તો કદાચ તેને આ જીહાંનમાં તકલીદી સુખ અને સગવડ કરી શકે,

કદાચ બેહદ નુકસાન પણ કરે, પણ મીનોઇમાં તો પૈસાના ડુંગરો પણ બીલકુલ કામે આવતા નથી. ખરૂં જે હમેશગીના ખુદ સુખને માટે તેને લાયક કરેછે, તે પૈસા નહી, પણ સારામાં સારી તેની કરણી હોયછે એ સત કરી જાણવું.

દર વર્ષે દીવાળીના દીવસો ઉપર, હીંદુ લોકો તેમજ પારસી લોકો, તેમજ બીજી જાતવાળાઓ પણ પોતાના ધંધા રોજગારને લગતા ચોપડા પુંજેછે, અને તે પણ કેવી રીતે અને કેવા જોસથી ? આ ક્રીયામાં કોઇ રીતનો ખોટો દેખાવ કે ઢોંગ જેવું લાગતું નથી, પણ જે કોઇ એમ કરેછે, તે પોતાની ખરી લાગણીથી અને ભકતિભાવથી કરેછે. એ વખતે આતશપર સુખડ લોબાન મુકીને, હીંદુઓ તરફથી મંત્રો જપવામાં આવેછે, અને પારસી લોકો તેમજ મોબેદો પણ માથ્રાવાણી ભણી, જે રીતે ક્રીયામાં સામેલ થાયછે, તે ઉપરથી ખરેખર એ વખતનો દેખાવ ઘણોજ ગંભીર થઇ પડેછે. જાણેકે સર્વે જણ પૈસા માટે એક જાતની ગંભીર ક્રીયામાં ઉતરી પડયા હોય, એમ આસપાસ ઉભેલાઓને લાગેછે. જાણેકે પૈસો અને પૈસોજ તેવાઓનું સંપૂર્ણ સુખ હોય, તેવી રીતે, તેઓ જોસબંધ પ્રાર્થના કરેછે. હવે દીવાળી તો વર્ષ દહાડે આવેછે, તે દીવસે ચોપડા પુજવાની જો આટલીબધી દોડાદોડ થાયછે, તો ભાઇબંધીમાં ભાગ લેવાથી, અને મનુષ્યજાતીનું દુઃખનિવાર્ણ કરવા માટે આપણી તરફથી જે ભલામાં ભલી કરણી કરવી જોઇયે, જેથી હમેશગીનાં બેહદ દીપકવાળાં અમશાશપંદો બેશુમાર રોશનીવાળાં દીપકમાં, એટલે હોરમજદમાં એકત્ર થઇયે, તેને માટે કેટલી દોડાદોડી આપણને હરપળે કરવી ઘટે, તેનો હીસાબ ત્રીરાસીથી તમારે કરી લેવો. મારી મતલબ ખાસ કરી, ચોપડા પુજવાની ક્રીયા સામે બોલવાની નથી. મારી મતલબ એટલીજ છે કે પૈસાને માટે વર્ષની આખેરીએ, જો એટલીબધી ધમચક્રી થાયછે, તો આપણા હવે પછીનાં બેહદ સુખ માટે, કાં નહી, આપણ હર પળે, સારીજ કરણી કરવા માટે ચકચુર રહીયે. ફકત પૈસાપરજ મરી ફીટવું, અને ભવિષ્યનાં બેહદ સુખપર પાણી ફેરવવું, એ શું વાજબી ગણાય ? અફસોસ, કે આ જમાનોજ પૈસાના દેવનો ચાલેછે. જ્યાં જુઓ ત્યાં લોકો પૈસો ખાઇ, પૈસો પી, પૈસો ઓઢી, પૈસો દમમાં લઇ મરણ પામેછે. ખરી વાત એ છે કે એક ખોટી કોડી પણ પેલી જીહાંન તે પોતાની સાથ લઇ જવા પામતો નથી. ગરીબ બીચારો જેમ નાગો જન્મ પામ્યો તેમ નાગી હાલતમાં સઘળું જ્યાંનું ત્યાં રેહવા દઇને, અહીંથી ચાલી જાયછે.

જગતમાં સર્વે હસ્તીનું મૂળ જોશો તો તે એકજ મધ્ય બીંદુ છે, એ મધ્ય બીંદુને જુદા જુદા ધર્મવાળા, જુદાં જુદાં નામોથી ઓળખેછે, જેવાં કે હોરમજદ, ઇશ્વર, અલ્લા, લોગોસ, ઇ૦. હવે કેટલાક નાસ્તિકો, જેઓ ઇશ્વરને માનતા નથી, તેઓ એમ કેહેછે કે હવે પછીની બીજી દુનીયાં જેવું કંઇ નથી. જે છે તે અહીંનું અહીંજ છે. તેઓ એમ કેહેછે, કે જો હોરમજદ સર્વેનો પેદા કરનાર હોય, અને જો બેહદ રાસ્તી હોય, તો આજ જગતમાં તેણે કોઇને હલકામાં હલકું જીવજંતુ, તો કોઇને માણસ કાં બનાવ્યું. વળી માણસમાં કોઇ બચ્ચાંને કરોડપતીને ત્યાં, તો કોઇને ભીખારીને ત્યાં શું કામ જન્મ આપેછે. એ કંઇ રાસ્તી ઇનસાફ કેહેવાય નહી. વળી તેઓ કેહેછે, કે જો અમશાશપંદો, યઝતો, ફરે-

સ્તાઓ જેવી મીનોઇ શકતિઓ હોય, તો માણુસને પણ એકદમ અમશાશપંદને દરજ્જે કાં નહી ચઢાવ્યો. એવી રીતના સવાલ કરનારાઓ અને તેમ માનનારાઓ માટે આપણ એટલુંજ કહીશું, કે આ પ્રકારની જે ચઢતી ઉતરતી મીનોઇ કે ગેથી પેદાશ નજરે પડેછે, તે કંઇજ નહી પણ હોરમજદમાંથી કરણીને લગતો જે કાયદો ઉતરેલોછે, તેને લીધે છે. અવસ્તા પ્રમાણે શરૂઆતથી બે મીનોઇ શક્તિઓ, હતી. એકને સ્પેનતામીનો, અને બીજીને અંગ્રેમીનો કરી કહેછે, એટલે (good and evil mind,) એટલે સારી ને ખરાબ મીનો. જેઓ ભલી મીનોને પોતાની કરી માની લેછે, તેઓ અહીં તેમજ હવે પછી સુખી છેજ. જેઓ ખરાબ મીનો પ્રમાણે ચાલેછે, તેઓ અહીં દુખી, અને પેલી જીહાંનમાં પણ દુઃખી છેજ. બારીકીથી આ બાબત સમજવા માટે રવાન એટલે (મન, બુદ્ધિ, ચિત્ત, તથા અહંકાર) ને લગતી ફીલસુફી, તથા આખી જગત તેમજ માણુસ, સાત તત્વોનું કેમ બની રહ્યુંછે, તેનો અભ્યાસ પક્કી રીતે કરવો જોઇયે. વળી, અવસ્તા, વેદ શાસ્ત્ર, ઉપનીશદ, ભગવત ગીતા, Secret Doctrine, આતશની બુલંદી, તેમજ જામે કેખશરો, બુનદેશ, દસાતીર, દબેસ્તાન, ઇત્યાદી પુસ્તકોનો ઘણો નહી ને થોડો પણ અભ્યાસ કર્યો હોય, ત્યારેજ આપણ જગતની creation અથવા evolution એટલે તેની પેદાશ, અથવા, તેનું પ્રગતીકરણ કેમ થયું, અને તેનો છેડો કેમ અને કયારે આવશે, તેનું જ્ઞાન આપણને આવે. એ પ્રમાણે ધર્મોની બારીક શોધખોળ કરવાથી અને તેઓના ભેદી ઉંડાણમાં જવાથી જે જ્ઞાનરૂપી એકીન આપણામાં ઉતરેછે, તે આવા અભ્યાસ પછી, જેમ અજ્ઞાનીઓ આંધળા એકીનથી ધર્મને નામે જીવ લેવા નીકળી પડેછે તેવું એકીન નથી હોતું, પણ તે એકીન એવું સંપુર્ણ બનેલું હોયછે, કે તે પોતાના શીવાય બીજા ધર્મવાળાને કદી ધિક્કારતો નથી, પણ તેને હમેશાં ચાહાતો રેહેછે. એવું જ્ઞાન થવા પછી, તેને માલમ પડેછે કે જોકે આદમ ખોદા નથી, તોપણ તે ખોદાથી જુદો નથી અને અંતે તો તેમાં મળવાનું છે, અને "વિનાશ કાળે વિપરીત બુદ્ધિ" ની કેહેતી પ્રમાણે, કોઇ કાળમાં માયા ને માહામાયાના રંગીલાં અને લલચાવનારા પણ ખોટાં ને ખ્યાલી સુખને, ખરાં ને ખુદ સુખ તરીકે માની લેવાને લીધે, તેનો ખાકી મનસ, ઇશ્વરથી છુટો પડયો, અને તે વખતથી તે જન્મ મરણમાં આવવા લાગ્યો. એ પ્રમાણે ઇશ્વરમાં પાછો મળી જવા માટે, કરણીનો કાયદો તેને આ ધરતી પર જન્મ લેવાની ફરજ પાડેછે. આ જીંદગીમાં જે કોઇ જન્મ લેછે, તે એક જાતની શિક્ષા રૂપે હોયછે, અને તે એમકે જ્યારે તે માયા અને માહામાયા (Illusion & Delusion) પર મોહી પડયો ને ઇશ્વરથી છુટો પડયો, તો તેણેજ પોતે પોતાની ભલામાં ભલી કોશેશથી, જીવતાં જીવત ઇશ્વરી મધ્ય બીંદુમાં મળી જવું. એ પ્રમાણે જન્મ લેવા પછી, તેની ઉપર જે ફરજ ઉતરેછે તે એ છે કે તેણે પોતાની ભુલ જોઇ લેવી, અને તે શું કામ અહીં આવ્યોછે, તેનો મર્મ બરાબર રીતે સમજી લઇ, ખરો અને ખુદ જે ખુદા જે તેનાંજ શરીરમાં કે બાહેર, હોરમજદના ફરોહર તરીકે એકત્ર થઇ રહ્યોછે, તેમાં તેણે એટલે કે તેનાં રવાને જીવતાં જીવત મળી જવું.

જુદા જુદા ધર્મોમાં જે એમ આવેલું છે, કે હોરમજદ સર્વેનો પેદાનો કરનાર છે, તે ઉપર લખવા પ્રમાણે સમજવું. બાકી એમ નહી સમજવું કે ઇશ્વર કે હોરમજદ કોઇ ફાંટાવાળો ધણી છે, અને તે જગતને બનાવીને તેમાં રેહેવાને માટે જીવજંતુઓને ને ગાઓ ગોસપંદને ને માણસને ગમે તેમ ઢંગઢડા વગર પેદા કરે, અને તેમાં તે મોજ મેળવે. જે કંઇ પેદા થાયછે, તે એવી રીતે નહી, પણ કરણીને લગતા તેના ચોકસ કાયદાને અનુસરીને, માણસ કે જીવજંતુ અહીં જન્મ લેતું રેહેછે. એક મંનવંત્ર અથવા ફરશોકેરેત જ્યારે શરૂ થાયછે, અને ઇશ્વર જ્યારે ઇચ્છેછે કે ખાકી જગતો પાછી હસ્તીમાં આવે, જેથી આગળ થઇ ગયલાઓ, પણ તેનામાં મળી નહી ગયલા એવાઓ જન્મ લઇ, દાની બની તેમ કરવાને શક્તિવાન થાય, માટે અપમનપાતમાંથી (એટલે Living Waters of space) માંથી, એટલે તેનાજ પોતીકા સ્વયમ પ્રકાશમાંથી, આકાશ અથવા ઇથર નીકળેછે; આકાશમાંથી તેજશ, તેજશમાંથી વાયુ, વાયુમાંથી પાણી, પાણીમાંથી જમીનને લગતા પદાર્થો નીકળેછે, અને પછી કંઇક જમાનાઓ ગુજરવા પછી, દુન્યાઓ, જે પેહેલાં હવાઇ રૂપી હતી, તે જડ આકાર પકડેછે, અને પછી તેમાં ઝાડપાન, રફતે રફતે જાનવર, ને માણસની ઉત્પંતિ થાયછે. એ પ્રમાણે જગતનું પેદા થવાનું અને તેમાં જીવદારોનું ઉતરવાનું જે કામ તે, અમશાશપંદોના પ્રતાપથી થાયછે, જેઓ હોરમજદની ખુદ મરજીને અમલમાં મુકેછે. આ કામમાં હોરમજદ પોતે પણ મુખ્ય આગેવાની લેછે, કારણ, તેને પણ અવસ્તામાં સાત અમશાશપંદોમાં સૌથી પેહલો અમસાશપંદ ગણ્યોછે. એ ઉપરાંત જગતને શોશીઓશ તુલીક હોરમજદની મરજી પ્રમાણે ચાલુ રાખવા માટે, બીજી બેસુમાર ભલી શકતિઓ કામે વળગી જાયછે જેવી કે સેતારાઓને લગતા ફરેસ્તાઓ અને ઇઝતો વિગેરે. હવે Evolution એટલે પ્રગટી કરણને લગતો કાયદો, જે "Secret Doctrine" નામનાં પુસ્તકમાં લંબાણથી સમજાવ્યોછે, તે પ્રમાણે ખુદરત આગળ ને આગળ વધી વધીને, સૌથી ચઢતે દરજ્જે એટલે અમસાશપંદ અથવા ધ્યાનચોહાનને દરજ્જે પુગી, અંતે હોરમજદને મળેછે, જેને લગતો ઇસારો વોઉક્ષત્ર ગાથામાં આવ્યોછે. જરતોસ્તી ધર્મ પ્રમાણે, છ અમસાશપંદો હોયછે, જેઓમાંનો પેહલો તે બેહમન અથવા અકલે અવલનો અમસાશપંદ ગણાયછે. વળી એ "ગેઉષ ઉર્વાન" એટલે ખુદરતનો રૂહ (Universal Soul of Nature) ઉપર મવકલ હોયછે. ગેઉષ ઉર્વાનનો અર્થ ગાઓ ગોસપંદ કરીને કરવામાં આવેછે, પણ ખરી રીતે જોતાં, તેનો ભેદી અર્થ ફકત ગાઓ ગોસપંદનેજ લાગુ પડતો નથી, પણ ખુદરતની દરેક જાતની નાની મોટી જીવવાળી જે ચીજ પછી તે ઝાડપાન, જાનવર, કે માણસ હોય, તેની પાસબાની માટે, અને ખાશ કરીને માણસને હોરમજદમાં મળી જવા માટે, બેહમનની અકલે અવલ અથવા આસનુખતોનો જાથુકનો ઝરો મળતો રેહે, માટે બેહમન જાહેર થાયછે. બેહમન જો હોય નહી, તો આ જગત તેમજ સર્વે પેદાશ, રાક્ષશો અને દેવ દરૂજોનું જાથુકનું સ્થળ થઇ પડે, કારણ અકલે અંવલ છે, તો તે માણસને નેકમાં નેક હોરમજદી રાસ્તી ઇનસાફ પ્રમાણે ચાલવાને હમેશાં ફરમાવેછે, અને

તેમ કરીને ખાકી મરજીને પોતાના કાબુમાં રાખવાને, એટલે કે ખાકી મરજીને ખોદાઇ મરજીમાં આમેજ કરી જીંદગી ગુજારવાને, તેને હમેશાં આગ્રહ કરેછે, જેથી આ ભવમાં નહી, તો કોઇ બીજા ભવમાં એમ કરીને, તે હોરમજદમાં મળી જાય. બીજો અમસાશપંદ તે અષવહિસ્ત અથવા અરદીબેહસ્ત છે, જે ભીતરના આતશ ઉપર તેમજ દીઠ આતશ ઉપર મવકલ છે, તે જગતોને લોહોચુંબક શકતિ, રોશની ગરમી, વિજળી, જે એક એકમાં બદલાઇ શકેછે, તે શોશીયોસ લગીન પુરી પાડેછે. એ અમસાશપંદ હોય નહી, તો રોશની તથા ગરમી તથા લોહોચુંબક શકિત તથા વિજળી જેઓની મદદથી જગતની હસ્તી કાયમ રહીછે, તે હસ્તીજ ખતમ થઇ જાય. વળી લોહોચુંબક શકિત કરતાં ઘણીજ બળવંત એક શકિત જેને Ultra-magnetic force કરી કેહેછે તે એક એવી શકિત છે, જે સર્વવ્યાપક બની રહીને, સઘળી પેદાશને, અરસપરસના પ્યારમાં, જીવતી જાગતી રાખેછે. માણસ માણસ માટે, અથવા હરકોઇ ચીજ માટેનો જે ભીતરનો પ્યાર, તે પણ એવી રીતના કોઇ પ્રકારના અરસપરસના Ultra-magnetic force ઉપરજ આધાર રાખેછે. એ શક્તિ હોય નહી, તો ધરતીનું પોતાની ધરી ઉપર ફરવું, તેમજ ધરતી તેમ સર્વ આકાશી ગોળાઓનું સૂર્યની આસપાસ ચૂક કરવા વગર ફરતા રેહેવું તે બંધ પડે. દરદોનું સારૂં થવું, અરસપરસનું ભલું કરવું, એકએકને મદદ કરવી, માબાપ તરફનાં બચાં માટે, અને બચાં તરફથી માબાપ માટેનો પ્યાર, ધણી ધણીઆંનીનો પ્યાર, આખી જગત માટેનો આપણો ચાહા, તથા જે ખુદાને આપણ આંખે જોઇ શકતા નથી, તે છતાં તેને માટે અત્યંત પ્યાર તથા માનનો જુસ્સો જે આપણામાં જાથુક હોયછે ઇ૦, એ પણ કોઇ જાતની એ પ્રમાણેની કોઇ ઘણીજ ચઢતી પ્રકાશવાળી મીનોઇ શકિત વગર બને એમ લાગતું નથી. પશ્ચિમ તરફના સૌથી કાબેલ વિદ્વાનો જેવાકે પ્રોફેસર ક્રુકસ, તીનદાલ, ઇ૦, હાલમાં થોડુંક થયું ખાતરીથી mesmerism જેવી બાબત માનવા લાગ્યાછે, તો જોકે જુદાં નામથી તેઓ તેને ઓળખવા લાગ્યાછે. હાલમાં hypnotcsm, suggestion, massage, thought reading, telepathy વિદ્યાઓ, દુનિયાના સૌથી સુધરેલા મુલકોમાં પ્રસિદ્ધ થઇ રહીછે, જેઓની મતલબ કંઇજ નહી, પણ માથ્રા અથવા મંત્ર આગળા વખતપર શું કરી શકતા હતા, તેમજ ભણુવા ગણુવાથી દર્દો કેમ સારાં થઇ શકતાં હતાં તે બતાવેછે. ૪ થા મવકલ અમસાશપંદને શરેહવર અથવા ખશત્રવૈરીઓ કરીને કેહેછે. એ, ધાતુ ઉપર તથા energy એટલે વિર્ય, બળ, તેજ અથવા ઉત્સાહ ઉપર મવકલ છે. એ અમુશાશપંદની સાથ જે ચાર હમકારા તાલુકો રાખેછે, તેઓને ખોરશેદ, મેહેર, આસમાન તથા અનેરાં કેહેછે, જે ઉપરથી એમ માલમ પડેછે કે ખોરશેદ અથવા Adonai અથવા Sol એટલે સૂર્ય સાથ આ અમસાશપંદને અતલગનો તાલુકો છે. હવે સર્વ ગ્રહોનો સરદાર જેમ સૂર્ય ગણાયછે, તેમ સર્વથી જે કીમતી ધાતુ સોનું, તેની ઉત્પંતિનું મૂળ પણ સૂર્યને લીધેજ ગ્યાનીઓ માનેછે, જે પ્રમાણે કે બીજી હલકી ધાતુઓનું મૂળ, ગ્રહો ગણાયછે તેમ. જેમ કે ચંદ્ર અથવા (Luna) અથવા (Iao) તે રૂપાં ઉપર; બુધ અથવા મરકયુરી અથવા (Astaphai) તે પારા ઉપર;

બરેસ્પતી અથવા જુપીટર અથવા (Eloi,) તે કલાઇ ઉપર; સુકર અથવા વીનસ (Orai) તે ત્રાંબા ઉપર; સની અથવા (Ildabaoth) તે સીસાં ઉપર મવકલ કરેલા હોયછે. આ સાત ધાતુઓના ખવાસ તથા ગુણ ચઢતા ઉતરતા હોયછે. એજ પ્રમાણે માણુસનામાં પણ આ ધાતુઓમાંની કોઇએક ચોકસ ધાતુને મળતો ખવાશ અથવા ખાશીયત જોરમાં માલમ પડેછે. જેમકે કોઇ માણુસ સોના જેવો ખાલેશ, તથા ઉચાં મોટાં મનનો ને દીલનો હોયછે, તો કોઇ રૂપાને લગતી જોરાવર ઇચ્છાવાલો હોવા છતાં, સોના જેવો ખાલેસ અને મોટાં મનનો હોતો નથી. તો કોઇનો જાતીકો ખવાસજ લોખંડ જેવાં કઠણ દીલનો અને મારામારી કરાવનારો, તો કોઇનું દીલ સીસાં જેવું નબળા મનનું, તો કોઇ પારા જેવો ચંચળ હોયછે તો કોઇ ત્રાંબા જેવા ઉંચા ખવાસનો હોયછે. તો હવે માણુસની ખરી ફરજ તો એ છે કે તેણે ધાતુઓમાં સોના પેઠે, સર્વોતમ રીતે પોતાના ભલામાં ભલા ગુણોની મારફતે, એક ફરેસ્તો બનીને ચાલવું. ઉપર લખવા પ્રમાણે માલમ પડેછે, કે સર્વે જાતની energy અથવા વિર્ય અથવા બળ, કે તેજનું મૂળ જેમ સૂર્યને લગાડવામાં આવેછે, તેમ તે શરેહવરને લગાડવું વધારે સ્વભાવિક છે, જે આપણુને, તેના હમકારા ખોરશેદ, મેહેર અને અનેરાં સાથ જે અતલગનો સંબંધ તે ધરાવેછે, અને તેની ઉપર મવકલ છે, તો તે ઉપરથી, માનવાને બનેછે, કે energy ઉપર, જેમ સૂર્ય તેમ શરેહવર અમશાશપંદ મવકલ છે. પારસીઓ માટે આ એક જાણીતી વાત છે, કે તેઓના જેવા ચાલાક, સાહાસીક, બુદ્ધિવાન, તથા હીમતવાન, અને સખી દીલના જેવા લોક ઘણા થોડા આ ધરતી ઉપર વસેછે, તો હવે જે માનથી અને ભાવથી તેઓની લાગણી તથા એકીન પ્રમાણે, સૂર્યને જોઇને ખુદાની બંદગી તેઓ કરેછે, તેને લીધે તે કાં નહીં હોય ? હવે સૂર્યની રોશની તથા ગરમી, તથા energy જે હર પળે જગતને તેના તરફથી મળેછે, તે energy જો બંધ પડે, તો જગતનો પણ નાશ થાય. ૫ મો અમશાશપંદ તે અસપંદાદ અથવા સ્પેનત આરમઇતી છે, જે જમીન ઉપર મવકલ છે. આ અમશાશપંદ જેને અલંકાર રૂપે હોરમજદની બેટી કરી ગણીછે, તે માણુસને હોરમજદમાં મળી જવા માટે જમીનપર તેને એક જાતનું આશ્રમ કરી આપેછે, કે સંપૂર્ણ નેક મનશની, નેક ગવશની, નેક કોનશનીની મદદથી, જીવતાં જીવત તેણે હોરમજદમાં મળી જવું, અને જ્યાંતુલીક એમ બનતું નથી, ત્યાંતુલીક નીચે ઉતરીને, તેની પનાહમાં રેહેવું, અને મનુષ્યજાતી માટે જાનફેસાન કરવો, અનુભવ મેળવવો, અને હોરમજદ માટે તથા આખી જગત માટે અને ગાઓગોસપંદ માટે બેહદ પ્યાર રાખી વરતવું, અને હંત્યા કરવી નહી, જેથી જીવતાંજીવત તેને ખોદાઇ ગ્નાન થાય, અને મુક્તિ મળે. હવે ખાકી તથા મીનોઇ અથવા તો મીનોઆન મીનો વચે, ચઢતા ઉતરતા આકાશી તબક્કા આવેછે, જેઓને આસામાનો અથવા ઇંગ્રેજીમાં Spheres કરી કેહેછે. ૬ ઠો અમશાશપંદ જે હોરમજદના બેહદ પ્રકાશમાંથી નીકળેછે, તેને ખોરદાદ અમશાશપંદ કેહેછે. એ અમશાશપંદ આકાશી દુનિયાઓ ઉપર સરદારી ભોગવેછે, જેથી સાધારણ લોકોને સામાન્ય રીતે સમજવા માટે તેને પાણી ઉપર મવકલ કીધેલો લાગેછે, પણ ખોરદાદ યસ્ત ઉપરથી એમ સિદ્ધ થાયછે, કે તે પાણી તેમજ

આકાશી દુનિયાઓ ઉપર મવકલ છે. હવે પાણી પણ ચઢતાં ચઢતાં આકાશી રૂપ પકડેછે. તેઓ તરેહવાર જાતના હોયછે, પણ તેઓ પાતળાં થતાં થતાં એટલાં તો બારીક થાયછે કે તેઓ પોતાનું રૂપ છોડી દઇ, આકાશી રૂપ પકડેછે. જેમકે પાણી, ઠંડાં મુલુકોમાં બરફ, હીમ, કરાં, "સ્નો" (snow), ના આકારમાં હોયછે, તો ગરમી મળતાં તેઓ પીગળીને ઠંડું પાણી, ઝરાના ગરમ પાણી, બાફ, વાદળ, અને ત્યારપછી તેથી પણ બારીક હાલતમાં (Ultra-Gasious), (Ether) ઇથર, Ultra-Ether, અને છેલ્લે આકાશ તરીકે આપણને દીસેછે. આકાશી જગતની ઉપર, ખોરદાદ અમશાશપંદ તેમજ બીજી ભલી શક્તિઓ જે સરદારી ભોગવેછે, તેઓના બળથી અને પ્રતાપથી, મનવંતરની શરૂઆતથી તે આખર સુધી આપણા ભીતરમાં, તેમજ આપણી ઉપર અને આસપાસ અને નીચે, આકાશ રૂપે, હોરમજદનો બેહદ પ્રકાશ છત્ર તરીકે થઇ રહ્યોછે, ને રેહેશે. પણ એ આકાશને સ્વચ્છમાં સ્વચ્છ હાલતમાં રાખવા માટે, આપણી તરફથી પણ અત્યંત ભલામાં ભલી કોશેશ તથા ભલામાં ભલા ગુણોની અત્યંત અગત્ય છે. ફરવરદીન યસ્તમાં એમ આવ્યુંછે કે હોરમજદ જરતોસ્તને કેહેછે કે "મારા અશો લોકોની જોરાવર અને ગાલેબ ફ્રવશીઓની મદદ, ઝળકાટ અને નુરથી, આ આસમાન જે ઉપરથી ઝળકતું, ખુબસુરત અને આ જમીનની આસપાસ ફરી વળેલુંછે, તેને ટેકાવી રાખ્યુંછે; અગરજો તેઓ મને મદદ નહી આપતે, તો અહીં મારાં પશું અને માણસ જેઓ સર્વે જાતોમાં ઉત્તમછે તે નહી થયાં હોત, પણ દરૂજનો વધારો અને દરૂજની પાદશાહી તથા દરૂજનીજ તનોમદ દુનિયા પણ થઇ હોત." અશોના ફરોહરોને ડાકટર હાઉગ "Guardian angels" કરી ગણેછે. ફીલસુફી રીતે જોતાં, ફ્રવશીઓને (આત્મા, બુધ્ધિ અને મનસ) કરીને ગણવી જોઇએ, જેઓ આખી જગતમાં જીવદારોમાં સર્વે વ્યાપક બની રહી હોરમજદની નેક મરજીને અમલમાં મુકવાની મદદ કરેછે. માણસને પોતાને માટે પણ આપણ એમ કહીશું કે તે જેમ સાત તત્વોનું બનેલું છે, તેમ ટુંકમાં સમજ પડવા માટે તે બેનું બનેલુંછે, જેઓને ફ્રવશી અને રૂવાન કેહેછે. માણસ જીવતું હોય કે મરણ પામે, ખરાબ હોય કે સારૂં, તોપણ ફ્રવશી તેનાં રૂવાનને હમેશ નેક સલાહ સુચવેછે, પછી રૂવાન માન્ય કરે કે નહી, તે તેની ખાકી મરજી પર રાખ્યુંછે. એ પ્રમાણે જોતાં માલમ પડેછે કે જો આપણી હાલની કરણી સારામાં સારી હોય, તેમજ થઇ ગયલાં રૂવાનોની કરણી સારી થઇ હોય, તેમજ હવે પછી જેઓ જન્મ પામશે તેઓની કરણી જો સારી બને, એટલે ડાઘ વિનાની બને, તો આકાશ પણ સ્વચ્છ ને ટેકી રેહેછે. જમીન પર જ્યારે પાપનું જોર ઘણુંજ વધેછે ત્યારે તેવે વખતે સૂર્યમા કાળાં ધાબાં દીસેછે, અને દેશમાં દુકાળ, મરકી, ધરતીકંપ થાયછે, અને પ્રાણી માત્રનો ઘાણ નીકળેછે, તોફાનો જાગેછે, અને શેહેરનાં શેહેરો અને દેશના દેશો ગરક થાયછે. તો હવે એટલાપરથી સીધ્ધ થાયછે, કે હોરમજદે જે જગત પેદા કીધીછે તેને આગળ વધારવા માટે, તેના મદદનશીન અમશાશપંદો અને બેહદ રોશનીવાળી બેસુમાર શક્તિઓ જેમ તેની મદદે આવેછે, તેમ સ્પેનતો મઇન્યુસને લગતો કરણીનો કાયદો સંપૂર્ણ રીતે

અમલમાં આવે, માટે આપણી તરફથી એટલે આપણા રવાન તરફથી, ઘણીજ સારી કરણી થવી જોઇએ, જેથી જગત આગળ વધી, આકાશરૂપી બની, એક સ્વર્ગ બને.

આપણ ઉપર જણાવી ગયા કે ખોરદાદ અમશાશપંદ, સાધારણ વિચાર પ્રમાણે, ફક્ત કુવા, તળાવ, નદી, નાળાં, ઝરા, દરીયાવ, વાદળ, વરસાદ ઇ૦ પાણી ઉપરજ મવકલ છે. પણ એ વીચાર ભૂલ ભરેલો છે. પાણી, એટલે ખોરાક તથા પાણી, તેમજ કોઇ પણ જાતનો ગુણ સમજવો. હવે ખોરાકને પાણીના તત્વોનાં ગુણ પ્રમાણે, તેઓ શરીરના લોહીમાં ફરવા પછી, આપણામાં જે સારા કે નરસા ગુણવાળી ખાશીયતો પેદા કરેછે, તે ગુણો ધ્યાનમાં રાખી, આપણને ખાવું પીવું જોઇએ. કેટલાક ખોરાક તથા પાણી, શરીરને તનદરોસ્તી આપી, ઉત્તમ ગુણ પેદા કરેછે, જેમ કે દુધ, દહીં, માખણ, મલાહી, દાળભાત, ભાજી તરકારી, ફ્રૂટ, ઇ૦ મગજને ઠંડક તથા શાંન્તી આપેછે. વળી જલદ દારૂ અને, જલદ દવાઓ તેમજ માસનો ખોરાક એ મગજને, તપેલું, જુસ્સાવાળું રાખેછે. એટલામાટે માણસે હમેશાં ખાધાપીધાની બાબતમાં ઉપર લખવા પ્રમાણે સંભાળ રાખવી જોઇયે, તો તેનું શરીર પણ મજબુત બાંધાનું બને, અને તે ઉપરાંત સારા ગુણોનો ઝરો તેનામાં હમેશાં વેહેતો રેહે, અને ખાકી મનને તાજગી પીરોજગી મળવાથી, તે પણ પાકીજે રાહપર હમેશાં દોરવાયલું રેહે. ખાકી દુનિયામાં જીવવા માટે, આપણને ખાવાપીવાની જરૂર પડેછે, તો તે વખતે જે ગમે તે, એટલે જીભને ભાવે તેમ ગમે તે ભળતું ખાવુંપીવું, એ કંઇ નહી તો ગલીચ ઇચ્છા બતાવેછે, અને એમ થવું જોઇયે નહી, કારણ મીનોઇ (આકાશી) એટલે મનના તબક્કા ઉપર પણ આપણને જીવવાનું છે, તો તેને માટે ખાકી ખોરાક માટે, તેમજ મીનોઇ ખોરાક માટે ખાકી મનને ડાઘ વિનાનું રાખવા માટે, અને દુષ્ટ વિચારોને હર પળે કચડી નાંખવા માટે જેટલી મેહેનત લઇયે, એટલી થોડી કેહેવાય.

ખોરદાદ ઇયસ્ત પ્રમાણે, ખોરદાદ અમશાશપંદ જે મીનોઇ પાણી, એટલે ભલા ગુણોપર મવકલ છે, તેને જે કોઇ ભલાઇમાં ઇજેછે, એટલે હુંપણું તજી દઇને ભલાઇમાંજ જીંદગી ગુજારેછે, સત સંગ રાખી નીતિથી ચાલેછે, તો તેનું મન એટલે આકાશી તબક્કો વધારે ને વધારે સ્વચ્છ થતો ચાલેછે, અને તે હજારગણા હજાર, દસહજારગણા દસહજાર, તથા બેહદગણા બેહદ દેવોના હુમલા સામે થઇ શકેછે, અને નસુશ, હશિ, બશી, સએની, તથા બુજી દેવોને મારી શકેછે. એ દેવદ્રુજોને "થીઓસોફીસ્ટો," ઇંગ્રેજીમાં Elementals and Elementaries કરી કેહેછે, અથવા તો Semi-Intelligent forces in nature, and disembodied spirits કરી કેહેછે, જેઓમાં કેટલીક સારી તો કેટલીક ખરાબ હોયછે. વળી તે માણસને, અમસાસપંદો, તથા મીનોઇ, તથા ગેથી ઇજદોની મદદ મળવાથી, તે જુલમગાર માણસોથી, જાદુગરથી, પરીથી, તથા ભુલા પાડે એવા રસ્તાથી પોતાનો બચાવ સેહેલાઇથી કરી શકેછે.

હવે આપણને માલમ પડેછે કે, જગત તેમજ તેમાં વસ્તા જીવદારો જે જન્મેછે, તે creation અથવા evolution એટલે પેદાશ અથવા પ્રગટીકરણના

પ્રમાણે કાયદા પ્રમાણે બની રહ્યુંછે અને બનશે, અને કાયદોજ એટલેકે કરણી અથવા કર્મનો કાયદોજ, જેમ સર્વે જીવદારોને તેમ માણસને, એક જાતની શિક્ષા રૂપે, જન્મ મરણમાં ઉતરવાની ફરજ પાડેછે, કે જન્મ લઇ, સંપૂર્ણતાથી સુધરી, ને તે હોરમજદમાં મળી જાએ. એ કાયદો ઘણોજ સકત છે, માટેજ કોઇ પૈસાવાળાને ત્યાં તો કોઇ ભીખારીને ત્યાં, તો કોઇ પહરેજગારને ત્યાં, તો કોઇ દુષ્ટ માણસને ત્યાં પણ ઉતરેછે. પુર્વે ભવમાં જેવી વાસના, જેવા જુસ્સા, જેવા ગુણ, જેવી ઇચ્છાને લગતાં ગુપ્ત બીયાંવાલી ખાશીયત, તેઓના ગુણ અને વિસ્તાર પ્રમાણે, એ બનતું રેહેછે. બાકી, હોરમજદ તો બેહદ રાસ્તીવાળો છે, અને રાસ્તીવાળો છે, તોજ કાયદો પણ રાસ્તીપણાથી અમલમાં આવેલોછે. હવે માણુસ જન્મ લઇ મરણ પામેછે, તે તેની કરણી પ્રમાણે ચઢતાં ઉતરતાં બેહેસ્તો, કે દોજખોમાં પધારેછે. તેની કેરદાર પોતેજ, તેને લાયકની ચોકસ હાલતમાં ખેંચી જાયછે.

એ બેહેસ્તો તથા દોજખોને તહરેવાર નામોથી ઓળખવામાં આવેલાંછે, અને તેઓના દરજજા ચઢતા ઉતરતા હોય એમ ચોકસ લાગેછે, કારણકે આપણને સમજ નહી પડે તેવી રીતે ચોકસ બેહેસ્તને, ચોકસ ભણતરમાં આરાધેલુંછે, પણ જ્યાંતુલીક તે ગરોથમાનના ખુદ સુખને લાયક થયો નથી, ત્યાંતુલીક બીજાં જે બેહેસ્તો જેવાંકે પાયાવાળું બેહેસ્ત, કે વહીશ્તેમ અહુમ, કે અનગ્ર રોચાઓ, તેમાં તે હમેશગી સુધી સુખ ભોગવી શકતો નથી, કારણ તે સુખ તે **કેહેવાતું** (relative happiness) સુખ હોયછે, તે કંઇ ખુદ સુખ જે હોરમજદમાં મળી જવાથી મળે, તેવું હોતું નથી. ગ્નાનીઓ એમ માનેછે કે ગરોથમાન, જ્યાં ખુદ સુખ હોયછે, તે શીવાએ બીજાં બેહેસ્તોમાં કેહેવાતાં સુખનો ભોગવટો ૨૦૦૦ વર્ષ સુધીનો હોયછે. હવે એ મુદત ૨૦૦૦ વર્ષની કે ૨૦૦૦૦૦ વર્ષોની હોય તેની સાથ આપણને કંઇ કામ નથી. આપણને જે જોવાનુ છે તે એટલુંજ છે કે કેહેવાતાં સુખની હદ હોયછે, પછી તે ગમે એટલી હોય, તો તે મુદત પુરી થવા પછી, મનસ એટલેકે માણુસને, પાછું નીચે ઉતરીને, પોતાનો અધુરો રહેલો મીનોઇ અભ્યાસ પુરો કરવો, અને હોરમજદની સંપૂર્ણ રીતે તાબેદારી કરી, મનુષ્ય જાતીની શેવા કરવી, અને અત્યંત પહરેજગાર બનીને, તે ખુદરતના ખાવંદમાં મળી જવું. પારસી લોકો તેમજ બીજા ધર્મવાળાઓ જેવાકે ખ્રિસ્ટી લોકો જો એ વાત માનતા નહી હોય. તો તેમાં વિવેક બુદ્ધિ માલમ પડતી નથી.

છેલે સાતમાં અમશાશપંદને, અમરદાદ અથવા અમરેતાત કરી કેહેછે, જે ઝાડપાન તથા અજ્મરપણા ઉપર મવકલ છે. એટલે જ્યારે કોઇ માણસ ઉપર લખવા પ્રમાણે, ગ્નાન મેળવવા પછી, તેણે આ જગતમાં શું કામ જન્મ લીધોછે, તેનો મર્મ બરાબર રીતે પીછાણીને એક પક્કા ઠેડાવથી, હોરમજદને પોતાની આખી જીંદગી સુધી સરદાર તરીકે માની લઇને, પોતાની જીંદગી ગુજારેછે, ત્યારે તેવાં રવાનને મોક્ષ એટલે મુક્તિ મળવાની આશા રેહેછે, અને તેવાને

ઘણું કરીને ચઢતા ઉતરતાં બેહેસ્ત કે દોજખમાં પોતાની કરણીનાં ફળ ચાખીને, આ નીચલી દુનીયામાં પાછો જન્મ લેવો પડતો નથી, પણ ગરોથમાનમાં હોરમજદ, અમશાશપંદો, અને યઝતોમાં મળી જાયછે. આવી રીતની જે મુક્તિ માણસને મળેછે, તે તેનાં પોતાનાં રવાન માટે સમજવી, અને તેનાં ફરોહરને એ પ્રમાણે સુખ કે દુઃખ ભોગવવાનું હોતું નથી, કારણ ફરોહર તે હોરમજદના બેહદ પ્રકાશનો એક અંશ છે. બીજી રીતે બોલીએ તો ફરોહર તે, (આતમા બુદ્ધિ મનસ) પોતે છે, અને તે રવાનને હમેશાં નેકમાં નેક રસ્તો સુચવેછે, અને અજ્ઞાનરૂપી જે ગંદીલાં અને કાળાં વાદળો તેનાં ફરોહરની આસપાસ ફરી વળેલાં હોય, તેઓને વીખરી નાખવા રવાનને આગ્રહ કરેછે. બાકી જીંદગીમાં, રવાનનાં કામકાજ માટે તેનું ફરોહર બીલકુલ જોખમદાર નથી. એટલામાટે જો કોઇ એમ માનતું હોય કે રવાનની માફક ફરોહર પણ જવાબદાર છે, તો તે એક ઘણી ખરાબ ભુલ ગણાવવી જોઇએ. ફરોહર એ હોરમજદના બેહદ પ્રકાશ તરીકે દરેક ચીજમાં તેમ માણસમાં, અને આખી જગતમાં સર્વ વ્યાપક બનીને, તે તેની સાથ રહ્યુંછે અને રેહેશે. ખરેજ તે કમબખત જે જીવતાં જીવત પાપી જીંદગી ગુજારી, તેની સાથનો સંબંધ તોડી નાખેછે, અને વાસના અને ગલીચ ઇચ્છા સાથ મરણ પામેછે. ખરેજ તે શુરો નર, જે જીવતાં જીવત પોતાની બાકી કારકીરદીમાં, સંતોષ, સબુરી, ધિરજ અને શુકરાના રાખી, દરેક જાતની પહરેજગારી જાળવી, વાસના તથા ઇચ્છાને, ખાસ કરીને ગલીચ ઇચ્છાને મારી નાખી, જીંદગી ખલાસ કરેછે, કારણ એવો જે નર તે જીવતાં જીવત તેની સાથ જાથુકનો સંબંધ રાખી, નારાયણ (ખોદા) માં મળી ગયો હોયછે. એનું નામ તે રવાનની મુક્તિ, મારા મિત્ર!!

ડૉકટર પેસતનજી નવરોજજી પાવરી. જી. જી. એમ. સી.

આ પુસ્તક છપાવવાનાં કામમાં નામદાર સર જમશેદજી જીજીભાઇ ત્રાન્સ્લેશન ફંડના ત્રસ્ટી સાહેબોએ, તથા જરતોસ્તી ધર્મ તથા ક્રિયા માર્ગ ઉપર એતેકાદ વધરાવનારી મંડળીએ, તેમજ જે જે બાનુઓ અને ગ્રહસ્થોએ આ ગ્રંથની કદર પિછાનીને ઉદાર દિલથી આશ્રો આપ્યોછે તેઓનો જાહેર ઉપકાર માનતાં મને મોટી ખુશી પેદા થાયછે.

સાંકલીયું.

આ પુસ્તકમાં અનુક્રમે સમાવેલી બાબતો વિષેનું વિવેચન.

જવા માટે મદદ કરેછે. માણસ પણ એજ કારણ માટે જન્મ લેછે. માણસનાં કામ, આચાર, વિચાર, પ્રમાણે મરણ પછીની, તેની હાલત, ચાર રીતની દર્શાવી શકાએ. આ હાલતોનાં નામો નીચે પ્રમાણે છે. ગરોથમાન, તથા વહીશતેમ અહુમ, અથવા સ્વર્ગ અથવા બેહેસ્ત, તથા દોજખ, તથા દેવનામ દેવ, અથવા દત્યનામ દૈત્યવાળી હાલત. માણસમાં કેટલીક છુપી શક્તિઓને લગતા તેનાં અંતર જગતને લગતાં સાત ચક્રોનાં નામો. મુક્તિ, મોક્ષ, નિર્વાણ, અથવા ગરોથમાન, તે શું? કૈવલ્ય, પરનિર્વાણ તે શું? આત્મ વિદ્યા, એજ સૌથી ઉંચી પ્રકારનું મીનોઇ જ્ઞાન. સૌથી નીચલાં તેમજ સૌથી ઉંચી પ્રકારના **લાંબા** વખતનાં ચઢતાં ઉતરતાં **પાયાવાળાં** બેહેસ્તો, જેવાં કે **સતરપાયા, માહાપાયા, ખોરશેદપાયા,** વહીસ્તેમ અહુમ, અનગ્રરોચાઓ એટલે બેશુમાર રોશનીવાળી હાલતો, એઓની વચ્ચે તથા ગરોથમાનનાં હમેશગીનાં ખુદ સુખની વચ્ચેનો તફાવત. ૧૬ થી ૨૯

ભાષણ ૭ જું.—વાસના તદન નાષ પામવાથીજ રવાનથી મુક્તિ મેળવી શકાએ. વાસના અથવા ઇચ્છા સાથે કોઈ મજદીયસ્ન મરણ નહી પામે, માટે આપણા ન્યાગાનાઓ તરફથી લેવાયલી, અને આજે પણ લેવાતી અત્યંત સાવચેતી. ગુજરનાર ધણીના કાનમાં ઇઅથા, અષેમના સૌથી બુલંદ કલામ, ગુજરનાર ધણીના કાન આગળ, અથવા તેની પાસે બેસી મોટેથી ભણવાથી, ગુજરનારને થતો બેહદ મીનોઇ ફાયદો. મોતના બારીક સમયે, ગુજરનારને ઇચ્છા, કે વાસના જેવું કાંઇજ રહે નહી, માટે જરથોસ્તી ધર્મ પ્રમાણે, રડવા કુટવાની કરેલી સખ્ત મનાઇ. નિષકામવાળું માણસ, વાસના કે ઇચ્છાથી છુટો હોવાને લીધે, મરણ પછી, તે મોક્ષ પામેછે. **"મીનો ખેરદ"** નામનાં પુસ્તક પ્રમાણે, તથા રશને યસ્ત પ્રમાણે, બેહેસ્ત એટલે સ્વર્ગ, કૈલાસ, દેવખાન, જીનત, અથવા "હેવન" ના તબક્કા. તેઓનાં નામો. ૧ લું **સતર પાયા,** ૨ જું માહા પાયા, ૩ જું ખોરશેદ પાયા, ૪ થું અનધ્રરોશન, ૫ મું પાક લોકોનું ચળકતું, સુખી, મકાન, ૬ ઠું ચળકાતવાળું ગરોથમાન, ૭ મું તનાશુશઅધન અધના. બેહેસ્ત કોઇ પણ જાતનું મકાન નથી, પણ હાલત હોયછે. નિષકામવાળાઓજ તેઓનાં નિષકામને લીધે, નિર્વાણ અથવા ગરોથમાન, કે પરનિર્વાણ, અથવા તનાસુસઅધન અધનાનાં ખુદ સુખને માટે, હમેશગી સુધી લાયક થયલા હોયછે. એઓ શિવાય, બીજાં ઉતરતાં બેહેસ્તોમાં ખુદ સુખ નહી પણ એકેકનાં સંબંધમાં આવતું કહેવાતું સુખ હોયછે, જે હમેશગીનું હોતું નથી. અરદાવીરાફનામા પ્રમાણે હુમત, હુખત, અને હુવરેસ્તને લગતાં ત્રણ પ્રકારનાં બેહેસ્તો, તથા દુશમત, દુજુખત, અને દુજુવરેસ્તને લગતાં ત્રણ પ્રકારનાં દોજખો, તથા દોજખોની ખાસીયતો. બાકી અને મીનોઇ અભ્યાસ વચ્ચે જમીન તથા આસમાન જેટલો તફાવત. માણસનાં ત્રણ પ્રકારનાં ગુણો. પેહેલો સત્વ, બીજો રજો, ત્રીજો તમો ગુણ. ગરોથમાનને લાયક થવા માટે કેવી રીતની જીંદગી માણસ જાતે ગુજારવી જોઇએ. જરાથુસ્ત્ર સાહેબનો દાખલો શું શીખવેછે. શું ગરોથમાન કે નિર્વાણ મેળવવાની ઉલટમાં, માણસે જંગલમાં જઈ, એકાંતવાસમાં જીંદગી ગુજારવી, તે લાયક છે? કે સંસારમાં રહી, પાક ફરજ બજાવીને, અનુભવ મેળવવો તે?

કરણીના કાયદા તેજ ભવિષ્યના ચઢતાં ઉતરતા બેહેસ્ત કે દોજખનો દરવાજો

એટલે

જેવી કરણી તેવી પાર ઊતરણી

અથવા

રવાનની મુકિત.

ભાષણ ૧ લું.

આ બાબદ શરૂ કરવાની આગમજ એક ટુક ખુલાશો કરવાની રજા લેઉંછું. જે બાબત હાથ ધરીછે, તે એવી છે કે જેનાં મૂળ તત્વને સઘળા ધર્મવાળાઓ એકસરખી રીતેજ સ્વીકારેછે, માટે આ લખાણનો પેહલો ભાગ આપણા પાક ધર્મના ટેકા સાથ શરૂ કરીશ, અને બીજા ભાગથી, બીજા ધર્મવાળાઓ તથા ફીલસુફો એ વીષે શું કેહછે, તે તેઓનાં મત ટાંકીને જે બાબત મેં હાથ ધરીછે તે સંપુર્ણ કરવાની કોશેશ કરીશ.

જોકે એ મુળ તત્વના પેટાકાનુનમાં જરથોસ્તી ધર્મના વીચાર ને મતથી કેટલેક દરજ્જે બીજાઓ જુદા પડેલા તમને દેખાશે, તોપણ જે મુળ બાબત ઉપર હું કેહવા માગુંછું, તે મુળ બાબતની હસ્તી, બીજા બધા ધર્મવાળાઓ એકસરખી રીતે માનેછે. માટે મેં જે બીજાઓનો ટેકો લીધોછે, તે એટલાજ માટે કે આ જમાનો આત્માની આંખે જણાતી સચ્ચાઇને બાહારની માસ ચરબીની આંખે જોયા વગર માનવાને ના પાડેછે—ત્યારે ફરજ થઇ પડેછે કે વિદ્વાનો, ફીલસુફો, સાધુઓ, પીર, પેગમબરો શું કેહછે, તે તેઓનાં નામની સત્તા સાથે જાહેર કરી ઇનકાર કરનારાઓની ખાતરી કરવી.

સૃષ્ટિની રચનામાં જે નીયમ જોવામાં આવેછે, તે એવો તો પરીપુર્ણ છે, કે તેના બનાવનારનું અચુક ડહાપણ માણસને અજાયબીમાં ગરકાવ કરી નાખેછે. એક રાજ્યની વ્યવસ્થાને માટે કાયદા ઘણા અગત્યના છે, પણ તેઓ ખામીથી દૂર હોતા નથી. પણ અહુરમજદી અથવા ઇશ્વરી કાયદો એવો તો ખુબીથી ભરપુરછે, કે જો તેને અનુસરીને ઇનસાન ચાલે તો "હું દુખી છું" એ શબ્દજ ભાષામાંથી નીકળી જાય. પગની લંબાઇની હદ હોયછે; તેટલોજ જો કુદકો મારશું, તો આપણો હેતુ પાર પડશે. પણ જો પગનાં પ્રમાણ કરતાં વધુ હદપર કુદકો મારવા જશું, તો ખચીત આપણે પોતાને નુકસાન કરી બેસશું. એ દુઃખ આપણે કુદરતના નીયમને અનુસરીને નહી ચાલવાથી આપણે પોતાની ઉપર આણ્યુંછે માટે સીદ્ધ થાયછે કે દુઃખનું કારણ કોઇ બીજું નહી, પણ આપણે પોતેજ છીયે. એ ઉપરથી સાબિત થાયછે કે આપણે જો સુખીજ થવું હોય, ને દુઃખનું નીવારણ

કરવું હોય, તો ઇશ્વરી કાયદાને માન આપી તેને અનુસરીનેજ ચાલવું. આપણને યાદ રાખવું જોઇયે કે ઇશ્વરી કાયદો કંઇ પ્રત્યેક માણસ, પ્રાણી કે પદાર્થ વીષેજ બંધાયો નથી, પણ તે આખી સૃષ્ટિ માટે એક નીયમિત કાયદો છે—આપણ એકલા માણસ માટેજ નહીં, પણ આખી સૃષ્ટિ કે જે એક કુટુંબ સમાન છે, તેના સામાન્ય ફાયદા માટે એ કાયદો બંધાયોછે. તે નીયમથી ઉલટા વરતી સૃષ્ટિ રચનામાં હરકત થાય એવી રીતે વરતવાનો આપણને કશો હક નથી—પણ જો તેમ વરતીએ તો ઇશ્વરી કાયદાથી ઉલટી રીતે ચાલવાને લીધે, આપણે પોતેજ પોતાને નુકસાન અને દુઃખી કરીએ છીએ. પણ એથી ઉલટું ઇશ્વરી કાયદાને અનુસરીને ચાલવાથી આપણને અનંત સુખ હાંસલ થાયછે. એ રીતે ઇશ્વરી કાયદો સુખદાતા છે; અને દુઃખના કર્તા આપણ પોતેજ છીએ.

એજ નીયમે હવે પછીની કોઇ જીંદગીમાં સુખી કે દુઃખી થવું, તે કેવળ આપણા હાથમાં છે. સુખની તમામ આનંદી હાલત, તે બેહેસ્ત અને દુઃખની તમામ ગમખાર ને દુઃખી હાલત તે દોજખ છે. અંધકારની તમામ ગદલી દુનિયા તે દોજખ, અને પ્રકાશની તમામ નિર્મળ દુનિયા તે બેહેસ્ત છે. આ દુનિયામાં આપણી નજર સામે કેટલાકો એવી સ્થીતીમાં રહેછે કે જેને આપણે દોજખની સ્થીતીનું નામ આપીએ છીએ, તેમજ કેટલાએકો એવી આનંદી સ્થીતીમાં રેહછે કે જેને આપણ મગરૂરી સાથ બેહસ્તની હાલત કહીએ છીએ. માટે સુખની આનંદી હાલત તેજ બેહેસ્ત છે, ને દુઃખની ગમખાર હાલત તેજ દોજખ છે. સર્વ કોઇ વાચાવાળા તેમજ વાચા વગરનાં પ્રાણીઓ જનમથી તે મરણ સુધી સુખની પ્રાપ્તિ અને દુઃખનું નીવારણ ઇચ્છેછે.

માટે હાલ આપણને જે વીચાર કરવાનો છે, તે એટલોજ છે કે આ ક્ષણભંગુર દુનિયા જે ઘડીપળની છે, તેમાં જો આપણ કેહવાતું સુખ ઇચ્છીયે છીયે, ને દુઃખથી છુટવાના વલખાં મારયે છીયે, તો આવતી જીંદગી કે જેનો કાંઇ પાર નથી તેને માટે તો ખચીત આપણને સુખ મળે એવાંજ સાધનોથી સામગરી તૈયાર કરી મેળવી જોઇયે. નહી તો આવતી જીંદગીઓનું દુઃખ કેમ સહન થશે તેનો ખ્યાલ કરો. જરા જેવાં અને વળી ઘડી પળના ખ્યાલી દુઃખને સારૂં તેમાંથી છુટવાને માટે માણસ આપઘાત કરેછે કે તે આ સંસારનાં દુઃખમાંથી છુટી સુખી થાય—પણ એ વીચાર ઘણો ભુલ ભરેલો છે, તોપણ એ ઉપરથી ઉઠતી સમજ લેવા જોગ એ છે કે જો ઘડીપળનાં દુઃખમાંથી છુટવાને, આપઘાતથી માનવી પોતાનો છુટકારો ઇચ્છેછે—તો અએ! માનવી તું વીચાર કર કે હવે પછીની જીંદગીનાં દુઃખમાંથી છુટવાને માટે તું કયો ઉપાય લેશે. શરીરનાં મુવા બાદ આત્માને આપઘાત કે મરણ નથી, ત્યારે શું આપણે ચોકસ વખત સુધી દુઃખમાં રીબાયાજ કરશું કે નહી? એ સીવાય બીજો ઉપાયજ નથી. ત્યારે કરવું કેમ? કરવું એ કે આવતી મીનોઇ તેમજ ગેતી જીંદગીને માટે સુખની ખરીદી કરી લેવી, અને તે સુખને માટે જે અવેજ આપવો પડે, તે અવેજ આપણને ફોકટમાં કંઇ પણ કીમત વગર ખુદરતે આપણા હાથમાંજ આપેલોછે, અને તે **અશ** છે. અશને આપણી પોતાની કરવાથી ગેતી અને મીનોઇ દુનિયાની સુખવાસી જગોના આપણે ધણી થશું, ને સતમાં ચીત

રાખવાથી હમેશ આનંદમાં રેહેશું. જેવું કરે તેવું પામે—વાવે તેવું ચાખે—હાથે કરે ને સાથે લેવે—એ આપણા પાક જરથોસ્તી ધર્મનો "મોટો" છે—એ આપણા પવિત્ર મહજબનો બોધ છે, એ અવસ્તા કલામનો પાક કોલ છે, એ હોરમજદી દીનનો પાયો છે, એ માહતમા હજરત જરથોસ્તનું ફરમાન છે. એ ફરમાન સાદું અને સુતરૂં છે ને તેથી સર્વેથી બની શકે તેવું છે. ખોટી, માત્ર મનને કાબુમાં રાખવાનીછે. એ ફરમાનને અનુસરીને ચાલ્યાથી અને અહુરમજદમાં અતીયંત ભક્તીભાવ રાખ્યાથી આપણું માગેલું આપુણે આવી મળશે ને આપણું કલ્યાણ થાશે તે આપણને સામું પુછતું આવશે. તેની શોધ કરવાની જરૂર નથી. તે આપણી શોધ કરતું આવશે, અને આપણી નેક ઇચ્છા પરીપુર્ણ કરશે.

હવે **અષ** શું છે, તે આપણ જરા તપાસીએ. અષ એ ખોદાતાલાની મરજી જણાવનારો, તેની કુલે પેદાશ તથા તમામ સૃષ્ટિને બંધન તથા વ્યવસ્થા સુચવનારો, એક પવીત્ર ધાતુ (root) છે, જે ઉપરથી અશોઇ એ કર્મ તથા અષો એ કર્તા શબ્દ વૃધી પામીને, આપણી આગળ અનેક અર્થમાં બોહોળા વીસ્તારમાં ગંભીર મન આકૃષણમાં અને ઉંડા ભેદમાં આવીને ઉભો રેહછે. આ શબ્દનું મહત્વપણું, પવિત્રાઇ, બુજરોગી આ ઉપરથીજ જણાશે કે તે વિશેષણ, હોરમજદને અને તેના પસંદ કીધેલા પેગમ્બર સાહેબ જરથોસ્તનેજ લાગેછે. અશો હોરમજદ અને અશો જરથોસ્ત એવાં વિશેષણથી આપણા પેદા કરનાર હોરમજદને અને આપણા રાહનુમાય પેગમ્બર જરથોસ્તને, આપણ ઓળખીએ છીએ. ત્યારે હવે એ ઉપરથી એની પવિત્રાઇ, મોટાઇ, બુલંદી અને બુજરોગીનો ખ્યાલ આવી શકશે. આપણાં ત્રણ ફરમાનો કેવાં વીસ્તાર પામ્યાછે, તેને શું દેશ કે વીદેશ, શું હમધર્મી કે પરધર્મી સર્વ એક અવાજે વખાણે છે, અને જેની પ્રસંશા ચોતરફ ફેલાઇ રહીછે. તે ફરમાન હુમત, હુખત, ને હુવરસ્ત છે. બીજા બોલોમાં નેક મનશની, ગવશની ને કુનશની એટલેકે પવિત્ર વીચાર, સત્ય ને મધુર વચન—ભલાં પ્રમાર્થી પરોપકારી ને કલ્યાણી કૃત્ય—એ બુજરોગી ભરેલા પુન્યકારક ત્રણ ફરમાનો જોકે ઘણાં બુલંદ છે તોપણ તે માત્ર અષના એક પેટા કાનુન જેવાં છે. એ અષ આપણી મુક્તિનો હેતુ અને કારણ છે. જેમ અષની અંદરથી ઉપલા ત્રણ ફરમાનો નીકળેછે, તેમજ તેનો પવિત્ર કાયદો અને તેની પેદાશની વ્યવસ્થા ને બંદોબસ્તનું ફરમાન પણ તેમાંથીજ નીકળેછે. અષના બંધારણથીજ સુરજનું ઉગવું અને આથમવું છે. ભરતી ઓતનું થવું ને ચંદ્રનું વધવું ઘટવું પણ એનાથીજ છે. રૂતુનું બરાબર વખતે હાજર થવું અને તેમાં નીયમસર થતો ફેરફાર, એ પણ અષનેજ આધીન છે. એક દાખલો લેઓ કે અગરજો રૂતુનું તેના વખતસર બરપા થવું એટલેકે શરૂ થવું, નહી થાય તો કેવાં ભયંકર પરીણામ નીપજે. જો વરસાદનું વખતસર વરસવું નહી થાય, તો આપણી હાલત શું થાય. એ ઉપરથી જણાશે કે સૃષ્ટિ રચનામાં વ્યવસ્થાની જરૂરીઆત ઘણી અગત્ય ધરાવનારી છે. પણ અફસોસ જેવું છે કે જ્યારે આ અચેત પદાર્થો ઇયાને કે જડ પદાર્થો જેઓમાં ચૈતન્ય

શક્તિ સાદી આંખે માલમ પડતી નથી, તેવાં પદાર્થો પોતાના પેદા કરનારને વફાદાર રહી અષના બંદોબસ્તને માન આપીને ચાલેછે, ત્યારે ઇનસાન બેવફા અને નીમકહરામ બની, પોતાનામાં ચૈતન્ય શક્તિ હોવા છતાં નાફરમાન બની, અષના પવિત્ર બંદોબસ્તથી આડો જાયછે, જેથી ગાફેલી તથા અજ્ઞાનપણામાં તે પોતે પોતાનેજ નુકસાન કરેછે, અને છેવટે પોતાનાંજ સુખ તથા ભવીષ્યની અનંત આનંદ સ્થીતીનો નાશ કરેછે. ભલાં મનની આંખથી હમેશાં જાગરૂત રહીને, આ નીચે લખેલા પવિત્ર કલામોપર જાથુક ધ્યાન આપીને જીંદગી તુલીક ખરે રસ્તે ચાલવાની દરેક માણુસે કોશેશ કરવી જોઇએ.

"તેમ વાઓ અહુમ દ્રેગવન્તો બ્યઓથનાઇશ ખાએશ દએના નએષત."

અર્થ—ઓ પાપીઓ તમારાં કામોને લીધેજ તમારી કરણી તમને (તે અંધકાર દુઃખભરેલી) જગામાં ઘસડી લઇ જશે.

આ પવિત્ર ગાથાવાણીનો કલામ ઇજશનીના ૩૧ માં હાનો ૨૦ મો ફકરો છે. એ ફકરો ખુલ્લે ખુલ્લી આપણને ચેતવણી આપેછે કે આપણી કરણીજ આપણાં પાપની શીક્ષા આપણને કરશે. આ ઇનસાફ કેવો ઉત્તમ ને વાજબી છે, કેવો એકસરખી રીતે સર્વને માટે અદલ છે, કેવો સત્ય ને નિર્મળ છે. જે પ્રમાણે એક માણસ કેફ કરે, અને તેની બુરી અસરમાં તે પોતેજ પોતાની મેળે આવે, તો તેમાં તેની સામે કોઇના પુરાવાની કે સાબિતીની કંઇ પણ જરૂર નથી, અને સજાને માટે કોઇના હાથની પણ અગત્ય નથી; તે પોતેજ તેની સાબિતી છે, અને તે પોતેજ તેની સજા પણ છે. તે પ્રમાણે ગુનેહગાર માણસ પોતેજ પોતાની મેળે પોતાનાં સારાં અને માઠાં કીધેલાં કામનો ભોગવટો કરેછે. એમાં કોઇની સાક્ષીની કે સજાને માટે કોઇના હાથની જરૂર નથી એવી સરસ અને અચુક યુક્તિ તે કુદરતના ખાવંદે કીધીછે કે ગુનેહગારોને દમ મારવાની જગાજ નથી. આ હું નથી બોલ્યો—આ મેં નથી કીધું—આ મેં નથી વિચાર્યું એવા બહાનાં તળે પોતાનો બચાવ શોધવાની ત્યાં જગા નથી. તેનાં કીધેલાં કામો, વીચારો અને સુકનો એકીજ પળે તેનાં ખરેખરાં અને સત્ય રૂપમાં આવીને તેની સામે સાબિતી તરીકે ઉભા રહેછે, અને એજ તેને સારા કે નરસા બદલાની તરફ ઘસડી લઇ જાયછે, અને તે, એક નીયમિત કાયદેજ બન્યું જાયછે. અને તે એજ કે જેનો જે કર્તા તેનો તે ભોગવતા. કરણી મુજબ સારાં કે માઠાંનો ભોગવટો તે કરતાજ કરે. એ કુદરતનો નિયમ, તે આપણા ધર્મનો બોધ છે.

જુઓ ઇજશનીનો ૪૩ મો હા, ૫ મો ફકરો જે ઉસતવત ગાથાનો છે, તે પવિત્ર કલામ આપણને શું શીખવેછે.

"યતદાઓ શકયઓથના મીજદવાન યાચા ઉખધા અકેમ અકાઇ વંઘુહીમ અષીમ વંઘવે થવા હુ નરા દામોઈશ ઉરવએસે અપેમે."

માયની—ઓ મઝદ! તારો ખરો ઇનસાફ જીંદગીને અંતઃકાળે બુરાને તેના બદવીચાર, વચન અને કરણી મુજબ બુરાઇનો બદલો, અને ભલાંને તેના નેક વીચાર, વચન અને કરણી મુજબ ભલો બદલો તું આપશે તેમાં છે.

હવે એ કરતાંને વધારે સાબેતી આપણને શું જોઇયે? એ કરતાંને વધારે ચોખો ઇનસાફ આપણને કયાં મળી શકે? કેવો નિર્મળ ને ખાલેશ કાયદો, કેવી સેહેલ ને બની શકે તેવી ફરજો. એ ઇશ્વરી કાયદો કેવો સુખદાતા છે. તેના રાજમાં તથા અમલમાં આપણને કર આપવો પડતો નથી. કેવું સુખી રાજ, કેવો અપક્ષપાત ઇનસાફ. તે આપણી ઉપર ફરેસ્તાઓની સત અને દીન ચોકી રાખેછે. તે આપણી સંભાળ લેછે. તેને માટે, જેમ પોલીસ અને લશ્કરી કર આપવો પડેછે, તેમ આપવો પડતો નથી. તોપણ ઇનસાન કેવું નગુણી છે—કે જ્યારે કે એક રાજા કે જે આપણી માફક એક ઇનસાનજ છે, તેનાથી બીહીને તેના કાયદાને માન આપીને ચાલોછે, પછી તે કાયદા અધીક કે ઓછે દરજ્જે નુકસાનકારક કાં નહી હોય? તોપણ તેને નમીને આપણે જ્યારે ચાલીયે છીયે ત્યારે જે આપણાં ભલાંને કીજે સંગીન અચુક, અને સુખદાતા કાયદા ગેબી અને સર્વ ઉપરી શાહનશાહના શાહાનશાહ અહુરમજદે આપ્યાછે, તેની તરફ બેદરકાર રહીને તેનો કેવો અનાદર કરીએ છીએ. પણ યાદ રાખજો કે તેમાં આપણે પોતાનું, પોતાના ખેશ કબીલાનું, પોતાના ભાઇબંધોનું, અને આખી જગતનું નુકસાન કરીએ છીએ, અને છેવટે આપણી હવે પછીની **ખુદ સુખ**ની હાલતને, દુ:ખી, સંતાપભરેલી અને કંગાળ કરીએ છીએ. જાણેકે ગેબી લાકડીને અવાજ નથી, જાણેકે કુદરતી કાયદો ફેરવાયો નથી, ને કદી ફેરવાશે પણ નહી માટે આ ક્ષણભંગુર દુનિઆની ઉપર આપણી મદારત બાંધીને, અને તેની કુમક ઉપર ઉસતવાર રહીને, ખોટાં કામ કરવાથી અટકી, નેક વીચાર, નેક વચન, અને નેક કરણી મુજબ વરતીને આપણી જીંદગીને અમૃતના પ્યાલાથી અમર કરો. અવસ્તામાં નીચે પ્રમાણે કહેછે કે "વઇનીત અહ્નિ ન્માને ...... અષદુજેમ." યજશને હા ૬૦, ફકરો ૫.

અર્થ—"આ ઘરમાં અષ દ્રુજને મારો."

વળી વાંચો આ ફકરો. "અષોનો અહ્નિ, દ્રવતો નોઇત અહ્નિ" (અહ્મી). યજશને હા ૧૦, ફકરો ૧૬.

અર્થ—"અષોને લગતો હું છું, દરવંદને લગતો હું નથી."

એક મજદીયસનીયન જરતોશતી દરરોજ સવારના ખોરશેદ મેહેરની નીઆશ પછવાડે "વીસ્પ હુમત વીસ્પ હુખ્ત વીસ્પ હુવરેસ્ત ......" ની એક ટુકી બંદગી કરેછે, તેમાં તે એકરાર કરેછે કે—તમામ નેક વીચારો—તમામ નેક સખુનો—તથા તમામ નેક કામો—તેના કર્તાને બેહેશત તરફ લઇ જાયછે. તમામ ખરાબ વીચારો, તમામ ભુડા સખુનો, તથા તમામ બદ કામો તેના કર્તાને દોજખ તરફ લઇ જાયછે. વળી એમાં કેહેછે કે અશો માણસને જાહેર છે કે તમામ નેક વીચાર, તમામ નેક સખુન અને તમામ નેક કામનું પરીણામ બેહેસ્ત છે.

અહીંયાં તુલીક તો આપણો પવિત્ર જરથોસ્તી મહજબ આવતી જીંદગી વીશે શું કેહેછે, તે વીશે સેજ ખોલાસો કીધોછે. પણ એ બીના એટલી અગત્યની ને

બોહલી છે કે તેને વીશે બીજા ધર્મવાળાઓ, સાધુઓ, પેગમબરો અને ફીલસુફો શું કેહેછે તે આપણુ તપાસીએ.

પણ એ તપાસ કીધા અગાઉ જણાવવું જોઇયે કે આ જમાનો સુધારાનો ચાલેછે, તથા વીદ્યા અભ્યાસીઓ અને સુધરેલાઓ કોઇ પણ બાબત માની લેવા માટે ના પાડેછે. મુખ્ય કરીને ધર્મ સંબંધી બાબત માટે તેઓ ભાર મુકીને કેહછે, કે હમુને બરાબર સમજાવો, હમારી નેક બુધીમાં ઉતરશે તો હમો કબુલ કરવાને રાજી છઇયે.

તેઓ કેહછે કે બાપદાદાઓ ચાલતા આવ્યા અને માનતા આવ્યા માટે આપણને પણ તેમ દરેક બાબતમાં ચાલવું જોઇયે. એ તો એક જાતનું અર્થ વીનાનું એવું ઓસડ છે, જે ગળાંમાં અને ધ્યાનમાં ઉતરતું નથી. ખરી રીતે, ફીલસુફી રીતે, ધર્મની રૂએ, સાબિતીથી કોઇ પણ બાબત સમજાવામાં આવે તો તે કબુલ કરી તે પ્રમાણે ચાલવાને તેઓ તૈયાર છે. તેઓનું બોલવું ઘણુંજ વાજબી છે, કારણ ફક્ત "**મતવાદ**"નો જમાનો વહી ગયોછે, અને "age of reason" એટલેકે વીદ્યાની આંખથી, અકલ બુધીથી દરેક બાબત તપાસવાનો અને જો ખરૂં તથા વાજબી લાગે, તો પછી તે માની લેવાનો જમાનો ચાલેછે. ખોટાં ઝનુન, *dogmatism* નો વખત પસાર થઇ ગયોછે, અને તેથી હુંજ ખરો, અને તું ખોટો એવી રીતનો ઉભરો કાહાડવામાં આપણને કંઇ ફાયદો હાંસલ થતો નથી. એક દાખલો લેઓ. સુરજનું એકુ કીરણને પાસાદાર લુલકમાંથી અંધારા ઓરડામાં પસાર કીધું હોય, તો તે કીરણના સાત રંગ છુટા પડી આપણી આંખને નજરે પડેછે. એજ પ્રમાણે વરસાદની કમાનમાં પણ બનેછે. એ સાત રંગ અકેકમાં જોડાઇને, આપણને સમજ નહી પડે એવી રીતે એક કીરણ બનેછે. હવે દરરોજના આપણા કામ કારભારમાં આપણ એ જુદા જુદા રંગની જરા પણ વીચાર કે દરકાર કરતા નથી, આપણને તો રોશની મળે, અને આપણને આંખે દીસે, તેને માટે ખંતીપણું રાખીયે છીયે, તો જોકે એ રંગ વિના, કીરણ તો હોયજ નહી. દુનિયાના જુદા જુદા ધર્મો પણ જેવા કે વેદશાસ્ત્ર, વેદાંત (જે બ્રાહ્મણ લોકોનો એટલે રૂષીઓનો ધર્મ ગણાયછે,) બુદ્ધીસ્ત, કેલડીયન, ઇજીપશીયન, તથા કબાલા (જેમાં મુસલમીન અને અસલ ક્રીસ્ટી ધર્મ આવી જાયછે) તેઓમાં આપણને ફીલસુફી રીતે ઘણું શીખવાનું છે; અને તે શીખવા માટે મજદીયસની જગત પ્રીય અને રોજે અવલથી ઉતરેલો ખોદાસનાસીઓનો ધર્મ ના પાડતો નથી. એથી ઉલટું, આપણા ધર્મમાં આફરગાનમાં તથા બીજે ઠેકાણે જગેજગ એવા નેક નર નારીઓ જેઓ સૌથી ઉંચામાં ઉંચી, ખુદ ખુદાઇમાં, પોતાની પહરેજગાર ચાલથી, તથા નીતિથી વરતી ગયા, તેઓને આરાધેલાછે. એ ઉપરથી જોશો કે આપણો ધર્મ પોતે આપણને મતવાદી નહી બનવાને, તથા ઝનુન નહી રાખવાને શીખવેછે, અને તે પ્રમાણે આપણને સર્વે સાથ વરતવું જોઇયે. એમ કરવાથી આપણને એક મોટો ફાયદો એ થશે કે, ફક્ત વ્યાકરણ, તથા શબ્દોના માત્રા, ધાતુ, ઇ. ઉપરજ મદારત બાંધીને આપણ

ધર્મઅભ્યાસ કરવા માગીયે છીયે, તે ઉપરાંત આપણને કંઇ નવું જે ધર્મમાં છે પણ જેનો અભ્યાસ બરોબર થયો નથી, તે શીખવાનું બનશે.

આપણુ આપણા માત પીતાને પેટે જન્મ લીધો તે અગાઉ કયાં હતા, શું હતા, એટલેકે આપણ કયાંથી આવ્યા; ૨) જું, શું કામ આવ્યા; ૩) જું, અને આપણ ગુજરવા પછી કયાં જઇએ છઇએ, એ સવાલો જેટલા અગત્યના છે, એટલા ખુદરતી છે. એ સવાલોને ઇંગ્રેજીમાં The Whence, the Why and the Whither of man કરી કેહેછે, અને મનુષ્ય જાતી માટે જે ઘટતો અને ખરો અભ્યાસ છે, તે માણસ પોતેજ છે. બીજા સર્વે પ્રકારના ખાકી અભ્યાસો, આ અભ્યાસ આગળ, કુચા જેવા છે, કારણ કે તેઓ અચોકસ છે, અને જેને આપણે Exact Sciences એટલેકે અચુક વીધાઓ કરી કહીએ છીએ, તે સર્વે વીધાઓનો મૂળ પાયો કલ્પિત હોયછે, અથવા તો તરકબાજી ઉપર રચાએલો હોયછે. ફકત ખાકી મનની હદવેર પણ આપણી પશ્ચિમ તરફની આ વીધાઓ સંપુર્ણ રીતે પુગી નથી. ખાકી મન, અને ખાકી વીચારો કેવા અચોકસ હોયછે, તે જાણવું વીકટ નથી, તો તેવા લુલા રેતાલ પાયા ઉપર જે આપણી હાલની વીધાઓનો પાયો રચાયો હોય, તે પણ લુલો હોવો જોઇએ. એ વીશે હું તમુને એક મોટા વીદ્વાનનું સૌથી છેલામાં છેલું પુસ્તક વાંચવાની ભલામણ કરૂં છું, જુઓ Civilization, its Cause, and Cure by Edward Carpenter. આ ચોપડીમાં તેના લખનારે ઘણીજ સરસ રીતે, કેહેવાતા સુધારા સામે પોતાના વીચાર જણાવ્યાછે. પણ આત્મિક વીધા કે, જે, માણસ માટે એક ખાસ, અને એકજ અભ્યાસ ગણાયછે, તેનો આપણે આપણા પોતાનાજ ભલામાં ભલા ગુણોની મદદથી, તથા ખોદાસન્યાશીઓના અચુક લખાણોની મદદથી અભ્યાસ કીધો હોય, તો તે એવો છે, કે તેની ઉપર એક હરફ પણ આપણ ઓચરી શકીયે નહી, એવી ચોકસ રીતે, કાયદા પુર્વક, અને અચુક રીતે એ વીધા એટલે આત્મ શાન વીધાનો પાયો જમાનાઓના સંગીન ખડક ઉપર રચાયલોછે અને એનું કારણ ખુલ્લું છે. જુદા જુદા ધર્મના ખોદાસનાસીઓ, પેહલાં સર્વનું જે મુળ the Cause of all Causes તેને પુગીને, અને તેની પીછાણ કરીને પછી, તેઓ આપણને વીધારૂપે આકાશ તત્વ, વાયુ, અગની, જળ અને પૃથ્વીને લગતો બોધ આપી ગયાછે. એટલેકે આપણો આત્મા શું છે, તે તપાસી લઇને, તેઓએ ખાકી વીધાઓ ઉપર વીવેચન કીધુંછે. એ રીતીને ઇંગ્રેજીમાં Deductive method of reasoning કરી કેહેછે, જે inductive method ના કરતાં એટલે ઉપર સમજાવ્યું તેમ ફકત ખાકી તરકો કરતાં ને ઘણીજ ચઢતી ગણાયછે. યુનાન દેશમાં ડેલફી નામના એક ધર્મસ્થાનમાં આ બોલો કોતરેલા દીસતા હતા, જે ઉપર આ પ્રમાણે એક લેખ કોતરવામાં આવ્યો હતો, "O man know thyself" એટલેકે "અરે માનવી, તું એટલે તું કોણ છે, કાંહાંથી આવ્યો, શું કામ આવ્યો, ને કયાં જનાર છે તે બરાબર રીતે પીછાણી લે." એની મતલબ એટલીજ છે કે માણસે પોતે પોતાના સૌથી ભલામાં ભલા ગુણ અખત્યાર કરી, આ ઘડી પળની ફાની અને સંતાપથી ધીકારભરેલી દુનિયામાં ચેતીને ચાલવું જોઇયે. એ પ્રમાણે જે કોઇ

સૌથી ઉંચામાં ઉંચી પવિત્રાઇને પોતાની કરી લેછે, અને મનને કાબુમાં રાખીને, ભલાઈ કરેછે, અને તેમ વરતે છે, ત્યારે ભીતરથી તેને આસતે આસતે આત્મજ્ઞાન થાયછે, અને આ જીહાંનમાં તેને સર્વે પ્રકારે સુખ હાંસલ થાયછે, એટલુંજ નહી પણ મરણ બાદ બીનોઇ જીહાંનમાં પણ તેનું કલ્યાણ થાયછે. આપણા ધર્મ પ્રમાણે મરણ બાદ ત્રણ મોટાં દોજખો દર્શાવવામાં આવ્યાંછે, જેઓને ખરાબ વીચાર આચાર અને કામ પ્રમાણે દુસ્મત, દુજુહુખ્ત તથા દુજીવરસ્ત કરી કહેછે, જયાં બદ લોકો ખેંચાઇને પધારેછે. હવે એવી રીતની પીડાકારક હાલત તે કેવી છે, તે આપણ તપાસીએ. સ્વાર્થિ અને લોભ લાલચ કરનારા, કીનો કપટ રાખનારા, અદેખા, લુચા, ચોર, દગલબાજ, જીવપર કરનારા, ખુની, હવસી, ઇ૦ ઇ૦ પાપી લોકો માટે મરણ બાદ તેઓને માટે દોજખ બોલથી ટુકમાં સમજાવ્યુંછે એટલેકે પાપીઓનું રેહેઠાણ દોજખમાં થાયછે. હવે તમુને જાણવું ઘણુંજ અગત્યનું થઇ પડશે કે માણસની સરાસરી ઉમર ઇંગ્લંડ દેશમાં ૩૦ વરસની ગણાયછે, રશીયામાં ૩૨ વરસની ગણાયછે, અને આપણા આ હીંદ દેશમાં માત્ર ૨૮ વરસની ગણાયછે એટલેકે એક બચું જન્મ્યું તેવું મરણ પામ્યું, તો કોઇ કોઇજ ૧૦૦ વરસ જીવેછે, તો કરોડો લોકો ઓછી વધતી ઉમરે ચાલી જાયછે, તો એ સઘળાઓની સરાસરી ઉમર મેં ઉપર બતાવ્યું તેમ એક વીદ્વાનનાં મત પ્રમાણે માત્ર ૨૮ કે ૩૦ વરસની ગણાયછે. વળી આટલી નાહાની ઉમર તુલીક જે આપણ જીવીએ છીએ તેમાંથી રાતનો ઉંઘવાનો વખત, તેમજ આપણ આજારી પડીએ તેમાં કેટલો વખત નકામો જાયછે, સાથે બચગીનો વખત, ખાના પીનાનો વખત, નાચ અને નાટક, ધરતી ધ્રુજે એવી નાસ્તીક અને નજીસ ચોપડીઓ, નોવેલો, વાર્તાઓ, ઇ૦ બાબદમાં જે વખત જાયછે તો પછી બાકી વખતજ કયાં રહ્યો કે જેથી સુધરવાની અને પાછો નેક માર્ગે ઉતરવાની તક મળે. વળી મોટી સંખ્યા લડાઇમાં અથવા અકસ્માતથી, કે ભયંકર આફતોથી, કે દુકાલથી ઇ૦ ઇ૦ કારણોથી મરણ પામેછે, તો તે સર્વે દોજખમાં પધારેછે કે? થોડા પળની જીંદગી માટે જો **હમેશગીનું** દોજખ હોય, તો તે કંઇ ખોદાઇ ઇનસાફ કેહેવાય નહી. એ વીચાર ઘણોજ ભુલભરેલો લાગેછે. અફસોસ કે દશ વીશ વર્ષની જીંદગી માટે લાખો લાખ વર્ષોની શીક્ષા!! ખરો ખોદાઇ ઇનસાફ બુરામાં બુરા માણસને પણ સુધરવાની, અને ખરે નેક રસ્તે ઉતરવાની તક આપેછે. પણ હમેશનાં દોજખમાં કંઇ એવી તક હોય નહી, કારણ ત્યાં અજ્ઞાનપણું, અધંકાર, ને સ્વાર્થિ ખરાબ શક્તિઓ સિવાય બીજું કશું જોવામાં આવતું નથી. ખોદાઇ ઇનસાફ, માણસાઇ ઇનસાફ જેવો હોતો નથી. માણસાઇ ઇનસાફ, ખુનનો બદલો ફાંસીમાં સમજેછે. ખોદાઇ ઇનસાફ એવો ક્રુર નથી. તેની મતલબ દરેકને સુધારાપર લાવવાની હોયછે. તેની મતલબ એ છે કે દરેકે સુખ દુઃખનો અજમાસ, તથા અનુભવ મેળવવો. ખુદ સુખ શામાં સમાયલુંછે, તેનો નક્કીપણે વીચાર બાંધવો, ખોદાઇ જ્ઞાન મેળવવું, અને સત ઉપર સદાકાળ ચિત્ત રાખીને, બીનસ્વાર્થે સૌ સાથ વરતવું, અને અહંકાર એટલેકે "હું છું હું" એ વીચાર તજી દઇને મનુષ્ય જાતી અને આખી જગત આગળ ને આગળ, વધારે ને વધારે

ચઢતી થતી ચાલે, તેવી રીતીએ, પહરેજગારીથી, ને નેક મનશની, નેક ગવશની, તથા નેક કોનશનીની મદદથી અખત્યાર કરવી. તેની મતલબ એ છે કે દરેકે સતમાં ચિત્ત રાખીને, આનંદમાં રેહવું, અને સતચિત્તઆનંદ બનવું, અને એમ કરીને જે અસલમાં અસલ મૂળ કારણ અહુરમજદની ફ્રવશી તેમાં મળી જવું. એની મતલબ એટલીજ છે કે દુનિયામાં રેહવું, પણ દુનિયાનાજ થઈને નહી જીવવું. દુનિયામાં જ્યારે આપણે જન્મ લીધો તો જે ફરજો આપણે માથે ઉતરે, તે પ્રમાણીકપણે એકીનદારીથી પાર પાડવી, એટલેકે દરેક કામ જે કરવું તેમાં પેહલે ખોદા તરફ જોઈને પેહલે બીજાનું ભલું થાય તેમ વરતવું, ને એકલપેટાપણું તજવું; એને નીષકામવાળી જીંદગી કરી કેહેછે.

એવી રીતે નીષકામવાળું માણસ બનવું એ કંઇ સેહલ કામ નથી. કામ વીનાના બનવું એટલે કામ કરતા રહીને તેના બદલાની આશા નહી રાખવી, પણ એક કામ ખુદ સારૂં છે, તો તેનાં પરિણામની દરકાર કરવા વગર, ખોદાને માટે તે કરવું, એ તો એક સૌથી મોટામાં મોટી ફતેહ ગણાયછે. એમ કરતી વખત, આપણને પૈસો તથા વખતનો ભોગ વતીક આપવો પડેછે, તથા ઘણી વખત બીજાનું કલ્યાણ કરવા જતાં આપણો પોતાનો જીવ પણ જોખમમાં આવી પડેછે. જરતોસ્ત પેગમબર સાહેબ જેવણ આખી જગતને માટે બોધ આપી ગયા, તેવણનો અંત તુરબરાતુરને હાથે કેમ આવ્યો તે આપણ જાણીયે છીયે. સોક્રેટીસ જેવા એક માહા પુરષને ઝેર આપવામાં આવ્યું, અને તેનો અંત આવ્યો. એવી રીતના માહાગુણી, અને બીનસ્વાર્થી લોકોના બીજા ઘણા દાખલા તવારીખમાં મોજુદ છે, જેઓ દુનીયાનાં ભલાંને માટે પોતાના જીવનો પણ ભોગ આપી ગયા. એવા સતવાદી લોકોને માટે જીવતાં જીવત ગરોથમાન બેહેસ્ત સરજેલું હોયછે, એટલેકે જીવતાં જીવત તેઓએ પોતાની આ ફાની દેહને અહુરમજદને અર્પણ કરી, જીંદગી ખલાસ કીધેલી હોવાથી, જે અજમાસ અને અનુભવ તેઓને મનુષ્ય જાતીના કેહેવાતાં સુખ દુ:ખને માટે મળેલો, તે એવો સંગીન હોયછે, અને પુર ભક્તિભાવ અને જે બેહદ ગ્નાન તેઓને થયલું, તેથી તેઓ ખરૂં અને ખુદ સુખ એટલે સત તે શું છે, તેનું ગ્નાન તેઓને થયલું હોયછે.

એવા સતવાદી લોકો કરણી અથવા કર્મના ખુદ કાયદાની પણ ઉપર ચઢેલા હોયછે, કારણકે જાથુક ભલાઇમાં ભાગ લેવા છતાં, તેઓ ભલા બદલાની બીલકુલ ઇચ્છા રાખતા નથી, અને તેઓના સ્વપનામાં પણ બુરાઇનો અંશ વતીક હોતો નથી કે જેથી તેઓને જરા પણ ખરાબ ફળ ચોંટે. એટલું છતાં પણ સુખ અને તે પણ વળી બેહદ ખુદ સુખ તો તેને અત્રેજ મળેલું હોયછે, એટલુંજ નહી, પણ મરણ બાદ પણ મળેછે. કારણ જીવતાં જીવત, તે ખોદા સાથ અથવા વધારે સમજણ પડે એમ બોલીએ તો અહુરમજદની ફ્રવશી, અથવા ખુદ રોશની તેમાં તે એકત્ર થઇ મળી જાયછે. જરથોશતી ધર્મમાં એ પ્રમાણે ચાલવા માટે અત્યંત તાકીદ કીધીછે. આપણને "**ખેતવદથ**" એ શબ્દ જાણીતો છે. આપણા દસ્તુર દાવરો અને આશ્રવનો એ શબ્દનો અર્થ અતલગના ખેશીઓમાં, જે લગન થાયછે તેને લાગુ પાડેછે, જેનો ઇંગ્રેજી કેતાબોમાં

પણ એ શબ્દનો અર્થ Marriage among Kinsmanship કરી કેહેછે. એ શબ્દ માટે તેઓ મોટું મત એમ બાંધેછે કે સગાસગીમાં લગન કીધાં હોય તો તેથી મોટું પુન્ય તેઓનાં માબાપને તેમજ તેવાં જોડાંને લાગેછે. પણ એવી ફકત રીતીમાં વળી પુન્ય તે કેમ થતું હોય તેની સમજ પડતી નથી. તો જોકે ધર્મ રૂપે પુન્ય અને તે પણ જેવું તેવું નહી પણ બેહદ પુન્ય તેવાં જોડાંને તેમજ માબાપને મળેછે એ ખરી વાત છે. હવે આપણે તપાસીયે કે એ શું છે. ખેતવદથ એ શબ્દ બે રીતે લાગુ પાડી શકાયછે. ધર્મ રૂપે એ શબ્દ જે વપરાયછે, તેની મતલબ એ છે કે સૌથી પેહેલાં તો માબાપોએ નાનપણથીજ નીષકાંમવાલા બનીને જીંદગી ગુજારવી, અને ભલામાં ભલા ગુણોને પોતાની દોલત કરી લેવી, જેથી જે છોકરાં તેઓને ત્યાં જન્મ લે, તેઓ પણ તેઓના જેવાંજ નીતિમાન અને બાલથી બારીક પહરેજગારીમાં જન્મ લે, અને ઉમરે આવે કે તેવાં બચાંમાં પછી તે છોકરી કે છોકરો હોય, તો તેનામાં સ્વાર્થી, એકલપેટી, હવસી કે કોઇ પણ રીતનો નીચ પાપી, હારેમંદી, અંશ વતીક માલમ પડે નહી, પણ હમેશાં જે કાંઇ તે કરતું રેહે, તે અહુરમજદને ખાતર, અને મનુષ્ય જાતીનાં ભલાંને ખાતર જીંદગી તુલીક કરતો રેહે. બીજી રીતે બોલીએ, તો આ સૌથી ગંભીર શબ્દની ઉંડાણમાં મતલબ ઘણીજ મોતેબર છે, તે એ કે તેનાંજ શરીરનું મેતરને (Matter) એટલે આ ખાકી શરીર તથા ખાકી મન જે માયા, Dulusion, illusion, લોભ લાલચ કપટ હવસની ઉપર અને તેની આસપાસ અને તેની અંદર એક પક્ષીની માફક ઉડયા કરેછે, તે ખાકી શરીરે બચગીથીજ, પણ ખાસ કરીને, ઉમરે આવીએ તે વખતથીજ એટલે કે ૧૨ કે ૧૫ વરસનું થયું, કે તેણે આત્મા સાથ એવી રીતે અતલગનાં લગ્ન કરી લેવાં. ઇંગ્રેજીમાં એને Marriage of the Spirit with matter કરી કેહેછે, એટલે Higher Self ના lower self સાથની ખેશવંદી કરી લેવી. આપણામાં એક કેહેવત છે કે "બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા." ઇંગ્રેજીમાં પણ એક કાયદો આ પ્રમાણે છે કે According to the Law of Heredity, "Likes produce Likes" એટલેકે ઘણું કરીને જેવાને ત્યાં તેના જેવાંજ છોકરાં ઉતરેછે, તો હવે કહો કે લગન કયાં સારાં કેહેવાય. ઉપલી કમઅકલથી ખેશીઓ વચ્ચે થતાં લગન, કે નાની વયમાં ખુદ અહુરમજદ સાથના જન્મથીજ લગન તે. અને કહો ખેતવદથ કરવાથી માબાપ તેમજ બચાંને બેહદ પુન્ય લાગેછે કે નહી? એ વીશે વધારે હવે પછી બોલીશું. એ ઉપરથી તમને માલમ પડશે કે આત્મા તે કોઇજ નહી પણ Spirit અથવા ફ્રવષી છે, અને જ્યારે એક માણસ જીવતાં જીવત દોજખી સ્વાર્થી કામો કરી, મનુષ્ય જાતીને હેરાનગતી દેછે, અને ખાકી-મન પ્રમાણે ચાલેછે, અને પરમાત્મા અથવા આત્મા તરફની જે નેક આત્મીક બુદ્ધી, તેના હોકમ મુજબ ચાલતો નથી, પણ ફકત ખાકી મનના ફાંટા ઉપર રમતો રહી, પૈસાને પુંજેછે, અને કાવાદાવા કરી ભાઇબંધોને નુકસાન કરેછે, અને પૈસાના બળે કરી સર્વે પ્રકારની અનીતિમાં ગરકાવ થાયછે, અને અકલે અવલ એટલેકે બહમનની અકલને ગણકારતો નથી, અને માયામાંજ રમ્યા કરેછે, ત્યારે તેના નીચલાં શરીરને એટલેકે Matter અથવા તનને, હારેમન

કરી કેહેવામાં આવેછે. અને એ ખુલ્લું છે. માણસમાં બે શરીર ગણાયછે, Spirit & matter, અથવા બાહેરનું ને ભીતરનું, અથવા Higher Self અને Lower self. Higher Self માં આત્મા, આત્મીક બુદ્ધી, અને મનસ આવી જાયછે. નીચલામાં ખાકી હાડકાં, માસવાળું શરીર, પ્રાણ, સુક્ષ્મ શરીર અથવા "એસત્રલ બોડી" (astral body), અને મન આવેછે. હવે ગમે એવો ખરાબ માણસ હોય તો તેને Higher Self જેમાંથી પ્રેર્ણા નેક બુદ્ધિ નીકળેછે તે, નેક મનશની, ગવશની, કોનશનીનો ઝરો હમેશ મોકલતો રેહછે, પણ તેના અવાજને નીચલું ખાકી શરીર માન્ય કરતું નથી, ત્યારે એ આત્મા મુગો બેસીને તેના સાક્ષી તરીકે જોયા કરેછે, અને તેના દોજખી કામોનો છાપ, આકાશી જગત જેને હીંદુઓ ચીત્રગુપ્ત કેહેછે તે ઉપર ચોંટી બેસેછે, જેથી મરણ પછી તેના એવાં કર્પીણુ કામો તેણે નથી કીધાં, એવું બોલવાને કે વીચારવાને પણ તેની તાકાદ નથી. એ કામો તેનું પોતાનુંજ શરીર હોય, તેમ, તેની સામે તેની કેરદાર તરીકે ચેહારમની બામદાદે આવી ઉભાં રેહેછે, અને પોતાનાં મનની વળણ પ્રમાણે, એટલે કામ, ક્રોધ, ઇચ્છા પ્રમાણે, તે કમબખ્ત પોતાની સ્થીતીએ પોંહચેછે, જેને આપણે સાધારણ બોલીમાં દોજખ કરી કહીએ છઇએ. એટલામાટેજ જુઓ કે આપણો જગત પ્રસીધ, જગતને લાયકનો, અને મનુષ્ય જાતી માટેનો રોજે અવલથી ઉતરેલો ધરમ માણસને શું ફરમાવેછે, એટલે કે કોઇ પણ માણસને પછી તે જરતોશતી હોય કે નહી. જુઓ કે પેગંમબર સાહેબ પોતે રોશન આતશ સનમુખ અહુરમજદની બંદગી પુર ભકતી ભાવથી કરતી વખતે, તેવણ પોતાની બંદગી કેવી રીતે શરૂ કરેછે, તેવણ આ પ્રમાણે બોલેછે કે "વીસપાઓ ગએથાઓસચ તનવસચ અજદેબીસ્રચ ઉસતાનસચ કેહેરપસચ તેવીશીસચ બઓધસચ ઉરવાનેમચ ફરવસીમ પઇરીયદદેમહી આઅતદીત અવએમધ્યહી ગાથાબ્યો સપેનતાબ્યો રતુક્ષથરાબયો અશોનીબ્યો." તરજુમો. "હમો જાહેર રીતે અને ખરાં દીલથી સાચા તથા પાક ગાથાઓને, હમારી સંપુર્ણ દોલત જે હાડકાં સાથની હાડમંદ શરીરની, જીવતમાની તથા જીવનશકતીની, હવાઇરૂપ શરીરની, ગ્નાનની, રૂવાનની અને ફરોહરની બનેલી છે, તે અર્પણ કરીએ છઇએ." એજ પ્રમાણે દરેક જરતોશતીએ અને દરેક માણસે પોતાના પેદા કરનારને પોતે અર્પણ થવું, અને નીષકામવાળો બનીને તેમાં જીવતાંજીવત મળી જવું જોઇએ. આ જગત ધ્રુવના બે ગુણ બતાવેછે, અને તેની ઉપર તેની રચના થએલી છે, જેમકે positive વાસ્તવીક અને નકાર negative, દીવસને રાત, સુખ ને દુઃખ, નર ને નારી, સ્પીનામીનો ને અંગ્રમીનો, અથવા આત્મા ને ખાકી ચીજ, કામકાજ ને હુંગ, activity & passivity.

આપણને જો ખુદ ખુદાઇ સુખમાં મળી જવું હોય, અને ગરોનમાનનાં ખુદ સુખ તથા તેને લગતી હદ વગરની તથા બેસુમાર રોશનીઓ (અનગ્રરઓચાઓ)ને લાયક થવું હોય, તો આ બે ધ્રુવો અથવા જોડીયાં જેઓને સ્પેનતામીનો અને અંગ્રમઇનો કરી કેહેછે, તેઓનું આ દુનીઆનાં બંધારણમાં કામ કારભાર શું છે તે સારી રીતે પીછાણી લેવું, અને તે પ્રમાણે આપણને વર્તવું. અંગ્રમીનો જ્યાં

વસેછે, ત્યાં મારામારી, અંધકાર, મોહોત, બદી, અને પાયામાલી અને અવ્યવસ્થા વસેછે. જ્યાં સ્પેનતામીનો હોયછે, ત્યાં વ્યવસ્થા, હૈયાતી, રોશની, નેકી, ભલાઇ, અને આબાદાની હોયછે. માટે કોઇ પણ વખતે, અને કોઇ પણ હાલતમાં, સ્પેનતામીનો (ભલું મન) પ્રમાણે વર્તવું, અને બદી કરવાથી હમેશ દુર રેહેવું, એમ થવાથીજ, આપણે આત્મા સાથ અથવા અહુરમજદની ફ્રવસી સાથ લગન અથવા ખેતવદથ કીધું એમ કેહેવાયછે.

"વઇનીત અહ્મિ ન્માને......અષદુજેમ."

"અષોનો અહ્મિ, દ્રવતો નોઇત અહ્મિ."

જુવો યજશને હા ૬૦ મો, ફ૦ ૫ મો, તથા યજશને હા ૧૦, ફકરો ૧૬.

અર્થ—"આ ઘરમાં......અષદુજને મારો."

"અષોને લગતો હું છું, દરવંદને લગતો હું નથી."

આપણને એ પ્રમાણે ચાલવાથી કરીને, આપણને જીવતાં જીવત ઘણા લાભ થાયછે, અને આપણી ચઢતી દશા થાયછે, પણ ફકત લાભ ખાતરજ ભલાઇ કરવી, બદલો મળે તોજ સારૂં કરવું અને નહી તો નહી કરવું, એવો જો વિચાર હોય, તો તે વિચાર ઘણોજ ખોટો છે, એમ સમજીને, ફાયદો થાઓ કે ના થાઓ, તોપણ ભલાઇ ને નેકીને ખાતર નેકી કરવી, અને કોઇ પ્રકારનો ભોગ પૈસાનો કે બીજી રીતે આપવો પડે તો તે આપવો, એમ માની લેઇને જીંદગી ગુજારવી. એમ કરીને આપણને નીષકામવાળા બનવું.

આ બે ધ્રુવોની ઉપર આપણને જવુંજ જોઇએ. એવો શખસ કોઇ કદાચજ જ્યારે એવી હાલતે પુગેછે, ત્યારે તેના અહુરમજદ માટેના બેહદ ભકતીભાવને લીધે, તથા પોતાનાં ખાકી મનને પોતાંના તાબા તળે રાખવાને લીધે, અને માયા (Illusion & Delusion) માટેનો બેહદ અનુભવ મળવાને લીધે, તેને ખુદાઇ ગ્નાન થયું, એમ કેહવાયછે, અને લાખોમાં એવો કોઇ એકાદ શખસ ખુદ ગરોથમાનના ખુદ સુખને લાયક થઇ તેમાં મળી જાયછે, અને તે પછી તેવો જન્મ મરણમાં પાછો અને પાછો આવતો નથી, પણ અહુરમજદના વોઉરૂકસ દરીયાવમાં એકત્ર થઇ, હમેસગી તુલીક બેહદ ખુદ સુખ ભોગવેછે. ખોદા કરેને દરેક જણ, ખેતવદથનાં જોડાણથી એવાં ખુદ સુખ (Absolute happiness) ને, જીવતાં જીવત લાયક થાએ, અને મરણ બાદ તેમાં મળી જાય.

એક મોટો લખનાર લખી જાયછે, કે "All the world is sad and dreary every where I roam." એટલે "જ્યાં પણ હું ફરૂંછું ત્યાં હું, આખી જગતને ગમગીન અને ઉજડ જોઉંછું". ખરાં ખુદ સુખનો અંશ વટીક કેથે દીસતો નથી, પણ દુઃખને દુઃખ મોટા વીસતારમાં નજરે પડેછે. કોઇ તંદરોસ્તીના બગાડાથી, કોઇ પૈસાની તંગીથી, કોઇ સગાંવાહાલાં કે દોસ્તનાં મરણથી, તો કોઇ વગર કારણે પણ પોતાને દુખીયો ને દુખીયો સમજેછે.

અને એ કેહેતી ખરી છે. ખરો ખુદ રીતે સુખી કોઇજ નથી, પણ દુખીજછે, પછી, કોઇ એક બાબત માટે, તો કોઇ બીજી બાબતમાં. તો હવે એનું

કારણ શું ? એ કારણ, આપણ પોતેજ છઇએ. સ્યાણા વાંચનાર, જરા વીચાર કર, કે આપણ જે પુર્વ ભવમાં આ ખાકી જગતમાં આવી ગએલા, પણ માયાની જાલ તોડી, માહામાયાને પગ તળે કચડીને, આગળ નહી વધેલા, પણ કામ, ક્રોધ, મોહ, જુસાને આધીન થઇ મરણ પામેલા, એવા કરોડો ને અબજો લોકો, જે પેદા થાએછે, તે સર્વે લોકો, અહુરમજદની ખરી પીછાણ કીધા વગર મરણ પામેલાં હોયછે, અને તેમ થવાથી, ઘડી ઘડી આ સંસારરૂપી ફાની જગતમાં તેઓને ઉતરવું પડેછે, જેથી મરણ પછી કોઇ કયાં જઇને, તો કોઇ કયાં જઇને અટકેછે. તો હવે અહુરમજદમાં છેલે અંતે સર્વેને જયારે મળી જવુંછે, અને જયાંવેર તેમ બનતું નથી, ત્યાંવેર જનમ મરણમાં આપણને આવજાવ કરવાની ફરજ પડયાજ કરેછે.

વાંચો આએ ફકરો.

"આ. વે. ગેઉષા હેમ્યન્તૂ, યોઇ.
વે બ્યએોથનાઇશ સારેન્તે.
અહુરો અષા હિજવાં.
ઉખ્ધાઇશ વંઘહેઉશ મનંઘહો.
યએષામ તૂ પોઉરૂયો.
મજદા ફ્રદક્ષ્તા અહી."

જુવો વોહુક્ષથ્ર ગાથાનો હા, તે યજશનેનો ૫૧ મો હા.

અર્થ—જેઓ પોતાનાં કામોથી, અષોઇથી જબાનથી (ઇયાને રાસ્ત સખુનોથી) તથા નેક મનશ્નીની બંદગીથી અએ હોરમજદ તુંને સરદાર તરીકે ગણેછે, (તથા) જેઓનો અએ હોરમજદ સઉથી પેહેલો રાહનુમા તું છે, તેઓ (પોતાની) કીર્તિને લીધે (આખેરે) તારામાં સાથે મળી જશે. જુવો ગાથા બા માએની બનાવનાર, કાવશજી એદલજી કાંગા. તો હવે હું પુછવા માંગુંછું કે દુનીયામાં એવો તે કીયો શખ્સ છે, જેણે પોતાની જીંદગીમાં, કામથી, અષોઇથી, જબાનથી, નેક મનશનીથી, ભકતીભાવથી, હોરમજદને હર પળે પોતાનો સરદાર કરી લીધોછે ? કોઇજ નહી, અફસોસ કે હાલમાં તો હું લાખોમાં ઘણાજ થોડા જોઉંછું. તો હવે જયારે એમજ છે, અને દેવ દરૂજોને એટલે આપણાજ પાપી દુષ્ટ, એકલપેટા વીચારોને, આપણા સરદાર તરીકે માની લઇ, આપણે આપણી જીંદગી ગુજારી, અને મરણ પામ્યા, તો દેખીતું છે, કે હોરમજદમાં આપણ મળી જતા નથી. આપણી કરણી પ્રમાણે, આપણ જુદી જુદી હાલતવાળી હાલતે પુગી, ત્યાં અટકીએ છીએ. કોઇ હમેસ્તગાન, તો કોઇ સતર પાયા, કોઇ માહા પાયા, કે ખોરશેદ પાયા, તો કોઇ વહીસ્તેમ અહુંમ, તો કોઇ અનઘરોચાઓમાં જઇ અટકેછે, તો કોઇ કોઇજ ગરોથમાન, અને અબજોમાં કોઇજ તનાસુસઅધન અધનામાં, અહુરમજદ સાથ મળી જાયછે. કારણ તેઓએ, અહુરમજદને પોતાનો સરદાર કરી માની લીધો હોયછે. ઘણાજ પાપીઓ, મરણ બાદ, દુશમત, દુજુખ્ત ને દુજુવરશતનો સ્વાદ ચાખી તથા સારાં કર્મોનો, દેવખંડમાં થોડો વાર ભોગવતો કરી, ને પાછાં જમીનપર

ઉતરેછે, અને એમ કરવામાં હોરમજદનો કરણીને લગતો કાયદો, તેઓને એમ કરવાની ફરજ પાડેછે, કારણ હોરમજદ ઇચ્છેછે, કે દરેક જણે તેને સરદાર તરીકે માનીને, અને તેમ ચાલીને, તેનામાં આયંદે મળી જવું.

હવે જ્યારે દરેક જણને, તેની પુર્વભવની કરણી પ્રમાણે, એ પ્રમાણે જન્મ લેવાની એક જાતની શીક્ષા થાયછે, અને આખી જગત જ્યારે દુઃખીને દુઃખીજ છે, તો પછી આ પલવારની જીંદગીને સુખી કેમ કરવી, પછી તે સુખ બાહેરનું, ઉપર ઉપરથી, અથવા કેહેવાતું સુખ પણ હોય; તેમજ મરણ બાદ પણ શાંતીમાં કેમ મરણ પામવું. એને માટે હું કહુંછું કે માણસે Why, Whence and Whither of man એ બાબતનો બરાબર રીતે અભ્યાસ કરવો જોઇયે, અને તેમ ચાલવું જોઈયે, તોજ તેને આ જીહાનમાં તેમજ હવે પછી સુખ છે ને છેજ.

છેલે, As you sow, you reap, એટલે, જેવું કરો તેવું ભરો, એ કેહેતી પ્રમાણે જ્યારે એમજ છે કે કરણી સારી, તો પરીણામ સારૂં, કરણી ખરાબ તો પરીણામ ખરાબ, તો હું તમુને મારી તરફથી થોડીક રીતીઓ સુચવુંછું, જે પ્રમાણે અમલ કરવા માટે હું તમારૂં ખાસ ધ્યાન ખેંચુંછું.

૧ લું—આપણામાં જે હોરમજદની ફ્રવશી, જે હમેશગીથી હમેશ રહીછે, અને રેહેશે, જે સર્વવ્યાપક છે, તેને માટે અતીયંત ભકતીભાવ રાખવો, અને તેનેજ હમેશ ચાહાતા રેહેવું, અને તેમ કરવા માટે, કોઇ પ્રકારનો ભોગ આપવો પડે, તો તે ખુશીથી આપવો. એને ઈંગ્રેજીમાં (Love for the Higher Self) કરી કેહેછે.

૨ જું—ખાકી મનને આપણા તાબા તળે રાખવું અને તેના ફાંટાઓમાંથી જે ગલીચ વીકારો નીકળે તેઓને હરપળે દાબી દેવા. એમ થવાથી, આપણ ખરાબ જુસાઓથી (bad emotions) અને માયા રૂપી (Delusive) દેખાવોથી છુટા રહી શકીને, આપણ આપણું દરરોજનું કામ કારભાર આસાનીથી, હોરમજદને પસંદ પડતું કરી શકશું; પણ એમ કરવા અગાઉ, આપણા દરેક વીચાર-આચારમાં, હોરમજદને આપણો સરદાર તરીકે માની લઇ, તે કામ કારભાર કરવો જોઇએ.

૩ જું—કોઇ પણ જાતની ઇચ્છા (desire) કરવી નહી, પણ ખાસ કરીને, ગલીચ ઇચ્છા તો કદી પણ કરવી નહી, અને જો કરવી પડે, તો તે સારીજ હોવી જોઇએ.

૪ થું—આપણી ખાકી મરજી (human will) ને ખુદાઇ મરજી (Divine Will) ના તાબા તળે રાખીને કામ કરવું, અને તેને ખુદાઇ મરજીમાં આમેજ કરવી. Merge your human will in the Divine. એ ખુદાઇ મરજી તે કેવી છે, તે અલબતે, તમારૂં હૃદય અથવા અંતકરણ તમને ખચીત હમેશ કેહેશે. માટે હૃદયનો અવાજ હમેશ સાંભળતા રેહેવું

૫ મું—Altruism એટલે આખી જગતને માટે પ્યાર રાખીને જીંદગી ગુજારવી, અને હત્યા કરવી નહી.

૬ ઠું—સતસંગ રાખવો.

એવી રીતે ચાલવાથી કરીને, દરેક માણુસ બદલાઇ જઇ, તે એક નવોજ સદ ગ્રહસ્થ બનશે. અલબતે, શરૂઆતમાં એમ ચાલવા જતાં, તેની ઉપર મુસીબતો વીતશે, પણ જેની કરણી સારી, તેનું ફળ અંતે સારૂંજ આવ્યા વગર રેહેશે નહી. તે એક રાજયોગી કે Adept, કે Illuminati, બને તો તેમાં નવાઇ કંઇ નથી. પણ એ રીતીઓ અમલમાં મુકવી, અને તેમ વર્તવું, એ સેહલ કામ નથી. પણ હઠી જવું જોઇયે નહી. એક વખત જો કોઇ એ પ્રમાણે કોશેશ કરતો રેહે, તો તેનામાં જે છુપી ભલી શકતીઓ છે, તે જાગૃત થાયછે, તેનું mental તેમજ spiritual Consciousness અતીશે ખીલેછે, ઇજદ, અમશાશપંદોની તેને માટે પસંદગી રેહેછે, જેઓ તેના બોલાવા વગર તેની મદદે હર પલે આવેછે, તેની મુશકેલીઓ નાબુદ થાયછે, અને તે એક નવુંજ માણુસ, ભલાઇમાં બુલંદ અને જોરાવર બનેછે.

હુંપણું તજી દઇને, આપણી દુનીયાઇ ફરજો કરતા રેહેવું. એટલેકે કોઇ કામ સારૂં છે અને નેક છે, તો મને નુકસાન થશે એમ બીહીને, તે કામ પડી ભાગે તેમ નહી કરવું, પણ એટલો વખત પોતાને ભુલી જઇ તેવું કોઇ પરમાર્થી કામમાં મદદ કરતા રેહેવું અને આસપાસનાઓનું ભલું થાય તેમ કરવું. બીજાનું ભલું તોજ આપણું, એ પ્રમાણે વર્તવું.

બીજાનું ભલું કરવા જતાં, તેને નુકસાન થાય, એ સ્વભાવીક છે, પણ તેની ચીંતા રાખવી નહી. ઘણી વખતે હમોએ જોયુંછે, કે કોઇ નહી ધારેલે રસ્તે, પૈસાની પણ મદદ આવી પડેછે, અને તેને મદદ મલેછે. તમારામાંના ઘણાઓને પોતાને એવી અજમાએસ મલી પણ હશે. એ બક્ષેસ, એવી રીતની છુપી મદદ, ગેબી રીતે દરેક પહરેજગારને મલતી રેહેછે. છેલે દરેકે, ઇયથા અષેમના, બુલંદ માંગ્રાવાનીના કલામ પોતાની છાતીમાં કોતરી રાખી, તે પ્રમાણે વર્તવું જોઇએ, એમ થવાથી કરીને, એટલે કે કોઇના માગવા વગર, પેહેલાં તમારાં ગરીબ સગાવાહાલાંઓની, અને પછી, જો જોગવાઇ હોયતો મનુષ્ય જાતીની સેવા કરતા રેહેશો, અને અષોઇને માટેજ, અષો બનશો, તો "મીનોખેરદ" નામની અસલી ચોપડી પ્રમાણે, તથા આપણા ધર્મ પ્રમાણે લાખો અને કરોડો મીનો તથા ગેથી ઇજદો તમારી મુશકેલીઓ દુર કરવામાં મદદ કરતા રેહેશે, તમારી ચીંતા નાબુદ કરશે, તમો હમેશાં, સત ઉપર ચિત રાખવાથી આનંદ રેહેશો, એટલુંજ નહી પણ તમારાં ભલાં કર્મોના જે સુખ આપનારા ફળો, તે હાજર થઇ, તમુને તમારી અષોઇની ભેટ તરીકે અર્પણ થશે, અને જીવતાં જીવત, અહુરમજદમાં આમેજ થવાથી, ગુજરવા બાદ, તમુને બેહદ અમરગીમાં સુખ મલશે.

ખોદા કરેને મારૂં આ ચાહાવું, તમને આમીન થાઓ, અને તે એ કે, તમારામાંના દરેક જણનું, જરતોસ્ત સાહેબને ડગલે, તેમજ ફરશોશતર, પેશોતન, જામાસ્પ, આદરબાદ મારેસપંદ, અરદાવીરાફ, આઝરકેવાન જેવા મઝદીયસ્નાનને ડગલે, ચાલવું અને વર્તવું થાઓ.

"અથજમીયાત યથઆફરીનામે."

કરણીના કાયદો તેજ ભવિષ્યની જીંદગીના દરવાજો.

બાબણ ૨ જું.

પેહેલાં પ્રકરણમાં આવેલી બાબત સારી રીતે ધ્યાનમાં ઉતારવા માટે, મારી તરફથી થોડા સવાલો તમને કરવાની અગત્ય ધારૂંછું, જેથી તમને ઘણી નવી બાબતો જાણવાની મળશે.

સવાલ ૧ લો. માણસ કયાંથી આવેછે, શું કામ આવેછે, અને મરણ પછી કયાં પધારેછે ?

સવાલ ૨ જો. એક બચું એક ભીખારીને ત્યાં, તો કોઇ, રાજા પાદશાહને ત્યાં, તો કોઇ દસ્તુર દાવરને ત્યાં, તો કોઇ બદ ચાલ ચાલનારાને ત્યાં કેમ ઉતરેછે. વળી આખી જગતની પેદાશમાં, કોઇ જાનવર, ઝાડપાન, કેમ બનેછે. વળી જાનવરમાં કોઇ વાઘ જેવું ઝનુની, તો કોઇ બકરાં જેવું ગરીબ પ્રાણી, કોઇ કીડી કે ઝીણામાં ઝીણું બેકટીરીયા, તો કોઇ મગરમછ જેવું મોટા કદનું પ્રાણી, કોઇ બાજ તો કોઇ બુલબુલ કેમ અવતરેછે. ઝાડપાનમાં કોઇ ખોરાક આપનારૂં, તો કોઇ ઝેરી કેમ હોયછે ?

સવાલ ૩ જો. આખી જગત જે બની રહીછે, તે હોરમજદી કુદરતી કાયદા પ્રમાણે બનીછે, કે નાસ્તીકોના મત પ્રમાણે જગતનો બનાવનાર કોઇ નહી હોવાથી, તે એક ભેલમભેલાની જાત્રાની માફક, ગભરાટ અને મતલબ વિનાની જગત બની રહીછે.

સવાલ ૪ થો. જગતની બીજી પેદાશો માટેનો વીચાર છોડી, માણસ માટે આપણ પુછીશું કે સર્વ બચાં જે જન્મ લેછે અને હવે પછી લેશે, તેઓ સર્વે સારે ઠેકાણેજ કેમ જન્મ નહી લેતાં ? જો અહુરમજદનો કાયદો રાસ્તીજ હોય તો કંગાલ તથા અનીતિમાનને ત્યાં પણ, ગરીબ બીચારાં બચ્ચાં શું કામ અવતરેછે ?

સવાલ ૫ મો. કુદરતમાં ત્રણ ગુણ પ્રસિદ્ધ થઇ રહ્યાછે. જેઓને સત્વ ગુણ, રજો ગુણ, તથા તમો ગુણ કરી કેહેછે. સત્વ ગુણ સૌથી ચઢતો ગણાયછે, રજો ગુણ, તે અરધો સારો ગુણ તથા અરધો જાનવરી ખરાબ ગુણ ગણાયછે. તમો ગુણ, તે કાળામાં કાળા અને ખરાબ ગુણને લાગુ પડેછે. હવે આ ત્રણ જાતના ગુણોવાળા મરણ બાદ કયાં જઇ શકે, અને તેઓનું રેહેઠાણ કયાં થાયછે ?

સવાલ ૬ થો. નીષકામવાળી જીંદગી ગુજારીને જેઓ મરણ પામેછે, એટલે કે સત માર્ગે જેઓ જીંદગી ગુજારેછે, અને આ ત્રણે ગુણોની ઉપર ચઢી સત્યને રસ્તે ચાલી નીષકામવાળી જીંદગી ગુજારીને, મનુષ્યજાતી માટે સર્વે પ્રકારનો ભોગ આપી તેઓએ જીંદગી કાઢી, તો તેવા લોકોનું રેહેઠાણ કયાં થાયછે ? તેઓ શું અહુરમજદમાં મળી જાયછે, અને તેઓને મુક્તિ મળેછે, કે કેમ ?

સવાલ ૭ મો. દુનીયામાં મોટો ભાગ હેરેમંદી અખત્યાર કરી જો તેઓ મરણ પામતા હોય, તો મરણ બાદ તેઓ કયાં જઇને અટકેછે, અને એ કુદરતના

કાયદા પ્રમાણે અને અહુરમજદની મરજી પ્રમાણે, એવા લોકો સૌથી ઉંચી પંક્તિએ કેમ ચઢે, અને ગરોથમાન બેહેસ્ત જ્યાં ખુદ સુખ હોયછે, ત્યાં કેમ અને કયારે એક થઇ જાય.

સવાલ ૮ મો—ફક્ત ચોકસ સંજોગોને લીધે, અને આસપાસના કેટલાક સારા સંબંધોને લીધે, જો કેટલાક સારી હાલતમાં રેહેવાથી અને ઘરબારની સગવડથી, કેહેવાતા ધર્મ કરી મરણ પામે તો, શું એટલા માટે, તેઓ એકદમ ગરોથમાનમાં પુગે, અને બાકીના બીજા કરોડો લોકો, ગરીબાઇની ટોંચ ઉપર લટકીને, પોતાના દહાડા જેમ તેમ પુરા કરતા હોય, તો તેવા બીચારા નિરાધાર કંગાળો શું હંમેશ દોજખમાંજ રીબાયા કરે, કે તેઓને માટે કંઇ ઇલાજ છે ?

આ સવાલોનો જવાબ તમુને મારી બાબત વાંચવાથી ધીમે ધીમે મળતો જશે.

આ બાબત બરાબર રીતે સમજવા માટે સૌથી પેહેલાં માણસ શું છે તે બરાબર રીતે સમજવું જોઇયે. આપણી સાદી આંખે માણસ એકજ તત્વનું બનેલું હોય એમ લાગેછે, પણ બારીકીથી જોતાં માણસ સાત તત્વોનું બનેલુંછે. સાધારણ રીતે ઘણા લોકો માણસ બે તત્વોનું બનેલું ગણેછે, જેને ફરોહર તથા રૂવાન અથવા આત્મા તથા પ્રકૃતી યાને Spirit અને Matter કરી કહેછે. ખ્રીસ્ટી ધર્મવાલાઓ તેને ત્રણ ભાગમાં સમજેછે, એટલે ખાકી શરીર, જીવાત્મા, અને આત્મા. વધારે સારી રીતે સમજવાને માટે આપણે જાણવું ઘણું અગત્યનું છે કે માણસ બે નહી, ત્રણ નહી, પણ ૭ તત્વોનું બનેલુંછે. એ સાત તત્વોને,

૧ લું—સ્થુળ શરીર, તન, (material body) ખાકી શરીર, અથવા Physical man કરી કેહેછે.

૨ જું—પ્રાણ અથવા Life Principle કેહેછે.

૩ જું—સુક્ષમ અથવા લીંગ શરીર જેને ઇંગ્રેજીમાં Astral body કરી કહેછે.

૪ થું—કામરૂપ જેમાં ઇચ્છા એટલે desire આવેછે. એને ઇંગ્રેજીમાં Animal Soul કરી કેહછે. મરણ બાદ માનવી રૂપમાં એ હરેક ઠેકાણે છાયા તરીકે દેખાવ દઇ શકેછે, જેથી એને ઇંગ્રેજીમાં the double અથવા apparition કરીને પણ કેહેછે.

૫ મું—મનસ, (Human Soul,) અથવા proper mind. એમાં નેક તથા ઘટતી મરજી તથા નેક અને ઉંચી પ્રકારની ઇચ્છા સમાયલીછે. ઇંગ્રેજીમાં એને Human Soul કરી કેહેછે.

૬ ઠું—આત્મીક બુદ્ધી અથવા Spiritual soul કહેછે.

૭ મું—આત્મા, યાને Divine Spirit કહેછે.

જરતોસ્તી ધર્મ પ્રમાણે, નીચેથી ઉપર ચઢતાં આ પ્રમાણે અવસ્તામાં એ ભાગોનાં નામો આપ્યાંછે, જે નીચલા ફકરામાં આવેલાંછે.

"વીસપાઓ ગએથાઓસચ તનવસચ અજદેબીસચ ઉસતાનસચ કેહેરપસચ તેવીશીસચ બઓધસચ ઉરવાનેમચ ફરવસીમ પઇરીપદદે મહી આઅતદીત અવ-એમધ્યહી ગાથાબ્યો સપેનતાબીયો રતુક્ષથરાબ્યો અશઓનીબ્યો." તરજુમો હમો

જાહેર રીતે અને ખરાં દીલથી સાચા તથા પાક ગાથાઓને, હમારી સંપૂર્ણ દોલત જે હાડકાં સાથની, હાડમંદ શરારની, જીવતમાની, તથા જીવન શક્તીની, હવાઇરૂપ શરીરની, ગ્નાનની, રૂવાનની, અને ફરોહરની બનેલીછે, તે અર્પણ કરીએ છીએ.

આ વાક્ય ઉપરથી જરતોસ્તી મજદીયસન ધર્મ પ્રમાણે માણસ ૭ તત્વોનું બનેલુંછે, તેઓનાં નામો આ પ્રમાણે છે.

૧. તનવસચ એટલે તંન. ૨. ઉસતાન એટલે પ્રાણ. ૩. કેહેરપસ એટલે સુક્ષમ શરીર,—૪. તેવીસીસ, એટલે કામારૂપ,—૫. રૂવાન એટલે કરણીના સંગ્રહથી "હું છું હું," એ લાગણીવાળું મીનાઇ મન,—૬. બઆધસચ એટલે આત્મીક બુદ્ધી.

૭—ફ્રોહર એટલે આત્મા, બુદ્ધી, અને મનસનો સંગ્રહ કરી કેહેછે. હવે એવી રીતના આ સાત તત્વોને કાંદાની પાંદડી માફક એકએક ઉપર ગોઠવાયાછે એમ નહી સમજવું. અથવા તો એક ચીનાઇ બાકસ જેમાં ચઢતાં ઉતરતાં બાકસો આવેછે, તે પ્રમાણે નહી સમજવું, પણ અસલ મુળ અથવા કારણ વિનાનું એક માહાકારણ, ખોદા, તેના ૭ નુર કરીને સમજવાં. તમો સાત રંગવાળા ફાનુસ અથવા એક ગ્લોબ જેમાં બતી બળતી હોય, તે ધ્યાનમાં લ્યો. હવે જેવા રંગવાળા કાચમાંથી તમો જોશો, તેના રંગ પ્રમાણે એક જણ કેહેશે કે આ બતી તો લાલ બળેછે, તો બીજો જે બીજા કાચમાં જુએ તે કેહેશે કે બતીનો દીવો તો ખુલો જાંબુરો છે. કોઇ કહેશે કે નહી, એ તો બલુ, લીલો, પીળો, નારંગી, ઇ૦ રંગ છે. પણ એ સર્વે રંગ જોશો તો તેઓ એકજ મુળ જે સુરજની રોશની છે, તેના પ્રતાપથી, અને તેના પડછાયાંથી, એ પ્રમાણે જુદા જુદા રંગ દીસેછે. એજ પ્રમાણે આ સાત તત્વો વીષે વીચારવું. સર્વે તત્વોનું મુળ જોશો તો તે એકજ છે જેને તમો જોઇએ તો ખુદા અથવા પરમાતમા કહો, જોઇએ તો હોરમજદ, ઇશ્વર, લોગોસ, અથવા ક્રીસતોસ કરીને કહો. એ સાત તત્વોના વળી બે મોટા ભાગ કીધેલાછે, જેઓને Upper Triad અને Lower Quaternary કરીને પણ કેહેછે. ઉપલા ભાગમાં આત્મા, આત્મીક બુદ્ધી, અને મનસ આવેછે. નીચલા ભાગમા કામારૂપા અથવા ઇચ્છા, હવાઇ રૂપ શરીર, પ્રાણ, અને ખાકી શરીર આવેછે.

હવે જ્યારે માણુસ મરણ પામેછે, અને પ્રાણ છુટો પડેછે, ત્યારે શું બનેછે તે જુઓ. ખાકી તન અથવા સ્થુળ શરીરને લગતા તીક્ષણ તત્વો એઓ પેહલવેહલા મરણ પામેછે, અને તેઓને પણ સંપૂર્ણ રીતે ખુદરતમાં હવા પાણી સાથ મળી જવામાં કેટલોક વખત લાગેછે. હવાઇરૂપ શરીર અથવા આકાશી અથવા સુક્ષમીક શરીર જેમાંથી આ ખાકી બદનના તત્વો ઉતરેછે, તે હવાઇરૂપ શરીરને, ખલાસ થતાં વધારે વખત લાગેછે. એટલે આકાર, પ્રાણ અને સુક્ષમ શરીર એઓ આપણી ઇંદ્રિઓમાંથી છુટા પડેછે, અને આપણ તેઓને જોઇ શકતા નથી. આપણ ફકત બદનને જોઇ શકીએ છીએ, બદનને બદનની હાલતમાં પ્રાણ રાખેછે. તો મરણ પછી

માણુસના આ ત્રણ તત્વોજ દુર થવાથી, આપણ એમ કહીએ છીએ, કે માણુસ મરણ પામ્યું, પણ ખરેખર રીતે જોતાં તે મરણ પામ્યું નથી. આપણી આંખને એમ લાગેછે, પણ આંખ તો ફકત ખાકી ચીજ જોઇ શકેછે, અને microscope કે તેલેસકોપની મદદ લેઓ, તોપણ તેની ઈંદ્રિઓની તાકાત નથી, કે તેના ચઢતા તત્વો વિશે તે બરાબર રીતે કહી શકે. એ પ્રમાણે મુળ કારણમાંથી, પ્રસિદ્ધ થતા જે મધ્ય બીંદુઓ, તેઓ ફકત આપણી નજરથી બંધ પડેછે, પણ ખરેખર રીતે જોતાં, માણુસની આત્મીક બુદ્ધી, અને મનસ જેઓ આત્મા અથવા મુળ કારણમાંથી નીકળેછે, અને જેઓ મનને હમેશાં એકસરખી રીતે ખુદાઇ રોશનીનો ઝરો પુરો પાડતા રેહેછે, તેઓ કદી નાશ પામતા નથી. હવે જ્યારે માણુસ માંથી પ્રાણ નીકળી જાયછે ત્યારે તેનું ખાકી શરીર, અને આકાશી શરીર કેટલો વખત ગયા પછી નાશ પામેછે, પણ તેનું કામરૂપ એટલે ઇચ્છારૂપી શરીરને નાશ પામવાને ઘણો વખત લાગેછે.

માણુસ અથવા man એ શબ્દ મન અથવા મનસ ઉપરથી નીકલ્યોછે, એટલેકે આપણી અંદર જે શકતી વીચાર કરેછે તેનું નામ તે માણુસ manas. જ્યાંવેર ખાકી શરીરમાં પ્રાણ હોયછે, ત્યાંવેર મન, એ એકએકર્થી તદન જુદી બે શક્તીઓના કાબુ નીચે રહીને કામ કરેછે. એક ગમથી જાનવરી જુસ્સા, જાનવરી ઇચ્છાઓ માટે જે ભુખ, પ્યાસ તે, બદ હવસ, એકલપેટાપણું, ઇત્યાદી. જેઓને ખાકી હવસો સાથે અતલગનો સંબંધ છે, તેઓ તેને જમીન તરફ ખેંચેછે, અને મનને એટલે ખાકી મનસને આગળ વધવા દેતા નથી, એઓ ખાકી મનને ખોદા સાથની દોસ્તીમાં મોટી હરકત નાખેછે, એઓ મનને આએજ જીંદગીનું કલ્પિત સુખ જાહેર કરી આપણા ખરા હમેસનાં સુખને દુર રાખેછે અને આપણને જાનવર રૂપી ગલીચ ઇચ્છાના બનાવેછે. એવી રીતે ખરાબ બદ હવસો અને બદ ઇચ્છાઓ, જેને કામરૂપ કરી કેહેછે તેની તરફ આપણું ખાકી મન ઢળેછે. કતુંક જે કરેછે, પ્રપંચ જે રમેછે, કાવાદાવા જે કરેછે, હવસ જે બતાવેછે, ત્રસ્તનાં નાણાં ખાઇ જઇ અને ઘડી પલની કેહેવાતી મોજ જે મારેછે, ખુન જે કરેછે, જીવપર જે કરેછે, તે સઘળું ખાકી મન એટલે lower mind ખરાબ મન, માયાની જાલમાં ફસી પડીને, જે કંઇ ખરૂં નહી તેને ખરૂં છે એમ માની લઇને કરેછે. એટલા ઉપરથીજ તેને અંગ્રમીનો એ શબ્દ આપણા ધર્મમાં વાપરયોછે, જેનો અર્થ ખરાબ કરનારી શક્તી અથવા નાશ કરનારી શક્તી અથવા મન કરી થાયછે. બીજી ગમથી આમણું એજ મન, જેને higher mind કરી કહેછે તે સાધારણ ખાકી મનથી ઘણુંજ ચઢતું છે, તે હંમેશ નેક વીચાર, નેક બોલને, નેક કામ કરવાને ફરમાવેછે, તે નેકમાં નેક જુસાઓ બાહેર લાવેછે, અને ખાકી શરીરના ગલીચ ઇચ્છારૂપી અથવા કામરૂપી ચીજો-માંથી, આપણને બાહેર નીકળવા અને છુટું થવા, અને તેની સાથનો સર્વ પ્રકારનો સંબંધ જડમુળમાંથી તોડવા આગ્રહ કરેછે, અને એ પ્રમાણે એક જાતનું ખેંચતાણ કરીને આપણને આત્મા અથવા Spirit તરફ ખેંચેછે. જેઓ બેખબરાઇને લીધે એમ જણાવેછે, કે આત્મા કતુંક કરેછે, અને તેની સંભાળ

લેવી, તેઓ ઘણીજ ખરાબમાં ખરાબ ભુલ કરેછે. આત્મા, આત્મીક બુદ્ધી, અને Higher મનસ એઓ કદી પણ કર્તુક કરતાં નથી. એઓ તો ઉલટું, કર્તુક કરનાર જે સાંકડું પાપી, ખાકી, સાધારણ મન, અથવા Lower manas તેને શીખામણ દેછે, કે માણસે જો આગળને આગળ વધવું હોય, તો તેણે જેમ હોરમજદ ફરમાવેછે તેમ તેણે એટલે કે ખાકી મને કરવું. હવે જ્યારે માણસની દેહમાંથી પ્રાણ નીકળી જાયછે, ત્યારે સ્થુળ શરીર અને આકાશી શરીર મરણ પામેછે, તોપણ આ કામરૂપ, જે બદ મનના તબક્કા ઉપર વસેછે તેન લગતાં જે બદ ફળો થયાં હોયછે, તે તેના મરણ બાદ, કામાલોકમાં ચાખવાં પડેછે. "કરો તેવું ભરો," જેવાં કર્તુક કીધાં હોય તે પ્રમાણે ફળ ભોગવવાં પડેછે. લીમડો રોપીને તેમાંથી કડવાસનીજ આશા રખાએછે, અને લીમડાંમાંથી લીમડોજ થાયછે. કેરી જેવાં સ્વાદિષ્ટ ફળની આશા રખાતી નથી. તે પ્રમાણે બદ કર્તુકવાળાઓને પેલી જીહાન ઘણુંજ સોશવું પડેછે. ત્યાં કેહેવાતા વખત જેવી ચીજ છે નહી, તેથી કેટલો વખત તેઓને ભોગવવું પડેછે, તે આપણ કહી શકતા નથી, તોપણ એક દીવસ તો તેઓને મનસે કેટલા મહીના જેટલો લાગેછે. જેમ કે કોઇ મરણ તોલ આજારી પડયું હોય, તો તેનાં સગાં વાહાલાંઓને એક મીનીટ તે એક રાત જેવી લાંબી લાગેછે, અને તેઓ ઇચ્છેછે કે સવાર કયારે પડે કે બીમારને કંઇ ફાએદો થાય. એ પ્રમાણે ગુજરનાર ધણીને કામલોકમાં એટલેકે દેવદરૂજની જગામાં સોસવું પડેછે. એને માટે પતેત પશેમાનીમાં આએ પ્રમાણે એક ફકરો આવેલોછે, કે "પુલ પાદફરાહ, બંદદરોશ, તોજશ્ને તાવાન દીન, પાદફરાહે સેશબ પંજાહ હફતસાલ, પદશ ખોરસંદ હમ દાસ્તાન હોમ."

અર્થ—"(ચીન્વત) પુલ (આગળ)ની શીક્ષા, સખત બેડી, (તથા) દીનના (હોકમ મુજબની) તોજેશ (તથા) ગુનાહનો બદલો, (મરી ગયા પછીની પેહેલી) ત્રણ રાતની શીક્ષા (કે જેમાંની દરેક રાત) ૫૭ સતાવન વરસ (જેટલી લાંબી થશે)—એ (બધાં)ની ઉપર (હું) રાજી (તથા) એકમળતો છેઉં." જુવો કે પતેત પશેમાની કરતી વખતે આપણ આ પ્રમાણે કબુલ કરીએ છીએ, કે જો મારા વિચાર બોલ તથા કામ પાપી હોય, તો ગુજરવા પછી આવી શીક્ષાને હું લાયક છું. માટે જીવતાં જીવત આપણને કેવો રસ્તો લેવો તેનો વીચાર બરાબર રીતે કરવાને, હું વાંચનારનેજ સોંપુંછું. હવે જરતોસ્તી ધર્મ પ્રમાણે જ્યારે એક માણસ મરણ પામેછે, ત્યારે ત્રણ દહાડા સુધી તેનું રવાન જે જગાએ તેને સંજોગીને મુકેલું હોય, ત્યાં રેહેછે, અને ચોથે દીવસે એટલેકે ચેહારમની બામદાદમાં, તે ચિન્વત પુલ તરફ પધારેછે. ચિન્વત પુલ એ ખાકી તથા મીનોઇ જીહાન વચેનો જે તફાવત તેને કેહેછે. બરાબર બોલીએ તો એ પુલ તે ખરેખરો પુલ નહી સમજવો, અથવા તો એ તફાવતને કોઇ ખરેખરો તફાવત છે, એમ નહી સમજવું. ખુદરતમાં તમો જો બારીકીથી જોશો, તો જુદાઇ જેવું કંઇ નથી. જ્યાં જુવો, ત્યાં એકજ મુળ માહા કારણ જુદા જુદા આકારમાં પ્રસિદ્ધ થઇ રહયું છે. હવે ગુજરવા પછી, માણસ ચિન્વત પુલ તરફ પધારેછે, જ્યાં તેનાં સારાં કે નરસા કામોનો ઇનસાફ થાયછે, તેની મતલબ એટલીજ છે કે જ્યારે ખાકી શરીર (physical body), પ્રાણ

(vital principle), અને આકાશી શરીર અથવા (astral body) એ ત્રણ જ્યારે મરણ પામી, તદન ખલાસ થાએછે, ત્યારે કામરૂપ અથવા ઇચ્છારૂપી શરીર, એ મરણ પામતું નથી. ખાકી દુનીયામાં જે એકલપેટી બદચાલ ચલાવેલી, જેનાં માઠાં ફળ તેણે આ દુનીયામાં નહી ભોગવેલાં, અને ઓર અહીં પૈસાનાં જોરે સુખી હાલત ગુજારેલી, તો એ માઠાં ફળ ચાખવાનો વખત હવે તેને માટે આવી ઉભો રેહેછે. અંતઃકરણ અથવા Conscience, higher તથા lower manas ને જોડેછે. એ અંતઃકરણને હું ચિન્વત પુલ સમજુછું. મનસ એ માણસના ઉપરના જે બે મીનોઇ ભાગો જેઓને આત્મા અને આત્મીક બુદ્ધી અથવા અકલે અવલ અથવા આશનુખ્રત કરી કેહેછે, તેઓની અને તેના નીચલા ચાર ભાગોની વચે આવેછે. ખુદ આત્મા અથવા ફ્રવશી એટલેકે દીઠ તેમજ અનદીઠ જગતોનું જે અસલ મુળ કારણ, તે માણસથી એટલો તો ચઢતો છે, કે પોતે માણસમાં હાજર રહીને, અને માણસની ઉપર આકાશ રૂપે છાંયો કરીને, તથા પોતે નીર્ગુણ, અને નીરાકાર રહીને, તેનામાં ભલામાં ભલા ગુણો અને નેક જુસાઓ, અને લાગણીઓ, એક જાતની જાથુક અખુટ રોશનીના આકારમાં મોકલ્યા કરેછે, એટલે આત્મા અથવા ફ્રવશી તરફની જે રોશની તથા ડહાપણ તે, આત્મીક બુદ્ધી અથવા બહમનની અકલની મારફતે, તેના higher અથવા proper munus ને મળતી રેહેછે. છેલ્લે આત્મીક બુદ્ધી અથવા બહમનની અકલ એ પણ પોતે એટલી શ્રેષ્ટ છે કે તે પેહેલાં higher મનસને સુચવેછે, અને higher મનસ તે લોઅર (lower) મનસને, એટલે કે ખાકી મન અથવા માણસને નેકમાં નેક અને ચઢતામાં ચઢતી ખુદ બુદ્ધીને લગતી મીનોઇ રોશની તે મોકલતો રેહેછે. જેમકે આ ખાકી જગતમાં, તમુને કોઇ વાંધાનો ફડચો લાવવો હોય, તો તમે આપણી માવતર સમાન માહારાણી તરફ તમારો કજીયો લેઇ જતા નથી, તો જોકે ખરેખર રીતે આપણી રાજકર્તા તો તેવણ છે. પણ તેણીની તરફના એટલે કે સરકાર તરફથી જે રસ્તા નેમેલા હોય તે પ્રમાણે તમો રસ્તો લેઓછો. એજ પ્રમાણે આપણ ઇંદ્રિઓની મારફતે હોરમજદને તથા આત્મીક બુદ્ધીને જોઇ કે પીછાની શકતા નથી; તેઓ ખાકી જગતમાં મનસની મારફતે માણસને, મન જેવું સૌથી ઉત્તમ હથીયાર આપીને તેને જન્મ આપેછે, અને એમ કરીને તેના પોતાનાજ હાથમાં સોપેલુંછે, કે પુર્વ ભવના કરણીના કાયદા પ્રમાણે જે જન્મ તેણે લીધોછે, તેમાંથી ભલામાં ભલી ચાલથી તેણે છુટવું, અને આગળ વધવું, અથવા જોઇએ તો બદી કરીને દેવ દરૂજોમાં મળી જવું. હવે **મનસ**ના પણ સાનીઓએ બે ભાગ કીધાછે. એકને Human Soul ને બીજાને Animal Soul (કામરૂપ) કરી કેહેછે, એટલે કે ઉંચો અને ભલો માણસાઇ રૂહ અથવા ખવાસ; બીજો, જાનવરી જુસા અને હવસ. વળી એને higher manas અને lower manas કરીને પણ કેહેછે. હવે જરતોસ્તી ધર્મ પ્રમાણે જ્યારે એક માણસ ગુજરેછે, ત્યારે ત્રણ દાહડા પછી, એટલે ચેહારમની બામદાદે, તેનું રવાન ચિન્વત પુલ આગળ આવેછે જેમ કરતાં માર્ગમાં તેને ખરાબ શક્તિઓથી ભોગવવું નહી પડે માટે સરોષ જે ખાકી જગતોની પાસબાની કરેછે તે સરોશની ખસ્નુમન સાથની ઇજશને કરાવવામાં આવેછે. ક્રીયા

મારે બોલવાનું મારૂં કામ નથી. તોપણ આટલું કેહેવું જોઈયે કે માથ્રવાનીનાં બુલંદ કલામો ભણવાથી આકાશમાં એક જાતની ધ્રુજના Vibration થાયછે, જેથી કરીને ખરાબ શકતીઓ ન્હાસ ભાગમાં પડેછે અને ચિન્વત પુલ લગી, તેનાં રવાનને સોસવું પડતું નથી. પણ હવે જ્યારે ચિન્વત પુલ આગળ તે આવી લાગેછે ત્યારે, તેના નીષકામ, ભલાં કામ, બદકામ કે બદમાં બદકામ પ્રમાણે, તે પોતેજ પોતાની જગા શોધી લેછે. જો ગુજરનાર ધણી નીષકામ જીંદગી ગુજારી, બદલાની આશા વગરની જીંદગી ગુજારી, જગત માટે અને મનુષ્યજાતી માટે પૈસાનો કે બીજી રીતે ભોગ આપી, પોતાને ભુલી જઈ, ને બીજાને મદદ કરવા, ને દુઃખ મટાડવા, તે ગુજારી હોયછે જેવા કે પેગમબરો, દસ્તુર, દાવરો, આથ્રવનો, યોગીઓ, માહાતમાઓની માફક ગુજારી હોય તો તેવાઓને સૌથી ઉંચું જે ગરોથમાન ત્યાં તેઓ મળી જાએછે, અને ફરીથી તેઓ આ દુઃખી જીંદગીમાં આવતા નથી, અથવા જો આવેછે, તો એટલામાટેજ કે આ દુઃખી દુનીયાને એટલે મનુષ્યજાતીને પાપમાંથી, નેક બોધ આપીને બચાવવી, અને આગળ વધારવી. એમ કરવાથી તેઓ પોતાને પણ ફાયદો કરેછે, અને તે એ કે ગરોથમાનના પણ જે દરજ્જા તેના સૌથી ઉંચા દરજ્જા ઉપર તેઓ પુગે. જો તેનાં કામ ભલાં હોયછે, એટલે કે આ ખાકી દુનીયામાં તેણે ભલાઇ કીધી ખરી, પણ બદલાની આશા રાખીને ભલાઇ કીધી હોય તો તેવા ગુજરનારનું રૂહ ત્યાં સારી સ્થીતીમાં રહેછે, અને પોતે જે ભલાઇ કીધેલી તેના ફળ બેહદ વીસ્તારમાં, તીક્ષણ રીતે, સુખચેનમાં ને આનંદમાં તે ભોગવેછે, જેને રશને યસ્ત પ્રમાણે ચઢતાં ઉતરતાં બેહેસ્ત કરી લખ્યાંછે. એઓને વળી અરદા-વીરાફનામામાં પાયા કરી કેહેછે, જેમ કે સતરપાયા, ચંદ્રપાયા, ખોરશેદપાયા. હવે જરતોશતી માજદીયસન ધરમ પ્રમાણે કોઇ પણ માણસ જ્યારે ગુજરેછે, પછી તે ભલો, ભુંડો કે ભુંડામાં ભુંડો હોય, તો ચિન્વત પુલ આગળ મેહેર ઈજદ, સરોષ ઈજદ તથા રશને રાસ્ત, તેનાં કામ પ્રમાણે, તેની લાયકની જગા કરી આપેછે. ખરાબ ગુણવાળું રવાન દોજખમાં પધારેછે, ચિન્વત પુલની ઉપર જઈ શકતું નથી પણ સારા ગુણવાળા માણસનું રૂવાન ચિન્વત પુલ સેહેલથી પસાર કરેછે, તે વધારેને વધારે મોટો થતો ચાલેછે, અને મીનો ઈજદોના પુલ (એટલેકે ભલા માણસાઇ રૂહનો તબકો, human soul) આગળ આવી લાગેછે, જ્યાં વંદીદાદ ૧૯ મી પરગરદ પ્રમાણે, બહમન અમશાશપંદ પોતાના સોનાના બનાવેલાં તખત ઉપરથી ઉભા થાયછે, અને આ પ્રમાણે બોલેછે, કે "અએ અશો રૂવાન ફાની દુનીયામાંથી હમેશની દુનીયા તરફ અહીયાં હમારી આગળ તું કયાં આવ્યું." આવી રીતની મુબારકબાદીથી, તેનાં રૂવાનની ખુશાલીનો પાર રેહેતો નથી. એ પ્રમાણે "અશો માણસોનાં રૂવાનો હોરમજદની નજદીક, અમશાશપંદોની નજદીક, સોનાના બનાવેલા તખતની નજદીક, ગરોથમાન હોરમજદનું ઘર, અમશાશપંદોનું રેહેઠાણ અને બીજા અશો માણસોનું રેહેઠાણ તે તરફ ખુશીથી પસાર થાયછે." આપણ ઇચ્છીશું કે અકલે અવલની બેહદ

રોશનીના દરીઆવમાં, ગરોથમાન જે હોરમજદનું ઘર તેમાં જીવતાંજીવત, મનુષ્ય જાતીની સેવા કરી, ખુદરત માટેનો બેહદ પ્યાર બતાવી આપણ મળી જઇએ.

હવે માણસ એટલે મનસ અથવા human soul, અથવા અહુરાનુ નુર, કયાંથી આવેછે, શું કામ આવેછે અને કયાં પધારેછે, એ સવાલ ઘણો અગત્યનો હોવાથી, તે વિષે હવે પછી બોલીશ. તેટલાં, માણસનું રૂવાન ગુજરવા પછી તેની કરણી અથવા કર્મ પ્રમાણે કયાં જઇ અટકેછે, તે સૌથી પેહેલાં જાણવું જોઇએ, તો પછી તે કયાંથી આવેછે, અને શું કામ આવેછે, તે સમજવું બીકટ પડશે નહી.

સૌથી પેહેલાં જયારે ખાકી જગતો હસ્તીમાં આવેછે, ત્યારે તેને માટે ગ્નાનીઓ તેમજ પ્રગટી કરણ (law of evolution) ના કાયદાઓથી વાકેફગાર ફીલસુફો એમ માનેછે કે પેહેલાં ખનીજ પદાર્થ હસ્તીમાં આવેછે, અને ત્યારપછી, તેમાંથી ઝાડપાન, ઝાડપાનમાંથી જાનવર, અને છેલે માણસ હસ્તીમાં આવેછે. એ વીચારને દારવીન જેવો મોટો વીદવાન પણ સ્વીકારી ગયોછે, અને સુધરેલા દેશો તે માનેછે. કરોડો અને લાખો વરસોની વાત ઉપર માણસ કેવું હતું, અને હાલ કેવું છે, તે માટેની થોડીક સમજણ આપણને બુનદેશમાં, તેમજ Secret Doctrine નામની ચોપડીમાં મળી આવેછે. હવે law of evolution એટલેકે પ્રગટી કરણના કાયદા પ્રમાણે, ખાકી જગતો જે હસ્તીમાં આવેછે, તે, એટલાજમાટે કે તેમ થવાથી, દરેક રૂહ અથવા monad અથવા entity આ ધરતી ઉપર કરણીના કાયદા પ્રમાણે જન્મ લેઇ આગળ વધી, પાછું જન્મ લેઇ આગળને આગળ એ પ્રમાણે વધે, તે એટલામાટે કે જે અસલ મુળમાંથી તે છુટું પડયું હોય તેમાં, તે પૃથ્વીની ઉપર દરેક સ્થિતિનું ગ્નાન મેળવી આખરે તે મુળમાં મળી જાય.

કરણી (Law of Causation) અથવા કર્મનો કાયદો જે મુળ કારણ (Causeless Cause) માંથી ઉતરેછે, તેના જેવો સખત કાયદો બીજો એકે નથી. જયાંલગી માણસ સંપૂર્ણ રીતે સુધરતું નથી, ત્યાંવેર તે સૌથી ઉંચા પ્રકારના બેહેસ્તમાં દાખલ થવાને લાયક થતો નથી અને હોરમજદનાં ઘરમાં જેને આપણ ગરોનમાન અથવા ગરોથમાન કહીએ છીએ, તેમાં મળી જતો નથી. **કરણી**—હવે કરણીના કાયદા પ્રમાણે, માણસની કરણીને ૪ ભાગમાં અથવા વર્ગમાં મુકી શકાએછે, જે ઉપરથી માણસ પણ ગુજરવા પછી આ ચારમાંની એક હાલતમાં પુગેછે. તેનાં મનની વળણુજ, કાયદા પ્રમાણે, ચારમાંની એક હાલતમાં તેને ઘસડી જાયછે. એ ચાર હાલતોવાળી જીંદગીને, ગરોથમાન, અથવા ગરોનમાન, બેહેસ્ત, અથવા સ્વર્ગ, દોજખ અથવા નરક, અને દેવનામ દેવ, અથવા દૈત્ય નામ દૈત્યની હાલત, કરી કેહેછે.

ગરોથમાન અથવા ગરોનમાન—આ શબ્દનો અર્થ House of God અથવા House of Singers એટલે કે અહુરમજદનું ઘર કરીને થાયછે. અશોમાં અશો માણસોનાં રૂવાનો, અમશાશપંદો, મીનોઇજદોની હાલતે પુગા હોયછે, અને

હોરમજદમાં મળી ગયા હોયછે. એ હાલતને Absolute Consciousness કરીને કેહછે. આ જગત બે મીનાની અથવા એકએકથી ઉલટા બે ધ્રુવની બની રહીછે, જેઓને સ્પેનતામીનો અને અંગ્રમીનો કરી કેહેછે. એક માણસ જ્યારે પોતાની નીષકામવાળી જીંદગી સંપૂર્ણપણે ગુજારી મરણ પામેછે, ત્યારે તેવો કોઇ કોઇજ ભલામાં ભલો અશો રૂ તે હાલતે જીવતાંજીવત પુગેલો હોયછે, અને મરણ પછી પણ તેમજ હોયછે. નીષકામવાળી જીંદગીનો અર્થ કંઇ પણ બદલા વીનાની, કંઇ પણ દુરના કે નજદીકનો બદલો મેળવવા માટે જરા પણ વીચાર રાખવા વગર, જે માણસ મનુષ્ય જાતીનાં કલ્યાંણ માટે જીંદગી ગુજારેછે તેને કેહેછે. પોતાનું નામ, દોલત, તંદરોસ્તી, જીંદગી વટીકનો ભોગ આપવો પડે, તો તે ખુદાનાં નામ માટે, ને મનુષ્ય જાતીનાં ભલાંને માટે ખુશીથી અને પ્યારથી આપેછે, તે એમ કરવાથી ને એવી રીતની આખી જીંદગી ગુજારવાને લીધે, તે જગતના જે બે ધ્રુવો, તેની ઉપર ચઢેલો કેહેવાયછે. તેના ભલામાં ભલા ગુણોને લીધે જે ગુપ્ત અને જોરાવર શક્તીઓ માણસમાં છુપી રીતે હોયછે, તે હવે તેનાંમાં જાગૃત થાયછે, જેઓનાં બળથી તેનું બળ પણ ઘણુંજ વધેલું હોયછે, અને માણસ, અજાએબીમાં પડે એવી રીતે તેઓની મદદથી, તે મનુષ્ય જાતીને ઉપ્યોગી થઇ પડેછે. આ શરીરને લગતા અંતર ભાન જગતને લગતાં ૭ ચક્ર હોયછે, જેઓના નામો આ પ્રમાણે આપેલાંછે.

૧—મુળ આધાર.

૨—સ્વાદીષથાન, એટલે આકાશી શરીર.

૩—મનીપુર, એટલે Psychic body.

૪—અનહધ, અથવા તુર્ય હાલત, અથવા ગુપ્ત કાશી. આ હાલતે પુગવા પછી, પહરેજગાર ને ખરાબ શક્તીઓથી બ્હીવાનું રેહેતું નથી.

૫—વિશુદ્ધી.

૬—અગની.

૭—શહસ્ત્રમ અથવા બ્રહ્મારંદ્ર.

આ પ્રમાણે અંતર જગત ભાનને લગતાં સાત ચક્રો જે આપણામાં છે, તેઓને લગતું જ્ઞાન ઉપર લખ્વા પ્રમાણે નીષકામવાળી જીંદગી ગુજારનારને થાયછે. નીષકામનો અર્થ એમજ સમજવો, કે એવો કોઇ ભાગ્યશાલી શખ્સ ખુદાને માટેજ અને મનુષ્યજાતી માટે, તેણે અહીં જન્મ લીધેછે, એમ તે સમજેછે. આ ચક્રોનો ખ્યાલ જેમ જેમ આવતો જાયછે, પછી તે ભકતીભાવથી, નીષકામથી, યોગ વીદ્યાથી, કે કોઇ પણ રીતે, ત્યારેજ તે એવી રીતનો લાયક ગુરૂ, કે માહત્મા, કે adept, કે પેગમબર બનેછે. હવે એવી રીતનું ભાન આપણામાં છે કે નહી, તેને માટે તમોને જાણવું જોઇએ, કે હાલ જે ભાન અથવા ચક્રને આપણ ખાકી દુનીયામા ઉપયોગમાં લઇયે છઇયે, તે સૌથી હલકી કીસમનું અને ખાકી ખાકને લગતું હોયછે, જેમ કે ખોરાક, કપડાં, ને બીજી હલકી ચીજો માટે અને તેનો પણ આપણ સારી રીતે ઉપ્યોગ કરતા નથી, સહવારનાં ઉઠવું, કામ ધંધે જવું, રાત્રે સુવા જવું, પાછું ઉઠવું, પાછું એમ કરવું. એટલામાંજ આપણ ગોટાં ખાઇ મરી ફીટીયે છીયે. પણ ખુદરતી રીતે બીજાં પણ ચઢતાં ભાન છે. જેમકે ઉંઘમાં

આપણને સપનુ આવેછે. ઘણી વખત તે ખરો પડેછે, ઘણી વખત, આપણુ સપનામાં જાણે કોઇ નવી દુનીયામાં વસતા હોઇએ, તેમ એટલો વખત જો તે સારો હોયછે, તો આપણુ ઘણીજ ખુશીથી તે ભોગવીએ છીએ; અને તે ખલાસ થવા પછી, જાણે કંઇ હોય નહી, એમ થાયછે, અને આપણને નાસીપાસ કરેછે. એ પણ એક જાતનું Consciousness. વળી કોઇ મુશકેલ વખતમાં, શું રસ્તો લઇ આપણો બચાવ કરવો, તે જાણેકે વીજળીની ઝડપથી આપણને બસારત થાયછે, અને આપણો બચાવ થાયછે.

એ પ્રમાણે નીષકામવાળો શખ્શ જેમ જેમ ભક્તિભાવમાં વધી વધીને, કેવળ જે અંતર ગ્નાન (Absolute Consciousness) તેમાં મળેછે, ત્યારે તે ગરોથમાનને લાયક થાયછે. આ ખાકી શરીરને એવો માણસ, એક પોશાક તરીકે નજીવું જેવું ગણેછે, તો જોકે જેમ એક ગાડીમાં આપણુ બેસીએ, અને ઘોડા ચોંકીને આપણુ પડી જઇ મરણ નહી પામીએ, તેની આપણ સંભાળ લઇએ છઇએ, તે પ્રમાણે પોતાનાં શરીરને એક ગાડી સમજેછે, અને તેની પણ સંભાળ લેતો રેહેછે. જેથી હીંદુ શાસ્ત્રવાળાઓ તેને **વિદેહી** એટલે શરીર વિનાનો કરી કેહેછે, એટલેકે જોકે તે શરીર સાથે કામ કરેછે ખરો, તોપણ જાણે શરીર કોઇ ચીજ હોય નહી એવી રીતે, તે જીંદગી ગુજારેછે. તે હોરમજદ, અમશાશપંદ, મીનો ઇજદોમાં જીવતાં જીવત મળી ગયલો હોયછે. એવી જે હાલત તે તે ખરી મુકતિ, મોક્ષ, નીર્વાણ ગણાયછે. એ તે ગ્નાન અથવા વિદ્યા અથવા Spritual Knowledge) નું સૌથી ઉંચી પ્રકારનું, એટલે માહાગ્નાનની હાલત બતાવેછે. મીનોઆંન મીનોમાં મળી જવું, એ સેહેલ કામ નથી, અને તે તેને એક જન્મ કે પાંચ કે દસ જન્મમાં મળતું નથી. આત્મીક વિદ્યાનાં પાક મંદીરમાં દાખલ થવા અગાઉ, તેના દરવાજા આગલ ઉભેલા ચોકીબાનો, આપણુ લાયક હોઇયે, તોજ આપણને તેનાં મંદીરમાં દાખલ થવા દેછે. આપણા ગુણો સૌથી શ્રેષ્ટ બને; તમો, અને રજો ગુણોની ઉપરજ નહી, પણ સત્વ જે ગુણ તેની પણ ઉપર ચઢીએ, અને નીર્ગુણવાળા બનીએ, ત્યારેજ કંઇ સેંકડો વરસો ગયા પછી, આપણને ગ્નાન થાયછે, અને મોક્ષ મળેછે.

એટલા માટે બને તેમ મુશકેલી, દુઃખ સોસી હમણાજ કયામતનો દાહડો ચાલેછે, એમ સમજીને ભલામાં ભલા ગુણો અખત્યાર કરવા અને ખુદા માટેનો અત્યંત ભક્તિભાવ રાખવો, પણ ખરો ભક્તિભાવ, ખુદા ખુદાજ કરયા કરો તેમાં નથી. ખરો ભક્તિભાવ તે મનુષ્ય જાતી માટે, તેનાં દુઃખ ટાળવામાં સમાયલોછે. મોક્ષ અથવા ગરોથમાનની હાલતમાં, જેમ ખાકી જગતો ઉપર Law of Polarity, હોયછે, તેમ ત્યાં કોઇ કાયદો નથી, કારણ અહુરમજદ, કે Logos, કે Chrystos પોતેજ ખુદ કાયદો છે, જેને Absolute Law એટલે ખુદ કાયદો કરી કેહેછે, અને તેથી ત્યાં સ્પેનામીનો ને અંગ્રેમીનો જેવા બે ધ્રુવ હોતા નથી, એવા લોકોને વળી **ખુદ સુખ** તે શું છે અને શામાં છે, તેનું ગ્નાન તેઓને થયલું હોયછે. એ સુખને Absolute happiness કરી કેહેછે, જે આપણા ગાડી ઘોડામાં, વાડી વજીફામાં, હીરા મોતીમાં, ખાવા પીવામાં, પેહેરવા ઓઢવામાં, નાચ રંગમાં હોતું નથી. એ

સઘળું તેને કચરા જેવું લાગેછે, કારણ તેની હાલતે પુગ્યે, ત્યારેજ આપણને માલમ પડે કે ખુદ સુખ તે કેવું હશે. કેહેવાતાં ખાકી ઘડી પળનાં સુખમાં દુઃખ હમેશ આમેજ હોયછે, તે ખાકી તેમજ દુઃખ લાવે એવું હોયછે. માટે ખરૂં સુખ ને શાંતી જો મેળવવી હોય, તો ખુદ સુખની શોધમાં રેહેવું, અને ખાકી સુખને માટે ચકચુર નહી રેહેવું. ગરોથમાનમાં નથી દીવસ કે નથી રાત, નથી મરદી કે ઓરતી ખવાસ, ત્યાં નથી કેહેવાતું સારૂં કે નરસું, ત્યાં નથી કોઇ જગા, અને તોપણ ત્યાં કંઇ ઉતમ છે જેનો ખ્યાલ ખાકી મનથી નહી, પણ આત્મીક બુદ્ધિથી તથા અકલે અવલથી આવે એમ છે, જેને Spiritual Intuition કરી કેહેછે. એને માટે એક ફકરો આ પ્રમાણે હોશબામમાં આવ્યોછે કે,

"અષ વહિસ્ત, અષસ્રએસ્ત દરેસામથ્વા પઈરીથ્વા જમ્યામ હમેમથ્વા હખ્મ." (ઓ હોરમજદ) "સર્વથી શ્રેષ્ટ અશોઇએ કરીને, સર્વથી શોભઇતી અશોઇએ કરીને, તારી દોસ્તીને પોહોંચીએ, તુંને જોઇએ, તારામાં મળી જઇએ." ઉપર કહ્યું તેમ ગરોથમાનના પણ ચઢતા દરજ્જા છે, હીંદુ શાસ્રમાં એ દરજ્જાઓમાંના સૌથી ઉંચાને કૈવલ્ય અથવા પરનીર્વાણ કરી કેહેછે. તથા રશને યસ્તમાં તનાસુસ અધન અધના કેહેછે. હવે, આપણને સમજ પડેછે કે જરતોસ્ત, બુધ, સંકરચારીયા, જેવા ખુદાના ઘરમાં મળી ગયલા અને મીનોઆન મીનોનાં ગાયનમાં ચકચુર રહેલા, એવા લોકો ખાકી જગતમાં શું કરવાને આવેછે. એનો જવાબ એટલોજ છે કે અહુરમજદ, જેમ જેમ દુનીયામાં પાપનો જમાવ વધતો જાયછે, તેમ તેમ તેની મરજીથી, તે જુદા જુદા યુગમાં તેના ઘણાજ આગળ વધેલા પોતાનાજ નુરોને આ ખાકી જગતમાં મોકળેછે, કે તેઓ આવીને મનુષ્યજાતીને પાછી નેક માર્ગે મુકે. હવે જોકે એમ થવાથી, મોક્ષ કે ગરોથમાન જેવાં ખુદ સુખનો પણ ભોગ તેઓ ખુશીથી આપેછે તોપણ એમ થવાથી કરીને બનેછે શું તે જુઓ. તે એ છે કે, ગરોથમાનના પણ જે ચઢતા દરજ્જા ત્યાં તેઓથી જવાને બનેછે. એવી રીતે પોતાનું મીનોઇ સુખ છોડી, જગતમાં માણસનાં ભલાં માટે, માણસ અર્થે કામ કરવા આવવું, તેને ઈંગ્રેજીમાં Renunciation કરી કેહેછે. Renunciation એટલે ગમે એવું પોતાનું સુખ, માણસજાતીનાં ભલાંને અર્થે તજી દેવું. એ પ્રમાણે થવા પછી, તેને Emancipation મળેછે, જેનો અર્થ મુક્તિ કરી થાયછે. હીંદુ શાસ્રમાં કૈવલ્ય અથવા પરનીર્વાણ હાલતને શહશત્રમ અથવા ૧૦૦૦ પાંતરાંવાળું કમળફુલ, કરી કેહેછે, એટલેકે મીનોઇગ્નાન એટલું વધ્યું હોયછે, કે ખાકીગ્નાનથી ૧૦૦૦ ગણું સરસ ગ્નાન જ્યારે કોઇને થાય, ત્યારે તે એ હાલતે પુગેછે. એ ગ્નાન દયાવાળા જરાથુસ્ર તથા બુધને થયું હતું. ગરોથમાનમાં ઇચ્છા જેવી ચીજ જેને desire કરી કેહેછે, તે હોતી નથી. મોક્ષમાં જે મળી ગયલો તેને વળી ખાકી ચીજ માટે ઇચ્છા તે કેવી હોય ? ઇચ્છા આપણ ખાકી માણસો કરીએ છીએ. તોપણ ત્યાં Absolute Law or Divine Will રાજ્ય કરેછે. એવી રીતના ખુદ ખુદાઇ કાયદો તેજ તેની મરજી ગણાયછે, અને આપણે માટે પણ રસ્તો એજ છે કે અહુરમજદની મરજીને તાબે થઇ, ઇચ્છાથી મુખ્ય કરી ગલીચ ઇચ્છાથી હમેશ દુર રેહેવું. અહુરમજદની મરજી એ બોલ સામા સમા-

ચલોછે ? એમાંજ, કે તેની જગતની વૃદ્ધી થતી ચાલે, ને અંગ્રમીનો દુર થાએ. પરનીવાર્ણની હાલતને હીંદુ શાસ્ત્રો, તુરીયાતીત, અથવા ઉનમની પણ કરી કેહેછે, એટલે એ હાલતને પુગવા પછી, ખાકી મન તદ્દન નાશ પામેછે, અને ત્યારપછી, તે ખાકી જગતમાં કદી આવતો નથી, એટલો આગળ તે મોક્ષના દરીઆવમાં વધેલો હોયછે, અને "I am I" એવું જે રવાનને પોતાને માટેનું ભાન તે સદંતર નાશ પામેછે.

બેહેસ્ત—હવે આપણ બેહસ્ત વિષે બોલીએ. સાધારણ રીતે બેહેસ્તનો બરાબર વીચાર ઘણાઓને નથી. બેહેસ્તને સ્વર્ગ, કૈલાશ, અથવા દેવખંડ કરી કેહેછે. એને અવસ્તા જુબાનમાં "વહીશ્ટેમ અહુમ" એટલે ઉત્તમ હૈયાતી અથવા બેહેશત કરી કહેછે, પણ એવું કોઇ પ્રકારનું સુખ અથવા જીંદગી ગમે એટલી લાંબી મુદતની હોય, તોપણ તેની હદ હોયછે કારણ જીંદગી તે જીંદગીજ છે અને તે હમેશગીની નથી. આ જાતના બેહેસતના કેહેવાતા relative સુખ તથા ગરોથમાનનાં ખુદ સુખ વચે જમીન તથા આસમાન જેટલો તફાવત હોયછે. બેહેસત અથવા વહીશ્ટેમ અહુમનાં સુખની હદ હોયછે, તથા તે જમીન ઉપર **સારાં** કામના બદલામાં મળેછે, પણ ખુદ સુખ, તે નીષકામ કરી ગયલાઓનેજ મળેછે, અને તે હમેશગીનું હોયછે, જેથી એવાઓને મોક્ષ અથવા નીર્વાણ મળેલું કેહેવાયછે. આટલું યાદ રાખવું અગત્યનું છે કે **ખુદ** એ શબ્દ ઉપરથીજ **ખુદા** એ શબ્દ નીકળ્યોછે. આતશની નીયાએશમાં આએ પ્રમાણે એક ફકરો આવેલોછે, "દાયાઓ મે, આતર્શ પુથ્ર અહુરહે મજદાઓ યા મે અંઘહત અફ્રસાઓંઘહાઓ, તુરેમચ યવએચ-તાઇતિ, વહિસ્તેમ અંહુમ અષઓનાંમ રઓચંઘહેમ વીસ્પો-ખાથ્રેમ, જજે બુયે વંઘહાઉશ્ર મીજદે, વંઘહાઉચ સવહી, ઉરૂનએચ દરઘે હવંઘહે." અર્થ—હોરમજદના પુત્ર આતશ! (નેક બુધી) મને તું આપ કે જે મારે માટે હમણા તથા હમેશ સુધી અશો (લોકો) ની રોશનીવાળી (તથા) તમામ આસાની-વાળી સઉથી સરસ દુનિયાં વિશે શિખવનાર હોએ, (અથવા) ભલા બદલામાં, ભલી બંદગી (ના અવેજમાં) (મારાં) રવાનને માટે લાંબા વખતનું (બેહેશત અથવા જીંદગી) હું મેલવું.

વળી વાંચો આએ ફકરો "ઇએઁઇ દાઇઆદ અશુઅનેમ દેઉઅનેમ હોય અપરેમ ખસીઓ દરેગેમ આઇઉ તેમંઘો દુશ ખરેથેમ અઉઅતાએશ વચો. તેમ વા અહુમ દરેગુઅતો. શીઓથનાએશ ખાએશ દેના નેશદ." (જુઓ ઇજશનેનો હા ૩૧ મો ફકરો ૨૦ મો.) અર્થ—જે કોઇ કે અશો લોકોને ફરેબ આપે, (ઇયાને નેક લોકો તથા અશો લોકો સાથે ફરેબ રમે) તેનાં રવાનને ગુજરવા પછી રડવું અને પીટવું હોય, અને તે દેવો સાથે મળી બેસનારૂં થાય, અને લાંબી મુદત લાંબી અંધારા ઘરમાં દોજખમાં) રેહેવું થાએ, અને ઝેર જેવું બુરૂં ખાનુ આપે, અને સખ્તીમાં ચાલવા કેહે. તે અંધારૂં ઘર (દોજખ) તમો દરૂઅંદોને વાસતે કીધેલુંછે, કે તેમાં તમારા પોતાનાં કર્તુક અને દીન યાને ચાલચલણ તમોને ખેંચી લેઇ જાએ.

જુઓ "ઇજશને બા માએની" રચનાર એરવદ અસપંદીઆરજી ફરામજી.

ઇંગ્રેજીમાં આ પ્રમાણે આવ્યુંછે. "Who so then brings about that the pure is defrauded, he has afterwards the dwelling of darkness a *long time*, bad food, &c. To this place, ye wicked, the law conducts you by reason of your own deeds" જુઓ Spigel's Avesta yacna XXXI, 20. આએ બે ફકરાઓ ઉપરથી ખોલ્લું માલમ પડેછે, કે માણસની કરણી પ્રમાણે, સારાં માણસને **લાંબા** વખતનું બેહેસ્ત મળેછે, અને તે લાંબા વખત સુધી સુખી જીંદગી ગુજારેછે, અને બદ માણસને તેથી ઉલટું દોજખમાં **લાંબો** વખત સુધી રેહેવું પડેછે. "**દરેગે**" નો અર્થ "**લાંબો વખતની**" કરીને થાયછે. તો હવે કુદરતી સવાલ ઉઠેછે, કે જ્યારે એ વખત લાંબો છે, તો તે ગમે એવો લાંબો હોવાં છતાં, તેની હદ હોવી જોઇયે, અને તે મુદત જ્યારે પુરી થાએ, ત્યારે તેવા બેહેસતી કે દોજખી રવાનનું શું થાય. એ વીશે હવે પછી બોલીશ. તોપણ આટલું કેહવું જોઇએ કે સપનામાં એક માણસ જાણેકે ખરેખર રીતે પૈસાટકા, વાડી, વજીફો, મોટાઇ, સાહેબી, ભોગવતો હોય, એમ તે માનેછે, તો તેનો સપનો ખલાસ થવા પછી, જ્યારે તે જાગૃત થાયછે, ત્યારે તેવું કંઇજ હોતું નથી. એજ પ્રમાણે મીનોઇ જીહાન એટલે કે બેહેસ્તમાં, મીનોઇ રૂહ, પોતાના મેળવેલા અનુભવ પ્રમાણે, પોતાના ભલા ગુણોનાં પ્રમાણ પ્રમાણે, પોતાનામાં ખોદાઇ પ્યારનાં પ્રમાણ પ્રમાણે, જે સેવા કરી મનુષ્યજાતીને બચાવવા ખાતર, તેણે ભોગ આપેલો, તેના વીસ્તાર પ્રમાણે, સપના જેમ આપણ ભોગવીએ છીએ તેમ, પણ તેથી કરોડો અને પરાધો ઘણું વધારે, તે ત્યાં, પોતાના કીધેલાં સારાં કામોનો બદલો મેળવેછે, ને ભોગવેછે. જેનો વીસ્તાર દર્શાવવાને મારી પાસ પુરતા શબ્દો નથી. પણ એટલા ઉપરથી તમારે એમ નહી માનવું કે બેહેસ્તમાં જે સુખ એક રવાન ભોગવેછે, તે માત્ર ખ્યાલી છે, નહી એમ નથી. ત્યાં જે સુખ તેઓ ભોગવેછે, તે સુખ સર્વે પ્રકારે ચઢતાંમાં ચઢતું સુખ છે, બાકી આ ખાકી દુનીયાને તમો એક સપનો કે માયા ગણો, જેને ગ્નાનીઓ Jewel of Mara કરી કેહેછે, તે એક ખરોજ ઘડી પળનો સપનો છે, અને ખરી હૈયાતી, ખરૂં માણસાઇપણું, બાતેનમાં ખોદાની ખરી પીછાણ, અને તેની બેહદ શક્તિ, એ સર્વે બેહેસ્તમાંજ પ્રસિદ્ધ થાયછે. પણ મેં જણાવ્યું તેમ તેનું પ્રમાણ રવાનના ભલા ગુણો પર આધાર રાખેછે. હવે રવાન એ શબ્દનો અર્થ સારી રીતે જાણવો જોઇયે. 'તમારે જાણવું જોઇયે કે ખુદરતની શક્તી હમેશ આગળને આગળ વધવામાં સમાયલીછે, અને તેની હદ નથી. તેમ આપણ જે જન્મ લઇયે છીયે, તેની મતલબ પણ એજ છે કે જે અસલના અસલ મુળમાંથી આપણ ઉતરયા તે મુલમાં પાછું સંપુર્ણ ગ્નાન સાથ મળી જવું. હવે રવાન એ બોલનો અર્થ soul of existence એટલેકે હૈયાતીનો રૂહ કરી થાયછે, એટલેકે ઇચ્છા, જુસા, અજમાએસ, અનુભવ, તથા સારાં નરસાં કામોનો જે સંગ્રહ, અને મરણ પછી પણ. "હું છું હું," એવી જે યાદદાસ્ત શકતીને લગતી જીવતી સ્મર્ણ શકતી, તેને રવાન કેહેછે. હવે દરેકને જેમ સારાં તેમ ખરાબ કર્મ ભોગવવાની મુદત

હોયછે, તેમ બેહેસ્તમાં ભલાં કર્મોને ભોગવતો ખલાસ થવા પછી, જ્યારે રવાન જાગૃત થાયછે, ત્યારે તેનું શું થાયછે તે હવે પછી સમજાવીશ. હાલ તરત તો આપણ ફકત બેહેસ્તમાં રવાનની હાલત ઉપર બોલીએ છીએ, તો તેજ બાબદને વળગી રેહેવું. મેં ઉપર સમજાવ્યું છે કે, ઇચ્છા તથા જુસ્સાવાળું બાકી મનસ, કામા લોકમાં ભોગવતો કરવા પછી,, તેના નેક વીચારેલાં, નેક બોલેલાં, ને નેક કીધેલાં કામ તથા ગુણના વીસ્તાર તથા ખાશીયત પ્રમાણે, તે ચઢતું ઉતરતું બેહેસ્ત ભોગવેછે. એ બેહેસ્તોને તેઓના ચઢતા તબક્કા પ્રમાણે સતરપાયા, માહાપાયા, ખોરશેદપાયા, વહીસ્તેમ અહુમ, અનગ્રરોચાઓ, ગરોનમાન, અને તનાસુસ અધનઅધના કરી કેહેછે. હીંદુ શાસ્ત્રમાં, પણ એજ પ્રમાણે સાલોકય, સામીપ્ય, સાયુજ્ય, તથા સરૂપા કરી કેહેછે. એ દરજ્જાના બેહેસ્તોને એકજ નામથી પણ ઓળખવામાં આવેછે જેને "દેવખંદ" કરી કેહેછે. બેહેસ્તમાં એ પ્રમાણે અશો ફરોહરો નેક કરણી પ્રમાણે, લાંબો વખત સુધી આનંદીમાં ભોગવતો કરેછે. સૌથી ઉંચું બેહેસ્ત તથા ગરોનમાન એ બે શબ્દોની વચે શું તફાવત છે, તે જાણવું અગત્યનું છે. સૌથી ઉંચાં સરસ સુખવાળા બેહેસ્તને વહીશતેમ અહુમ કરી કેહેછે, અને એ પ્રમાણે આપણી કીતાબોમાં તેને ચીતારવામાં આવ્યું છે. તે "પાયા" ઓને લગતું સઉથી સરસ ગણાયછે, અને એ સૌથી ઉંચી પ્રકારનું હોવા છતાં, મધ્ય બીંદુ એટલે કે ગરોથમાન અથવા (centre), તેનાથી એ જુદુંજ છે, કારણ કે ઘેરાવામાં એટલે Circumference માં જે બેહેસ્તો છે તેમાં Polarity એટલે Law of Compensation એટલે સારાં માઠાંના બદલાને લગતો કાયદો કામ કરી રહ્યોછે. પણ centre અથવા મધ્ય બીંદુમાં જે ખુદ સુખ અથવા (absolute happiness) વાળી સ્થીતીમાં કોઇ પણ કાયદો કામ કરી રહ્યો નથી કારણ ત્યાં હોરમજદ પોતે ખુદ કાયદો હોયછે. બારીકીમાં સમજવા માટે relative happiness & absolute happiness એ બે શબ્દોનો અર્થ પકી રીતે સમજવો જોઇયે, ત્યારેજ પાયા, અનગ્ર રોચાઓ, વહીશતેમ અહુમ, જ્યાં relative happiness વસેછે, તેનો અને ગરોથમાન જ્યાં absolute happiness હોયછે, તેનો ભેદ સમજી શકાય. તનાસુસ અધન અધના, તથા ગરોથમાન, જે હીંદુઓના પરનીર્વાણ તથાનીર્વાણ સાથે મળતાં આવેછે ત્યાં ખુદ સુખ (absolute happiness) હોયછે, અને તેમાં એટલે હોરમજદમાં મળી ગયલાઓને આ ધરતીપર સુધરવા માટે ઉતરવાની ફરજ પડતી નથી, કારણ તેવાઓને સંપૂર્ણ રીતે મુકતી મળેલી હોયછે. પણ એ સીવાય, બાકીનાં જે બેહેસ્તો જ્યાં ખુદ સુખ નહી, પણ એકએકના સંબંધમાં આવતું સુખ (relative happiness) નો ભોગવતો રવાન કરેછે, તો વખતના દોરમાં જ્યારે તેની સારી કરણીનાં ફળ ખલાસ થાયછે, ત્યારે આગળ વધવા માટે હોરમજદનો કાયદો, એટલે કરણીનો કાયદો, તેને જન્મ લેવાને, અને એમ કરીને આગળ ને આગળ વધીને, મીનોઆન મીનોમાં મળી જવા માટે તેને તક આપેછે. જોઇએ તો તે ભલામાં ભલી કરણીથી, સૌથી સરસ ખુદ અસર રોશનીવાળાં સુખમાં જીવતાંજીવત મળી જાય, કે જોઇએ તો બદીને માર્ગે ચાલી, દેવદરૂજોના સંબંધમાં આવી, ભવના ભવો સુધી જન્મ મરણમાં આવ્યા કરે, તે તેના હાથમાં મુકેલું છે.

કરણીના કાયદો તેજ બેહેસ્ત કે દોજખનો દરવાજો.

કરો તેવું પામો.

ભાષણ ૩ જું.

મારાં આગળાં ભાષણમાં હું જણાવી ગયો કે જેમ ખુદરત આગળને આગળ વધેછે, તેમ મરણ પછી પણ દરેક માણસને આગળ વધવાનું હોયછે. જ્યારે કોઇ મરણ પામેછે, ત્યારે પ્રાણ નીકળી જઇ, ખાકી શરીર, તથા સુક્ષ્મ શરીર એઓ મોડેવેહલે ખલાસ થાયછે, પણ કામારૂપ શરીર, એટલે વાસના, ઇચ્છા, તૃષ્ણાને અને કોઇ પણ જાતની બદીને લગતું આકાશી શરીર એટલે જેને આપણ "રવાન" કહીએ છઇએ, અથવા "I am I" તે મરણ પામતું નથી, સીવાય કે સેંકડો કે હજારો વરસોની કોશેશ કીધા પછીજ વાસના તદન નાશ પામે, તોજ તેનાથી મોક્ષ મેળવી શકાએછે. એટલા ઉપરથી, આપણા ન્યાગાનાઓના ચાલતા આવેલા રેવાજ પ્રમાણે, વાસના અથવા ખાકી ઇચ્છા ઉપર તેનું મન નહીં લાગે માટે કોઇ મરેતોલ શખ્સ ગુજરવા પામે, તેની અગાઉ, તેનાં મન ઉપર અસર કરે માટે ઇયથા અહુવૈરીયો તથા અશેમના સૌથી બુલંદ કલામો ભણાવવામાં આવેછે, અથવા તો, જો તે ભણવા માટે તદન અશક્ત હોયછે, તો કોઇ પહરેજગાર પાસે એ કલામો તેને સંભલાએ એવી રીતે તેના કાનમાં બોલવામાં આવેછે. એમ કરવાથી, ગુજરનાર ધણીમાં પોતાની કોઇ પ્રકારની ખાકી ઇચ્છા અથવા વાસના હોય, તો તે ઓછી થાયછે, અથવા નાશ પામેછે, અને તેનો ખાકી મનસ જીવતાં જીવત આત્મા બુદ્ધિ મનસની સાથ, દોસ્તીના ગાંઠમાં જોડાઇને તે મરણ પામેછે. એવા બારીક તથા ગંભીર વખતે રડવા કુટવાનું બંધ કરી, યથા અશેમના કલામો, તેનાં મગજ ઉપર ઠસાવવાનું અતિષ્ય અગત્યનું છે. આપણા ધર્મમાં એવી વખતે રડવા કુટવાની જે શખ્ત મનાઇ કરવામાં આવીછે, તે કોઇ એવાંજ કારણ ઉપરથી હોય, એમ ચોકસ લાગેછે. હવે જે માણસ પોતાની આખી જીંદગી નીષકામ કરી મરણ પામેછે, તેને એવી કોઇ રીતની દુનીયાઇ ઇચ્છા કે વાસના હોતી નથી, પણ સાધારણ સ્થિતિનું માણસ એ પ્રમાણેનું હોતું નથી, તેથી મરણ પછી, તેની વાસના તથા તેની ખરાબ કરણીવાલી ઇચ્છા, તેની પોતાનીજ કેરદાર તરીકે, ચિંન્વત પુલ આગળ આવી ઉભી રેહેછે, અને ગુજરનાર ધણી જાણેકે હજુર જીવતો હોય, એમ કામાલોકમાં પોતાની ઇચ્છાનો ભોગવતો કરેછે, અને નજીસ કર્મોનો સ્વાદ પણ ચાખેછે. કામાલોકમાં એ પ્રમાણે દુઃખ ભોગવવા પછી, તેની સારી કરણી તેની મદદે આવેછે, જે તેને બેહેસ્ત તરફ ખેંચેછે, જ્યાં ઘણાજ મોટા વિસ્તારમાં, તે સુખચેન ભોગવેછે. જો ગુજરનાર ધણી જીવતાંજીવત, ઘણોજ ખરાબ કાળામાં કાળા તમાસી ગુણવાળો હોયછે, અને જો તેણે પોતાના હૃદયનો અવાજ સાંભળવાનું બંધ કીધું હોયછે, તો તેવા કમબખતને એ પ્રમાણે બેહેસ્તમાં ભોગવતો કરવાની તક મળતી નથી, અને તે બીચારો ભુત, પીશાચ, કે એવી કોઇ ખરાબ દેવદરૂજને લગતી શક્તિ બનીને

નાશ પામેછે. સારાં ભાગ્યેગે એવાં અતીયંત નઠારા માણસો જેવાં કે મેળી વિદ્યાનો ઉપયોગ કરીને, દુનીયાને નુકસાન કરનારાઓ, ઘણાજ થોડા હોયછે. હવે સામાન્ય રીતે જોતાં, દુનીયાનો મોટો ભાગ અરધા સારા, તો અરધા નઠારા ગુણો-વાળા હોયછે, તો તેવા લોકો, પેહેલાં કામાલોકમાં પધારેછે, અને પછી જેમ જેમ વાસના ને કરણીનાં ફળોનો ભોગવતો ખલાસ થતો આવેછે, તેમ તેમ તેઓની સારી ઇચ્છા અને તેનાં ફળોનું જોર વધેછે, આત્મા, બુધી, મનસ એટલે હોર-મજદના પ્રકાશ તરફ તેઓનું ધ્યાન ખેંચાયછે. એ પ્રમાણે બેહેસ્તમાં ભોગવતો થયા પછી, આગળ વધવા માટે અને ગરોથમાનમાં એટલે હોરમજદમાં, મળી જવા માટે, જે જ્ઞાન, અને અનુભવ અને perception તેને મળવો જોઇએ, તેને માટે, તેનો મનસ જમીનપર પાછો ઉતરેછે. એ સઘળું જે બનેછે, તે કરણી અથવા કર્મના કાયદા પ્રમાણે, અને હોરમજદના હોકમથી બનેછે જે પોતેજ ખુદ કાયદો છે.

બેહેસ્તને બીજા બોલોમાં સ્વર્ગ, કૈલાસ, અથવા દેવખંડ, જીનત અથવા heaven હેવન કરી કેહેછે. દોજખને જીહાનમ, purgatory, hell gehina, નરક કરી કેહેછે. હવે જેમ ખાકી જીંદગીમાં આપણને આગળ વધવાનું હોયછે, અને અહીં જેમ દરેકની સ્થિતિ જુદી જુદી હોયછે, તેમ મરણ બાદ પણ સુખ દુઃખ ભોગવવા માટે ચઢતાં ઉતરતાં સુખ દુઃખ ભોગવવા માટેની હાલતો હોયછે, જે હાલતોમાં પસાર થવા પછી, અને તેઓને માટે પક્કો અનુભવ મેલવવા પછીજ, આપણ ખુદ સુખ એટલે Absolute happiness જેને "તનાસુસ અધન અધના" અથવા પરનિર્વાણ કેહેછે, અને ગરોથમાન અથવા નિર્વાણ, તેમાં મળી જવાને અને હોરમજદ અમુશાશપંદ તથા યજદોમાં એકત્ર થવાને લાયક થઇયે છઇયે. આપણા ધર્મ પ્રમાણે બેહેસ્ત કોઇ એક જગા કે એકજ સ્થિતિ નથી, પણ એ બોલ જુદી જુદી સ્થિતિ ભોગવવા માટે જુદા જુદા તબક્કા હોયછે. "મીનો ખેરદ" પ્રમાણે બેહેસ્ત માટે "**પાયા**" એ શબ્દ લગાડેલો છે. તેમાં લખેછે કે રશને યસ્ત પ્રમાણે, એ હાલતો ચાર જાતની હોયછે, જેઓને ૧ સતર પાયા, ૨ માહા પાયા, ૩ ખોરશેદ પાયા, ૪ અનઘ્ર રોશન, ૫ પાક લોકોનું ચલકતું અને સુખી મકાન, ૬ ચલકાતવાલું ગરોથમાન, ૭ અધન અધના તનાસુસ. અવસ્તા જુબાનમાં જુદાં જુદાં ભણતરોમાં, બેહેસ્ત માટે બીજા પણ બોલો આવેલાછે, જેમકે "વહિસ્તેમ અહુમ." એટલે ઉતમ હૈયાતી, તેની ઉપરની હાલતને અનઘ્ર રોચાઓ એટલે બેસુમાર રોશનીવાળું મકાન, પછી ગરોથમાન એટલે House of Singers, અને છેલ્લે, અધન અધનાતનાસુસ. એ શબ્દો જુદાં જુદાં ભણતરોમાં જુદે જુદે ઠેકાણે આવેછે, તે ઉપરથી ચોકસ છે, કે બેહેસ્ત કોઇ એકજ મકાન કે હાલત નથી, અથવા તો તે એકજ જાતની સ્થિતિવાળું સુખ નથી, પણ ચઢતાં ઉતરતાં સુખ ભોગવવા માટેની હાલતો હોયછે. પરનિર્વાણને હું અધન અધનતનાસુસ કરી સમજીછું, અને ગરોથમાનને નિર્વાણ કરી સમજુંછું. નીષકામ કરનારાઓજ, બદીથી, ઇચ્છાથી દુર રહી, નીતિથી ચાલી, બુદ્ધીમાં વધારો કરી, ભલામાં ભલી જીંદગી ગુજારી, લોકોનાં સારાંને માટે કોઇ બદલાની આશા વગર જીંદગી ગુજારે-છે, તેઓજ પોતાની એવી રીતની નીષકામની ખુબીથીજ આ રીતના સૌથી

સરસ ખુદ સુખમાં મળી જવાને જીવતાં જીવત લાયક થયલા હોયછે, એ બે હાલતો જે નીગુણું અને સગુણવાળી હાલતો તરીકે ઓળખાયછે, તેમાં ખુદ સુખ હમેસગીથી હમેસગી સુખી હોયછે. બાકીની બીજી ઉતરતી હાલતોવાળાં બેહેસ્તોમાં ખુદ સુખ હોતું નથી, પણ કેહેવાતું સુખ, અથવા એક એકના સંબંધમાં આવતું સુખ (relative happiness) હોયછે. હવે એવી પ્રકારનું સુખ ત્યાં દુઃખનો પણ અંશ હોયછે. તમે કેહેશો કે આ તો એક નવી વાત છે, બેહેસ્તમાં દુઃખ તે કેવું હોય? તો જાણવું જોઇએ કે જ્યાં કરણીનાં ફળ તરીકે સુખ ઉભું હોય, ત્યાં સર્વજણ એકજ પ્રકારનું સુખ ભોગવી શકતા નથી, કારણ એવાં સુખ સાથ, મનનો કચવાટ હમેશ હોયછે. જ્યાં એવું સુખ ત્યાં હરીફાઇ, જ્યાં હરીફાઇ ત્યાં મનનો કચવાટ, જ્યાં કચવાટ ત્યાં નાસંતોષ હોયછે, તો એ પ્રમાણેના કેહેવાતાં સુખ સાથ હરીફાઇ, કચવાટ, અને નાસંતોષ પણ હોયછે, જે દુઃખ નહી તો બીજું શું કેહેવાય? દાખલા તરીકે ખાકી દુનીયામાં જુઓ તમારા પૈસા-વાળા લોકો શું તેઓ સંપૂર્ણ રીતે સુખી ગણાયછે? નહી. હજારપતી લક્ષાપતી થવા માગેછે, લક્ષાપતી કરોડપતી, તો કરોડપતી અબજપતી થવા માગેછે, જેથી તેઓ ગરીબ લોકો કરતાં પણ મનના તબક્કા ઉપર હરીફાઇને લીધે ઘણાજ, બેકરાર રેહેછે, અને તેથી દુઃખી કેહેવાયછે.

અરદાવીરાફનામા પ્રમાણે બેહેસ્તો ત્રણ પ્રકારનાં હોયછે, હુમતને લગતું, હુખ્તને લગતું, હુવરસ્તને લગતું, જે મીનોખેરદ નામની ચોપડીના સતરપાયા, મેહેરપાયા, તથા ખોરશેદપાયાને મળતાં છે. હુમતેમાં એવાં મીનોઇ રૂહો હોયછે, જેઓ આ દુનીયાંમાં બંદગી કરી ગયા, ગાથા ભનીયા, અને જોકે રાજા પાદશાહા નહી હતા, તોપણ પહરેજગાર થઇ ગયા. હુખ્તેમાં એવી જાતનું બેહેસ્ત છે, જ્યાં મીનોઇ રૂહો ચંદ્ર જેવો ઇચ્છારૂપી ચલકાટ ધરાવેછે. હુવરશત બેહેસ્તમાં સારા રાજાઓ, અમલ કરનારાઓ, તથા સરદારો હોયછે. દોજખો ત્રણ જાતનાં ગણ્યાંછે. દુસ્મત, દુજુખ્ત, તથા દુજુવરસ્ત. સૌથી ઉંડા દોજખને તારીકતંમ Tariktum કેહેછે, જ્યાં હારેમન પોતે રેહેછે. આ દોજખની આસપાસ, એક અંધારી અને બીહામણી નદી આવેછે, જે એવાં લોકોના આંસુથી બનીછે કે, જેઓએ પોતાની ખાકી જીંદગી મારફાર તથા અનીતિમાં ગુજારી હતી. દોજખોની ખાશીયતો. દોજખ થંડું સુકું પથરવાળું ને અંધકારવાળું છે. તેમનું અંધકાર એટલું તો છે કે તે હાથથી પકડાઇ શકાએ, અને તેમાં એવો તો ખરાબ વાસ છે, કે એક છરીથી કાપી શકાએ, પણ તેની શીક્ષા કરતાં, તેમાં જે એકાંતપણું (solitude) હોયછે, તે એવું તો સકત છે કે એક માણસની બિલસમાં એક હજાર માણસો હોય, તોપણ દરેક માણસ પોતાને માટે એમ વીચારે કે તે તદન એકલો છે. આએ ફકરો, ભાઇબંધી કેમ જાળવવી, અને તેથી શું ફાયદા છે, તથા જુદાઇ તોડી દોસ્તીના કેવા ફાયદા છે, તે બતાવેછે. વળી સાત ગ્રહો, જાથુક રીતે આ દોજખો ઉપર, પોતાની ગુપ્ત અને ખરાબ અસર ચલાવેછે. વળી દોજખમાં વખત (Duration) અથવા મુદત

એટલી તો લાંબી લાગેછે કે, એક રૂહ અથવા રવાન એકજ દાહાડો ત્યાં રહે, તો તે એમ ધારેછે કે તે ત્રણ હજાર વરસ રહ્યોછે. જુઓ મેન્યોખેરદ.

ગરોથમાન માટે મેં તમને આગળ કહ્યું કે એ હાલતને સગુણવાળું સંપૂર્ણ ખુદ સુખ કરી કેહેછે. તે, હોરમજદ, અમશાશપંદો, અશોનામીનોઇજદો, તથા અશોના ફરોહરોને લગતી છે. ખાકી દુનીયાની માફક, ગરોથમાન કોઇ જગા નથી, પણ મધ્ય બીંદુમાંથી નીકળતો, કોઇ રીતનો હોરમજદનો પોતાનોજ બેહદ પ્રકાશ છે. જીવતાં જીવત કોઇ કોઇજ પોતાનાં ભલામાં ભલા ગુણોથી અને નીષકામ કરવાથી, નીતિથી ચાલવાથી, ઇચ્છાને દાબી દેવાથી તથા બુદ્ધિને ખીલ-વવાથી, એ હાલતે પુગી શકેછે. જે પ્રમાણે, ખાકી જગત ઉપર ધ્રુવને લગતો કાયદો એટલે (Law of Polarity) (સ્પેનતામીના અને અંઘ્રમીનો) અથવા "સ્પીરીત" ને "મેતર" ને લગતો કાયદો હોયછે, તેમ ત્યાં તે હોતો નથી, કારણ હોરમજંદ પોતાના ખુદપણાને લીધે, કાયદાથી ઉપર છે. પણ જ્યારે જગત અને તેને લગતી પેદાએશ જે તેનામાંથી નીકળેછે, પણ તેનાથી છુટી રહીને જ્યારે તે પોતાનું કામ કારભાર હોરમજદની નેક મરજી પ્રમાણે કરવાને બંધાએલીછે, ત્યારે જગતની મદદ માટે સ્પેનતામીનો એટલે વૃધી કરનારી શક્તિ હોરમજદમાંથી નીકળી તેની મદદે ઉતરેછે, જેથી માહાકલ્પના વખત સુધી, તેને એટલે જગ-તને હોરમજદની મરજી અમલમાં મુકવાને બની આવે. એ હાલત, તે સંપૂણ જ્ઞાન અથવા Absolute Knowledge તથા ખુદ સુખ એટલે Absolute happiness વાળી હોયછે. ખાકી જગતમાં જેમ દીવસ અને રાત, સારા અને નરસા ગુણ, નેકી અને બદી, મરદી અને ઓરતી ખવાસવાળી સ્થિતિ હોયછે, તેમ ત્યાં હોતું નથી. એ Absolute Consciousness જે સર્વવ્યાપક છે, જેને વખત, જગા, કે કેહેવાતો ગુણ જેવું કંઇ નથી, તે ખુદ સુખવાળી હાલત, તે કેવી છે, તે આપુને અધુંરૂં ભાણ Consciousness હોવાથી, તે જાણી શકતા નથી. જ્ઞાનીઓ, અને માહાત્માઓ, તથા રૂષીઓજ, તે જાણેછે. આપણને જો તે જાણવું હોયતો, તેઓની માફક, ખાકી વિદ્યાથી નહી, પણ મીનોઇ બાતેન વિદ્યાથી, તે જાણી શકાયછે. ખાકી કલ્પના, ખાકી વીચાર ગમે તેવો શ્રેષ્ટ હોય, તો તેથી આપણ તે જાણી શકતા નથી.

હરબર્ટ સ્પેનસર જેવો હાલના જમાનાનો એક મોટો વિદ્વાન કેહેછે કે ખાકી વિદ્યા અને મીનોઇ વિદ્યા વચે એક હદવાળી લીટી હોયછે, જે લીટી, ખાકી વિદ્યા પસાર કરી શકતી નથી. એટલામાટે, ખાકી અને મીનોઇ અભ્યાસ વચે, જમીન અને આસમાન જેટલો તફાવટ હોયછે. ખાકી અભ્યાસ ખાકી શરીરની ખાકી મોજ માટેનો હોયછે, જે આપણને ખાણુંપીણું, મોજમજાહ, નાચરંગ, એશઆરામ દર્શાવેછે. એ ઘણો સેહેલ હોયછે, તેમાં મેહેનત ઘણી લેવી પડતી નથી. તે થોડાં વરસમાં પુરો થઇ શકેછે, અને પોપટને બોલતાં શીખવ્યો હોય, તેમ મોહોડે ભરડીને, તેઓ ડીગ્રી મેળવી શકેછે, અને પછી, તેઓને માટે ખાકી મોજ, સુખ, વખાણ, માટીનાં બાવળાં, છબીઓ, તૈયાર ઉભેલાં હોયછે. ખાકી અભ્યાસ માટે નીશાળે કે કોલેજમાં જવું પડેછે. મીનોઇ અભ્યાસ એવો નથી.

તે ઘણોજ બીકટ હોવા છતાં, ધર્મોનો પણ ખાસ કરી જરતોશતી ધર્મનો બાતેન અભ્યાસ કરવાથી, તથા નેક મનશની, ગવશની, કોનશનીથી, તે પોતાની મેળે જાહેર થાયછે. ખાકી અભ્યાસ કદાચ પૈસા ટકાની રેલછેલ કરી શકે, તો મીનોઇ અભ્યાસવાળાને, તે વીશે જરૂર કે દરકાર હોતી નથી.

મીનોઇ અભ્યાસ માટે, અસલના વખતથી કોઇ ચોકસ નીશાળ કે કોલેજ સ્થાપવામાં આવી નથી પણ આખી જગતને એક જાતની નીશાળ કે પાઠશાળા કરીને ગણવામાં આવીછે, જેનો માહાગુરૂ અથવા માહામેતાજી તે અહુરમજદ પોતે છે, જે હમેશગીથી તે હમેશગીસુધી દરેક જણમાં, પછી શું માણુસ કે પથર, શું સુર્ય કે જમીન તેમાં તખ્તનશીન થઇ, બેહદ રીતે પ્રકાશીત બની રહ્યોછે. ખાકી અભ્યાસ હોજરીનો ખોરાક પુરો પાડેછે, ત્યારે મીનોઇ; આપણને હમેસગી સુધી ગરોથમાનના બેહદ ખુદ સુખને લાયક કરેછે. ખાકી અભ્યાસ જાથુક રીતે તકોબરી, મગરૂબી, ઇતરાત લેતો આવેછે તે એકલપેટાપણું શીખવેછે. મીનોઇ અભ્યાસ, આપણને આપણી નાચીજપણું, જગત સાથ પ્યાર, ખોદા તરફ ખેંચાણ, અને તેની સાથનું જોડાણ, ભાઇચારો, તથા મનની સંપુર્ણ શાંતી શીખવેછે; દુઃખ અને સંતાપના હપતેખાનો તોડેછે, મરણ બાદ હમેસગીના બેહદ સુખ માટે આપણને લાયક કરેછે. મીનોઇ અભ્યાસ મેળવવા માટે કોઇની શોધમાં જવું પડતું નથી, કારણ તે માહા કારણ સર્વેમાં બાતેનમાં પ્રસીધ છે. પણ તેને પીછાણવા માટે માયાના વાદળરૂપી બાફને ભલા ગુણોથી અહુરમઝદમાં અતીયંત ભક્તિભાવ રાખીને તથા મનને કાબુમાં રાખીને વીખેરી નાખવો જોઇયે, તોજ જે આત્મીક સુર્ય તેનામાં છે, તેને તે પીછાણી શકે. ખાકી અભ્યાસ, આ ખાકી દુઃખી જીવતાં મુરદાંને ખ્યાલી સુખ આપવામાં, તથા તેને શણગારવા ફોકટનો વખત ગુમાવેછે. મીનોઇ અભ્યાસ, આ બાહેરનાં શરીરને તહરેવાર નીચ. યુક્તિઓથી, વધારે ખુબસુરત કરવા માટે લજવાયછે.

ખાકી અભ્યાસ અગ્નાન લોકોની અગ્નાન મંડળીમાં સંબંધ રાખવા શીખવેછે. મીનોઇ, આત્મગ્નાનની શોધમાં રેહેવા માટે હમેશ આગ્રહ કરેછે. એ મીનોઇ અભ્યાસ જો બરાબર કીધો હોય તો માણસ પોતે પોતાનું સાર્થક જીવતાં જીવત કરી શકે એમ છે, અને ખુદ ગરોથમાન જેવાં ખુદ સુખ મેળવવા માટેની જે ચાવી, તે તેનાજ હાથમાં છે. જેમ કોલસાની ખાણમાં ઘણાજ થોડા ચોખ્ખામાં ચોખ્ખા હીરા હોયછે, તેમ ઘણાજ થોડા જણાઓ આ ખુદ સુખને મરણ બાદ પુગી શકેછે, તો જોકે બાતેનમાં જોતાં કોલસો પોતે કરોડો વરસો ગયા પછી, હીરો બની શકેછે. પણ કોલસામાં કંઇ ખાકી ગ્નાન હોતું નથી, માટેજ તેને હીરો બનવાને એટલો લાંબો વખત લાગેછે. માણુસ માટે એમ નથી. માણસને ખાકી તેમજ મીનોઇ મન બંને હોયછે, જેઓની મદદથી જો તે ચાહે તો એકજ ભવમાં ખુદા સાથ મળી જઇ શકે. ખુદ સુખ અને એક એકના સંબંધમાં આવતું સુખ એટલે કે "absolute happiness," and "relative happiness" એ બેની વચે આસમાન ને જમીન જેટલો તફાવત હોયછે. ખરૂં ખુદ સુખ શું છે, તે બરાબર રીતે પીછાનવા માટે, જે અનુભવ, ભકતીભાવ, અજમાસ તથા ગ્નાનનું બેહદ

અગત્ય, તે મેળવવા માટે તેને આજ દુનીયાંમાં રૂપ ધારણ કરવું પડેછે. ખુદ ગ્નાન અથવા અકલ્લે અવલના અથવા આસનુખેરદનાં મંદીરમાં દાખલ થવા માટે જે દરવાજો, તે આએજ દુનીયાં છે, અને બ્રહ્મમાં મળી જવા માટે જે મેહેનત કરવાની છે, તે અહીંજ છે. જ્યાં કેહેવાતું સુખ ત્યાં દુઃખ છે, તો ખુદ સુખ શામાં સમાએલું તે જ્યાંવેર કોઇ બરાબર પીછાણતો નથી, અને તેમાં મળી જતો નથી, ત્યાંવેર, આ દુઃખી દુનીયાં સાથનો તેનો સંબંધ તદન ખલાસ થતો નથી.

પણ મરણ પછી, ગ્નાનીઓનાં મત પ્રમાણે, તદન ખુદ સુધારાપર નહી આવે, ત્યાંવેર, તેને ખાકી જગતમાં જન્મ લેવો પડેછે. માણસમાં ત્રણ પ્રકારના ગુણો વસેછે, જેઓને સત્વ, રજો, તથા તમો ગુણ કરીને કેહેછે. હવે જ્યાંવેર સત્વ ગુણને અસત ગુણો એટલેકે રજો અને તમોથી છુટો પાડીને સત્વ ગુણ પ્રમાણે ચાલી, તેની પણ ઉપર ચઢી, નીર્ગુણ બનતો નથી, ત્યાંવેર, તે ગરોથમાનને લાયક થતો નથી. એ રીતે જ્યારે સૌથી ઉંચી પ્રકારના ભલામાં ભલા ગુણોના અનુભવ પ્રમાણે કેહેવાતાં સુખ દુઃખની હદ તે વટાવી જાયછે, ત્યારેજ તેને ગ્નાન થાયછે, અને અંતર જગતને લગતા અથવા અંતરગ્નાનને લગતા જે ૭ ગુપ્ત ચક્રો, તે જાગરૂત થાયછે, જેનાં નામો હું આગળ આપી ગયોછું. પેગમબર સાહેબ જરતોશ્તે પણ બદીનો નાશ કરવાને, અને મનુષ્યજાતીનાં ભલાંને અર્થે એક વખત ખાકી પ્રાણનો ભોગ આપવો પડે તો તે આપીને, પ્રકૃતીને એટલે હવસ રૂપી, માયારૂપી નીચ મનને તાબા તળે રાખીને દરેકે ઉંચામાં ઉંચું જે ગરોથમાનને લગતું ખુદ સુખ, તે મેળવવા માટે આપણને તાકીદ કીધીછે. તેવણને માટે એમ કેહેવાયલુંછે કે રોશન આતશ સનમુખ ઉભા રહી તેવણ એકાંતમાં ધ્યાન કરી હોરમજ્દની બંદગી કરતા હતા, તે વખતે એક બદમાસે તેવણની જીંદગીનો અંત આણ્યો. આ વાતમાં કેટલી સચ્ચાઇ છે, તે હું કહી શકતો નથી, પણ આપણને તેની સાથ કંઇ કામ નથી, કારણ જરથુસ્ત્ર જેવા માહા ગ્નાનીઓ મોતની કંઇજ દરકાર કરતા નથી, અને દેશનું કલ્યાણ કેમ થાય, અને મનુષ્યજાતીની વૃદ્ધિ કેમ થાય, તેમાંજ તેઓ હમેશ ચકચુર રહેછે, તેથી સચ્ચાઇ તથા વાજબી ઇનસાફની જય માટે, એવા દયાળુ લોકો મોટામાં મોટા જે ભોગો આપવા પડે, તે ખુશીથી આપી, પોતાની અંદર તથા બાહેર જે નુરમંદ અષા વહિશ્ત, તે આતશપર ફીદા થઇ, તેમાં મરી ફીટેછે, અને તેમાં મળી જાયછે. જરથુસ્ત્ર સાહેબની જીંદગીની આખી કારકીર્દી ઉપરથી, પણ ખાસ કરીને તે સાહેબના જીંદગીના અંત ઉપરથી માણસ માત્રને જે બોધ લેવાનો છે તે એ છે કે, માણસે નીષકામ કરી, જીંદગી ગુજારવી, અને ગમે એવા ભોગ આપવા પડે, તો તે આપવા, અને સમભાવ વૃત્તિ (Universal Brotherhood) જગતમાં પ્રસિદ્ધ થાય, તેમ વર્તવું. એને માટે દરેકે પોતાની જાનવરી ઇચ્છારૂપી વાસના તથા ખાકી મનના જુસ્સાઓને કાબુમાં રાખી, એકએકના પ્યારથી અને ભાઇબંધીના ગાંઠથી જોડાઇને, ચાલવું. એમ થશે, ત્યારેજ ધર્મોના તત્વોનું ઐક્ય (universality of religion) પણ જળવાઇ રેહેશે, અને ત્યારેજ, જેમ અગ્નાનપણાથી, જુદા જુદા ધર્મવાળાઓ, વીરૂધ ધર્મવાળાઓનો જીવ લેવા બાહેર પડેછે, તેને બદલે, તેઓ જીવ બચાવવા માટે પોતાનો

જીવ જોખમમાં નાખશે, એમ માનવું ખ્યાલી નથી. ઉપર લખવા પ્રમાણે આપણી ખાતરી થાયછે કે જાનવરી ઇચ્છારૂપી મન અથવા કામારૂપને દાબી દઇને આપણા ભલામાં ભલા ગુણોથી માણસાઇ મન અથવા રૂહ (human soul) ને ખીલવવું. આપણા ધર્મમાં પણ એજ નેમ રાખેલીછે. ગરોથમાન અને ચઢતાં ઉતરતાં બેહેસ્તને લાયક થવા માટે માણસે જંગલમાં જઇ રેહેવું, સંસાર તજવો એમ તે કેહતો નથી, એવી રીતીઓનું કંઇજ કામ નથી, ઉલટું તેમ કીધાથી ખાકી શરીરને હાની પોંહોચેછે. એને બદલે જંગલમાં નહી, પણ આ દુઃખી સંસારમાં સંતોષથી જીંદગી ગુજારવી અને અનુભવ મેળવવો એમ તે ફરમાવેછે. પણ તે એવી રીતે કે મેં જેમ ઉપર સમજાવ્યું તેમ જરથોસ્તનો દાખલો લઇ મરણ તુલીક પ્રકૃતી એટલેકે ખાકી બદ મનને મારી નાખી, અથવા તેને સુધારી તેને આગળ વધારવું, અને સારે રસ્તે તેને ઉતારવું. જેમકે હવસ એ એક સાધારણ બદ ગુણ છે, જેને lust કરી કેહેછે, તો પહરેજગાર તથા રાસ્ત વીચાર, વચન ને કામથી lust ને "Divine love" અથવા ખુદાઇ પ્યાર અથવા જગત માટેના પ્યારના તબક્કા ઉપર લઇ જવું. Pride એટલે મગરૂરી અને હેંકાર એ પણ એક સઉથી ખરાબ ગુણ છે, અને તે ઘણો સાધારણ છે, તો, તેને magnanimity, એટલે માણસાઇ મોભો અથવા શ્રેષ્ટપણું તેમાં મેળવી દેવું; કીનો એ પણ સાધારણ ગુણ છે, તો તેને પણ મારી નાખી નમ્રતા, માફી ઇત્યાદીમાં લઇ જઇ મુકવું. હવે આપણ કહીશું કે આપણી શું બીસાદ છે કે મનુષ્ય જાતીનું ભલું કરવાને આપણ મેદાન પડીએ. એ તો ખાલી બકબકારો છે. ના. એમ નથી. મનુષ્ય જાતીની સેવા કરવી તેનો અર્થ એટલોજ થાયછે કે, તમારા સંબંધોમાં આવતી જે સારી તક અથવા સારો વખત, તેનો ઘટતી રીતે અને સારી રીતે ઉપયોગ કરવો. સૌથી પેહેલાં, આપણાજ સગાવાહાલાંઓની બરદાસ્ત લેવી, તેઓની ખબરઅંતર કહડાવી, તેઓના માગવા વગર તેઓની મદદે પોંહોંચવું, એજ એક જાતની સૌથી સરસ રીતે જીંદગી ગુજારવાની રીતી છે, અને ગેમ જો દરેક જણ કરે તો પછી એક એક માણસથી જે આખી મનુષ્યજાતી બનીછે, તેનો દહાડો સુધરે કે નહી, તેનો વીચાર કરવો સેહેલ છે. પણ હવે એવી રીતે, એટલેકે સારામાં સારી રીતે, અને નેક મનસનીના તબકકા ઉપર જીંદગી ગુજારવી, એમાં મોટી મુશકેલી આવેછે, ને ઘણું સોસવું પડેછે. ધર્મમાં જે ત્રણ મોટાં નાહાન ગણાયછે, જેઓને સાદું નાહાન, નવ રાતનું બરસનુમ, અને સીસીયું નાહાન એઓ એક જાતની તપ છે, અને બાતેનમાં મતલબ એટલીજ છે કે દરેક પહરેજગારે, સંસારમાં આવતાં સુખદુઃખો ભોગવવાં, પણ હીમત હારી જવી નહી, અને ધીરજ રાખવી. ખોદાઇ પ્યારના બીજા ધ્રુવ ઉપર ધીરજનો ફરેસ્તો મવકલ છે, અને એકીનના બીજા ધ્રુવપર આશાનો ફરેસ્તો મવકલ છે, માટે દુઃખની વખતે ધીરજ અને આશા છોડી દેવી નહી. એક ગમથી ખરાબ કરણીનાં ખરાબ ફળ ખલાસ થતાં ચાલેછે, બીજી ગમથી, ખોદાઇ પ્યાર, એકીન, ધીરજ, અને આશાના મવકલ ફરેસ્તાઓ સારી કરણીનાં ફળો તૈયાર કરી આપણને ભેટ તરીકે મોકલી આપેછે.

હવે એ પ્રમાણે આપણે જોયું કે ગરોથમાન સૌથી ચઢતી કીસમનું તથા ખુદ સુખની એક સૌથી આનંદમાં આનંદ હાલત હોવાથી, તેમાં જે રૂવાન પધારેછે, તેઓ ફ્દી ખાકી જગતમાં, અહુરના નુર તરીકે આવતાં નથી, અને કોઇને કદાચ જો આવવું પડેછે, તો કંઇ જુગ બદલાયા પછી, જો માણસ પાપમાં ઘણુંજ ડુબેલું હોયછે, તો તેને માનસીક તબક્કા ઉપર, કાદવની ગલીચીમાંથી બાહેર કાહાડવા માટે હોયછે. ગરોથમાન તે હંમેસગીનું ખુદ સુખ છે.

ગરોથમાન માટે બોલવા પછી, મેં વહીસ્તેમ અહુમ વીષે સમજાવ્યુંછે, અને મેં કહ્યુંછે, કે આ નામવાળા બેહેસ્તના ૪ તબક્કા હોયછે, અને તેને લગતાં સુખ ભોગવવા મારેનાં ફળો પણ ચઢતાં ઉતરતાં દરજ્જાવાળાં હોયછે. એ સુખ ભોગવવા મારેનું આ નામવાળું બેહેસ્ત, રૂવાન માટે હમેસગી સુધીનું હોતું નથી પણ જોકે તે લાંબા વખતનું સુખ હોયછે, તોપણ તેની હદ હોયછે, જે હદ પુરી થવા પછી, રૂવાનને આ જમીનપર આગળ વધવા માટે પાછું આવવું પડેછે. હવે દોજખ તથા દૈત્યનામ દૈત્યની હાલત તે કેવી હોયછે તે પેહેલાં સમજાવુંછું.

દોજખ—આ હાલત માટે મને વધારે બોલવા ગમતું નથી, તોપણ મારી બાબદ સાથ તેને અતલગનો સંબંધ છે, અને બેહેસ્તથી તે એક તદન ઉલટી હાલત હોવાથી, તેનો થોડો ઘણો પણ ખ્યાલ હોવો જોઇયે. દોજખનો અર્થ દુ:ખી દુનીયાં કરી થાયછે. એને દ્રુજેનેમાન કરીને પણ કેહેછે. હીંદુ શાસ્ત્રોમાં એને નરક, કરી કેહેછે. એ પણ એક ચોકસ જગ્યા નહી પણ ખાકી જગતમાં ખરાબ કામો, બોલો અને વીચારો, જે કીધેલા, તેઓને લગતા જે ખરાબ ફલો તે ખરાબ ફલો ભોગવવા મારેની અને એમ કરીને, નેક મનશનીનો દરજ્જો કેવો બુલંદ છે, તે પીછાણવા મારેની એક હાલત, તેને દોજખ કરી કેહેછે. આપણા ધર્મ પ્રમાણે, તેને દુસમત, દુજુખત, તથા દુજુવરસ્ત કરીને કેહેછે. એટલેકે ખરાબ મનશની, ખરાબ ગવશની, અને ખરાબ કોનશનીના, ભયંકાર ફળો ભોગવવાની હાલત. એમાં કરણીનો મોટો કાયદો તથા હોરમજદનો રાસ્તી ઇનસાફ સમાયલોછે.

કરો તેવું ભરો. ખરાબ કરો, તો ખરાબ પામો. આ શીક્ષા જે છે તે, હોરમજદમાંથી ઉતરેલો કરણીને લગતા કાયદાની, અને ખુદરતની સામે જવાને લીધે થાયછે. એમાં હોરમજદનો બેહદ રાસ્તી ઇનસાફ સમાએલો છે. જ્યાંસુધી આપણ, વીચાર બોલ ને કામ, એઓના તબક્કા ઉપર નેકીથી અને રાસ્તીપણાથી વર્તતા નથી, ત્યાંસુધી કાયદો કોઇને છોડતો નથી, પણ જીવતાં જીવત જે ખરાબ કામો કીધેલાં, તેઓ આપણને આ જાતની ખરાબ હાલતમાં મરણ પછી ઘસડી જાયછે; બરાબર બોલીએ, તો આપણ પોતેજ આપણી મરજીથી આપણા દુષ્ટ ગુણોને લીધે, એવી કોઇ નજીસ અને ખરાબ હાલતમાં ઘસડાઇએ છીએ. કેટલીક વખત એમ પણ બનેછે, કે કોઇ પાપી માણસને પૈસાનાં જોરથી, પોતાનાં પાપી કર્તુકનો બદલો ખમવો પડતો નથી, તો હવે જે નીચ કર્મો તેણે કીધેલાં, તેઓનાં

ફળ તૈયાર થઇ, પાકપર આવી, તેનાં મરણ પછી, તેની આગળ ઉભાં રેહેછે, જે હવે ગળે ઉતરવાને તેને બહુ કઠણ પડેછે. દોજખને ઇંગ્રેજીમાં Purgatory કેહેછે. યાહુદી લોકો તેને "Gehina" "જેહીના" કેહેછે, જે ઉપરથી જીહાનમ બોલ નીકલ્યોછે. જરતોશતી ધર્મમાં દેવદરૂજોવાળી હાલતને દ્રુજેનીમાન અથવા અકોમાન કરી કેહેછે. ખુન કરનારા, જીવપર કરનારા, હવસી, ઇ. લોકો આ હાલતે પુગેછે, જેનું કારણ એજ છે કે જીવતાં જીવત મનુષ્યજાતીનું રક્ષણ કરવામાં જે મોજ સમાએલી, તેમાં ભાગ લીધેલો નહી, અને તેથી તેઓના "Higher manas" ઉંચી પ્રકારના મનસ તરફથી જે ગ્નાન થવું જોઇએ, તેથી તેઓ બેનસીબ રહ્યા, અને સારા અનુભવનો ખ્યાલ વટીક આવેલો નહી. આખી જીંદગી જે તેઓએ ગુજારી, તે ઇચ્છારૂપી, અને તે પણ ગલીચ પ્રકારની હોવાથી, એવા લોકો કામાલોકમાં જઇ મળેછે, અને ત્યાં જઇ તેઓ અટકેછે. ઘણો વખત ગયા પછી જેમકે મુરદું જમીનપર પડેલું હોય, તેને તમો દાટો કે બાળો, તો મોહેથી કે જલદીથી તે ખલાસ થાયછે, તેમ બદ લોકોનો ઇચ્છારૂપી અથવા વાસનારૂપી કોહોવાટ અથવા નસો, અને તેને લગતાં વાસ મારતાં ફળો જે માનસીક તબક્કા ઉપર ઘણા ભયંકાર હોયછે, તેઓ કામાલોકમાં આસતે આસતે કોહી સડીને ખલાસ થાયછે. એવાં રવાનને ઘણી હાડમારી અને દુઃખ સોસવા પછી, તેનો એક જાતનો આ સપનો જ્યારે ખલાસ થાયછે, ત્યારે તેનીજ કોઇ સારી કરણી, તેને બેહેસ્ત તરફ ખેંચેછે, જ્યાં તે કેટલોક વખત, પોતાની સારી કરણીનાં ફળ ભોગવેછે. એવી રીતનો સુખદાયક ભોગવટાનો વખત તથા વીસ્તાર, તે તેની ભલી કરણીના વીસ્તાર તથા હેતુના બળ ઉપર આધાર રાખેછે. છેલ્લે આ રીતના એક એકથી ઉલટા ભોગવટા કીધા પછી તેનો સપનો જ્યારે ખલાસ થાયછે, ત્યારે તેનાજ ઉંચી પ્રકારના મનસ તરફથી, તેને ભાન આવેછે કે ખાકી દુનીયામાં જીવતાંજીવત નેક મનશની, નેક ગવશની, નેક કોનશની પ્રમાણે તે ચાલ્યો હતે, અને તેના આત્મા, અકલે અવલ, ને મનસના તાબામાં રહીને જીંદગી ગુજારતે, તો આ પ્રમાણે તેને દુઃખ સોસવું પડતે નહીં. એટલુંજ નહી પણ બીજાં ભલાં નુરી મીનોઇ રવાનોની માફક, તે પણ ઘણીજ ઉંચી પ્રકારનાં બેહેસ્તમાં સુખી ભોગવટો કરતે. એ પ્રમાણે તે પોતાની ખરી હાલત પીછાની લેછે, અને હવે તે એક પક્કા ઠેરાવપર આવેછે, કે નીચે જમીનપર માણસાઇ (મનસાઇ) રૂપે પાછો જન્મ લેવો, અને સંપુર્ણ મનશનીથી દુનીયાંમાં વરતવું, જેથી તેનું રવાન, ફકત ઉંચી પ્રકારના બેહેસ્તોના કેહેવાતાં સુખનેજ નહી, પણ ગરોથમાનનાં ખુદ સુખને લાયક થાય, અને તેને મુક્તિ મળે. હવે કામ, ક્રોધ, લોભ, મોહ, કીનો, કપટ, ઇત્યાદી. એટલે વાસના અને જુસ્સાઓને લગતાં જે ગુપ્ત બીજો તેનામાં છુપાં રહેલાં છે, તેઓની ખાસીયત પ્રમાણે, કરણીનો કાયદો, તેને ચોકસ કુટુંબમાં જન્મ લેવા દીએછે.

દેવનામ દેવ અથવા દૈત્યનામ દૈત્યની જગા અથવા હાલત. આ હાલતવાળા લોકો માટે હું બોલવા માગતો નથી. આપણા ધર્મમાં સૌથી ખરાબમાં ખરાબ દોજખ, તે એને લગતું છે. હીંદુ લોકો એને અવીચી કરીને કેહેછે.

આપણા ધર્મમાં એને "અચિષ્ટેમ અહુમ" એટલે ઘણીજ ખરાબ હૈયાતીવાળી જગા અથવા હાલત અથવા દુનયાં કરી કેહેછે. વીસ્પ હુમતમાં આ પ્રમાણે એક ફકરો છે. "વીસ્પ હુમત, વીસ્પ હુખ્ત, વીસ્પ હરસ્ત વહિસ્તેમ, અંધહુઇમ અશએત. વીસ્પ દુસ્મત, વીસ્પ દુજુખ્ત, વીસ્પ દુજવરસ્ત અચિસ્તેમ અંધહુઇમ અશએત." અર્થ—તમામ નેક વિચારો, તમામ નેક સખુનો, તમામ નેક કામો બેહેશત તરફ લઇ જાયછે. તમામ ખરાબ વિચારો, તમામ ખરાબ શખુનો, તમામ ખરાબ કામો (તે કરનારને) દોજખ તરફ લઇ જાયછે. જુવો ખોરદેહ અવસ્તા બનાવનાર કાવશજી એદલજી કાંગા. તમો ગુણથી એટલે દુષ્ટ ગુણથી આવા લોકો સૌથી ખરાબમાં ખરાબ અને નજીસ પાપમાં જીવતાં જીવત ડુબેલા હોયછે. તેઓનું સાર્થક છે નહી. કીયામતને દહાડે તેઓ પોતાનાંજ પાપથી નાશ પામેછે અને સૌથી નીચલી સપાટી ઉપરથી તેઓને કાયદા પ્રમાણે જેને (Law of Retributive justice) કેહેછે, પાછું શરૂ કરવું પડેછે. જાદુગરો, મેલી વિદ્યા જાણનારા અને ખુદરતની સામે ઘણીંજ ખરાબ વર્તણુક ચલાવનારા, તેઓને માટે આ હાલત દર્શાવી છે.

કીકાન, કવીઓ, કરપનો જેઓ આ ખાકી દુનીયાંમાં પોતાના ઘણાજ એકલપેટા સ્વાર્થમાં ઉતરી પડી, મેળી વીદ્યા જાણી, જાદુ કોતલ કરી, ખરાબ શક્તિઓની આરાધના કરનારા, અને બુત પરસ્તીમાં એકીન રાખી પોતાના હવસોને અમલમાં મુકનારા, બદમાસોની આ પ્રમાણેની હાલત હોયછે. હઠયોગ કે કોઇ બીજી રીતીથી આગળ વધીને, જ્યારે તેઓને શક્તિ અથવા કૌવત મળેછે, તે છુપી શક્તિઓનો ગેરઉપયોગ કરી, મનુષ્યજાતીને નુકશાન અને તેનો અંત ઇચ્છવામાં, અને તેમ ચાલવામાંજ, તેઓ મોજ લેછે. એવા લોકો આપણા સારાં ભાગ્યે થોડાં હોયછે. એ શક્તિઓને ખરાબ રીતની સીદ્ધી કરી કેહેછે. એવા લોકોનું ખાકી મન જીવતાં જીવત ઘણું મજબુત હોયછે, અને તેઓ ઘણા ચંચલ અને હુશીયાર હોયછે, પણ તે અમલમાં તેઓ આડે રસ્તે ઉતારેછે અને દુનીયાંને નુકસાન માટેજ તે વાપરેછે. જીવતાં જીવત તેઓનો મનસ, આત્મીક બુદ્ધી અને આત્મા તેઓને છોડી જાયછે. ચિંન્વત પુલથી આગળ તેઓ જઇ શકતા નથી, પણ એ પુલ તરફ આવેલી દ્રુજોનાં મકાનની જગ્યામાં જાથુક રેહેવા માટે પોંહોંચેછે. જુવો ઇજશને હા ૪૫ ફકરો ૧૧. સોશીયંતના વખત તુલીક આ લોકો બેહદ સંતાપ અને વર્ણન નહી થઇ શકે એવી રીતે અંગ્રમીનો, એષમ દેવ, દ્રુજ દેવી, ઇ, ના અંધકારવાળી અંતર જગતના ગોફામાં તેઓનાં કર્તુકની શીક્ષા ભોગવેછે, અને તેઓનો છુટકોજ નથી. કીયામતને દહાડે, જ્યારે ઇનસાફ સંપુર્ણ રીતે થાયછે, ત્યારે, તેઓનાંજ બદકર્તુક તેઓનો નાશ કરેછે.

છેલ્લે ખાકી જગત જેવી કે આ દુનીયા તેને હમેસ્તગાન કેહેછે. મેનીયોખેરદ નામની ચોપડી પ્રમાણે, આપણીજ આ દુનીયામાં બેહદ ગરમી તેમજ બેહદ સરદી પણ હોયછે. એને material, objective, phenomenal world, or Hall of Sorrow કરીને કેહેછે, એટલેકે ખાકી દુનીયાં અથવા દલગીરીનું દીવાનખાનુ કરી કેહેછે. આપણી આ દુનીયામાં Law of Necessity મુકરર કીધેલોછે, એટલે

કે અનુભવ મેળવવા માટે અહુરમજદના નુરોને આ જાહાનમાં ઉતરવા વગર છુટકોજ નહી, જેથી તે પોતે કોણ છે, તે કયાંથી આવ્યોછે, અને તે કયાં જનાર છે, તે બરાબર રીતે પીછાણી લઇ, જોઇએ તો સૌથી ઉત્તમ બેહેસ્ત જે ખુદ સુખવાળું ગરોથમાન, ત્યાં પધારે, અને હોરમજદમાં મળી જાય, કે જોઇએ તો દુષ્ટ કર્મો કરીને દુજેને લાયક થઇ, નાશ પામે. આપણ ઇચ્છીશું, કે દરેક માણસ કરણીના સખત કાયદાને માન આપીને સારેજ રસ્તે ઉતરે. એમ જો બને, અને દરેક જણ પોતાની ગમે એવી ગરીબ હાલત છતાં, સારીજ રીતે ચાલે તો પછી દુઃખ, સંતાપ, જંજાલ, પાપ, અને ગરીબાઇ વટીકનું નામ નીશાણુ રેહે નહી, અને આ દુનીયાં પોતે આગળ ને આગળ વધીને, એક બેહેસ્ત બને. એમ કરવા માટે જે ઓજારો, જે રીતીનીતિઓ, તે આપણાજ હાથમાં હોરમજદે સોંપેલીછે. જોઇએ તો સ્પેન્તામીનોને આપણો દોસ્ત કરી લીયે, અને જગતની વૃદ્ધી થવામાં મદદ થઇએ, કે જોઇએ તો બીજા નાશ કરનાર ધ્રુવ અથવા અંગ્ર-મીનોની દોસ્તી કરી લઇ, પેહેલાં તો આપણોજ નાશ કરીયે તે આપણાજ હાથમાં છે. આપણ, અગરજો તદન સુધરીને, નીષ્કકામવાળા બનીએ, મનુષ્યજાતીની વૃદ્ધી માટે જીવીએ, પોતાને તદન ભુલી જઇ, બીજાંનાં ભલાંને માટે જીંદગી ગુજારીએ, કામા, ક્રોધ, મોહ, કીનો, કપટ ઇ. ઉપરથી હાથ ઉઠાવીએ, જેબી કંઇ સારૂં છે, અને ખુદાને પ્રસન્ન છે, તો તે આપણા કામ કારભારમાં આવતાં તે કરતા રહીએ, જે કંઇ ખોટું અને ખરાબ છે, જે કોઇ ઇચ્છા ગલીચ ને પાપી છે, તો તે નહીંજ કરીએ, અને છેલ્લે ભલું કરતી વખતે, આપણી ભલી મેહનતનો તથા જે ખરચ થાય, તેના બદલાની આશા નહી રાખીએ (તો જોકે બદલો તો મળવાનોજ) તો હું કહું છું કે પેહલાં તો આએજ દુઃખી દુનીયા, કેવી સુખી, કેવી સુખશાંતિવાળી કેવી અરસપરસની મોહબતવાળી બને, અને તેનાં કેહેવાતાં દુખોનું નામજ કેવું નેશ નાબુદ થાય, તેનો ખ્યાલ કરવાને, હું તમુનેજ સોંપું છું.

હવે માણસ શું કામ અને, કયાંથી આવેછે, એ વિષે બોલવા માગું છું. આ જગત **કારણ** પછવાડે **ફૂલ** એ બેનું બની રેહેલું છે. ઝાડનાં બીજ પછ-વાડે ફળ, વીચાર પછી તેનું પરિણામ, સાથે સાથે જોડાઇને, ફરતાં રેહેછે. કોઇબી બાબતના ગુણ, કાર્ય અથવા ફળ, કોઇબી ચીજની અસર, કે તેનાં પરિણામ કે તેની મતલબમાં, તેનો હેતુ અથવા તેનું કારણ સમાયલું છે. હવે ફળ ખાવા માટે, ફળ તૈયાર થવાં જોઇએ, અને તૈયાર કરવા માટે, સૌથી પેહેલાં કારણ આપવાની જીંદગી તે આએજ છે. બીજી કોઇ તેવી દુનીઆં છે નહી. ફળ ખાવા અગાઉ, તેને તૈયાર કરવા માટેની જે જગત જ્યાં આપણ એક બાગબાનની માફક મેહેનત કરીએ છીએ, તે આએજ જગતમાં હોયછે. પેલી જગતમાં તેવું કાંઇ હોતું નથી. અહીં જેવાં બી આપણ વાવીએ છીએ, તેનાં ફળ આપણ અહીં પુરેપુરાં ચાખતા નથી, પણ બીજી દુનીઆંમાં તો પુરેપુરાં ચાખીએ છીએ. બી વાવવા માટેની, બી રોપવા માટેની, કારણ અમલમાં મુકવાની જે જીંદગી, તે આએજ ખાકી જીંદગી છે. મીનોઇ જીંદગી, તો તેનાં ફળ ચાખવા માટેની ગણા-યછે. મીનોઇ જીંદગીમાં કોઇ રીતનું બીજ રોપવાને બની શકતુંજ નથી; તે

દુનીઆં, કારણ મારેની નહી, પણ ફળ મારેની હોયછે. સારાં કે નરસાં, સકામવાળાં કે નીષકામવાળાં બીયાંઓને રોપવા મારેની જે જગા જે હોરમજદે કરી આપીછે, તે આએજ જગત ગણાયછે. એટલામાટે જો આપણ એમ કહીએ કે આએ જગત અથવા આ શરીર, રોપણી કરવા મારે આપણને મળેલુંછે, અને નહી કે ફળ સંપુર્ણતાથી ચાખવા મારે, તો તેમાં ખોટું કાંઇ નથી.

પણ હવે સવાલ એ ઉઠેછે કે સારા વીચાર, વચન અને કામ કરવા છતાં, નેક મનશની, નેક ગવશની, નેક કોનશની પ્રમાણે ચાલવા છતાં, આપણ ઘણી વખત હાડમારી શું કામ ભોગવીએ છીએ, અને દુઃખી શું કામ થઇએ છીએ? અને બદ મનશનીવાળાઓ, અને નાપેકારો, હારેમનો, દરૂજો, દરવંદો, જાદુગરો, કીકાનો, કવીઓ, કરપનો, જુલમગારો, ગુનેહગારો, આશમોગો, દેશના અને દીનના શત્રુઓ, પોતાનાંજ સુખની શોધમાં રહી, જગતને હાની પુગાડેછે, બદ રીતે વમાસેછે, બદ રીતે બોલેછે, બદ રીતનાં કામો કરેછે, તો તે છતાં તેઓ કેહવાતી સુખી હાલત ઘણી વખત શું કામ ભોગવેછે અને વળી ફતેહમંદી સાથે ફાવી જાયછે. એ તે શું હોરમજદનો રાસ્તી ઇનસાફ કેહેવાય કે? ના, ત્યારે એનો ખુલાસો કેવી રીતે અપાય? ખુલાસો એજ આપી શકાયછે કે તેઓના પુર્વ ભવના કોઇ સારાં કર્મોને લીધે, તેઓ એવું સુખ હાલમાં ભોગવેછે, બાકી અહુરમજદનું ઘર તો રાસ્તીજ છે, અને આ ખાકી દુનીઆંમાં કરણીનાં ફળ જોકે તેજ ભવમાં તરત મળતાં નથી, તો તેને મારે પહરેજગારે નીરાસ થવું નહી, પણ ઓસ્તવારીથી અને એકીનદારીથી પોતાનું કામ, કારભાર હોરમજદની જરતોશતી રીતી નીતિપર કરયા જવું, જેનો બદલો કોઇવાર આ ખાકી જગતમાં, પણ મુખ્ય કરીને, પેલી મીનોઇ જીંદગીમાં મળ્યા વગર રેહેવાનો નથી. તેજ પ્રમાણે બદમાસે પણ ચેતી જવું જોઇએ કે, જેને તે સુખ કરી માની લેછે, તે કંઇ ખરેખર રીતે સુખ હોતું નથી, અને હોય, તોપણ તે ઘડી પળનું ગંધીલાં કોહોવાતવાળાં ફળ સાથનું હોયછે.

આ જગત, ધ્રુવને લગતી એક એવી દુનીયાં છે, કે જ્યાં માણસની નજરે એક એકથી બે તદન ઉલટા ગુણો, જેમ આખી જગતમાં તેમ દરેક રજકણમાં પણ દીસેછે. એજ પ્રમાણે આ ખાકી જગતની હસ્તી થઇછે. જ્યાં જુવો ત્યાં એકેકથી ઉલટુંજ દીસેછે. જુવો કે દીવસ પછવાડે રાત, ભરતી ત્યાં ઓટ, ભલાઇ ત્યાં ભુંડાઇ, બાહેરથી શોભીતું ચલકતું મનમોહન રળીઆમણું આ ખાકી શરીર, તો તેનાંજ પેટામાં ઢંકાયલું, વાસ મારતું, નરકથી ભરેલું ભીતરનું ખાકી શરીર, જનમ ત્યાં મરણ, દયા ત્યાં ઘાતકીપણું, positive ત્યાં negative ધ્રુવ, એ પ્રમાણે સર્વે ઠેકાણે આપણ જોઇયે છીએ. એટલા ઉપરથી, ભલાઇનો બદલો હમેશાં સારી રીતેજ ઉતરવો જોઇયે એવી આશા આ જીહાંનમાં રાખવી ફોકટની છે, કારણ જેમ સ્પેનામીનોની સાથ અંગ્રમીનો જોડાએલો છે, તેમ જ્યાં પણ ભલાઇ, ત્યાં બુરાઇ હાજર છે ને છેજ. ઘણી વખત સારાંનો બદલો માઠાં પરીણામમાં ઉતરેછે, તો એવા એકએકથી ઉલટા ગુણો ધારણ કરનારી દુનીયામાં દરેકને કરણી પ્રમાણે એકજ જીંદગીમાં બદલો મળેછે, એમ માનવું ઘણુંજ ખોટું છે. તેથી આપણને

ધીરજ રાખવી પડેછે કે ફીકર નહી, આ ક્ષણભંગુર ફાની જગતમાં નહી તો પેલી મીનોઇ દુનયામાં અથવા હવે પછીનાં ખાકી જગતનાં ફેરામાં સારાનો બદલો મળશેજ મળશે. હવે જેમ અહીં એક એકથી તદન ઉલટું દીસેછે તેમ મીનોઇ દુનયામાં નથી. ઘણી વખતે જો ખુદ જમીન પોતેજ સુકી, રેતાલ કે ચુનાવાળી હોયછે, તો બાગબાનની સર્વે પ્રકારની મેહેનત લેવાવાં છતાં તેની મેહેનત ફોકટ જાયછે, અને બીજ કરમાઇને મરણ પામેછે. એવી જમીનને ફલવંત કરવા માટે તરેહ કીસમના ખાતર નાખી, તેને કેટલોક વખત સુધી તળે ઉપર કરવી પડેછે, અને ચોખ્ખાં પાણીના ઝરા ચાલુ કરવા પડેછે. એવી રીતે જ્યારે મેહેનત લેવામાં આવેછે, અને જમીન સુધારાપર આવેછે, ત્યારે તેને લાયકનાં બીજ જે વાવ્યાં હોય તેઓ ઉગી નીકલેછે, અને ખેડુતની મેહેનત પાર પડેછે, એજ પ્રમાણે માનસીક એટલેકે મનના દરજ્જા ઉપર પણ બનેછે. ઘણી વખતે ધારો કે એક કુટુંબમાં સાત છોકરાં હોય, તો તેઓમાંના કેટલાંક નાનપણથીજ સારાં ખવાસવાળાં હોય, તો કોઇ કોઇ એવું નીકલે જે સુધારાપર આવી શકેજ નહી, તો હવે તેનું કારણ એજ છે કે એવાં કોઇ છોકરાંની શરીરી જમીનનું જે તત્વ તેજ પોતે વેરાન હોયછે. પૂર્વ ભવમાં તેણે જે ખરાબ કર્મો કીધેલાં તેઓના બીજ હજુર તેનામાં તદન ગુપ્ત રેહેવાથી, તેની જમીન વેરાન દુર્ગુણવાળી હોયછે, તો હવે એટલામાટે તેનાં માબાપની પોતાની ફરજ છે કે બાગબાનની માફક, સતસંગ, નીતી, સારી ચોપડી, ભાજીપાલાનો તથા દુધનો ખોરાક, ધર્મગ્નાન, ઇત્યાદી બાબતોથી પોતાનાં બચ્ચાંની જમીનને સુધારવી, એવી રીતે જો મેહેનત લીધી હોય, તો ચાલતે દાહડે જેમ ખેડુત પોતાની વેરાન જમીનને, ભલી કોશેશથી ફળદ્રુપ કરેછે તેમ એવું કોઇ કોઇ દુષ્ટ વીચાર અને ખરાબ ગુણવાળું બચ્ચું પણ સુધારાપર આવી શકેછે. હવે જેવાં માબાપ તે પ્રમાણે ઘણું કરીને તેઓના ખવાસ અને ગુણ જેવાં બચ્ચાં પણ જન્મેછે. જો માબાપ પોતે ખરાબ મનશની, ગવશની, તથા કોનશની પ્રમાણે ચાલીને, બદ રીતી નીતિઓથી ચાલતાં હોય, તો તેવાઓને ત્યાં જે છોકરાં જે જન્મ લેછે, તેઓ પણ એવીજ રીતના જન્મથી બદ ખવાસના, બદ ચાલવાળાં, ક્રુર ખવાસવાળાં જન્મેછે. ખુદરતમાં આ એક મોટો કાયદો છે, કે Likes produce likes એટલેકે જેવાને ત્યાં તેવાંજ આવેછે. તો હવે વીચારવું સેહેલ છે, કે માબાપોએ પોતે શું કામ બાલથી બારીક રીતે સુધરીને ચાલવું જોઇએ. હવે કોઇ સવાલ કરશે કે એ પ્રમાણે હોરમજદ પોતે શું કામ કરવા દીયેછે. શું હોરમજદને આવડતું નથી કે બદમાસ માબાપને ત્યાં પણ સારાંજ છોકરાંનો જન્મ થવા દીયે. આ પ્રમાણે બોલવું ને વીચારવું, એ કંઇ નહી તો માનસીક તબક્કા વીશેનું ઘણુંજ અગ્નાનપણું બતાવેછે. હોરમજદ કોઇ પણ જાતના બદરીતી નીતિવાળાં છોકરાંઓને જન્મ આપતોજ નથી. ખરાબ છોકરાં જે જન્મ લેછે, તેનો દોષ ખરાબ ગુણવાળાં માબાપને માથે છે. તોપણ જે ગુણ સાથે જન્મ થાયછે, તે ગુણની એટલેકે સત્વ રજો ને તમો ગુણ સાથની ખાકી જગત બની રહીછે, અને જ્યાં સ્પેનતામીનો ત્યાં અંગ્રમીનો છે ને છેજ. તો હવે વીચારવું સેહેલ છે, કે પૂર્વ ભવમાં કોઇ ગુજરવા પછી, જેટલું ગ્નાન અને અનુભવ, અને ખોદા માટેનો

ભક્તીભાવ મેળવીને ગયલો, અને જેટલી હદવેર તે પોતાના ગુણોથી સારી કે નરસી હાલતવાળી જગ્યાએ પુગેલો, તે ત્યાં તે પ્રમાણે બેહેસ્ત કે દોજખમાં ભોગવતો કીધા પછી, જ્યારે તેનો સ્વપનો ખલાસ થાયછે, ત્યારે આગળને આગળ વધવા માટેની ખાહેશ રાખેછે, અને તેથીજ તેમા ગુણ પ્રમાણે અને કામ, ક્રોધ, કીનો, કપટ, મોહના બીજોનાં પ્રમાણ પ્રમાણે, તે પોતે પોતાની જગ્યા શોધી લીએછે. આકાશી તત્વોમાંથી, પોતાને અનુસરતાં તત્વો, એટલેકે માનસીક દરજ્જાને લગતાં તત્વો તે પસંદ કરેછે, અને પોતે પોતાની લાયક જગા શોધી લેછે. આ જે સઘળું બનેછે, તે ખુદરતના કરણીના કાયદા પ્રમાણે બનતું રેહેછે, ને બનશે.

આ દુનીયાનો એક ફેરો કરણીનાં ફળ સંપૂર્ણ રીતે ચાખવામાં ઘણો અધુરો ગણાયછે, કારણ અહીં આપણી હૈયાતીનું ભોગવવું, તે થોડા પળનું પણ હોતું નથી, અને **કારણ** અથવા બીજ રોપવાનું કામ તો હમેશ પુર જોરમાં ચાલુજ રેહેછે, અને દર પળે, શું જાગ્રુત કે ઉંઘમાં આપણા વીચારો તો ચાલુજ રેહેછે, પછી તે સારા હોય કે માઠા, તો તેથી બનેછે એમ કે એક વીચારને લગતું એક ફળ બને, તેની અગાઉ નવા વીચાર, નવાં બીયાં, નવાં કારણો આપણ રોપતાજ જઈએ છીએ, અને તેથી આગળાં બીયાંનાં ફળ, જે તેની મુદ્દત વગર થતાં નથી, તે આપણ તરત વેળા તો ચાખવાને પામતાં નથી, અને તેને લીધેજ આપણને ફળ ભોગવવા માટે આવતી કોઇ ખાકી જીંદગી અથવા મીનોઇ જીંદગી માટે થોભવું પડેછે.

આપણે ઉપર લખવા પ્રમાણે જોયું કે **કારણ** પછવાડે ફળ ઉતરેછે, એટલેકે જે મતલબથી આપણે આકાશમાં વીચાર મોકલ્યો, તે પ્રમાણે તેનું ફળ ઉતરેછે. બી વાવ્યું, તો તેનું ઝાડ થઇ, તે ઉપર ફળ આવેછે. જેવું કારણ, જેવો વીચાર મોકલ્યો, તેના જોર અથવા બળ, અથવા તો તેના તેજ, ઉત્સાહ, ઉદ્યમ પ્રમાણે, અને તે સારો કે નરસો હોય તે પ્રમાણે, તેનું એક ઝાડ બનેછે અને એવા એવા વીચાર ઘણા હોય, તો પચરંગી જાત જાતનાં ઝાડોનું એક જંગલ બનેછે, જેઓ ઉપર ફળ થાયછે, જેનો ભોગવનાર તેનો કર્ત્તા હોયછે. સારા નેક વીચારમાંથી, જો કોઇ સંજોગો આડે નહી આવે તો, સફળ એટલેકે સારાંજ ફળો નીપજેછે, જેનો ભોગવતો તેનો કર્ત્તા, અહીં તેમજ બીજી દુનયામાં આનંદથી ભોગવેછે. જેમ એક સુગંધિ ફુલમાંથી પમરાત નીકળી દુરદરાજ પંથરાયછે, અથવા તો જેમ રોશન આતશ ઉપર સુખડ લોબાન બાળ્યું હોય, તો તેનો પમરાત આસપાસનાઓમાં ફરી વળી સર્વે ઠેકાણે ખુશબોઇ ફેલાવેછે અને દુઃખ દરદ તથા દરૂજ નશોનો નાશ કરેછે, તેમ એવી રીતના નેક ભલા વીચારોમાંથી, જે સફળતા નીપજેછે, તેની અસર જુગ જુગ સુધી આવતી ઓલાદને ઓલાદો ભોગવતાં રહી, તેવા શખસને આશીરવાદનાં ફુલોથી વધાવી લેઇ, આનંદથી દુવા દેતા રેહેછે. હવે કદાચ પોતાની હૈયાતીમાં એવો કોઇ લાયક પુરૂષ, આ ફાની જીંદગીમાં ફળ ચાખવા નહી પામે તો, તે કયાં ચાખે. તમો કેહેશો કે આવતી દુનીયામાં, તો એ બરોબર છે, અને એમજ છે. જુગ જુગ સુધી જેમ જેમ દુનીયાનું કલ્યાણ

થતું રેહેછે તેમ તેમ વધારે ને વધારે આગળ ને આગળ એવો શખસ ગુજરવા પછી આનંદમાં ગુજારેછે, પણ હવે હું તમુને મારા આગલાં ભાષણમાં સમજાવી ગયો કે બેહેસ્તમાં સુખ ગમે એવું અને ગમે એટલા લાંબા દાહાડાનું હોય, તો પણ તેની હદ હોયછે. એ વીષે હું તમારી આગળ આતશની નીયાસમાંથી તથા પનજશને હા ૬૧ માંથી એક ફકરો વાંચી ગયો, જે ઉપરથી તમુને કુદરતી રીતે સવાલ થશે કે એટલો વખત ગયા પછી, એવા એક સારા પુરૂષનું શું થાય. વળી લાંબો વખત ગયા પછી, તે પોતાની એકની એક હાલતથી, પછી તે ઘણી સુખી હાલત પણ હોય તો તેથી તે કંટાળી જાય એમ બની શકે. કારણ કુદરતમાં પણ આપણ જોઇએ છઇએ કે એકની એક હાલતથી આપણ કંટાળીએ છઇએ. દરેક ચીજ, દરેક પ્રાણી, દરેક માણુસ સારા ફેરફાર માટે, અને પોતાની ખાકી હાલતને વધારેને વધારે ચઢતી હાલતમાં જોવાને મરણ તુલીક રાજી હોયછે. ભલા ભલા રાજા પાદશાહો જેઓ હીરા, માણેક, મોતી, પરવાલાં, સોના, રૂપા, ગાડી, ઘોડામાં અને ખાકી સુખમાં દટાવા છતાં ઘણી વખત રાજપાટ છોડી દઇ તેઓ જંગલમાં ચાલી જાયછે. જાણેકે આટલું સુખ છતાં તેઓ રાજી થતા નથી, અને કોઇ બીજી પ્રકારનું વધારે ઉંચું સુખ ભોગવવા માટે તેઓને કાળજી થાયછે. જુવો તમારા કેખશરો, ફરેદુન, જામાસ્પ, કુરોસ, હરીશ્ચંદ્રજી, ભરથરી, ઇ૦ રાજાઓએ શું કીધુંછે. તો હવે એજ પ્રમાણે, બેહેસ્તમાં ચઢતાં ઉતરતાં સુખના એકના એક પ્રકારનાં સુખનો પણ અંત આવેછે, તો જોકે તે સુખ ઘણી લાંબી મુદતનું પણ હોય. પણ તમારે યાદ રાખવું કે જરવાનેઅકરનેના બેહદ વખતમાં, ગમે એટલાં વરસોનું પણ એ સુખ, તે બેહદ દરીઆવમાં એક ટીપાં જેટલું પણ ગણાય નહી.

હવે એ મુદત બેહેસ્તમાં, અથવા તો દેવ ખંડમાં, ગ્નાનીઓનાં મત પ્રમાણે, ૧૫૦૦ અથવા ૨૦૦૦ વરસ જેટલી હોયછે. એટલો વખત ગયા પછી, દુનીયામાં ઘણા મોટા ફેરફારો થાયછે. કોઇ ઠેકાણે કરણીનાં ફળો જમાવ થઇ, દેશના દેશો ઉપર પાણી, આગ, કે ધરતીકંપ ફરી વળેછે. કોઇ ઠેકાણે રાજપાટો ને સેહેનસાતો ઉડી જાયછે. અને નવાં માણુસો, નવી કોમો, નવાં રાજયોની સ્થાપના થાયછે. જુવો કે રોમન, ગ્રીક, આપણું અસલ વતન ઇરાન દેશ, ઇજીપ્ત, બેબીલોન, કે એસીરીયા, કે બીજાં દેશો, ઘણું કરીને એટલી મુદતની ઉપર એટૃલે ૨૦૦૦) વરસ તુલીક એકજ વખતમાં સીલસીલા રીતે રાજ કરી ગયાં નથી. તો હવે ઉપર કહેલી ૧૫૦૦ થી, ૨૦૦૦ વર્ષની મુદત દેવખંડમાં ભોગવવા પછી, જ્યારે રૂહોની મુદત પુરી થાયછે, ત્યારે જેમ ખાકી રાજયોનો સ્વપનો ખલાસ થાયછે, તેમ સતવાદી લોકોનો સ્વપનો ખલાસ થાયછે, અને એ વખતે તેઓને પુર્વે ભવનાં કર્મો પાછાં યાદ આવેછે, અને તેઓ ગુચવાડામાં પડેછે, કે તેઓથી જે ચઢતું સુખ દેવખાનમાં, અને ખુદ સુખ, ગરોથમાનમાં છે, તેને તેઓ કેવી રીતે લાયક થાય. દેવખાનમાં તો ચઢતાં ઉતરતાં સુખો ઘણા દરજજાનાં હોયછે, તો સૌથી જે ચઢતું ખુદ સુખ, તેને તેઓ કેમ ને કેવી રીતે લાયક થાય. એ સુખ આપણને જાણવું જોઇએ, કે તે ભોગવવા માટેનો

મુખ્ય આધાર, અનુભવ તથા જે ગ્નાન થયલું આ ખાકી ભવમાં, તેનાં પ્રમાણ પ્રમાણે, પેલી જીહાંન તે સુખ ભોગવી શકાયછે. પોતાથી ઘણા ચઢતા જે મીનોઇ નુરો સુખ ભોગવેછે, તેવાં ચઢતાં સુખને લાયક થવા માટે તેઓ ઘણા ખાહેશમંદ હોયછે, પણ તે તેઓથી ભોગવી શકાતા નથી, કારણ તેને માટે તેઓને ગ્નાન થયલું નથી; કરણીના કાયદા પ્રમાણે તેઓથી આગળ વધી શકાતું નથી. તેઓ ઇચ્છે તો ઘણુંએ, પણ કરણીનાં ફળની સામે તેઓથી થઇ શકાતું નથી. બીજી રીતે બોલીએ તો, તેઓ હજીસુધી ખુદ ગરોથમાનને લાયક થયા નથી, તો હવે એ મુદ્દત પુરી થવા પછી જ્યારે તેઓનો સ્વપનો પુરો થાયછે, ત્યારે તેઓને વીચાર આવેછે, કે બેહેસ્તનો બદલો તે ફકત બદલોજ છે, તો એકે ખાકી સુખ સાથ સરખાવતાં, તે બેહદ સુખવાળો હોયછે. એના કરતાં અને સઉથી સરસ પેહેલા નંબરનું જે ખુદ સુખ અથવા Absolute Happiness, એટલે ગરોથમાન અથવા મોક્ષ તેમાં જ્યારે તેઓ મળે, ત્યારેજ ઉંચામાં ઉંચું સુખ તેઓને મળેલું કેહેવાય. એટલામાટે અહુરમજદમાં મલી જવા તેઓ અતીષય આતુરમંદ હોયછે. એ વખતે આગળ વધવા માટેનાં જે ખરાં સાધનો, એટલે કે ખાકી જગતમાં ઉતરી, સુખ દુઃખની પાછી પીછાણ કરી, મનુષ્યજાતીની સેવા કરવી, અને અનુભવ અને ભકતીભાવથી ગ્નાન મેળવવું, અને સારી કરણીવાળા અને બને તો નીષકામવાળા બનવું, તોજ આવી રીતનાં ખુદ સુખને લાયક થવાને તેઓથી બને. એ વખતે, જેમ એક લોહોચુંબક એક સોએને ખેંચેછે, તેમ સ્પેંતઆરમેતી પોતાની દુખીઆરી જમીનનાં દુઃખ ટાળવા માટે અને પોતાની સપાટી ઉપરનાં પોતાના બચ્ચાંકચ્ચાંઓનું ભલું કરવા માટે, અને એમ કરીને કરણીના કાયદાને અમલમાં મુકી, જગતનું રક્ષણ કરવામાં મોટો ભાગ લીએછે. બીજી ગમથી એટલે બેહેસ્તમાંથી, અહુરનાં ભલાં નુરો અને સતવાદી લોકો પણ ખાકી જમીનનાં દુઃખ ટાળવા માટે, અને પોતે પણ આગળ વધવા માટે જમીન તરફ ખેંચાયછે. એમ થવાથી બંનેને ફાયદો થાયછે. પેહલાં, જમીનનાં દુઃખ ટળેછે, જીવતી માણસાઇ જીંદગી આગળ વધેછે, અને સ્વચ્છ થઇ મરણ બાદ ઘણીજ સુખી જીંદગી બેહેસ્તમાં ભોગવેછે, અને એજ વખતે વહીસ્તેમ અહુમના ઘણા ચઢતા દરજ્જાથી જે નુરો ઉતરેલાં, તેઓને પણ મરણ બાદ ખુદ ગરોથમાનને લાયક થવાને તક મળેછે. એ પ્રમાણેનો સંબંધ આ ખાકી જગતો, વહીસ્તેમ અહુમ એટલે બેહેસ્ત, અને ગરોથમાન સાથ, કીયામત અથવા રસ્તાખેજ સુધી જળવાઇ રેહેછે.

છેવ્લે ખાકી જગત, પોતે આસતે આસતે આવાં પાક નુરોની મદદથી, એક બેહેસ્ત બનેછે. એ શું થોડી વાત છે? આપણ ઇચ્છીશું કે એમજ હોય. ઘણા લોકોને બેહેસ્તમાંથી મીનોઇ નુરોને આ જીહાનમાં સુધરવા માટે પાછું આવવું પડેછે, એ વીચારજ પસંદ નથી. મારા અદના વીચાર પ્રમાણે, અને ગ્નાનીઓનાં મત પ્રમાણે, હોરમજદ તરફથી કરણીનો કાયદો બરાબર રીતે, તેની નેક મરજી પ્રમાણે અમલમાં આવે, તેની મરજી પાર પડે, અને સર્વેંજણ સતચીત્ત આનંદ બને, માટે એજ રીતી ખરી છે, અને સર્વેને માટે કરણીના કાયદા પ્રમાણે સૌથી હક વાજબી અને લાભકારક છે. વળી કામા લોકોની એટલે કે બદ કરણીવાળાઓ

જેઓ દોજખમાં સબરેછે, તો તેઓ ઉપર પણ એક રીતે મેહેર ઇનદ તરફથી એક જાતની રાસ્તી રેહેમ ઉતરેછે, અને તેઓ પોતાની ભુલ જોઇ પાછા સારે રસ્તે ઉતરેછે.

હવે તમુને થોડી ઘણી સમજ પડશે કે વહીસ્તેમ અહુમ તથા દોજખમાંથી સારાં નરસાં નુરોનું આ જીહાનમાં શું કામ, કેવે વખતે, કેવી હાલતમાં, અને કેટલે વરસે ઉતરવું થાયછે. એ રીતી ઘણીજ સારી તથા ઉત્તમ છે. એમ જો નહી હતે, તો આપણા જેવા કરોડો લોકો બીચારા આ જીહાનમાં રંજીદાર થઇને મરણ પામતે, અને તેઓને મરણ વખતે પણ ખરી ફીલસુફીનું કાંઇ પણ જ્ઞાન નહી હોવાને લીધે, પેલી જીહાન પણ કડવી ઝેર જેવી લાગતે. એ પ્રમાણે કરોડો કંગાળ અને રાંક લોકોને માટે આવી ફીલસુફી થોડી સંતોષકારક નથી.

એ પ્રમાણે, બેહેસ્ત કે દોજખમાંથી, તે એક રીતે જાગરૂત થાયછે, અને હવે તે ચોકસ ઠરાવ ઉપર આવેછે, કે ગયા જુગમાં જે પ્રમાણે તે સતવાદી બનીને, લાંબા વખતનું સુખ ભોગવવાની ખાહેશથી, તેણે મનુષ્યજાતીની તથા કુલે પેદાએશની સેવા કીધી, તો હવે કાંઇ પણ બદલાની આશા વગર, તેણે ખાકી દુનીયામાં જવું, અને મનુષ્યજાતીનું કલ્યાણ કરવું, જેથી તે હવે વહીસ્તેમ અહુમને નહી, પણ ખુદ ગરોથમાનને લાયક થાય.

એ પ્રમાણે ઉતરતાં સૌથી નીચલી સપાટીને લગતું જે બેહેસ્ત જેને સતર પાયા કરી કેહેછે, અથવા સાલોકય કરી કેહેછે. ત્યાંના નુરો પણ, જ્યારે તેઓની મુદત પુરી થાયછે, ત્યારે તેઓ પણ વધારે ઉંચાં બેહેસ્તને લાયક થવા માટે, ખાહેશ રાખીને, તેઓનું પણ અતરે ઉતરવું થાયછે. હવે એ પ્રમાણે જેવો જેનો દરજજો, જેવું જેનું જ્ઞાન, તો જોકે હજી મુકત નહી થયલાં એવાં નુરો, એટલેકે સંપૂર્ણ ખુદ સુખને હજી લાયક નહી થયલાં એવાં નુરો જમીન ઉપર પોતાના પૂર્વ ભવનાં કર્મ પ્રમાણે, અને કામ, ક્રોધ, મોહ, દ્વેષ, કીનો, ઇત્યાદી બીજો જેઓથી તેઓ હજી સંપૂર્ણપણે છુટા થયા નથી, તેઓના તેજ પ્રમાણે, તેઓ થોડા સારા કે ઘણાં સારાં ખાનદાની ગુણવંતોને ત્યાં ઉતરેછે. તેઓ હવે દુનીયાનાં સંકટો ટાળવામાં, નેક મનશની, નેક ગવશની, અને નેક કોનશની પ્રમાણે, ખરો બોધ અને ખરૂં જ્ઞાન મનુષ્યજાતીને આપવામાં, હારેમંદીને તારાજ કરવામાં, ને પલીદી તથા બદ વીચારને નેસ નાબુદ કરવામાં, પોતાના સઘળાં મીનોઇ બળથી, અને જોરાવર મનથી, અને નીષકામથી મેદાન પડેછે, અને મનુષ્યજાતીનાં દુઃખો, જે દુઃખો ગેથી તબકાના કરતાંને, મીનોઇ તબકા ઉપર ઘણાંજ વધારે જબુન તથા ભયંકાર હોયછે, તે ટાળવામાં તેઓ પુર ઉલટથી લડાઇમાં ઉતરેછે. પણ એ લડાઇમાં તેઓ ડાઇનેમાઇત કે દારૂગોળો કે તલવાર જેવાં હથીયારો તેઓ વાપરતા નથી, અને તેમ કરી કોઇના જીવ લેતા નથી. પણ ઇથા, અશેમ, તખ્ત, હોમ સલી, નેક મનશની, ગવશની, કોનશની, મોટું મન, જગત કર્તા માટે બેહદ પ્યાર, ગાયત્રીનાં ભજન, એ હથીયારોની મદદ લઇ, તેઓ મનુષ્યજાતી માટે મીનોઇ તબક્કા ઉપર, દરૂજ દેવ જેવી ખરાબ શક્તિઓ સામે, અને બદીનો નાશ કરવા માટે, જીંદગી

લગીન રોકાયેલા રેહેછે. એમ કરીને તેઓ કોઇનો જીવ લેતા નથી, ઓર પોતાનો પ્યારો જીવ ઘણી વખત જોખમમાં લાવી મુકેછે, જેની તેઓ જરા પણ દરકાર કરતા નથી, કારણ તેઓની નેમ એકજ હોયછે, કે બને તેમ ગુજરવા અગાઉ જલદીથી, કીમતીમાં કીમતી અસબાબ પેલી જીહાન માટે એકઠો કરી લેવો અને તેમ કરીને જ્યારે બીજી દુનીયામાં જવું પડે ત્યારે સૌથી ઉંચી પંક્તિએ ચઢવું, અને મોક્ષને લાયક થવું. હવે બાકી ધરતી ઉપર જન્મ લેવા અગાઉ, પૂર્વ ભવમાં જેટલી મેહેનત કીધેલી, જેટલું જ્ઞાન તેને મળેલું, જેટલો ભક્તિભાવ ખોદા માટે, મનુષ્યજાતીનું ભલું કરીને બતાવેલો, જેટલું જ્ઞાન અને અનુભવ, કારણ રોપીને મેળવેલું, ટુકમાં જેટલો મીનોઇ અસબાબ કે સામાન તેણે આ દુનીયામાં પૂર્વ ભવમાં એકઠો કીધેલો, તેના ગુણ પ્રમાણે, ચોકસ હાલતમાં ઉતરવું થાયછે, અને આગલી મેહેનત અને નેકી તથા કામારૂપનાં ફળોને લગતા બીજોના ગુણ પ્રમાણે કોઇ પહરેજગારને ત્યાં, તો કોઇ ખરાબ નીતિ રીતીવાળાને ત્યાં, તો કોઇ રાજા પાદશાહાને ત્યાં, તો કોઇ ભીખારીને ત્યાં જન્મ લેછે. એવી જે રીતી, તે કર્મના કાયદા પ્રમાણે હકવાજબી લાગેછે, અને હવે આપણને દીવાની જોત માફક માલમ પડેછે કે, દુનીયામાં શું કરવાને સઘળે ઠેકાણે એકએકથી ઉલટું દીસેછે, કોઇ ઠેકાણે નેકી તો કોઇ ઠેકાણે બદી, કોઇ ઠેકાણે શાંતિ, તો કોઇ ઠેકાણે કજીયાનાં સ્થળો, કંગાલીયતના ડુંગરો, ભુખમરાના રોદરા, હેવાનીયતપણાનાં સ્થળો શું કામ ખડકોની માફક ઉભા હોયછે. હવે તમુને માલમ પડશે કે આ દુનિયા કંઇ ભેલમભેલાની જાત્રાની માફક બની નથી, પણ કરણીના કાયદા પ્રમાણે એ સઘળું બની રહયુંછે.

તમો કેહેશો કે બેહેસ્તના હમેશના ચઢતાં અને ચઢતાં સુખમાં ઉપર ને ઉપર આગળ ને આગળ વધવા માટે,. અને તેને લાયક થવા માટે, અને ત્યાર પછી, ખુદ જે સુખ એટલેકે ગરોથમાન તેમાં મળી જવા, ગુજરનાર ઘણીનો મીનોઇ ફરોહર કોઇ બીજા ગ્રહમાં કાંય નહી પધારતો હોય? આ સવાલ ઘણો અગત્યનો છે, અને તેનો કોઇ પ્રકારે ખુલાસો થવો જોઇએ. કોઇ બીજો ગ્રહ કે સતારામાં આ ધરતીનાં જેવાં દુઃખદરદ તથા મોત, અને સંતાપ હોય, તો ત્યાંનાં રેહેનારાઓનું દુઃખદરદનું નિવાર્ણ કરવા માટે, ગુજરેલાંઓ ત્યાં કાં નહી પધારતાં હોય? એનો ખુલાસો એ છે કે મોક્ષ મેળવવા માટે આએજ દુનીયાને એક દરવાજો કરી રાખ્યોછે, જ્યાંથી કરણીના કાયદા પ્રમાણે, સર્વે પ્રકારની અજમાશ મેળવવાની, મનુષ્યજાતીનું કલ્યાણ કરી જ્ઞાન મેળવવાની, ઉંચા ભોગ આપી, સત્યયુગનાં જેવા સતવાદી બનવાની, અને તેમ કરી ખુદાનો કરણીનો કાયદો જલદીથી સંપૂર્ણ રીતે અમલમાં લાવીને, જગતની વૃધી કરવાને માટે જે જોગવાઇ, જે તક, તે આએજ જીહાનમાં પાછું ઉતરવા વગર મળી શકતી નથી. ખુદાના બેહદ જ્ઞાનવાળા, તથા ખુદ અકલે અવલના બેહદ દરીઆવમાં દાખલ થવા માટેનો જે પાકીજે મનવાળો દરવાજો, તેમાં દાખલ થવા માટેની જે મીનોઇ ચાવી, એટલેકે આસનીદે ખેરદ અથવા અકલે અવલ, તે લઇને, આપણ આવીએ છીયે. હવે જ્યારે મીનોઇમાં દાખલ થવા માટે, જ્યારે

આપણે આપણો અભ્યાસ આ જમીન ઉપર શરૂ કીધો, તો તેજ પાઠશાળામાં તેનો તે અભ્યાસ પુરો થવો જોઇએ. એક વખત ખાકી અભ્યાસ આપણાં બચ્ચાંને આપતી વખતે અગરજો આપણ તેને ઘડી ઘડી એક નિશાળેથી ઉઠાડી લઇયે, અને બીજી કે ત્રીજી કે ચોથી નિશાળ એ પ્રમાણે બદલ્યા કરીએ, તો બચ્ચું આગળ શિખવાને બદલે વધારે ઠોઠ બનેછે. વળી જુદી જુદી નિશાળોના માસ્તરોની, તથા છોકરાંઓની રીતીઓ કેવી હોય, તે આપણ જાણતા નથી. કદાચને બચ્ચું ખરાબ રીતે બોલવાનું કે ચાલવાનું શિખે, એ પણ બનવા જોગ છે. એટલામાટે જો પેહેલેથીજ સારી નિશાળે બચ્ચાંને મુકયું હોય, અને તેનો અભ્યાસ પુરો થાય, ત્યાંવેર તેને ત્યાંજ રાખ્યું હોય, તો બચ્ચાંને તેમજ માબાપ, તેમજ તેના ટોળાને ફાયદો થાય, અને તે બચ્ચું પોતાનો અભ્યાસ પણ જલદીથી પુરો કરી પસાર થાય એમાં શક નથી. સમજુ માબાપો એ વીચારને વળગીને કામ લીયેછે. તો હવે જેમ ખાકી અભ્યાસ માટે, તેમ મીનોઇ અભ્યાસ માટે પણ સમજવું. આપણને સ્થુલદેહ અથવા તન, પ્રાણ, સુક્ષ્મ શરીર અથવા આકાશી શરીર, અને મન, જેઓ ગુજરવા પછી થોડા વખતમાં ખલાસ થાયછે, તેઓની પંક્તિઓ પસાર કરીને આત્મા, આત્મીકબુદ્ધી અને મનસના દરજજા ઉપર જવાનું છે. તો હવે મન જેમાં વિચાર, સમજણ, પીછાણશક્તિ, નેક બુદ્ધી, યાદદાસ્ત, અંતકરણ ઇત્યાદી બાબતો આવેછે, તેઓ માટે, જેવો અભ્યાસ જમીન ઉપર સેહેલથી થઇ શકે, તેવો અભ્યાસ બીજા ગ્રહમાં કદાચ મળે કે નહી પણ મળે, જે આપણ જાણતા નથી, માટેજ અહુરાએ આ જગતને એક ગેબી સાંકળથી મીનોને ગેથી સાથ જોડી રાખીછે, જેથી ગેથી દુનિયાંઓ આગળને આગળ, પોતાની કોશેશથી વધીને, તે માહારાની દાદગરે દાદગરના પોતાના ખુદ સ્વયમ પ્રકાશમાં મળી જાય. જયાંવેર અત્યંત ભકતીભાવ ને ખુદાઇ પ્યાર, અહુરમજદની ફ્રવશી સાથ બાંધ્યો નથી, જ્યાંવેર આ દેહનો ભોગ આપી, મનુષ્યજાતીનું કલ્યાણ કરવા માટે જાનફેસાની કરવામાં આવી નથી, અને તેને ગ્નાન મળ્યું નથી, જ્યાંવેર હું કયાંથી આવ્યો, અને જો અહુરમજદની ફ્રવશીમાંથી ઉતર્યો તો તેમાં પાછો ચઢીને કેમ અને કયારે મળી જઇશ, એ વીષેનો પક્કો અનુભવ થયો નથી, ત્યાંવેર, અહુરાના નુરોનું, તેઓના સ્વાર્થી, ઘાતકી ખાએશ પ્રમાણે એટલેકે કામ ક્રોધ, મોહ, કપટ પ્રમાણે આ ખાકી જગતમાં ઉતરવું પડેછે, અને તે કરણીના કાયદા પ્રમાણે ચાલુજ રહેછે. રસતાખેજ સુધી, જેવું જેનું ગ્નાન, જેવો અનુભવ, જેવી મનની વળણ તે પ્રમાણે, હોરમજદના નુરનું એટલે મનસનું એટલેકે માણસનું જન્મ લેવું થાયછે. આતશની નીયાએશ્તમાં લખેછે કે ઓ હોરમજદ, આરમઇતીની મારફતે મને પવિત્ર કર, તથા કૌવત આપ. અષની મારફતે હીમતવાળું જોર આપ, અને બહમનની મારફતે ગાય ઢોરપર સરદારી આપ. હવે આરમઇતી તે સ્પેંતાઆરમઇતી સમજવી, જે આપણી ધર્તિ ઉપર એક મવકલ ફરેસ્તો છે; તેની મારફતે ભણનાર ધણી પવિત્રાઇ ચાહેછે. એટલે આ ધર્તિપર ઉતરીને પવિત્રાઇ મેળવવી, જે કીધા વગર તેનો છુટકોજ નથી. વળી બહમનની મારફતે ગાય ઢોરપર સરદારી માગેછે. એનો અર્થ એમ નહી

સમજવો, કે ગાય ઢોર કાપીને ખાવાં, પણ ગાય ઢોરને લગતી જે જાનવરી ઇચ્છા તથા જુસ્સા તેઓની ઉપર માણસાઇ ભલા ગુણોની મદદથી સરદારી ભોગવવી. એમ કરવામાં અકલે અવલ અથવા "આસનીખેરદ" અથવા બહમન અમસાસ્પંદ અથવા Innate Wisdom સીવાય બીજું કોણ મદદ આપી શકે. વેદશાસ્ત્રમાં પણ એ પ્રમાણે "અશ્વમેધ" કરીને એક શબ્દ વારે ઘડીએ જુદા જુદા શ્લોકોમાં આવેછે, જેનો અર્થ ઘોડાનો ભોગ કરીને સાધારણ રીતે સમજવામાં આવેછે. પણ તેની અસલ મતલબ, તે ખાકી મનના ભોગ માટે છે, એટલે ખાકી મનના જુસ્સા, ફાંટા, તથા ગલીચ ઇચ્છાને કાબુમાં રાખી, આત્મીક બુદ્ધિની પીછાણ કરવી, અને આત્મામાં મળી જવું.

હીંદુ શાસ્ત્રો પ્રમાણે, એક પહરેજગારને, મોક્ષ મેળવવા માટે ત્રણ મોટામાં મોટા ભોગો આપવા પડેછે, જેઓને પસુમેધ, અશ્વમેધ, તથા પુરૂષમેધ અથવા નરમેધ કેહેછે. પસુમેધ એટલે પસુનો ભોગ, એટલે પસુને લગતી જાનવરી ઇચ્છાઓ સમજવી (અને નહી કે પસુને ક્રીયા માટે મારી નાખવું) અને તેને લગતા ખરાબ જુસ્સાઓને આપણામાંથી દુર કરવા. અશ્વમેધ એટલે ઘોડાના ભોગનો બાતેન અર્થ તે મનનો ભોગ એટલેકે ખાકી મનને લગતા ખરાબ જુસ્સા તથા ઘોડાના જેવું બળ ધરાવનારૂં જાનવરી જોર, તેનો ભોગ આપવો. એ પ્રમાણે ખાકી મનને આપણા તાબા તલે રાખી, મીનોઇ જે મન તેના તબક્કા ઉપર ખાકી મનને લઇ જવું. છેલે, પુરૂષે અથવા નરે નારાયણ, જે ખુદા, તેમાં મળી જવું.

એ પ્રમાણે જ્યારે ભલાં મનની સચ્ચાઇ, કામ ને વચનની પવિત્રાઇ, તાબેદારી, તથા પાદશાહી અખ્ત્યાર થાયછે, ત્યારેજ ખરૂં ને ખુદ જ્ઞાન શું છે તેની પીછાણ કોઇ કોઇનેજ આ જીંદગીમાં એકજ ફેરામાં પણ થઇ શકેછે, અને હોરમજદમાં મળી જાયછે.

કરણીનો કાયદો તેજ બેહેસ્તનો દરવાજો.

ભાષણ ૪ થું.

કરણીના આ કાયદો કેવો સખત છે, તે વિષે ખુદ યજશનેમાં કેટલોક ઇસારો આવ્યોછે, જે ઉપરથી તે વીશે આપણને કંઇક ખ્યાલ આવેછે, અને ગેથી દુનીયામાં અહુરાના નુરોનું કેમ ઉતરવું થાયછે, તેની કંઇક સમજણ પડેછે. યજશનેના ૧૯ માં હામાં આએ પ્રમાણે આવ્યુંછે કે "આ હાડમંદ દુનીયામાં જો કોઇ શખસ, ઓ અશો જરથુસ્ત્ર! અહુનવર્ઇર્યના ભાગોને યાદ કરેછે, અથવા યાદ કરતાં, તેનો ઉચ્ચાર કરેછે, અથવા ઉચ્ચાર કરતાં તે મોટા અવાજે તેમને ગાયછે, અથવા ગાતાં તેમને આરાધેછે, તેનાં રવાનને હું હોરમજદ ચિંન્વત પુલની પેલી બાજુએ બેહેસ્તમાં ત્રણ વાર દાખલ કરીશ (ફેરવીશ)." અહુનવર્ઇર્યને માટે એમ કેહેવામાં આવ્યું છે કે એ બોલ એટલે ઇથા અહુવઇર્યો, આકાશની અગાઉ, તેમજ પાણી, જમીન, ગોસપંદ, ઝાડપાન, આતશ, અશો મરદ, દેવો, અને પાપી માણ-

સોની આગળ, તથા તમામ હાડમંદ દુનીયાંની આગમચનો હતો. એવી રીતનો દરજ્જો ઇથા અહુવઇયોંને આપવામાં આવ્યોછે. તેનો જે બરાબર સમજનાર, તથા તે પ્રમાણે ચાલનાર હોયછે, તો તેવા અશો માણસને પણ ત્રણ વાર ચિન્વત પુલની પેલે પાર જુદે જુદે વખતે, ત્રણ વખત બેહેસ્તમાં દાખલ થવું પડેછે, એટલે ત્રણ વખત, જમીનપર ઉતરી બેહેસ્તમાં દાખલ થવું, એમ ત્રણ વખત બનેછે. એની મતલબ એ છે કે મોક્ષ કે નિર્વાણ અથવા **ગરોથમાન** જેવાં ખુદ સુખને લાયક થવા માટે, એકજ વખત પુલ પસાર કરવા માટે પુરતો ગણાતો નથી. બોદાસનાસીઓ એમ માનેછે કે ઘણા પહરેજગાર માણસને પણ સાત (૭) વખત આ ખાકી દુનીયામાં આવવું પડેછે. આપણા ધર્મમાં પણ ઇસારો કરેછે કે ઘણાજ પહરેજગારને પણ ગરોથમાનને લાયક થવા માટે, ઓછામાં ઓછા ત્રણવાર પણ ખાકી જગતમાં આવવું પડેછે, અને ત્રણ વખત ચિન્વત પુલ પસાર કરવો પડેછે. યજશનેના હા ૩૦ માં, ફકરા ૨ જા અને ૭ માંમાં, આ પ્રમાણે આવ્યુંછે કે "આ ઉત્તમ છે, તે તમારા કાનથી સાંભલો, જે કંઇ પવિત્ર છે, તે તમારાં મનથી નિહાલો, જેથી દરેક માણસ પોતાનાં રવાન માટેની પસંદગી, તે મોટાં કામની (એટલે ચિન્વત પુલ પસાર કરે માટે) આગમચ નક્કી કરે તેને માટે (આ જે જાણવું જોઇએ) તે શીખવવાને જે સરદારો (ગુરૂઓ) તેમને તમે એટલામાટે જાણો." "તે (અશો મરદ) ની તરફ સત્તા, ભલું મન અને અષ (અષોઇ) ની સાથે આરમઇતીશ (જમીનની ફરેસ્તન) આવી, અને તેને તનને માટે કૌવત સાથે આબાદી આપી. તારે માટે તે એવી થાય કે જેથી તને આ (મીનોઆની) ભેટો પુષ્કલ મળે!" **દસાતીર નામનાં એક ફીલસુફી પુસ્તકમાં એને લગતા ખુલ્લા ફકરા આવેલા છે.**

માહાઆબાદ વીષેનાં પ્રકરણમાં એમ આવ્યુંછે કે, "Those who in seasons of prosperity, experience pain aud grief, suffer them on account of their words or deeds in a former body." ***"And if any guilt remains, they will return a second time, and suffer punishment along with their accomplices." The commentator adds that they "meet with due retribution, till in some way their guilt is removed; whether at the first time, or the second time, or the tenth, or the hundredth, or so forth." આટલા ઉપરથી માલમ પડેછે કે ગરોથમાનનાં ખુદ સુખને લાયક થવું, એ સઉથી બીકટમાં બીકટ કામ છે, અને એવું જે ખુદ.સુખ તેનેજ હમેશગીનું, હમેશગીના હમેશગીનું ખુદ સુખવાળું ગરોથમાન, તેને અહુરમજદનું ઘર કરીને લખ્યુંછે. એ ખુદ સુખ શું છે, યાને કેવું હશે તેનો ખ્યાલ આ ખાકી અક્કલને કદી હોયજ નહી, અને આપણી કેહેવાતી વિદ્યાઓ તેને માટે કદી પણ જરાબી રોશની નાખી શકશે નહી. હવે ગરોથમાન વિગેરે બીજાં જે ચઢતાં ઉતરતાં કેહેવાતાં બેહેસ્તો જેઓને પાયા કરી કેહેછે, ત્યાંથી તો માણસને આગળ વધવા માટે એટલેકે ખુદ સુખને અથવા ગરોથમાનને લાયક થવા માટે, આરમઇતી એટલે જમીનના ફરેસ્તાની મદદ લઇ, જમીન ઉપર, સંપૂર્ણ ડહાપણ (ડહાપણ એ આરમઇતીને કેહેછે) મેળવવા માટે ઉતરવું પડેછે.

વહીષતેમ અહુમ એ લાંબા દહાડાનાં સુખ અથવા સઉથી **સરસ** દુનીયાં ગણાયછે, તોપણ તે હમેસગીનું હોતું નથી. આતશનો નીયાસમાંથી એક ફકરો હું આગળ આપી ગયેછું જે આ પ્રમાણે શરૂ થાયછે:—"દાયાઓ મેં આતર્શ પુથ્ર અહુરહે મઝદાઓ યામે અંધહત અક્રસાઓંઘૂહાઓ નુરેમચ યવએચ તાઇતે વહિશતેમ અહુમ અષઓનાંમ રઓચંધહેમ વીસ્પો-ખાથ્રેમ, જજે બુયે, વંધહાઉચ મીજદે, વંધહાઉચ સવહી ઉરૂનએચ દરેઘે હવંધહે."

અર્થ—હોરમજદના પુત્ર આતશ (રાન) મને તું આપ કે જે મારે માટે હમણા તથા હમેશ સુધી (એટલે મારી જીંદગીના છેડા સુધી) અશો (લોકો) ની રોશનીવાળી (તથા) તમામ આસાનીવાળી સઉથી સરસ દુનીયાં (એટલે બેહેશત) વીશે શિખવનાર હોય, (અને તે દુનીયાં) **ભલા બદલામાં,** ભલી બંદગીના અવેજમાં (મારાં) રવાનને માટે લાંબા વખતની પવીત્રાઇ (ના અવેજ) માં હું મેળવું. આ ફકરાનો સાર એજ નીકળેછે કે સારાં કામો માટેના **બદલા** તરીકે મારૂં રવાન **લાંબો** વખત સુધી ખોદાં કરેને સુખ ભોગવે અને સઉથી સરસ દુનિયામાં પધારે, જેને સાધારણ રીતે આપણ બેહેસ્ત અથવા પાયા કરીને કહીએ છીએ. હવે લાંબા વખતનું સુખ તે હમેશગીનું તથા હમેશગીના હમેશગીનું ખુદ સુખ કરી થતું નથી. હમેશગીનાં સુખ માટે, તથા હમેશગીની હમેશગી સુધીનાં સુખ માટે બે જુદા બોલો આતશની નીયાએશમાં આવેલાછે. એ બોલોને "ક્ષ્રષો-કેરેઇતીમ" (Eternity) તથા "ક્ષ્રષો-કેરેતોઇત" (Eternity of Eternities) કરી કેહેછે. લાંબા વખતને માટે, એક જુદોજ બોલ "દરેગે" કરીને આવ્યો છે. હવે હમેશગી તથા હમેશગીની હમેશગી એ બે શબ્દો માટે થોડીક સમજણ રાખવી જોઇયે. આપણી આ ખાકી દુનીયાં તેમજ સર્વે જે કાંઇ દીસેછે તે, એટલે જગત. એ સર્વેનો એક વખત નાશ થનાર છે, પછી તે વખત ગમે એવો લાંબો હોય. પણ એ પ્રમાણે નાશ થવા પછી, અને બીજો ઘણો લાંબો વખત વચમાં જવા પછી, ખાકી જગતો અને તેને લગતી પેદાએશો પાછી હસ્તીમાં આવેછે, અને એ પ્રમાણે જુગ જુગ સુધી ચાલ્યા કરેછે. આપણા ધરમમાં એને લગતો ઇસારો આવ્યોછે, અને તે એ કે આપણી આ દુનયાં એક વખત ફના થનાર છે, જે વખતને રસ્તાખેજ, અથવા કેઆમતનો વખત કરીને કેહેછે, જેને "ક્ષ્રષો-કેરેઇતીમ" કરી કેહેછે, તો અલબતે આપણી ટુકી બુદ્ધિમાં તો તે એક જાતની હમેશગી લાગેછે ખરી, પણ એવી એવી હમેશગીઓ (ક્ષ્રષો-કેરેતોઇત) તો હમેશાં ચાલુજ રેહેછે, તો હવે કેહેવાતી હમેશગી અને હમેશગીની હમેશગી એટલે "ક્ષ્રષો-કેરેઇતીમ," તથા "ક્ષ્રષો કેરેતોઇત" એ બે શબ્દોનો અર્થ ધ્યાનમાં રાખવો જોઇએ. વળી "દરેગે" નો અર્થ ધ્યાનમાં રાખ્યો હોય, ત્યારેજ ગરોથમાનનું ખુદ સુખ જે હમેશગીનું હોયછે તેની વચ્ચે, અને પાયાને લગતું સુખ જે લાંબા દહાડાનું સુખ તેની વચ્ચેનો તફાવત માલમ પડે. નીચલા અવસ્તાના ફકરામાં કેહેછે કે, "સઓચે બુયે અહુમ્ય ન્માને, મત-સઓચે બુયે અહુમ્ય ન્માને, રઓચહી બુયે અહુમ્ય ન્માને, વક્ષથે બુયે અહુમ્ય ન્માને, દરેધેમચીત અઇપી જરવાનેમ,

ઉપસુરામ ફ્રષો-કેરેઈતીમ, હુધ સુચ્યાઓ વંઘહુયાઓ ફ્રષો-કેરેતોઈત." (જુઓ આતશની નીયાએશ.)

અર્થ—(અએ આતશ) લાંબો વખત સુધી શુર આપનાર રસ્તાખેજ (ફ્રષો-કેરેઈતીમ) ના વખત સુધી, તથા હિમ્મત આપનાર ભલા હમેશગીની હમેશગીના વખત (ફ્રષો-કેરેતોઈત)સુધી, આએ ઘેરમાં તું બલતામાં થજે, આએ ઘેરમાં તું હમેસાં બલતો રેહેજે, આએ ઘેરમાં તું ચલકાતમાં તથા આએ ઘેરમાં તું વધારામાં રેહેજે.

"Mayest thou burn in this dwelling, mayest thou continually burn in this dwelling, mayest thou be in brightness in this dwelling, mayest thou be in increase in this dwelling, throughout the long time until the complete resurrection Frasho-kereitim the perfect good resurrection included (Frasho-Keretoit i.e. from eternity to eternity). See Spiegel's Avesta translation by Arthur Henry Bleeck.

વળી મીનોઆત મીનો દુનીયામાં વખત જેવી ચીજ છેજ નહી. હમેશગીના વૌઉરૌકશ દરીઆવના બેહદ વખતમાં, લાખો ને કરોડો વર્ષો પણ તે દરીઆવમાં, પાણીનાં એક ટીપાં જેટલું પણ ગણાતું નથી. માટે પાયાઓમાં જે સુખ ભોગવવાનું છે, તેને માટેજ આપણને સંતોષ પામી બેસવું જોઈતું નથી, કારણકે તેની હદ હોયછે, તે હમેશગીનું નથી, પણ આપણને ગરોથમાનને લાયક થવું જોઈએ, જે ખુદ સુખ ગણાયછે, અને જે હમેશગીનું છે. એ પ્રમાણે સારા માણસો જેઓ આ દુનીયામાં સારૂં કામ કરી ગયા હોય, સારા બોલ બોલીઆ હોય, સારા વીચાર કીધા હોય, તો અલબતે તેઓને માટે આ ચઢતાં ઉતરતાં વહીસ્તાનો તૈયાર છે, પણ એ સુખ ગમે એવું હોય, તોપણ તે ગરોથમાનનાં ખુદ સુખ આગળ કંઈ પણ બીસાદ ધરાવતું નથી. દેવ રૂપી વીચાર વચન અને કામ નહી પણ થયાં હોય, તે છતાં પણ, વહેસ્ત અહુમ બેહેસ્તને લાયકનાં નુરો, ગરોથમાનના ખુદ સુખને લાયક થતાં નથી. માટેજ આરમઈતીની આ ધરતી એક નિશાળ કે પાઠ શાળા બની રહીછે, જ્યાં જો ઉંચામાં ઉંચું જ્ઞાન થાયછે, તો ખાકી નુરોને મરણ બાદ અસર રોશની અથવા રોશનઘા એટલે હમેશગી અથવા છેડા વીનાની રોશનીમાં, જે અહુરમજદનું ઘર કેહવાયછે, તે હાલતમાં પધારવું થાયછે. એ રોશની તે ખુદ રોશની છે, અને તે જગતો માટે બનાવેલી રોશની જેમકે સુર્ય, ચંદ્ર, ઇ૦ તેથી તદન જુદી છે. વળી ઘણાજ બુરાઓને માટે જરતોશતી ધરમમાં તેઓનું સાર્થક છેજ નહી. જેમ અષોઈના બદલામાં, વહીસ્તેમ અહુમ એટલે ઉતમ હૈયાતી અથવા લાંબા દાહાડાનું સુખ હોયછે, તેમ દરવંદી અને તે પણ જાથુકની દરવંદી ધરાવનારાઓ જેઓને અવસ્તામાં દ્રેગવંત દ્રવંત, અથવા દરવંદ કરી કેહેછે એટલેકે મનુષ્ય જાતીનો નાશ કરનારાઓ, દ્રુજને લગતા, તથા ખુદરતની સામે જાથુક જવા માટે એક જાતનો ધંધો લઈ બેઠેલાં એવા ખરાબ લોકો માટે દરવંદીના બદલામાં ઘણી ખરાબ હૈયાતી એટલે લાંબા દાહાડાનું દુઃખ, અથવા

દોજખ અથવા **અચિશ્તેમ અહુમ,** એ શબ્દ આવ્યોછે. વંદીદાદની પરગરદ પાંચમી, ૨૬ માં ફકરામાં આએ પ્રમાણે આવ્યુંછે કે અગરજો કોઈ માણસ બીજાં વધારે ગુનાહભરેલાં કામોથી બાતેલ રેહે, તો પસ્તાવો અથવા પતેત એ તેની શિક્ષા છે; પણ અગરજો બીજાં વધારે ગુનાહભરેલા કામોથી બાતેલ નહી રેહે, એટલે જાથુક તે કામો કરયા કરે, તો તે માણસ હમેસને હમેસ સુધી ગુનેહગાર થાયછે. એવોજ ખુલાસો વંદીદાદની ૩ જી પરગરદ, ૨૧ માં ફકરામાં પણ આવેલોછે. દેવદરૂજને લગતા ગુણ ધરાવનારાઓ, તથા તે પ્રમાણે ચાલીને, તેઓને માનસીક દરજજા ઉપર, એક જાતનો ગેબી નજીસ ખોરાક પુરો પાડનારાઓ માટે જગેજગ શખત ભાષા, આપણા ધરમમાં વાપરવામાં આવીછે. તો તેજ બાબદ આપણને ચોંકાવા માટે અને આપણી સંભાલમાં રેહેવા માટે બસ છે. વાંચો આ ફકરો. "દરવંદોની તે દુનીઆં કે જે અંધારાને લગતી અંધારા તોખમની અંધારાની છે ત્યાં તે માણસનું પોતાનું કરતુક પોતાનાં ખરાબ કામોને લીધે તેને દરવંદની સૌથી ખરાબ દુનીઆંમાં લઇ જાએ." વંદીદાદ પરગરદ ૫ મી, ૬૨ મો ફકરો. બદ રાહાને દુજો પન્થા એટલે દુજનો માર્ગ કરી કેહેછે. નેક રાહાને અષહે પન્થા એટલે અષનો માર્ગ કરી કેહેછે. આટલા ઉપરથી, આપણને માલમ પડશે કે એક વખત આપણાથી જાણુ અંજાણુ ઘણીજ ખરાબ તકસીર થઇ, તો પતેત કરી તેને માટે પસ્તાવો કરવો, અને ફરીથી તેવું કામ કરવું નહી, તેજ ખરો પસ્તાવો કેહેવાયછે. સંસ્કૃતમાં આ પ્રમાણે એક સ્લોક આવેલોછે કે

એષામ ન વિદ્યા ન તપો ન દાનંમ
ન ચાપી શીલમ ન ગુણ ન ધર્મ
તે મ્રત્યુ લોકે ભુમી બાર ભુતા
મનુષ્ય રૂપે ન મૃગ્યા શ્ચરંતિ.

આ સ્લોકનો અર્થ એ છે કે જેને વિદ્યા એટલેકે ખાકી અને મીનોઇ વિદ્યા નથી, જે તપ નથી કરતો, જે દાન નથી કરતો, જેને શાંતિ નથી, જેને ભલા ગુણ નથી, જે ધર્મ સમજતો નથી, તે મરણ પામે એવા લોકને માટે ધરતી માતા એમ કેહેછે કે તેની ઉપર, તે, હરણની માફક, માણસનાં રૂપમાં ખાલી ભાર મુકી અહીંથી તહીં દોડયા કરેછે. એવોજ એક ફકરો યજશનેના હા ૩૪ માં, ૯ માં ફકરાથી આવેલો છે. "જેઓ ઓ મજદ! તારા પવિત્ર અને બુલંદ ડાહાપણને પીછાનવા છતાં, તેનો પોતાના બુરાં કામોથી નાશ કરેછે, તે ભલાં મન વિષે અજ્ઞાન શખસ પાસેથી, લાલ હરણોની મીસાલે, અશોઇ ઝડપથી નાહાસી જાએછે."

મનુષ્યજાતીનાં સારાં નસીબે, ઘણાજ બદ પુરૂષો દુનીયાંની સપાટી ઉપર થોડા વસેછે, અને આપણ ઇચ્છીશું કે જેમ જેમ સુધારો ખરે રસ્તે આગળ ને આગળ વધતો જશે, અને ધર્મજ્ઞાન બાતેનમાં શું છે, તે જણાતું જશે, અને નીતિનું ધોરણ વધતું જશે, તેમ તેમ બદી પણ આસતે આસતે ઓછી થતી ચાલશે. પણ હવે હાલ તરતનો હીંગાંમ જોતાં, જે ખુદરતી સવાલ ઉઠેછે, તે એ છે કે, બેહેસ્તનો ભોગવતો, અથવા કરણી પ્રમાણે દોજખની શિક્ષા ભોગવવા પછી,

જ્યારે મુદત પુરી થાય, ત્યારે સારા કે નરસા નુરોનું શું થાય. તેઓ આગળ વધે કે નહી, અને જો તેઓ ચાહે, તો કીયામત કે રસ્તાખેજ આવે, એટલાં, પોતે પોતાની ભલી કોશેશથી, ઘણા આગળ વધીને, ગરોથમાન વટીકને લાયક થવા પામે કે નહી. એને માટે આપણે પ્રોતાનેજ વીચાર કરવો જોઇયે. બેહેસ્ત કે દોજખમાંનાં સુખ કે દુઃખ ભોગવવાની મુદત જ્યારે ખલાસ થાયછે, ત્યારે અહુરના તેવા નુરોનું આ જીહાનમાં ઉતરવું થાયછે, કે જેથી તેઓ જ્ઞાની બનીને આગળ વધે. એને માટે આપણી બંદગીઓમાં જગેજગ આરમઇતીની તાબેદારી અને તેની સાથ આવાં અરદુઇશુર ને બીજી ભલી શક્તિઓ જે તાલુકો રાખેછે, તેઓની આરાધના કરવાને, અને તેમ કરી, હોરમજદના કરણીના કાયદાને ખરી રીતે પીછાણી લઇ, હોરમજદમાં મળી જવાની તાકીદ કીધીછે. ઘણે ઠેકાણે એમ આવ્યુંછે કે આરમઇતીની મારફતે હમો તુને પુગીએ. હવે આરમઇતી ને આવાં અરદુઇશુર, ને ખોરશેદ, ને મેહેર, ને સરોશ, ઇત્યાદી, મવકલ ફરેસ્તાઓ એ કોઇજ નહી પણ હોરમજદની પોતાનીજ શક્તિઓ ગણાયછે, જેઓને બરાબર રીતે પીછાણવા માટે આપણને અકલે અવલ તથા મનસ બક્ષવામાં આવ્યુંછે. જુદું કંઇ નથી.

વેદાંતમાં એમ આવ્યુંછે કે જગતમાં સર્વે ચીજો દીઠ કે અણદીઠ, તેઓનું મૂળ તત્વ જોશો તો તે એકજ છે, અને એકજ તત્વમાંથી સઘળું બની રહ્યુંછે. એવી રીતે જુદુ જુદું જે દીસેછે, (differentiation) તે જુદું કંઇ નથી, પણ આપણી ટુકી બુદ્ધિથી આપણે એ પ્રમાણે માની લીધુંછે. એ મૂળને કોઇ માહા ચૈતન્ય, કોઇ Super sensuous consciousness કેહેછે. કોઇ ઇશ્વર, કોઇ મહત કેહેછે. આપણા ધર્મમાં, જગતની હસ્તી અગાઉ જે ગેબી શબ્દ હતો, તે યથા અહુવઇરયો કરી, અહુનવરનો શબ્દ છે. હવે જગતની રચના જે શરૂ થઇછે, તે એટલામાટેજ થઇછે કે, દરેક ફરોહર, પછી તે માણસનું કે જાનવર, કે ઝાડપાનનું હોય, તો, તે જરવાને અકરનેના બેહદ વખતને લગતા કોઇ પૂર્વ ભવનું કર્મ ખલાસ કરવા માટે, હોરમજદના કરણીના કાયદા પ્રમાણે તેવી હાલતમાં તે જન્મ લેછે. તમો એમ કહો કે હોરમજદ જન્મ આપેછે તો તે પણ બરોબર છે. પણ બારીકીથી જોતાં, જો આપણ એમ કહીએ, કે દરેક જણ પોતાના પૂર્વભવના કર્મ ખલાસ કરવા માટે, પૂર્વભવની કરણીના હોરમજદના કાયદા પ્રમાણે, જન્મ લેતાં રેહેછે, તો તે આપણી સાદી અકકલમાં ઉતરે એમ લાગેછે. જન્મ લઇ, મરણ પામી, વખત ગયા પછી, પાછું જન્મ લઇ, પાછું મરણ પામીને તેને આગળ ને આગળ વધવા માટેની અને હોરમજદની બેહદ શક્તિઓને પીછાણી લેવાની તક મળેછે, તે જ્યાંવેર તે જેમ એકજ મૂળ અથવા ચૈતન્ય જેમાંથી, તે પેહલાં છુટું પડી, માયાની જાલમાં ફસ્યું, તો તે પાછું મેહેનત કરી, દુઃખ સુખનો ખરી રીતે જ્ઞાન મેળવીને તથા માયાની જાલ તથા બેડી તોડીને, જે ચૈતન્ય અથવા મીનોઇ આત્મીક સુર્ય તેનામાં છે, તેને પીછાણી લીએ, અને તે સાથ એક થઇ જાય. તમો કેહેશો કે શું જાનવર તથા ઝાડપાન એ પ્રમાણે આગળ વધેછે, તો તેને માટે જાણવું જોઇએ કે પશ્ચિમ તરફના વિદ્વાનો જેવા કે ડાર્વીન ને બીજાઓ,

તેઓનાં મત પ્રમાણે આખી જગત આગળ ને આગળ વધ્યાજ કરેછે, અને પથરમાંથી ઝાડપાન, ઝાડપાનમાંથી જાનવર, જાનવર ઉપરથી માણસ થયું છે. તો એજ પ્રમાણે પૂર્વ તરફના જ્ઞાનીઓએ સ્વિકાર્યું છે, કે માણસથી તે છેક પથરની જે પેદાયશ આપણ જોઇએ છીએ, તે પણ તેઓના અનહદ જમાનાઓમાં તેઓનાં કર્મ પ્રમાણે બની રહયાછે. તો હવે એકલું માણસ માટેજ આપણ એમ વિચારીયે કે તેનીજ ઉપર ખોદાની મેહેરબાની છે, અને જાનવર ઉપર નથી, તેઓ તો ફક્ત આપણા ઉપયોગ માટે, અને ખાવા પીવાને માટે પેદા થયાંછે, તો તે વાત અક્કલમાં ઉતરે એવી લાગતી નથી. જાનવરો તે વળી કેમ આગળ વધતાં હોય ? કાં નહી વધે. પણ તમો તેઓને રેંહેંસી નાખો, તો આટલું ચોકસ થાયછે, કે તેઓના કર્મ ખલાસ થવાનાં કામમાં આપણ ખરાબ રીતે આડે આવીએ છઇએ. માટે મારૂં એવું આધીન મત છે, કે તેમ નહી થાએ તો સારૂં, જેથી દરેક જણ પોતાની મુદતવેર જીવીને, તેની હાલત પ્રમાણે આગળ વધે.

જાનવરોમાં બુદ્ધિ નથી એમ કેહેવામાં આવેછે, પણ ઘણી વખતે આપણ જોઇએ છીએ કે, તેઓમાં પ્રેરણાબુદ્ધિ એવી છે, કે માણસાઇ અક્કલને પણ હટાડે. વળી તેઓમાં પ્યાર અને અનેક પ્રકારના ભલા ગુણ હોયછે. તફાવત માત્ર એટલોજ છે કે તેઓને વાચા નથી. તો હવે તેઓ માટે દયા રાખીને વરતવું સારૂં છે, જેથી આપણ ખરાબ કર્મમાં ઉતરેલા કેહેવાઇએ નહી જાનવરોની બોલી, તેઓના આચાર વીચાર, તેમની પ્રેરણા બુદ્ધિ, અરસપરસને લગતો તેઓમાં રેહેતો પ્રેમ અથવા સ્નેહ, તેમજ તેઓની લાગણીઓ વિષે આપણ તદન અંધારામાં છઇએ. આપણ જો એ સઘળું જાણતા હતે તો તેઓને કાપી ખાવાથી અટકતે. એટલા માટે સૌથી વાજબી રસ્તો આપણે માટે એજ છે કે જેમ માણસને વધવા માટે ખોદાએ કર્મનો કાયદો કરી આપ્યોછે, અને જેમ તે જીવતાં જીવત પોતાની અત્યંત ભલી કોશેશથી, સબુરીથી, ભક્તિભાવથી, અને સખાવત અને ભાઇચારાથી, તે ઘણો આગળ વધીને, આત્માને લગતી ગુપ્ત વીદ્યામાં જ્ઞાની બનેછે, તેમ જાણવરોને તેઓની હાલત પ્રમાણે વધવા માટે પણ એજ કાયદો મદદ કરતો હશે. માટે સારી રીતી તો એ છે કે બને તેમ, તેઓ માટે પણ દયા રાખીને વર્તવું. અલબતે જાનવરને માણસાઇપણામાં આવવાને લાખો વરશો કદાચ જોઇતાં હોય. જ્યારે રસ્તાખેજ પછી, નવેસરથી જગતો શરૂ થાયછે, ત્યારે કદાચને એવી તક તેઓને મલતી હોય. બીજી રીતે જ્ઞાનીઓ અને રૂષીઓનાં મત પ્રમાણે, આટલું ચોકસ છે કે જાનવરોને માણસાઇપણામાં આવવા માટે, તેઓના જાનવરી ખવાસો જેવા કે ક્રુરતા, અંધકાર, અજ્ઞાનપણું, ઇત્યાદી, તદન મરણ પામવા જોઇએ, અને ત્યારેજ જડમાં જડ જે પડો ચૈતન્યની આસપાસ ફરી વળેલા હોયછે, તે વીખરાઇ જવાથી જેમ માણસમાં અંતઃકરણની મારફતે, મન બુદ્ધિ ચિત્ત તથા અહંકારનો પ્રકાશ થાયછે, તેમ તેઓને પણ થાય.

આપણ ઉપર જણાવી ગયા કે હોરમજદના ઇનસાફી પ્યારના કરણી અથવા કર્મના કાયદા પ્રમાણે, મરણ પછી જેઓ સારાં કામનો બદલો ભોગવેછે, અથવા જેઓ બુરાઇનો બદલો ભોગવેછે, તે બદલો હમેસગીનો હોતો નથી. જો હોય

તો ખોદાના રાસ્ત ઇનસાફ માટે આપણ શું વીચારીએ. થોડાં વરસ ભલાઇ કે બુંડાઇ કીધી, તો તેને માટે હમેશગીનું સુખ કે દુઃખ હોય એ માનવામાં આવતું નથી, અને હોરમજદ દયાલુ છે, એટલા સારૂં જ્યારે તેઓની મુદ્દત ખલાસ થાયછે, ત્યારે તે નુરોનું જેઓને ઇંગ્રેજીમાં (entity) અથવા (monad) કરી કેહેછે, તેઓનું જમીનપર પાછું ઉતરવું થાયછે, તે એટલામાટેજ કે પુર્વ ભવમાં, કામ ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરઆદિ (મગરૂરી), ઇત્યાદીને લગતાં રહી ગયલાં ગુસ બીજો, તથા વિકારો, તેઓ તદન નાશ પામે, અને તેઓને લગતો જરા પણ અંશ રહે નહી, તોજ ગરોથમાન જે ખુદ સુખ તેને તેઓ લાયક થાય. એટલામાટેજ દયા, ક્ષમા, શાંતિ, સંતોષ, ખાલેસપણું, ભલમનસાઇ, કપટ, કીના વગરની બુદ્ધિ, ઇંદ્રિઓને જીતવું, ઇત્યાદી, ભલા ગુણો સાથ તેનો આત્મા તથા આત્મીક બુદ્ધિ, તેને પ્રકાશ આપીને તેને મોકળેછે. બીજી રીતે બોલીએ તો, સ્પેન્તમઇન્યુ, એટલે વૃદ્ધિ કરનારી હોરમજદની શક્તિ તેનામાં ઉતરેછે, જેથી આ સંસારરૂપી સંમુદ્રમાં, તેના દેહરૂપી વાહાણ એટલે ખાકી બદનને સંસારરૂપી તોફાનો લાગે નહી, અને લાગે તો વૃદ્ધિ કરનારી જે શક્તિ તેની મદદથી તે પોતાનો બચાવ કરે.

ભાઇઓ, દરીઆવનાં તુફાનો કરતાં સંસારરૂપી સમુદ્રના તોફાનો ઘણાજ ભયંકાર, ઘણાજ નાશકારક હોયછે. સંસારરૂપી સમુદ્રનાં તોફાનોમાં આપણો જે નાશ થાયછે, તેનું કારણ એજ છે કે આપણ, આ દેહરૂપી વહાણ, એ દરીઆવના ખરાબા ઉપર આવી અથડેછે. એ ખરાબાઓ તે આપણીજ ખરાબ સંગત, દુષ્ટ વીચાર, અને ગલીચ તથા પાપી ઇચ્છા અથવા તૃષ્ણા હોયછે. તેઓ એક જાળની માફક માણસને વીટાલેછે, જેમાંથી નીકલવાનો એકજ રસ્તો છે, અને તે સત્વ ગુણ છે, જેને ઉત્તમ ગુણ અથવા ખાલેશ પહરેજગારી, નેકી, સદગુણ, ભાઇચારો કરી કેહેછે. હવે જેનું અંતઃકરણ, સખાવત તથા ભાઇચારામાં તથા ખોદાની ભક્તિભાવમાં ચકચુર હોયછે, તે નુર જેમ પેહલાં સારાં ખાનદાનમાં ઉતર્યું હોયછે, તેમ મરણ પછી પણ, ઘણોજ આગળ વધી જાયછે. પણ એથી ઉલટું, જેઓ કોઇ દરૂજનશોને લગતાં આચારવીચારપર મોહ રાખીને મરણ પામ્યા હોયછે, અને અરધા માણસાઇ તો અરધા જાનવરી ખવાસવાળા હોયછે, તેઓને મધ્યમ ગુણવાળા માણસ કેહેછે, અને એવા માણસો મરણ પછી, પેહલાના જેટલાં આગળ વધવા પામતાં નથી.

છેલે સૌથી કનિષ્ટ એટલે કે તમો ગુણવાળા ઘણાજ ખરાબ ગુણ ધરાવનારાઓ આ દુનીયાંમાં પણ હાડમારી ભોગવી, ઠેકાણે પડેછે, અને એઓનું સાર્થક નથી. પેહેલાં તો આએજ દુનીયાંમાં તેઓના પુર્વ ભવનાં કર્મ પ્રમાણે, તેઓ ઘણી માઠી હાલતમાં જન્મ લેછે, તો જોકે આગળ વધવા માટે અને નેકી પ્રમાણે ચાલવા માટે, તેઓમાં પણ સ્પેન્તામીનો એટલે વૃદ્ધિ કરનારી શક્તિ ઉતરેછે. હવે તમુંને સમજ પડશે કે કોઇ પહરેજગારને ત્યાં, તો કોઇ અનીતિમાનને ત્યાં, તો કોઇ તંનદરોસ્ત માબાપને ત્યાં, તો કોઇ રોગીષ્ટને ત્યાં શું કામ જન્મ લેછે. હવે તમો સમજી લીયો કે પાછળથી કપાલ કુટવું અને એમ કેહેવું કે એવું

ખરાબ ફરજંદ કેમ આવ્યું, તો હું કહુંછું કે, પેહેલેથીજ કાં નહી નેકીને રસ્તે ચાલ્યા, અને જન્મ આપવા અગાઉ, કાંય નહી પહરેજગારી અખત્યાર કીધી, તો ફરજંદ પણ ઘણું કરીને સારાજ ગુણવાળું ઉતરતે. જેમ એક કીડો નરખમાં મોજ મારેછે, અને ડુક્કર નરખ ખાઇને માતેલું બનેછે, તેમ કોઇ કોઇ એવો કમનસીબ તેનાં કર્મ પ્રમાણે ખરાબ માબાપને ત્યાં જન્મ લઇ મોટો થવા પછી પણ ખરાબીમાંજ મોજ ભોગવેછે. એટલામાટે છોકરાંનો જન્મ થવા અગાઉ, ધણી ધણીઆંણીએ પોતે કેવાં સંપુર્ણ રીતે પહરેજગાર બનવું જોઇયે, તે વીચારવું સેહેલ છે, જેથી ખરાબ નુરનું ઉતરવું તેઓને ત્યાં થાય નહી, અને સારાંજ છોકરાં જન્મ લેતાં રેહે. પહરેજગારનાં છોકરાં ઘણું કરીને પહરેજગાર નીકળેછે. એથી ઉલટું, ખરાબને ત્યાં ખરાબ ગુણોના સંગ્રહ સાથ જન્મ થાયછે, અને બંધેના એટલે માબાપના તેમજ બચાંનાં પુર્વનાં તેમજ હાલના કર્મ એમ કરાવેછે, અને તેવાં છોકરાં ઘણું કરીને દુર્ગુણી ને પાપમાં ઉતરનારાં હોયછે. એ પ્રમાણે આ જગત ત્રણ ગુણોથી બની રહીછે, જેઓને સત્વ, રજો, ને તમો ગુણ કરી કેહેછે.

તમો ગુણવાળાઓને, કનિષ્ટ ગુણવાળા કરીને પણ કેહેછે; એ લોકો જીવતાં જીવત કાળામાં કાળા ને નજીસમાં નજીસ કર્મો કરી, કુદરતની સામે, જીંદગી ગુજારેછે, તો એવા બદમાં બદ પુરૂષો માટે આપણ એટલુંજ કહીશું, કે દૈત્ય નામ દૈત્યવાળી હાલતે, તેઓ મરણ પછી પુગેછે, અને ચિન્વત પુલની પેલી તરફ તેઓથી વધાતું નથી. આપણા ધર્મમાં, તેઓ માટે અચીસ્તેમ અહુમ, એ બોલ વાપર્યોછે. હીંદુ લોકો આ ઘણીજ ખરાબ હાલતને, **અધોગતી** કરી કેહેછે. ધર્મ પ્રમાણે તેઓનું સાર્થક નથી. તોપણ ખુદરત બીચારી ઘણીજ માયાળુ હોયછે, અને એવાને પણ જન્મ આપીને આરમઇતીની મારફતે એટલે દુનીયામાં જઇ, ડાહપણ શીખી, સુધરવાની તક આપેછે. પણ તેણે કાયદો તોડયો માટે તેનો જન્મ પણ તેનાજ જેવાં હેયાત પુરૂષોમાં થાયછે. એટલું છતાં પણ જો તે ચાહે તો પાછો સુધારાપર આવે.

માણસ કયાંથી આવ્યું, શું કામ આવેછે, અને મરણ પછી કયાં પધારેછે, તે વીશે, બીજા ધર્મશાસ્ત્રો ઘણાજ ઉંડાણમાં ગયાંછે. તે સઘળા હું સમજાવી શકતો નથી. તોપણ અતરે હવે કબીર જેવો એક મોટો યોગી જેના નામથી તમો પણ વાકેફ છો તેનું એક પદ ટાંકી બતાવુંછું, જે, મારા વીચાર પ્રમાણે ઘણુંજ ફીલસુફીભરેલું છે, અને તેમાં જન્મ મરણની ફીલસુફી શીખવાનું છે.

સતી તીરીયા સતમે રાજી,
તપસી રાજી બનમે.
અમબુ કે ડાલીપે કોએલ રાજી,
સુમ રાજી ધનમે.
જલ ભીતરમે મીન રાજી,
મૈના રાજી જંગલમે.
દાસ કબીરા ભજનમે રાજી,
જીયું હાકમ રાજી અમલમે.

જુઓ કે દરેક જણુ કાયદા પ્રમાણે બની રહ્યાંછે. સતી સ્ત્રી હોયછે, તે હમેશ સતમાં રાજી રેહેછે. તપસી હમેશાં જંગલમાં, એટલેકે એકાંત વાસમાં, મગન રેહેછે. આબાંના ઝાડપર, કોએલ પોતાને સૌથી ભાગ્યશાલી સમજી, ત્યાં બેસવું ઉઠવું. કરેછે. સુમ એટલે કે એકલપેટો, ધનમે રાજી રહી, પોતાને ઘણોજ સુખી સમજેછે. પાણીના ભીતરમાં, માછલી રાજી હોયછે, જે પ્રમાણે કે જંગલમાં મેના રાજી હોયછે, તેમ. પણુ કબીર કેહેછે, કે જેમ હાકમ અમલ ભોગવવામાં રાજી હોયછે, તેમ તે પોતે ખોદાના ખ્યાતમાં રાજી ને આનંદ રેહેછે. તો હવે ફીકર ના કરો. હું કંઇ તમુને ઉપર લખ્યા પ્રમાણે એમ નથી સમજાવા માગતો, કે મરણ પછી, આપણુ કોએલ, માછલી, મેના, ઇત્યાદી બન્યે છીયે. મારી મતલબ આ ફકરો ટાંકવાની એટલીજ છે, કે કરણીનો કાયદો કેવો સખ્ત છે, જેથી દરેક ચીજ આ દુનીયામાં, તે પ્રમાણે, હોરમજદના હોકમથી, અને તેનાજ કાયદાથી કેવી બની રહીછે, તે ફકત તમુને સમજાવવા માટે આ ફકરો ટાંકયોછે.

પણુ હવે એ ફકરો છોડી દઇને, આપણે સૌથી મોતેબર અને પાકીજ મજદાસનીયન ધર્મ શું કેહેછે, તે જોઇયે.

જુઓ ફરવરદીન યસ્ત ફકરા ૧ થી ૩ જો. અહુરમજદે સપેતમાન જરતોશતને કહ્યું કે "અમે સાચા સપેતમાન જરતોશત, પવિત્રો, જોરાવર, અને ગાલેબ ફરવશીઓનું જોર, કૌવત, નુર, મદદ અને ખુશી એઓ કેવી રીતે મને મદદ કરેછે, અને કુમકે આવેછે, તે હું તુને કહુંછું.

"તેઓના ચળકાટ અને નુરની મદદથી, આ આસમાન જે એવી સુંદર રીતે ચળકેછે, અને જે આ જમીનને લાગોને, તેની આસપાસ ફરી વળેલોછે, તેને હું ટેકાવી રાખુંછું.

"તે આસમાનની મીસાલ એવી છે કે જાણે એક પક્ષીને ખોદાએ ત્યાં ઉભું રેહેવાને ફરમાવ્યું હોય, તેમ તે ઉભુંછે; તે એક મોટા પંથરાએલા, લોઢાના જેવું મજબુત, ઝાડની મીસાલ ઉભુંછે; જેની પોતાની ખુદ રોશની ત્રણે દુંનીયાંઓમાં પ્રકાશેછે; જેની ઉપર અહુરમજદે મીથ્રા, રશનુ, અને સ્પેન્તાઆરમેતીની સાથે, તારાઓથી મઢેલો પોશાક પેહેરાવેલોછે, તે એવી રીતે કે તેના બાજુઓના છેડાઓને કોઇ જોઇ શકે નહી."

હવે ફરવશી અથવા ફરોહર શું છે, તે જરા આપણુ તપાસીયે.

ફ્રરવશી.—ફરવશી ને ઇંગ્રેજીમાં (Infinite Spirit) કરી કેહેછે, એટલે હદ વગરનો અથવા બેહદ આત્મા કરીને થાયછે. એ સર્વે ઠેકાણે વ્યાપક છે. હોરમજદની જેમ ફ્રવશી છે, તેમ ખુદરતમાં શું દીઠ કે અણુદીઠ ચીજ, તેની પણુ ફ્રવશી છે. પેહેલવીમાં ફ્રવશીને, ફરોહર કરીને કેહેછે. હવે અવસ્તામાં, હોરમજદની ફ્રવશીને **સ્પેન્તોતેમોમીનો** કરીને કેહેછે, જેનો અર્થ બેહદ વૃદ્ધિ કરનારી શક્તિ કરી થાયછે. સ્પેન્તો મીનો, અથવા સ્પેંન્ત મઇન્યુનો અર્થ વૃદ્ધિ કરનારી શક્તિ કરી થાયછે. આપણા ધર્મમાં બે એક એકથી ઉલટી શક્તિઓ જગતમાં વ્યાપક થઇ રહીછે, તેઓમાંની એકને સ્પેન્તમઇન્યુ એટલે વૃદ્ધિ કરનારી

શક્તિ અથવા ઉજાસ, રોશની, કરી થાયછે; બીજી શક્તિને અંગ્રમીનો એટલે કે ઓછું કરનારી, દુઃખ દેનારી, નાશ કરનારી શક્તિ તથા અંધકાર કરી કેહેછે. અલબતે આપણા ખાકી મનથી સ્પેન્તમઇન્યુની શક્તિને બેહદ કરીને ગણીયે છીયે. પણ તેમ નથી. સ્પેન્તમઇન્યુ ગમે એવી વ્યાપક તથા બેહદ જેવી લાગતી હોય, તોપણ જરવાનેઅકરણેના બેહદ કાળમાં, અહુરમજદની નજરમાં તેની હદ હોયછે. આપણ જાણીયે છીયે, કે એક વખત એવો આવશે, જેને કીયામત અથવા રસ્તાખેજ કેહેછે, કે જે વખતે સર્વે હસ્તીવાળી પેદાશ ખતમ થશે, અને નવી હસ્તી હૈયાતીમાં આવશે. તો હવે એટલામાટેજ અહુરમજદની ફરવશીને સ્પેન્તોમઇન્યુ કરી કેહવામાં આવતી નથી, પણ તેને સ્પેન્તોતેમોમીનો કરી કેહેછે, એટલે સર્વવ્યાપક તથા બેહદ તે હોયછે. એ બેહદ શક્તિ અથવા Infinite Spirit ખાકી જગતોમાં એટલે કે દીઠ કે અણદીઠ કુદરતમાં, તથા મીનોઇ હાલતમાં, બે જાતના ભાગો ભજી બતાવી, સર્વે ઠેકાણે વ્યાપક થઇ રહીછે. હવે આપણુને જો સમજ પડવા માટે માણસને પણ બે ભાગમાં લઇયે, એટલે કે ખાકી મન તથા આત્મા, તો એ બાબત વધારે સમજ પડશે. ખાકી મન આપણુને ખાકી મોજમજાહ, સ્વપના સરખાં કેહેવાતાં સુખ, એકલપેટાપણું, હુંપણું, ઇત્યાદી શીખવેછે, અને આપણુને ધરતીને લગતાંજ બે ઘડીના સુખ દુઃખમાં ફેંકી દઇ, ગગરાવી મેલેછે, તો જોકે એમ કરાવીને ખરી ફરજ આપણી શામાં છે, તે વીષે આપણુને એક રીતે અનુભવ, મળતો રેહેછે. બાતેનમાં કુદરતની જેમ માણસને તેમજ આખી જગતને વધારવાની છે, માટેજ અંગ્રમીનો જેવી દુઃખ દેનારી શક્તિ કુદરતમાં આમેજ થઇ હોયછે, તો જોકે બારીકીથી જોતાં જો માણસ સંપૂર્ણપણે, હોરમજદનો તાબેદાર રહી, તેનીજ તરફથી આપણા બચાવ માટે જે બીજી ભલી શક્તિ એટલે કે સ્પેન્તમઇન્યુ, તેને માન આપીને ચાલે, તો માણસને એ કેહેવાતી ખરાબ શક્તિ એટલેકે અંગ્રમીનોથી, બીહીવાનું બીલકુલ રહે નહી. ખાવાપીવા માટેજ આપણે જન્મ લીધોછે, માટે ખાઇ પી લેવું ને મોજમજાહ કરી લેવી, કાલ કેવી છે, જીવ્યા કે નહી, એ વિચાર ઘણાઓને હોયછે, પણ તે વિચાર ઘણોજ ભુલભરેલો છે, અને તે ખાકી મન જે જમીનપરજ ઢળેલું હોયછે, તેમાંથી નિકળેછે. એટલામાટે આપણી ફરજ, એ છે કે ખાકી મન એટલેકે જો તે બદીમાં ગીરફતાર હોય, તો બદ મન અથવા અંગ્રમીનો ફરમાવે તેમ કરવું નહી.

એથી ઉલટું આપણામાં એક બીજું ઉંચી કીસમનું તત્વ વસેછે, જેને Higher Self કરી કેહેછે, તે જેમ ફરમાવે તેમ કરવું જોઇએ. આપણામાં એવી રીતની જે સ્વચ્છ ખુદ ખોદાથી ઉતરેલી શક્તિ વસેછે, તેને આત્મા, આત્મીક બુધી, તથા મનસ જે ત્રણ એકમાં, અને એક ત્રણમાં હોયછે, તે કેહેછે. એ હમેશાં આપણુને એમ શીખવેછે કે ઓ માનવી તું ખાવા પીવા માટે જન્મ્યો નથી, પણ જન્મવા પછી, તું જીવતો રેહે અને મરણ નહી પામે, માટેજ તુંને ખાવું પીવું જોઇએ. એ આપણુને ખોદા તરફ તથા મીનોઆનમીનો કુતીયાં તરફ ખેંચેછે. એજ પ્રમાણેની એવીજ કોઇ પ્રકારની બે શક્તિઓથી આપણી

ધરતી તેમજ બીજા ગોળાઓ, સુર્યની આસપાસ તથા space માં ફરતા રેહેછે. એ શકિતઓને Centrepetal અને Centrefugal forces in nature કરી કેહેછે. એક શકિત સુરજથી દુર જવા કેહેછે, બીજી તેને સુરજ તરફ ખેંચાંણ કરેછે, અને એ બેના સમાગમથી, અમુક રીતે જગતો પોતાની ધરીપર, તેમજ સુર્યની આસપાસ ફરતી રહીછે, અને ફરશે. હવે સ્પેન્તમઇન્યુ, અથવા ખોદાઇ ચૈતન્ય, (Impersonality) એ કર્મના કાયદા પ્રમાણે, ખાકીજગતો તથા માણુસ આગળને આગળ ને આગળ વધ્યાજ કરે, ને વધી વધી વધીને ખુદમાં (Impersonal) માં પાછાં મળી જાય, માટેજ, એ, ખાકી (personal) શરીરોમાં ઉતર્યોછે, જેને બીજા શાસ્ત્રવાળાઓ **આત્મા** કરી કેહેછે. જેમ સ્પેંન્તમઇન્યુને જીવ કરતાં વાહાલો ગણીને, અને તેમ ચાલીને, આપણને સ્પેંન્તોતેમોમીનોમાં મળી જવુંછે, તેમ બીજા શાસ્ત્રવાળાઓ એમ માનેછે, કે આત્માને તાબેદાર રહીને, માણસે પરમાત્મા સાથ એક થવાનુંછે. સ્પેંન્તતેમોમીનોને ઇંગ્રેજીમાં (Universal Spirit) અથવા (Logos) અથવા (Chrystos) કરીને પણ કેહેછે, અને એ તે હોરમજદની **ફ્રવશી** કરીને ગણાયછે. અલબતે એટલા ઉપરથી, એ બે શક્તિઓને તદન છુટી છુટી કરીને તમુને સમજવી જોઇએ નહી. જ્યારે જન્મજ લીધો તો ખાકી મંનને તાબા તળે રાખીને, તેને સુધારાપર લાવવું, નહી તો તે માયાની જાળમાં વીંટલાઇ જવા વીના રેહે નહી, અને તેથી દેવ દરૂજોની જે હાલત તેમાં તે ઘુઆમેજ થવા વગર રહે નહી. હવે તમુને કંઇક સમજણ પડશે, કે એ હોરમજદની ફ્રવશી, સર્વેમાં સ્પેન્તમઇન્યુ તરીકે હળી મળી રહીછે, તેમ નહી હતે, તો સર્વે નાશ પામતે. પણ તે તેનાજ એટલે કે અહુરમજદના કર્મના કાયદા પ્રમાણે હળી મળી રહીછે, અને એજ પ્રમાણે જુદા જુદા ખવાસોની, અને ગુણોની તે બની રહેલી દીસેછે. એમાં એક સરખાપણું દીસતું નથી, અને કદી પણ દીસવાનું નથી, જ્યાંતુલીક દરેક જણ પોતાના કર્મ પ્રમાણે જેવી હાલતમાં હોય, તેમાંથી આસતે આસતે વધવાને રાત અને દહાડો મેહનત કરે નહી ત્યાંતુલીક. એજ પ્રમાણે દરેક ચીજ માટે પણ તમુને સમજવું જોઇયે. માણુસમાંજ નહી, પણ દરેક જીવવાળી ચીજમાં, તે બેનુ એક શરીર લઇને ફરેછે, જેઓને સમજ પડવા માટે ૧ **ખાકી** અને બીજું **મીનોઇ** ચૈતન્ય શક્તિ સાથનું, બેનું એક શરીર કરી કેહેછે. એજ પ્રમાણે સર્વે જણ બની રહ્યાંછે. કોઇ સતી તો કોઇ તપસી, કોઇ કોએલ તો કોઇ સુંમ, કોઇ માછલી, તો કોઇ પક્ષી, કોઇ ખોદાની દોસ્તી માટે અને તેની સાથ ખેતવદથ કરવામાં, તો કોઇ અમલ કરવામાં મોજ મેળવી, તે પ્રમાણે બની રહ્યુંછે. વળી કોઇ ઝીણામાં ઝીણું, પણ જગતને અત્યંત દુઃખ દેનારૂં, સુક્ષ્મદર્શક યંત્રમાંથી પણ નહી દીસે એવું ઝીણું જાનવર જેને bacteria કરી કેહેછે, તે બની રહ્યુંછે. એ bacteria અથવા germ એ પણ માણુસની પોતાનીજ ભુલનું એક પરિણામ છે, અને આટલું ચોકસ છે કે ઉડતા રોગો જેવાકે કોલેરા, સહીએડ, ઇત્યાદી. રોગો, જે ઉત્પંન થાયછે, તે માણુસની પોતાનીજ બેદરકારીથી થાયછે, અને જો તે ચાહે, તો સારે રસ્તે ઉતરવાથી, અને ગલીચાઇ

દુર કરવાથી, તે તેઓને અટકાવી શકે, જેઓનું મુળ કારણ જોશો તો તે પોતેજ છે. એવાં અનેક પ્રકારના દુઃખ દરદોમાંથી બચાવવા માટેજ તમારા વંદીદાદ તખતનશીન થઇને ઉભાછે, તો એવાં ઉમદા પુસ્તકની ફીલસુફી પ્રમાણે ચાલવાની કોશેશ કરો. હવે કરણીના કાયદા પ્રમાણે, સર્વે જણ બની રહ્યાંછે, તોપણ હોરમજદનો ઇનસાફ રાસ્તી છે, માટેજ તેની ફ્રવશી દરેકમાં ઉતરેછે, જેથી દરેકને પોતાની હાલત તથા જોગવાઇ અને કોશેશ પ્રમાણે આગળ વધવાની તક મળે. હવે તમુને સમજણ પડશે કે એક બચ્ચું રાજાને ત્યાં, તો કોઇ ફકીરને ત્યાં, તો કોઇ કંગાલ સુમને ત્યાં, શું કામ અને કેમ ઉતરેછે. સાધારણ રીતે લોકો એમ સમજેછે કે એતો ભાઇ ખોદા બધું કરેછે. હા, ખોદા નહી તો બીજું કોણ કરતું હશે, પણ તે તેના, કર્મના કાયદા પ્રમાણે બનેછે, નહી કે બીન કાયદે. એમ થવાથી, તેનો રાસ્તી ઇનસાફ સાબેત થાયછે, તો તેજ વખતે તેનો જગતો માટે જે બેહદ પ્યાર, તે અમલમાં આવેછે, પણ જેવું જેને ઘટતું તેવું તેને મળતું રેહેછે, સારૂં કરો, સારૂં પામો, સારાં છોકરાં જણો; નરસુ કરો, નરસુ પામો, નરસાં છોકરાં જણો; ને પછી માંથે હાથ દઇ, હોરમજદને વગોવવો, એ ઘણુંજ ભુડું કામ હું સમજુછું. અલબતે સર્વેનો પેદા કરનાર તે સાહેબજ છે, તોપણ તે કર્મના કાયદા પ્રમાણે, તે બનેછે, અને કેવી જગા, કેવું કુટુંબ, અને કેવાં ટોળામાં ઉતરવું તે તેના પુર્વ ભવના કર્મ ઉપર આધાર રાખેછે; અને જે કંઇ બનેછે તે હવે હોરમજદ નહી તો બીજું કોણ કરેછે. જ્યાંતુલીક કર્મ બાલેબાલ ખલાસ થાય નહી, જ્યાંતુલીક રગેરગ તે અહુરમજદને પુગે નહી, જ્યાંતુલીક પુર્વભવના કર્મના ફળ પુરાં થાય નહી, જ્યાંતુલીક ખરાબ કર્મ કરવાથી, તે અટકે નહી, અને કરે તો સારાંજ કરે, જ્યાંતુલીક આખી જગતને પોતાનો ભાઇબેન કરી લેખે નહી, જ્યાંતુલીક તેણે પોતાનું જાલમ એકલપેટાપણું છોડયું નથી, અને મગરૂરી, ને અહંકાર, ને કીનો, કપટ, તથા જાનવરી હવસો તજ્યા નથી, જ્યાંતુલીક હુંપણાની બેડી તથા બખ્તર ને દુર કીધાં નથી, જ્યાંતુલીક ખોદાઇ પ્યારને—પોતાનું ઘરબાર કરી લીધું નથી, ત્યાંતુલીક તેના પુર્વભવના ને હાલના કર્મની ખાશીયત તથા તેના હુંપણાને લગતી ખાએશ પ્રમાણે, તે પોતે પોતાની જગા ચોકસ કુટુંબમાં શોધી લેછે, અને જન્મ મરણની આ દુનીયાંમાં તેનું ઉતરવું થવાજ કરેછે. ખુદા તેમાં આડે આવતો નથી. આડે આવે તે કેમ ? પોતાનાજ બાંધેલા કરણીને લગતા જે કાયદા તેની સામે તે કેમ આવે. તેનો કાયદો એ છે કે મારી ફ્રવશી જે સર્વવ્યાપક છે, તે જ્યાંતુલીક તમોએ પીછાણી નથી, ત્યાંતુલીક મારી દરગાહમાં હું તમુને મેળવી શકતો નથી. માટેજ જેવી જેની વળણ, કોઇની ખાવાપીવાની, કોઇની દેશનું ભલું કરવાની, કોઇની દેશનો નાશ કરવાની, કોઇને રાજા થવાની, કોઇને મનુષ્યજાતીને નેક રસ્તે ઉતારવાની, ઇ૦ તે પ્રમાણે તે જન્મ લેછે. એમાં ખુદા માટે એમ કેહેવું કે એને એવો સારો જન્મ કાં આપ્યો, અને તેને નહી, તો તે વાત સારી લાગતી નથી. એટલામાટે આપણ પોતાને દુઃખી સમજતા હોઇએ સંસારથી, પૈસાથી, કે છોકરાંથી, કે તનદરોસ્તીથી, કે કોઇ પણ રીતે, તો તે માટે ગમ કરવો ને નસીબ-

પર બેસી રેહેવું લાયક નથી. આપણને જાણવું જોઇયે, કે આપણા કરતાંને વધારે દુ:ખી કોઇ હશેજ. પણ એવી વખત પ્યાર, ધીરજ, એકીન, તથા આશા, રાખીને હીમતથી કોશેશ કરતા રેહેવું. પોતાને ભુલી જઇને હોરમજદ મારેજ જીવીએ છીએ એમ સમજી કામ લેશું, તો એજ કાયદો, એજ કરણી, આપણી મદદે આવશે, અને આગળનાં ખરાબ કર્મો પોતાની મેળે આસ્તે આસ્તે દુબળાં જીવ વગરના થતાં જશે, પણ એટલો વખત ધીરજ ને સબુરી રાખવી જોઇયે. આ, જે સઘળું બનેછે તે વધારે દર્શાવવાને મારી પાસ પુરતા શબ્દો નથી પણ એમ બનેછે એ ખરી વાત છે. આપણે સાંભળ્યુંછે, કે કોઇ વખત બીયાબાન જંગલમાં કોઇ બદમાશ ખરાબ મતલબથી તેનું ધન લુટી, તેને મારી નાખવા જાયછે, તો તેજ વખત એક સાંપ આવી પેલાને કરડેછે, અને જીવ લેવા જનાર સામો જીવ ખોહી બેસેછે, અને પેલો નિર્દોષ બચી જાયછે. તો હવે એ શું બતાવેછે. કંઇજ નહી પણ કર્મનો કાયદો અને સતની જય. માટે નવાં ખરાબ કામ કરવાંજ નહી અને હોરમજદ માટે ભકિતભાવ રાખીને ચાલવું.

એ પ્રમાણે જુવો કે આએજ દુનીયાં આપણને સુધરવા માટે, અને છેલ્લે અંતે હોરમજદમાં મળી જવા માટે એક જાતની પાઠશાળા બની રહીછે. ખુદ સુખ તે શું, અને એક એકના સંબંધમાં આવતું કેહવાતું સુખ, એઓનો પક્કો અનુભવ આપણને અહીંજ મેળવવા વગર આપણો છુટકો નથી. એ અનુભવનો મોટો આધાર, આપણી કોશેશ, મનની વળણ, ભકતીભાવ, ધર્મ ધ્યાન ઉપર લટકેલોછે, જેથી આત્મીકગ્નાન પોતાની મેળે આપણને આસ્તે આસ્તે આવતું જાયછે. એક માણસ મરી ગયો, કે આપણ એમ સમજીયે છઇયે, કે આ ખાકી દુનીયાં સાથનો તેનો સંબંધ તુટી ગયો. બારીકીથી, ફીલસુફી રીતે, ધર્મની મદદથી જોતાં એવું કંઇ છે નહી. ખરી રીતે જોતાં આ શરીર જ્યારે મરણ પામેછે, ત્યારે જડ શરીર તેજ ફકત મરણ પામેછે, અને તેની સાથે તેનો પ્રાણ ખલાસ થાયછે, અને આસ્તે આસ્તે તેનું આકાશી શરીર અથવા સુક્ષ્મ શરીર, તે પણ ખલાસ થાયછે. તેના ખાકી મનને લગતા ફાંટા, અને હવસી વિચાર, તે પણ સુસ્ત થાયછે. પણ તેનો આત્મા, આત્મીક બુદ્ધિ, તથા તેનો મનસ (જે ઉપરથી માણસ બોલ નીકળ્યોછે), તેઓ કદી પણ મરણ પામતા નથી. એ ત્રણે એકમાં અને એક ત્રણમાં એકત્ર થઇ હમેશગી સુધી જેમ હતા તેમ હમેશગી સુધી રેહેછે. એ ત્રણે એક થઇને આખી જગતમાં પ્રસીદ્ધ થઇ રહ્યાછે. એટલામાટે કોઇ મરણ પામ્યું, માટે એમ વીચારવું કે આપણી સાથ તેનો સંબંધ તદનજ ખલાસ થયો, અને તે નાબુદ થયો, તો સાદી અક્કલમાં પણ ઉતરે એમ નથી. Nothing dies in nature.

એક ઝાડનું પાતરૂં ખરી પડેછે, તો તેના પણ તત્વો છુટાં પડી અતરેજ રેહેછે, અને નવી પેદાશમાં તેઓ કામ લાગેછે તો મનસ, આત્મીક બુદ્ધિ, અને આત્મા તે મરણ કેમ પામે ને નાબુદ તે કેમ થાય. તો હવે જ્યારે કોઇ માણસ ગુજરેછે, ત્યારે તેનામાં એવું શું છે, જેની સાથ આપણો સંબંધ તદન ખલાસ થાયછે, અને એવું શું છે કે જેની સાથ આપણો સંબંધ જેમ હમેશ હતો તેમ રેહે-

છે. તેના નીચલાં ખાકી શરીરની સાથનો સંબંધ ખતમ થાયછે એ ખરૂં છે. બદન સાથ આપણને કંઈજ કામ નથી. પણ તેનું જે મીનોઇ શરીર, તેની સાથ આપણો સંબંધ એ પ્રમાણે ખતમ થતો નથી કારણ તે તો જેમ તેનામાં, જેમ આપણામાં, તેમ આખી જગતમાં પ્રકાશીત થઇ રહયોછે. તેના સાત તત્વોમાં પેહલાં ત્રણ તત્વો જેઓ પડદેથી સ્પેન્તમીનો તરીકે હોરમજદની ફ્રવશીના નામથી આપણને જાહેર છે, તે અમર છે. તોપણ જે ચાર નીચલાં તત્વો એટલે ખાકી મન, આકાશી શરીર, પ્રાણ તથા ખાકી શરીર તેઓજ મરણ પામેછે, અને તેઓમાં પણ, ખાકી મન અને તેને લગતા જાનવરી જુસ્સા તથા સુક્ષ્મિક અથવા આકાશી શરીરને તદન ખલાસ પામવાને ઘણો વખત લાગેછે. આ વાત ખરી છે કે નહી, તે સમજવા માટે એકજ દાખલો બસ થશે. ઘણી વખતે, અકસ્માત થાયછે, તે વખતે અથવા તો ચોકસ દરદોમાં વાહાડકાપ કરી હાથ કે પગ કાપી નાખવામાં આવેછે. તો તે વખતે ઘણા દરદીઓમાં તેઓની ખાલી પડેલી જગામાં અત્યંત દરદ થયા કરેછે, કોઇ વખત કીડ લાગેછે, જાણેકે હાથ કે પગ હજુર હોય એમ તેઓને લાગ્યા કરેછે, તો જોકે દરદીના હાથ કે પગ તો કયે દીવસનો, કાપી નાખીને ફેંકી દીધેલો હોયછે. એવી વખતે ખયાલી જે દુઃખ દરદ અને તે પણ ખાલી જગામાં દરદીને થાયછે, તેનો ઈલાજ કરવાને કાબેલ ડાકટર પણ અશકત હોયછે. પણ હવે એ દાખલા ઉપરથી તમુને માલમ પડશે કે હાથ પગ કાપી નાખવા છતાં તેના જેવુંજ કોઇ સુક્ષ્મ શારીરી ભાગ, જેને આપણ જોઇ શકતા નથી, તે હૈયાતી ભોગવવું જોઇયે, કારણકે તે હજુર જાણે હોય, એમ તેને પીડા થયા કરેછે. તે ફેંકી દેવા છતાં સુક્ષ્મિક હાથ કે પગ મરણ પામતો નથી. એજ પ્રમાણે આખા શરીર માટે સમજવું, અને તે એ કે ખાકી જડ શરીર મરણ પામવા છતાં સુક્ષ્મિક બારીક જે શરીર જેને આકાશી શરીર, અથવા astral body કરીને કેહેછે, જે તેનુંજ બારીકમાં બારીક સ્વરૂપ છે, તે આકાશી શરીર, ખાકી શરીરની સાથે તરતો તરત મરણ પામતું નથી, પણ તેને મરણ પામવા માટે, તેના સારાં કે નરસાં ગુણ પ્રમાણે ઘણો વખત લાગેછે. આજ કાલ જીવપર કરવાનું, ઘણું સાધારણ થઇ પડયુંછે. કેહેવાતો સુધારો પોતે કેહેછે, કે એક માણસને દુઃખમાંથી છુટવા માટે, કુદરતે પોતે જીવપર કરવાનું માણસને સેહેલતા કરી આપીછે, અને તેની મરજી પ્રમાણે તેને કરવાને છુટ છે. પણ જુઓ તેની શીક્ષા. આપણ એક દાખલો લઇયે. ઘણું કરીને કરજ થવાથી અથવા બદહવાસનું એક જાતનું દેવાનાપણું લાગવાથી, અથવા પૈસાની તાંણને લીધે, અથવા તો કોઇ [illegible] દુઃખ દરદથી કંટાળીને, કોઇ કોઇ જીવપર કરેછે. પણ આપણે ઉપર જોયું કે એમ કરવાથી પણ, તે કંઇ ખરેખરો મરણ પામતો નથી, ફકત તેનું ખાકી બદન નાશ પામેછે. પ્રાણ નીકળી જઇ તે મરણ પામેછે, પણ તેનું સુક્ષ્મિક શરીર ઘણો વખત સુધી મરણ પામતું નથી. આ દુનીયામાં કરજનો બોજો કદાચ ઉતારી શકાય, કોઇ બીજો ભલી લાગણીનો મદદે આવે, અથવા તો કોઇ રીતે તેનો છુટકો થઇ શકે એમ છે. પણ એવી ક્રુર રીતે પોતાનો અંત લાવવાથી બનેછે શું તે

જુઓ. જ્યારે તેણે પોતાની આ ખાકી ગાડીનેજ એટલેકે શરીરનેજ મારી નાખ્યું તો પછી તેના હાથ, પગ, વાચા જેવું કઇ રહ્યું નહી, જેની મદદથી તેની મુશકેલી દુર થઇ શકે. હવે તે બદન વગર, દોડતો ફરેછે, અને આ મહા બુડાં કામને માટે તેને ઘણું સોસવું પડછે. ખાકી મન તો હજુર હૈયાત છે, પણ તે ચારા વીનાનું થઇ પડયું છે. બદન હોય તો, કંઇ પણ કરવાને તે હજુર આતુર છે. પણ બદનની ગાડી તો મળે નહી. જેમ કે એક માણસને લખવો થયો હોય, તો તેને હાથ પગ છતાં, તેઓ તેને મનસે નકામાં છે. તો આ દાખલામાં તો હાથ, પગ, બદન, કંઇજ નથી તો હવે તેના ખાકી મનને જે પસ્તાવો થાયછે, તેનું વર્ણન થઇ શકતું નથી. એ પ્રમાણે દરૂજનશોથી તેને મીનોઇ હાલતમાં ઘણુંજ સોસવું પડેછે. એક રાત તે તેને મનસે ૫૭ વરસ જેટલી લાંબી લાગેછે. હૈયાતીની દોરી તેણે પોતે તોડી નાખી એનું એ પરિણામ છે. હવે એજ બાબદ ઉપરથી આગળ ચાલતાં આપણને વીચાર આવેછે કે મરણ પછી, દાટવાની કે બાળવાની કે દખમે પુગાડવાની ત્રણ રીતીઓમાં કઇ રીતી સૌથી સરસ ગણી શકાય, જેથી સુક્ષ્મિક અથવા આકાશી શરીરના તત્વો જેમ બને તેમ જલદીથી તદન નાશ પામે. ઉપર સમજાવ્યા પ્રમાણે, સુક્ષ્મિક શરીર જેમ બને તેમ જલદીથી નાશ પામે અને તેથી કરીને ગુજરનાર ધણી, જેમ બને તેમ દેવદરૂજોથી છુટો રેહે, માટે દખમામાં નાખવાની રીતી ઘણીજં પસંદ કરવા જોગ છે, તે એટલા-માટે કે મરી ગયા પછી શરીરને જ્યારે દાટવામાં આવેછે, ત્યારે તેનું જે ખાકી શરીર તેને તદન ખલાસ થવા માટે, અને મટી સાથ મટી મળી જવા માટે ઘણો વિલંબ લાગેછે જેથી તેનીજ સાથ એક થઇને રહેલું જે સુક્ષ્મિક શરીર, તે પણ લાંબો વખત સુધી ચીવટપણે તેની સાથ પોતાનો સંબંધ છોડતું નથી, અને તેથી બનેછે એમ કે જેમ ખાકી શરીરને કોહોતાં નેં જમીનની માટી સાથે મળી જતાં, જેમ જેમ વખત લાગેછે તેમ તેમ તેનું સુક્ષ્મિક શરીર તેના ગુણ જો બુડા હોયછે, તો લાંબો વખત સુધી ભયંકાર રૂપે તેને દુખ આપ્યા કરેછે. એ વીશે વંદીદાદની પરગરદ, ૫૫, ૫૬ ને ૫૭ ના ફકરામાં આ પ્રમાણે કબરો માટે લખાણ આવ્યું છે, કે "હાડમંદ મુલુકોના અએ અશો પેદા કરનાર! દેવ કયાં છે, દેવને ઇજનારો કયાં છે? દેવોનું સાથે દોડવું કયાં છે? દેવોનું સાથે મળવું કયાં છે? પચાસથી તે સોગણા, સોથી તે હજારગણા, હજારથી તે દશહજારગણા, તથા દશહજારથી તે અગણીતગણા દેવો કયાં સાથે દોડેછે? ત્યારે હોરમજદે કહ્યું કે અએ સૌથી પવિત્ર જરતોસ્ત! આં કબરોમાં કે જે આ જમીનની ઉપર બુલંદ બાંધેલીછે; જેની અંદર મુવેલાં માણસો લોકો મુકેછે, ત્યાં દેવ છે, ત્યાં દેવને ઇજનારો છે, ત્યાં દેવોનું સાથે દોડવુંછે, ત્યાં દેવોનું સાથે મળવુંછે, ત્યાં પચાસથી તે સોગણા, સોથી તે હજારગણા, હજારથી તે દશહજારગણા, દશહજારથી તે અગ-ણીતગણા દેવો સાથે દોડેછે. અએ સૌથી પવિત્ર જરતોસ્ત! જે પ્રમાણે કે આ હાડમંદ દુનીયામાં, તમો જેઓ માણસો સ્વાદદાર ખોરાક તૈયાર કરોછો, તથા ખાઓછો, તે પ્રમાણે આ કબરમાં એઓ કે જેઓ દેવ છે તેઓ ખાયછે." એટલા ઉપરથી તમો જુઓ કે કબરમાંની બદબો, દેવોની ખુશાલી તથા જીવતા-

એોનું મોત છે. ગલીચાઇ, બીમારી, તાપ, કોલેરા, નાપાકી, ધુજરીથી જીવતાંઓ પીડાયછે. તેમજ મરણ પામેલાંઓ પણ ખાકી માનસીક તબક્કા ઉપર પોતાનું સુક્ષ્મ શરીર જલદીથી ખલાસ નહી થવાને લીધે, તેઓને પણ ભોગવવું પડેછે. માટે જેમ જલદીથી સુક્ષ્મ શરીર ખલાસ થાય, તેમજ મુવેલું ખાકી શરીર, તેમ સારૂં. એને માટે સૌથી સરસ રીતી તે દખમાને લગતી છે. જ્યાંતુલીક ખાકી શરીર કબરમાં રેહેછે, ત્યાંતુલીક સુક્ષ્મિક શરીરને વીખરાઇ જવાને સવળતા મળતી નથી. કેટલાક લોકો એમ માને છે કે જુની કબરો, અને જ્યાં પણ નજીસાત વસેછે, ત્યાં ખરાબ શાકતઓનુ ભમવું રેહેછે. એટલામાટે જગેજગ જ્યાં પણ પારસી કોમ વસતી હોય, ત્યાં દખમાં બંધાવાનું મોટું પુણ્ય સમજવામાં આવેછે, એ વાજબી છે. અલબતે, લાસને આતશમાં બાળવાનું પણ કેટલાક લોકો પસંદ કરેછે, તોપણ જે લાગણીથી તથા ભકતીભાવથી આપણ આતશને કેબલા તરીકે ગણ્યે છીયે, તે ઉપરથી બાળવાની રીતી પસંદ કરવાજોગ નથી, કારણકે આપણ તેમાં નસો બાળવાનું ગુનાહભરેલું સમજીએ છીયે. આ ત્રણ રીતીઓમાં દાટવાની રીતી જેમ જેમ સુધારો આગળ ને આગળ વધશે તેમ તે રીતી કમી થતી જશે, એમ માનવામાં ખોટું કંઇ નથી. એ રીતી એવી છે, જે ઘણી વખત સઉથી ભયંકાર મરકી રૂપી રોગો ફેલાવવામાં પણ સરસ સાંધણ કરી આપેછે, અને ઘણી વખત મરકી રોગોના બીયાના મધ્ય બીંદુંઓ થઇ પડેછે. વળી બાળવાની ચાલતી આવેલી રૂઢી પણ કેટલીક રીતે દુઃખ દરદોનો ફેલાવો કરેછે. જેમ કે કોઇ દીવસ એવો હોય કે જે વખતે હવા, દવ, ભીનાસ, અથવા તો વાદળથી ચીકાર ભરેલી હોય, તો તેવા દાહાડા ઉપર, કોઇ ખરાબ રોગવાળી લાસ બાળવામાં આવે તો, હવા સ્થીર હોવાને લીધે, બાળવાથી પણ રોગના બીયાં તદન નાશ પામતાં નથી, અને તેટલા ભાગ ઉપર તથા તેની આસપાસની જગાઓમાં, તેજ બીયાં, પાછાં હવામાંના દવ કે ભીનાસ સાથે, જમીનપર ઉતરેછે, અને રોગ પાછો ફેલાયછે. એ પણ, આપણી ધર્મ માટેની લાગણી ઉપરાંત, લાસ નહી બાળવા માટે, એક મોટું કારણ છે.

અશોઓની ફરવશીઓ (guardian-angels) મોટી જોરાવર લડાઇઓમાં મોટી મદદ આપેછે. એ લડાઇ, તે, જે મોટી લડાઇ આપણને દરૂજનતશોની સામે નેક મનશની, નેક ગવશની, નેક કોનશનીથી લડવાની છે, તેને લગતી છે. નીચ યુક્તિથી પૈસો ભેગો કરવા માટેના જે પ્રપંચો તથા પછાડા, તથા એક જાતની એકલપેટી લડાઇ, તેને એ બોલ લગાડવામાં આવતો નથી; તેમજ ક્રુર, લોભી, ઘાતકી રાજા પાદશાહો તથા જુલમગારો જેવાકે અફ્રાશીઆબ, જુહાક, તથા અરજાસ્પ, તથા સીકંદર જેઓ પોતાના એક જીવના લોભી સ્વાર્થને ખાતર દેશના દેશો તારાજ કરી ગયા, તે નહી સમજવી. પણ નેકીના રસ્તાને ચીવટપણે વળગી રેહેવું, અને ગમે એવી ગરીબાઇ ઉતરે, તોપણ સબુરી, સંતોષ તથા સુકરાના કરી, ડાહાપણથી તથા એકીનદારીથી આપણો ઉદ્યોગ કરતા રેહેવું, અને ખોદાપર પુરેપુરો ભરૂસો રાખીને નીતિથી તથા પ્યારથી સઉ સાથ ચાલવું, વેપાર રોજગાર કરવો, તેને લગતી જે હાડમારી તથા જે દસ્તોજની સંસાર મંડળ કે વેપાર

મંડળને લગતી જે ત્રાસદાયક લડાઇ, તેને માટે એમ કેહેછે કે અશોઓના ફ્રવશીઓ, તેવા અશો લોકોને, તેવા પરેજગાર બે પગવાળા ફરેસતાઓને, દીવસ તેમજ રાત્રે, જમીનપર કે દરીઆવપર, જાગતા હોય કે સુતેલા, ગમે એવા દુઃખી હોય, તો તેવા અશો લોકોને ખંતીપણાથી હમેશાં મદદે આવેછે. નેકીની જય હમેશાં બદી ઉપર હોયછે, અને આપણા ધર્મ પ્રમાણે નીતિવાનો ડાહાપણવાળા પરેજગારોને માટે ખુદરતની અણદીઠ ભલી શક્તિઓ તેઓની મદદે હમેશાં આવેછે.

સઘળી ફ્રવશીઓમાં જીવતાંઓની ફ્રવશીઓ વધારે જોરેમંદ તથા ગાલેબ છે, એમ ફરવરદીન યસ્તમાં ખોલ્લું જણાવ્યું છે. હૈયાતી ભોગવી ગયલાઓમાં તથા હવે પછી જેઓ હૈયાતી ભોગવશે, તે સઘળાઓમાં, હાલ જે હૈયાત છે, તેઓની અશો ફ્રવશીઓ વધારે ગાલેબ તથા જોરાવર છે. ફરવરદીન યસ્ત, કરદો ૧ લો, ફકરો ૧૭ મો, આ પ્રમાણે લખાણ આવ્યું છે કે—

"તાઑ ઉઘરાહુ પેશનાહુ ઉપસતાંમ હેનતે દાહેશતાઑ ઇઆઑ ફ્રવશીઓ અશાઑનામ તાઑ ફ્રવશીઓ અશાઓનામ અઑજેશતાઑ હેનતે સપેતમ ઇઆઑ પઑ એરીઅનાંમ દકેશનાંમ ઇઆઓ વા નરામ અજાતનામ ફરશોચરેથરામ સઓશીઅંતામ, આઅદ અનીઅએશાંમ ફ્રવશીઓ જવનામ નરાંમ અશઓનામ અઓજીએહીશ જરથુંશતર ઇઅથ એરેસતનામ સપેતમ."

અર્થ.—"જેઓ અશોઓની ડાહાપણવાળી ફ્રવરશીઓ છે, તેઓ જોરાવર લડાઇઓ અંદર મદદગાર છે. અએ સપીતમાન જરથોશત જેઓ પોરીઓતકેશોમાંના પવિત્રો છે તેઓની; અથવા જેઓ હજુ નહી જન્મ પામેલા, રસતાખેજ કરનારા, અને ફ્રએદો કરનારા માણસોમાંના પવિત્રો છે, તેઓની ફ્રવશીઓ અતિષ્ય જોરાવર છે. અએ સપેતમાન જરથોશત, બીજાં જીવતાં માણસોની ફ્રવશીઓ ગુજરી ગએલાંઓની ફ્રવશીઓ કરતાં વધારે જોરાવર છે." જુવો યસ્ત બા માએની બનાવનાર એરવદ દસતુર શોરાબજી મેહેરજીરાણાના તથા એરવદ મીનોચેરજી શાપુરજી વાછા.

ઇંગ્રેજીમાં ફકરો—"These guardian-angels of the righteous give great assistance in great battles (to be fought against the devilish empire). The guardian-angels of the righteous among the believers in the old religion, or those of the prophets (Saoshyanto) to come, for making perpetuation of life, are the strongest of all; then the guardian-angels of the living righteous men are stronger than those of dead". See Haug's Essays. Fravardin Yasht, Verse 17.

હવે ઉપલા ફકરા ઉપરથી ખુલ્લું સાબેત થાયછે કે ગુજરીગએલાંઓની ફ્રવશીઓ કરતાંને જીવતાં પરેજગારોની ફ્રવશીઓ વધારે જોરાવર તથા ગાલેબ છે. એનુ કારણ શું ? કારણ વીચારવાનું ઘણું વિકટ નથી, અગરજો આપણ આટલું યાદ રાખીએ કે જીવતાંઓને સારાં કર્મ અથવા તો તેથી પણ ચહતાં અને સઉથી સરસ કામો જેને નીક્કામો કરી કેહેછે, તે કરવા માટેની જે તક,

તે તેઓને આ ખાકી બદનની મારફતે મળી શકે એમ છે. જીવતાંઓને કારણ શરીર હોયછે, જેને (casual body) કરી કેહેછે, જેની સાથ, આ ખાકી બદનની ગાડી, ખાકી મન, મનસ, આત્મીક બુદ્ધિ, આત્મા, તથા અહુરમજદની નેક મરજી પ્રમાણે ચાલવા માટેની મરજી, હોયછે. એ આખાં શરીરને રૂપ શરીર કરીને પણ કેહેછે, એટલે કે સારા ગુણોને પોતીકા કરી લેવા, બદીને, નેકીને બધી તરફથી પીછાની લઇ, બદીને તજવી, ને નેકી અથવા સતને પોતાની કરી લેવી, તે તેનાજ હાથમાં સોંપેલુંછે. એમ કરવા માટે, આત્મા, આત્મીક બુદ્ધિ તથા મનસ તો હમેશાં, તેને, નેકીનો ને રોશનીનો ને ડાહાપણનો ઝરો મોકલતો રેહેછે ખરો, પણ તે પ્રમાણે ચાલવું કે નહી, તે તેના હાથમાં તેની મરજી ઉપર સોંપેલુંછે. એટલામાટે બદન, ઇંદ્રિઓ, તથા ખાકી મંનને એટલે કે ઇચ્છા રૂપી મનને નેક રસ્તે ચલાવવાં ઘટેછે. ખાકી મનને ખાલેશ રાખવું જોઇયે, ઇંદ્રિઓને આપણા તાબાતળે રાખવી જોઇયે, અને લોભ લાલચ મોહ, ક્રોધ, કીનો, કપટ, તજવાં, એ આપણીજ નેક મરજી ઉપર મુકેલુંછે. જોઇયે તો મનસની મારફતે, આત્મીક બુદ્ધિ, તથા આત્મા જે નેક વીચાર ખાકી મનમાં મોકલે, તે માની તેમ ચાલવું; જોઇયે તો આપણી સ્વાર્થિ મતલબ માટે, તેને પડતો મુકવો. પણ સાચી વાત તો એ છે કે એ મીનોઇ અખુટ ઝરાની રોશનીને તાબે રહી, આપણને હમેશ જીવવું જોઇયે. ખાકી મનને પોતાના તાબાતળે રાખવું, ઇંદ્રિઓને લગતા ખ્યાલી ને વિચીત્ર ખ્યાલોને દુર દફે કરવા, નીષ્કામવાળા બનીને, મનુષ્યજાતીનું ભલુંજ કરવામાં જીંદગી ખલાસ કરવી, અહુરમજદમાં પુર ભકતીભાવ રાખવો અને મુશકેલીમાં તેની મદદ માંગવી, અને તેને કદી પણ વીસરવો નહી, એવી રીતે જે કોઇ અશો, સ્વાર્થવિનાની, હુંપણાના બખતરને તોડી પીખીને, જીંદગી ગુજારેછે, તેને જીવતાંજીવત ગ્નાન થાયછે, જેના બળથી તે ચાહે તે કરી શકેછે, જેના બળથી તે ચાહે તેવી રીતે દુન્યાનું ભલું કરી શકેછે. આગળું, પાછળું, હાલનું, સર્વ તેની નજર સાંમે આવેછે. હવે તે એક મીનો યજદ કે માહાત્મા, કે (master) કે ગુરૂ, કે પેગંબર બન્યો હોયછે. એવાં લોકોનુ જે કારણ શરીર, તેનો તેઓ હમેશાં સારોજ ઉપયોગ કરેછે, અને જે પણ કારણ આપેછે, અથવા વીચાર દોડાવેછે, તે હમેશાં સારોજ હોયછે. કંઇ પણ આશા કે બદલો મેળવવા માટેની જરાપણ ખાએશ વગરનો તે હોયછે, જેથી તેનુ પરિણામ પણ હમેશાં સારૂંજ આવેછે. ખાકી શરીરને, તેઓ એક પોશાક કરી ગણેછે, અથવા તો એક ગાડી સમજીને તેનો ઉપયોગ કરેછે. હવે શરીર હોય તોજ કારણ અથવા કાર્ય કરવાની જોગવાઇ મળેછે, પછી જોઇયે તો સારૂં કારણ કે ખરાબ કારણ આપણ રોપીયે. હવે જ્યાં કારણ ત્યાંહાં તેનુ ફળ અથવા અસર હોય ને હોયજ. Cause ની પછવાડે Effect આવેછે. એ બંધે હમેશાં બગલગીરી કરીને ચાલેછે. કોઇ પણ કામ કરવા માટેનું કારણ કે વીચાર મોકલો, તો ફળ થવા વિના રેહેતું નથી. હવે એવી રીતનું કારણ શરીર અથવા રૂપ શરીર, ગુજરેલાંઓને હોતું નથી, તેઓને એક જાતનું શરીર હોયછે, પણ તે રૂપવાળું કારણવાળું શરીર કરી

કેહેવાતું નથી, કાંએકે તેઓને આપણા જેવું ખાકી શરીર ખાવા પીવા માટે હોતું નથી. એટલે તેઓના શરીરને મીનોઇ શરીર અથવા અરૂપ શરીર, અથવા તો રૂપ વગરનું શરીર કરી કહેછે. એમ હોવાને લીધે, તેઓ એટલે કે ગુજરેલાંઓ કોઇ પણ જાતના નવાં કારણ કે કારણોને જન્મ આપી શકતાં નથી. વળી તેઓને ખાકી મન કે ખાકી શરીર, કે ખાકી ઇંદ્રિઓ નહી હોવાને લીધે, મનુષ્ય જાતીને તેઓ, ખાકી મન કે ખાકી બદન કે ખાકી ઇંદ્રિઓના તબક્કા ઉપર, મદદ કરી શકતાં નથી, તો જોકે આત્મીક બુદ્ધિ જેમાંથી મનસ ઉતરેછે, તેના તબક્કા ઉપર તેઓ તેની મદદે આવી શકેછે, અને તેઓ નેક વીચાર આપી શકેછે, પણ વધારે તેઓ કરી શકે નહી. એટલા ઉપરથીજ તેઓ માટે એમ કેહેછે કે તેઓની ફ્રવશીઓ કરતાં ને જીવતાંઓની ફ્રવશીઓ વધારે ગાલેબ હોયછે. એ પ્રમાણે ગુજરીગયલાંઓ, જે સુંદર બીયાં અથવા કારણો પોતાની હૈયાતીમાં, આ ધરતી ઉપર રોપી ગયાં, તેના મધુર સ્વાદિષ્ટ અમર ફળોની ઉપર આધાર રાખીને, પેલી જીહાંનમાં આનંદ રેહેછે, જે તેઓ બેહદ વિસ્તારમાં ત્યાં ભોગવેછે. અલબતે આપણી દોલતનો છુટથી ઉપયોગ કરવાને, જેમ આપણને હક હોયછે, અને કોઇ આડે આવી શકતું નથી, તેમજ જે મીનોઇ ફળો તેઓની પાસ આવી ઉભાં રેહેછે, તે તેઓ મનુષ્ય જાતીના ભલાંને અર્થે એટલેકે તેઓના આત્મીક ભલાંને માટે છુટથી અરૂપ હાથથી પાંથરતા રેહેછે.

એ પ્રમાણે તમે જોવો કે જે ગુપ્ત શક્તિ તેઓને જાહેર થયલી હોયછે, જે ફળો તેઓએ તૈયાર કીધાં હોયછે તે ફળો તેઓ પોતે ચાખેછે, એટલુંજ નહી પણ મનુષ્યજાતીને પણ તેનો ભાગ ગુપ્ત રીતે મોકુલતાં રેહેછે. તેઓનું બળ તથા જોર અત્યંત હોયછે. તેઓનો સ્વયમ પ્રકાશ, નુર અને ચળકાટ અને જાહોજલાલી એટલી તો હોયછે કે તેઓને માટે અહુરમજદ પોતે કેહેછે કે તેઓના નુરની મદદથી, હું ઉંચા જોરેમંદ અનાહીતા એટલે કે આવા અરદુઇશુર (અથવા આકાશી પાણીને અથવા મીનોઇ ગુણોને) પુલોથી ટેકાવી રાખુંછું એટલે કે એક જાતના magnetic અથવા લોહોચુંબક જેવી શક્તિના જોડાણથી હું ટેકાવી રાખુંછું. અહી સમજવું જોઇયે કે આવાં અરદુઇશુરને (Celestial Waters) કરી કેહેછે, અને તેને ભલામાં ભલા જે આકાશવાણી ગુણો આપ્યાછે, તે સમજવા, જેઓને લગતું ગ્નાન, આપણને ચીનવદ પુલની મારફતે ખાકી મનમાં ઉતરેછે. વળી અહુરમજદ કેહેછે કે "અએ જરતોશત! આએ ફ્રવશીઓના ચળકાટ અને નુરની મદદથી, હું હંમેલદાર ઓરતોના તરતનો રહેલો ગર્ભ જે એક આકાર વીનાનો તથા નિર્જીવ અથવા અચૈતન્ય, જડ લોચામાંથી બનવાને માટે હોયછે, તેને જયાંસુધી તેના હાડકાં, ને આકાર બને અને તેમાં ઘટપણું આવે, અને તેમાં જીવઆત્મા ઉતરે, અને ચાલવા માટે અને બોલવા માટેની શક્તિની વૃદ્ધિ થાય, ત્યાંવેર તે ગર્ભને નીભાવી જીવતાં રાખુંછું.

"અગરજો પવિત્રોની ગાલેબ ફ્રવશીઓ મને મદદ નહી આપતે, તો મારા પશુ અને માણસો જે, આ સર્વ હૈયાતી ધરાવનારાઓમાં સઉથી ઉત્તમ છે, તેઓ

જીવી શકતે નહી; પણ દરૂજોની સત્તા, ને દરૂજની પાદશાહી શરૂ થઇ હોત, અને આખી જીવતી જગત પણ દરૂજનીજ થઇ હોત." (જુઓ ફ્રવરદીન યસ્ત.)

ટુકમાં સર્વે જગતો અને તેઓની રચના માટે, હોરમજદ કેહેછે, કે પવિત્ર ગાલેબ ફ્રવશીઓની મદદથી એ સઘળું બની રહયુંછે, અને તેઓની મદદ નહી હતે તો દરૂજનીજ આ જગત બની હતે, અને ગનામીનો સ્પીનામીનોને તાબે થતે નહી. એ શું બતાવેછે. એજ કે દરેક જણ, પછી જીવતાં પવિત્રોની ફ્રવશી, કે થઇ ગએલાં પવિત્રોની ફ્રવશી કે હવે પછી પેદા થનારા પવિત્રોની ફ્રવશીઓ હોરમજદના પોતાના ભલા ગુણોથી, જે હોરમજદ તરફથીજ ઉતરેલાછે, તેઓની મદદથી, પાછી હોરમજદને તેની જગતની રચનાની ચાલુ વૃદ્ધિમાં મદદ કરેછે. એ વીચારવાનું સેહેલ છે કે જેઓના કર્મ ખરાબ હોય, પછી તે પેલા ભવના કે આ ભવના, તો તેઓને ત્યાં કંયા તો છોકરાં થતાં નથી, થાયેછે, તો મરણ પામેછે, કારણકે એ પ્રમાણે તેઓ પવિત્રાઇથી, હોરમજદની કહેણી પ્રમાણે ચાલતા નથી.

આ હાડમંદ દુન્યામાં જેમ વધારે પાકીજે, જેમ વધારે ભાઇચારાનો ફેલાવો, જેમ વધારે નેકી, ડાહાપણ ને ખાલેશપણાનો ફેલાવો, તેમ પવિત્રોની ભલી બાહાદુર અને વૃદ્ધિની કરનારી ફ્રવશીઓ, પેલી જીહાંન વધારે ને વધારે જોરેમંદ થાયછે, તથા ખુશાલી ભોગવેછે. જરતોશતી ધર્મ પ્રમાણે, મુકતાદના દીવસો ઉપર, એટલે હમસપથમેદેમ ગંભારના વખત ઉપર, તેઓનું આ જીહાન ઉતરવું થાયછે, અને દસ રાત સુધી તેઓનું અતરે ફંરવું થાયછે. જુઓ એ વખતે તેઓ શું ખાએશ રાખતાં દીસેછે. તેઓ બોલેછે કે, કોણ હમોને વખાણશે ? કોણ હમોને પોતાના કરી ગણશે, અને આરાધશે ? કોણ હમોને ગાએવાલા અને વસ્રવાલા હાથથી, પવિત્રાઇને માટે બંદગી ગુજારશે ? હમારામાંના કોણને એવી બક્ષેશ આપશે, કે જે હમેશાં સુધી નહી કોહી જાય એવા ખોરાકની હોય ? એ મકાનમાં એટલે જ્યાં ગાલેબ ફ્રવશીઓને યાદ કરવામાં આવેછે, ત્યાં તેઓ એવી દુવા દે છે કે ગોસપંદ અને માણસોના ટોળાં થાઓ, ત્યાં ઝડપવાળો ઘોડો અને મજબુત ગાડી થાઓ, અને તારીફલાયક અને વખાણલાયક થાઓ. એની મતલબ એટલીજ છે કે અહુરમજદે બંધે જીહાંનોને એક જાતની લોહોચું મબીક ગેબી સાંકળથી જોડી રાખીછે. જો જીવતાંઓ પહેરેજગાર અને સતયુગના વખત જેવા સાચા મનવાળા હોયછે, તો તેથી અણદીઠ રીતે ગુજરેલાંના ફ્રવશીઓ ખુશ ખુશાલ રેહેછે, અને તેઓને માટે ગરજની વખતે મદદે આવેછે. જીવતાંઓની ફ્રવશીઓ, ગુજરીગયલાંઓની ગાલેબ ફ્રવશીઓ કરતાં અથવા હજુ નહી જન્મ પામેલી ફ્રવશીઓ કરતાં, જો વધારે જોરાવર હોય તો, તે જોર સારે કે ખરાબ માર્ગે વાપરવાનું તેઓની નેક કે બદ મરજીપર આધાર રાખેછે. જેમકે એક તાલીમબાજ જોરેમંદ અથવા એક જબરો તરનાર ચાહે તો પોતાનું જોર તથા કળા સારે રસ્તે વાપરીને કોઇનો જાન જતો બચાવે, તો એક બદ રાહા ઉપર ચાલનારો તેવોજ કોઇ જોરેમંદ, પોતાની કોઇ નીચ મતલબ માટે, કોઇને નુકસાનીમાં લાવે એ બનવાજોગ છે. એક કેખશરૂ પાદશાહ કે કુરૂસ (Cyrus the Great), કે નુશીરવાન અદલ જેવો જોરવાળો ને કળાવાળો, ચાહે તો, આખી

દુન્યામાં, સલાહસંપજ સુખ ને આબાદાની રખાવે. પણ એક સીકંદર કે જંગીસખાન, પોતાના હદ વગરના લોભી સ્વાર્થને લીધે, દુન્યાને નુકસાનીમાં લાવી મુકે. એજ પ્રમાણે મનને લગતી દુન્યાના તબક્કા ઉપર કોઇ પોતાની પહરેજગારીને પવિત્ર ગુણોથી બીજાઓને ધર્મ બોધ આપી, નેક માર્ગે ઉતારે, તો બીજો પોતાની જોરાવર શક્તિઓનો (Psychic powers) ગેરઉપયોગ કરી, આસપાસનાઓને ખરાબીમાં લાવી મુકે. થોડુંક થયું hypnotism, mesmerism, clairvoyance ઇ૦ બાબતો જાહેરમાં આવીછે. જેઓએ એ વીશે વાંચ્યું હશે, તેઓ સારી રીતે જાણેછે, કે એ વિદ્યાઓ ઘણી ભેદી છે. એ બે ધારવાળી તલવાર ગણાયછે. એક પેગંબર તેની ગેબી વિદ્યાના બળે, દુન્યાનું રક્ષણ કરેછે, તો એક મેલી વિદ્યા જાણનારો, તેનો ગેરઉપયોગ કરીને, દેવદરૂજેનો જોર વધારેછે, અને માણસને નુકસાની કરેછે. પેગંબર જરતોશત પેહેલા નંબરનો એક રાજયોગી તથા પેગંબર થઇ ગયો, જેની ઉત્તમ ફીલસુફી તથા ધર્મ જ્ઞાન માટે, આજે પશ્ચિમ તરફના કાબેલમાં કાબેલ વિદ્વાનો જાબજા તારીફ કરેછે. સદા કાલ તેનું નામ અમર રહો, અને મનુષ્યજાતીની વૃદ્ધિ થાઓ. આમીન !!

કરણીનો કાયદો તેજ બેહેસ્તનો દરવાજો.

ભાષણ ૫ મું.

ફ્રવશી અથવા ફરોહર શાને કેહેછે, તે વિષે હું ગયાં ભાષણમાં કહી ગયો. ફ્રવશી જેમ હોરમજદની હોયછે, તેમ દરેક ચીજની, દરેક પેદાશની પણ હોયછે. માણસની ફ્રવશી જેમ તે જીવતાંની હોયછે, તેમ અગાઉ થઇ ગએલાંઓની, તેમજ હવે પછી જે જન્મ લેશે, તેઓની પણ હોયછે. ઈંગ્રેજીમાં એને Infinite Spirit કરીને કેહેછે. જાથુક રીતે અને હમેશગી સુધી, એ જે સર્વવ્યાપક છે, તે માણસને અખુટ તથા ખુદ રોશનીનો પ્રકાશ મોકલતો રેહેછે. માણસે પોતાની જીંદગીમા, એના તાબા તળે રહીને, અને નેક મનશની, ગવશની, કોનશની પ્રમાણે ચાલીને જેટલો અનુભવ તેણે મેળવેલો અને ભાઇબંધી બતાવેલી, તે સઘળાં ગુણ પ્રમાણે, તે ચોકસ પાયામાં જઇને અટકેછે, વધારે ઉંચા દરજ્જાના પાયાવાળા બેહેસ્તમાં તેનાથી ચઢી શકાતું નથી. જેમકે આ ધરતી ઉપર પણ ઘણા જણાઓ ઉંચી ટેકરી ઉપર ચઢી શકતા નથી, અને જો એકલા ચઢવાની કોશેશ કરેછે તો તેઓને ચક્કર આવેછે, અને ઘણી વખતે તેઓની એવી હુલરાઇને લીધે, પ્રાણઘાત અકસ્માત થાયછે. કોઇ એવી ઉંચી ટેકરી કે પાહાડ ઉપર ચઢવાનો ઘટતો રસ્તો તો એજ છે કે કોઇ ભોમીયાને સાથે રાખવો, જે રસ્તો જાણતો હોય, અને વીશ્વાસુ હોય, અને પછી હુલરાઇ કરીને એકદમ પાહાડની ટોંચપર જવા માટેની ખાએશ રાખવી નહી, પણ આસતે આસતે થોડી થોડી કોશેશ કરવી. એમ કરે તોજ, પેહેલી કોશેશમાં નહી તો બીજી ત્રીજી કોશેશ કે કોઇ દુરની કોશેશમાં તે પાર પડી, ઉપર પુગી શકે, અને ટેકરી ઉપરનો

મનમોહન રળીયામણો દેખાવ, તે જોઇ શકે; અને બરફના ડુંગરો, ચોર લોકો, ઝેરી તથા ફાડી ખાનારા જાનવરો અને ગીચ જંગલ જાંખરાંઓની અને ખુદ ટેકરીની ઉંચાઇને લીધે, મરણ પામવાની ધાસ્તી રેહે નહી. એજ પ્રમાણે મીનોઆંન મીનો અહુરમજદની ફ્વશી સર્વે ઠેકાણે પ્રસિદ્ધ થઇ રહીછે. ખુદરતમાં તેની વૃદ્ધિ કરનારી શક્તિ એટલેકે સ્પેંતમઇન્યુ, તે, દરેકનો ભોમીયો અથવા મીનોઇ દોસ્ત કરીને હોયછે. એટલામાટેજ જ્યારે જરથુસ્તે, દાદાર અહુરમજદને પુછયું કે આએ દરૂજથી તથા ખરાબ જાણનારા અંગ્રેમઇન્યુસથી હું તેઓને કેમ બચાવીશ? આએ મોહોલ્લો કે જે માજદીયસ્નીની છે, તેમાંથી કેમ હમરીતને, કેમ પતરીતને, તથા કેમ નશાને હું નાશ કરીશ? અશો નરને કેમ હું પવિત્રાઇ આપીશ? અશો બાયડીઓને માટે પાકીજગી કેમ હું લઇ જઇશ? ત્યારે અહુરમજદ જરતોશતને કેહેછે કે અએ જરતોશત! મારી ફ્વશીની તું વંખાણ કર; તે ફરોહર જે સઉથી મોટું, સઉથી સરસ, તથા સઉથી સોહામણું, તથા ઘણીજ હીમત આપનાર તથા ઘણીજ અક્કલમંદ, તથા સઉથી સારાં શરીરવાળું, તથા અશોઇમાં સઉથી ઉપર છે, જેનો રૂહ (Soul) વૃદ્ધી કરનાર માથ્ર સ્પેન્ત છે! પરગરદ ૧૯ ફકરો ૧૨ ને ૧૪ વંદીદાદ.

આખી જગત ૭ તત્વોની બનેલીછે; ખુદરતની પાસબાની માટે ૭ અમશાશપંદો છે. સાધારણ માણસોને સમજ પડવા માટે માણસાઇ શરીર ત્રણ ભાગમાંજ વેંહેંચેલુંછે, જેઓને ખાકી બદન, રૂહ, અને આત્મા કરી કેહેછે અથવા તો Body, Soul, અને Spirit કરી કેહેછે. ખાકી બદનની સાથ ઘણોજ અતલગનો તાલુકો રાખનાર તે ખાકી મન છે. Soul અથવા રૂહ તે આત્માની ગાડી કરીને ગણાયછે, અને Spirit તે આત્મા છે. હવે જ્યાં ખાકી મન, રૂહ અથવા ચઢતા મનસના કેહેન પ્રમાણે નથી ચાલતું, તો તે માયાની જાલમાં ફસી પડેછે, અને ખોટાંને ખરૂં કરી માની લઇ, માણસને બદ રાહે ઉતારેછે, માટેજ બદ મનને, હારેમન અથવા ઘનામીનોનો ખેતાબ લાયક છે. એ બદ મનને અથવા હારેમન દુર દફે કરવા માટે, માથ્ર સ્પેન્ત તૈયાર છે, અને બંનેની ઉપર સર્વોત્તમ સાહેબી ભોગવનાર, અને તેઓને નેક રાહનો રસ્તો સુચવનાર, તે Spirit અથવા હોરમજદની ફ્વશી છે. હારેમંદીને જન્મ આપનાર આપણુંજ બદ મન હોયછે, જેને જો હોરમજદના હુકમ તળે રાખ્યું હોય, તો તેનાથી બીહીવાનું કંઇ નથી. પાપી દોજખી માણસ, પોતાના ખાકી મનને પોતાના તાબા તળે રાખવાને બદલે, તે લોભ લાલચપર જ્યારે મરી ફીટેછે, ત્યારેજ હારેમંદીના કામ તેને સુઝ પડેછે. જરતોશતી માજદીયસન ધર્મમાં એક ઠેકાણે એમ આવ્યુંછે કે જ્યારે ઘનામીનો જમીનપર ઉતર્યો, ત્યારે બહુમન અમસાસ્પંદ તથા આદર ઇજદ તેની આસપાસ ફરી વળ્યા. આ ઉપરથી શું સાબેત થાયછે? એજ કે ઘનામીનો એટલે કે કર્મના કાયદા પ્રમાણે, ખરાબ મનમાંથી નીપજેલાં ખરાબ કર્મના ફળો ખલાસ થવા માટે, ખાકી બદનનું ખાકી નીચ મન સાથ આગળ વધવા માટે, એટલે સુધરવા માટે, ઉતરવું થાયછે, જેથી ભલી કોશેશથી, તે આગળ વધે, અને ઉંચામાં ઉંચા સુખને, તે લાયક થાય. એટલામાટેજ આ

બાકી શરીર જો નીચ મન પ્રમાણે દોરવાઇ ગયું, તો તેને ધનામીનો કરી ગણવો જોઇયે. એજ ધનામીનો એટલેકે આ પાપી શરીર તથા નીચ મન જો ચાહે તો ભલી કોશેશ થવાથી, પાછો સ્પેન્તમઇન્યુમાં જીવતાં જીવત મળી જાય. માટેજ એમ લખ્યુંછે કે તેની આસપાસ, મીનોઇ બાબતમાં આગળ વધવા માટે, તેને બહમનની અક્લે અવલ અથવા આશનુંખ્રત આપીને હોરમજદ નીચે મોકલેછે, અને તેજ વખતે આદર ઇજદ તરફથી, તેને જાથુકની મીનોઇ રોશનીની કરમ બક્ષેશ થતી રેહેછે. એટલુંછતાં પણ જો કોઇ એ ખુદ અક્કલની તથા એ રોશનીની દરકાર નહી કરે, અને નજીસ કામો કોઇ કરતું રેહે, તો તેમાં અહુરમજદ શું કરે? એટલામાટે તમો જુઓ કે એજ પાપી માણસ જો ચાહે તો પતેત પસેમાની કરી, ખરાબીથી દુર જાય, અને ચાહે તો જીવતાં જીવત એક ફરેસ્તો બને. હવે એને બદલે જો કોઇ કામ, ક્રોધ, કીનો કપટ, અદેખાઇ, એકલપેટાપણું, મગરૂરી, હવસ, મોહ, ઇત્યાદીને મરણ તુલીક વલગી રેહે, અને બદ મનના ફાંટાને જુસ્સાઓને આધીન રેહે, મનને તાબામાં નહી રાખે, ઇંદ્રિઓનો કેહેવાતી મોજને ખરી કરી માની લીયે, પોતાના સગાંવાહાલાંઓને અને બને તો, પૈસાના બળથી અથવા બીજી કોઇ રીતે આખી મનુષ્યજાતીને મદદે આવે નહી, તો જીવતાંજીવત તે ધનામીનો ગણાયછે, અને મરણ બાદ પણ જેવી ઇચ્છા, તે પ્રમાણે દરૂજનશોવાળી એવી કોઇ શક્તિઓ સાથ, સંબંધ રાખી તેઓ સાથ મળી જનારો બનેછે. તમુને જાણવું જોઇયે કે આપણા ખરાબ ગુણો, એઓ આકાશી અથવા માનસીક તબક્કા ઉપર, ચોકસ ખરાબ શક્તિઓ સાથ સંબંધ રાખેછે, અને તેઓનો ખોરાક, તે આપણ પોતે આપણા ખરાબ ગુણોથી આપતા રહીએ છીયે. માટે, જો ધનામીનો જેવી કોઇ ખરાબ શક્તિથી દુર રેહેવા માગતા હોવો, તો સઉથી પેહેલાં તમારી તરફથી તેને ખોરાક આપવાનું માડી વાળો, જેથી તે દુર દફે થાય.

અહુરમજદ યસ્તમાં, અહુરમજદ કેહેછે, કે વીસમો (૨૦) જે હું છેઉં, તે મહારાની નામવાલો છઉં. એટલે કે મારૂં વીસમું નામ મહારાની છે. “અહ્નીયત અહમી મજદાઓ નામ.” તો હવે તેનામાં ઐક્ય થવું એ સેહેલ કામ નથી, તો જો કે ધર્મની નેમ તો તેજ છે, એટલે કે, સર્વે જણે ભલી કોશેશ કરી તેનામાં ઐક્ય થવું. જ્યાંતુલીક એમ થતું નથી, ત્યાંતુલીક મેં તમુને સમજાવ્યું તેમ, જન્મ મરણમાં આથાજ કરવું પડેછે, અને તે તેના કરણીના કાયદા પ્રમાણે બન્યાજ કરેછે. એજ પ્રમાણે બાકી જગતો ચાલુ રહીછે અને રેહશે. એટલા માટે જેઓને ત્યાં ફરજંદની વૃદ્ધિ હોય, અથવા તો નવાં પરણેલાં જોડાં, જેઓ ફરજંદ માટે ખાએસ રાખતા હોય, તેઓએ યાદ રાખવું જોઇયે, એ ફરજંદો કંઇ તેઓની નજીવી દોલત નથી. એ ફરજંદો કોઇ પાયાવાળી હાલતમાંથી આગળ વધવાને માટે આપણે ત્યાં મુસાફર તરીકે આવેછે, તો તે મુસાફરને આપણી ભલામાં ભલી ચાલથી, નેકમાં નેક અને ખરો રસ્તો બતાવવો જોઇયે. માટે જેટલું પણ તેઓને માટે કરશું તે થોડુંજ કેહેવાશે. તેઓને માટે આપણ જેમ ગેથી સુખ, કે ગેથી તંદરોસ્તી માટે કાલજી રાખીયે, અને તેમ વરતીએ

અને પૈસા ટકાથી તેઓને સુખી કરીયે તેના કરતાં કરોડો ઘણી વધારે ઇન્તેજારી આપણે તેઓના હમેશગીના સુખ માટે રાખવી જોઇયે. તો હવે છોકરાં થવા અગાઉ, દરેકે પોતે પહરેજગાર બનવું જોઇયે જેથી છોકરાં પણ ઘણુંકરીને તેવાંજ આવે. આપણી તરફથી, દુધ, મલાઇ, કાંજી, દવાદારૂ માટે આપણાં છોકરાં જેટલાં આપણી ગરજમાં નથી, તેના કરતાં ખરી જે ગરજમાં તેઓ છે, તે, તેઓના આત્મીક હમેશગીનાં સુખ માટે છે. માટે આંખ ઉઘાડીને, ખાકી અભ્યાસ કરતાં, સૌથી પેહેલાં તેઓને ધર્મરીતી નીતિ આપવાની અત્યંત અગત્ય છે. એક વખત તેઓને ખાનુંપીનું કે કપડાં સાદી રીતના મળતાં રેહે તો તે ચાલે, પણ તેઓની આત્મીક કલ્યાણની બાબતમાં જરા પણ કસુર થઇ, અને આપણા દાખલાથી, જરા પણ ખરાબ દાખલો તેઓને મળ્યો, તો તેઓનાં હમેશગીના સાર્થકમાં ખલલ પડેછે, જેમ થવું જોઇએ નહી.

આપણુ આગળ જણાવી ગયા કે મરણ પછી જે કંઇ અમ્મર છે, તેને ૠવશી કરીને કેહેછે, એટલેકે આત્મા, આત્મીક બુદ્ધી, તથા મનસ. એઓ જેમ ગુજરેલાંઓની સાથે, તેમજ જીવતાંઓની સાથ, તેમજ હવે પછી જન્મપામનારા-ઓની સાથ પણ હોયછે. એઓને દુઃખ, દરદ, સંતાપ, ચિંતા, મોહ, માયા, કીનો, ગુસ્સો, જુસ્સો, હવસ, કે કોઇ પણ જાતનો ખરાબ ગુણ હોતો નથી. એઓ માણસના નીચલા શરીરના ૪ તત્વોની માફક દુઃખ દરદને બીલકુલ આધીન હોતા નથી, પણ ત્રણે એક થઇને આખી જગતમાં હોરમજદની ગુપ્ત રોશની તરીકે, સાક્ષાત તરીકે પ્રસિદ્ધ થઇ રહ્યાંછે. જ્યારે કોઇ આજારી પડેછે, ત્યારે બરોબર જોતાં કોણ આજારી પડેછે, અને કોણ મરણ પામેછે ? ઉપલાં શરીરના ત્રણ તત્વો, એઓ બીમારી શું તે સમજતાં નથી. હોરમજદની ખુદ રોશની, અને બહમનની અક્કલે અવલ, તથા તેમાંથી જે મીનોઇ રોશનીનો ઝરો જેને મનસ કરીને કેહેછે, અને જે ખાકી મનને જાથુકનો મીનોઇ ઉજાસ આપતો રેહેછે, તે વળી આજારી તે કેમ પડે, અને તેને મરણ તે કેવું હોય ? ત્યારે આજારી કોણ પડેછે ? આજારી જે પડેછે, તે નીચલાં ત્રણ તત્વો હોયછે, જેઓને હાડમંદ શરીર, સુક્ષ્મ શરીર, તથા ખાકી બદ મન અથવા કામારૂપ કરી કેહેછે.

હવે આપણને જાણવું જોઇયે, કે સર્વે પ્રકારના સંતાપ, હાય અફસોસ, દુઃખ દરદ, જે નીપજેછે, તે આપણા ખાકી મનને આપણા કાબુમાં નહી રાખવાથી થાયછે. અગરજો ખાકી મન, જે ઉડતા પક્ષીની માફક, અથવા તો કીડા ખાનારા જાનવરોની માફક ભમતું રેહે, અને ગલીચમાં ગલીચ પાપ કરીને તેમાં ખરૂં સુખ માની લેયે, તો વાંક કોણનો ? એટલા માટે આપણા મનને તાબામાં રાખવું જોઇયે, ઇંદ્રિઓની ખ્યાલી ને ખાલી કેહેવાતી મોજોને તજી દેવી જોઇયે, હવસને આધીન નહી થવું, અને ઉંચી પ્રકારના આપણા શરીરના ત્રણ તત્વો ફરમાવે, તેમ કરવું જોઇયે. એમ કરયે તોજ આપણા ઘરમાં એટલે કે આ ખાકી શરીરી ઘરમાં દુઃખ દરદ ઉતરવા પામે નહી, અને જંદગી પણ ઘણી લાંબી થાયે, એમાં શક નથી. ખાકીજે મન, અથવા મનસ, ખુદ અક્કલે અવલ અથવા આત્મીક બુદ્ધિથી ઉતરેછે, તે અક્કલે અવલને, બહમનની અક્કલ, અથવા

(innate wisdom) અથવા આશાનુખ્રત, કરી કેહેછે. યજશનેના હા ૪૪ માં, જેમાં બે મીનોને લગતી વાએજી, અહુરમજદની સર્વોત્તમ મોહોટાઇ, અને રવાંનોના છેવટ વિષે, અસરકારક વાએજી, જગતના પાકીજે પેગમબર સપેતમાન જરતોશતે કીધીછે, તેના ફકરા ૮ મામાં આએ પ્રમાણે આવ્યુંછે કે "પવિત્ર વિચારો, સુખનો, અને કામોની પવિત્રાંઇથી, તેને એટલે મજદ અહુરને પીછાની શકાયછે. વખાણના અમારા કીર્તનો અમે તેની કને લઇ જઈયે, ગરોથમાનમાં તે મેલ્યે." જુઓ કે, બદલો ભોગવવાની મતલબથી વહીસ્તેમ અહુમમાં એટલે કે પાયાવાલાં ચઢતાં ઉતરતાં બેહેસ્તમાં, પોતાના કીર્તનો મુકવાને માગતો નથી, પણ ખુદ ગરોથમાનમાં તે મેલવા માગેછે. યાદ રાખવું જોઇયે કે ગરોથમાન તે અહુરમજદ, અમશાશપંદો, અને બીજા અષોના અષો, લોકો માટેનુ ખુદ સુખમાં મળી જવાની તેવણ તાકીદ કરેછે. અને એ તે ખરી મુક્તિ અથવા મોક્ષ કેહેવાયછે, કારણ તેમ થવા પછી, સુધરવા માટે, નર નારીઓને જન્મ લેવો પડતો નથી. માટેજ યજશનેના હા ૪૫ માં, ફકરો ત્રીજામાં લખેછે કે **"મારે માટે ઓ અહુર! તને શિક્ષક દાખલ હું પસંદ કરૂં છું."**

આત્મા, આત્મીક બુદ્ધી, અને મનસ અથવા પાકીજે મન, જેઓ ત્રણ એકત્ર બની રહ્યાંછે, તેને કામ, ક્રોધ, કીનો, મોહ, લોભ, હવસ, હુંપણું, માયાની સાથ કંઇજ સંબંધ નથી. એટલા માટે, જ્ઞન જો પાકીજે હોય, તો આ પારકી બલાઓ, જે આપણ પોતે લાવ્યે છીયે, તેઓથી આપણ હમેશ છુટા રહી શકીયે, અને ગરીબી અવસ્થા છતાં, **સંતોષી** જીવ રાખવાથી, મન અને તનને લગતી ખરી પાદશાહી ભોગવી શકીએ, અને દરેક જણ જો એ પ્રમાણે ચાલે, તો જ્યાં જુવો ત્યાં ખુશખુરમી, તથા ખુદ ખુશાલી પ્રસિદ્ધ રહેલી માલમ પડે. "ઓ મજદ અહુર! તને હું જીંદગીના મીનો તરીકે સ્વિકારૂં છું, કારણ કે તે (વોહુમનો) મારી આગળ ભલાં મનથી આવ્યોછે, અને તેણે મને બતાવ્યું કે સંતોષી જીવ સર્વેથી સંપૂર્ણ છે." જુવો ઇજેશની હા ૪૨ મો, ફકરો ૧૫ મો.

હવે આપણ જરા તપાસીએ કે કામ ક્રોધ કીનો કપટ, હવસ, ઇ૦ એઓ કેવી રીતે દુઃખ દરદો લાવવામાં મુખ્ય ભાગ લેછે

ક્રોધ.—ક્રોધનો અર્થ ગુસ્સો કરી થાયછે. ગુસ્સો ખાસ કરીને ખરાબજ છે એમ નહી સમજવું. ગુસ્સો ઘણી વખત હદમાં રહીને, અને મનને તાબામાં રાખીને કરવો પડેછે, અને તે સારી મતલબથી હોયછે, અને તેના પરિણામ સારાં નીપજેછે. મધ્યમ રીતનો ગુસ્સો, કોઇ વખત, કોઇ કામ, અઘટીત રીતે થતું હોય, તો તેને દાબી દેવા માટે, અને સામો ધણી અથવા આપણા હાથ તળેનું માણસ પોતાની ફરજ બરોબર નહી કરતો હોય, તો તેને તે બરાબર રીતે કરાવવા માટે, ગુસ્સો કરવો પડેછે. પણ એવી રીતના ગુસ્સાને, ગુસ્સો કરી કેહેવાને બદલે, આપણી તરફની નાપસંદગી કરીને કહીયે, તો તે એક વધારે લાયક શબ્દ કેહેવાય-છે. એમ કરવાની ઘણી અગત્ય હોયછે. એમ નહી હોય તો મોટાં ખાતાંઓમાં પછી તે રાજદરબારી, સંસારી, નીતિ સંબંધી, ધર્મ સંબંધી હોય, તો ત્યાં એવી રીતનો આંકોશ નહી રાખવામાં આવે તો ત્યાં ભારી ઘોટાલો ચાલે અને રાજ્યના રાજ્યો

ઉડી જાય અને મોટા મોટા ખાતાંઓ બંધ પડે. માટે હદમાં રહીને એક માણસ, કે એક મંડળી, કે એક ખાતું પોતાનું કામ બરાબર રીતે નહી કરતું હોય, અને તેમાં ઘોંટાલો માલમ પડે, તો ખરાં દીલથી, સામેનાની ભુલ સુધારવી, અને તેઓને ટેકાવી રાખવાં, તેમજ સંસારં મંડળની કોઇ ભુલ મોટે અવાજે પણ ગંભીર રીતે કહી સંભળાવવી, એમાં ખોટું કંઇ નથી, સામું તેમ કરવામાં ફાયદો છે. વળી એવી રીતનો મધ્યમ ગુસ્સો હોય નહી, તો શેઠ તથા ચાકર વચ્ચેનો અરસપરસનો સંબંધ જળવાય નહી, અને ચાકરને ઘણું સોસવું પડે, તેમજ શેઠને પણ ઘણું ખોહોવું પડે. પણ હવે ગુસ્સો એ બોલને છેક તેની હદની ઉપર લઇ જાઓ, અને તેનું પરિણામ જુઓ. ઘણી વખત, જ્યારે એક માણસ ગુસ્સાને પોતાના કાબુમાં રાખતો નથી ત્યારે, તેનું ફળ અતિષ્ય ખરાબ આવેછે, અને સામેના ધણીને ખરાબી થાયછે, એમજ નથી, પણ પેહેલાં તો, ગુસ્સો કરનાર ધણીને પોતાને થાયછે. હમોએ હમારા લાંબા વખતની અજમાસમાં જોયુંછે, કે બેહદ ગુસ્સો કરનાર ધણીને, વારેઘડીએ કમલો થઇ આવેછે, તો જોકે કલેજું જેના દરદથી કમલો વારેઘડીએ થઇ આવેછે, તે તો તદ્દન તનદરોસ્ત હોયછે. એવાં દર્દીને સારાં કરવામાં પણ મેહેનત પડેછે, કારણ કે તેનો ગુસ્સો, તથા ઉછળતો પિત્તો તો ચાલુજ હોયછે. બેહદ ગુસ્સો કરવાથી કોઇ વખત, ભેજાંપર અસર થઇને તેમાંની કોઇ બારીક નસ ટુટી જાયછે, અને તેને સટકો અથવા apoplexy થઇ આવેછે, અને તે મરણ પામેછે, અથવા જીવવા પામ્યો, તો કદાચ તેને લકવો પણ થાયછે, અને જીંદગી તેની રદ બાતેલ બનેછે. એવાં જે પરિણામ તે બેહદ ગુસ્સાના હોયછે; પણ અહીં આવીને તે અટકતો નથી. બેહદ ગુસ્સાથી કેટલાં ખુન થાયછે, કેટલાં સુખવાસી ઘરો, કેટલાં કુટુંબો તારાજ થાયછે, તે જાણીતી વાત છે, અને જુવો તો ગુસ્સાનું, કોઇ મજબુત કારણ પણ હોય નહી. એટલા માટે મનને શાંત રાખવું, અને ગુસ્સો ગુસ્સા તરીકે નહી કરવો, એ ઘણુંજ અગત્યનું છે. મધ્યમપણામાં રહીને આપણી નાપસંદગી બતાવવી તે એક સારી વાત છે, તેથી આપણ પારકાના (Medium) તાબેદાર અથવા ગુલામ બનવાથી અટકીએ છીયે, પણ મારૂં ને મરૂં એવી રીતનો જે ગુસ્સો તેને એક દેવ સમજીને, તેનાથી હમેશાં પહરેજ રેહેવું, એ ખરૂં માણસાઇપણું છે. વખત તપાસીને, નમ્રતાથી તથા આપણી હાલત તરફ નજર કરીને, આપણી તરફથી આપણા શેઠની ભુલ ભાંજવી, તે એક સારી વાત છે, અને એમ કરવાથી ઘણી વખત આપણ ભુખમરાની હાલતમાં આવી પડવાથી અટકીએ છીયે. સમો તપાસીને ચાકરે શેઠ સાથ વરતવું જોઇયે, અને બને તેમ આકળાપણું બતાવવું નહી, પણ એકીનદારીથી ચાકરી કર્યાં જવું; પણ તેજ વખતે શેઠે જાણવું જોઇયે કે ચાકરનો નબળો વખત જોઇ, તેની ઉપર જે જુલમ તે ગુજારેછે, તેનો બદલો તેની કરણીનાં ફળ પ્રમાણે તેને સેહેજ વખતમાં ભોગવવો પડશે. ભુડાંનું ભલું કદી થતું નથી. વળી ઘણી વખત ક્રુર માબાપો પોતાનો ગુસ્સો હદથી બાહેર લઇ જઇને, પોતાના છોકરાંને માર મારેછે, કોઇ વખત ગાલપર તમાચો, તો બરડા ઉપર થાંપડ મારેછે, અલબતે તેઓની મતલબ સારી

હોયછે, તોપણ તેથી ઘણી વખતે, બચાંને ભયંકાર દરદો ઉત્પન થાયછે, જેમકે ઝાડાને રસ્તે લોહીનું પડવું, કાનનું બેહેરાપણું, ધાતનું જવું, મોહોડાંનો લખવો, અને મારના પ્રમાણ પ્રમાણે ગુરદા કે કલેજાના ઇત્યાદી દરદો ઉતપન થાયછે. હવે તેની દવાદારૂ ચાલે છે, અને ઘણી વખતે પસુ બીચારૂં બચું રીબી રીબીને મરણ પામેછે. જુવો કે એક મીનીટે પોતાના ગુસ્સાને પોતાના કાબુમાં નહીં રાખવાના કેવાં ભયંકાર પરિણામ!

કીનો—આત્મીક તબક્કા ઉપર, સઉથી ખરાબમાં ખરાબ જે ગુણ ગણાયછે તેને કીનો કપટ કરી કેહેછે. ગુસ્સો અથવા ક્રોધ કરતાંને પણ કીનો અત્યંત એટલા માટે ઘણોજ ખરાબ કેહેવાયછે, કે ગુસ્સો કરનારા ઘણા માણસોમાં ઘણી વખત કીનો કપટ હોતો નથી. ગુસ્સાવાળાં માણસો એક મીનીટ ગુસ્સો કરીને પાછા પસ્તાવામાં પડેછે, કે કાંહાંને કાંહાં, તેઓએ એવી રીતે પોતાનો સ્વભાવ ખોહી દીધો. એવા લોકો માટે આપણને દયા આવેછે, કારણ તેઓ ગુસ્સાને તાબા તળે રાખી શકતા નથી, એટલોજ તેઓનો વાંક છે, તો જોકે તેઓના મનમાં કંઇ હોતું નથી, અને થોડો વખત ગયા પછી તેઓની સુધ જ્યારે ઠેકાણે આવેછે, ત્યારે તેઓ પોતાના હાથ તળેના માણસને કોઇ રીતે વરતાવીને, ગુસ્સાનો બદલો વાળી આપેછે. પણ કીનો કપટ એવી રીતનો હોતો નથી. કીના કપટવાળો માણસ, પોતાની નીચ મતલબમાં જ્યાંતુલીક ફાવતો નથી, અને પોતાના કોઇ કેહેવાતા શત્રુને જડમૂળથી ઉખાડી ગયલો જોતો નથી, ત્યાંતુલીક તેને સુખથી રાતે ઉંઘ આવતી નથી, અને દીવસે તેને પોતાનું કામકાજ સુજ પડતું નથી, જેથી તરેહ કીસમના પ્રપંચ પોતાના શત્રુ સામે છુપાછુપ ચલાવતો રેહછે, અને તેનો કેહેવાતો શત્રુ પાયમાલ થાય, તોજ તેને ટાઢક વળેછે. બાહેરના દેખાવમાં, તેની સાથ દોસ્તી રાખી ફરેછે, પણ બાતેનમાં, તેની મતલબ સાંપના જેવી ઘણીજ બુરી હોયછે. એવો શખસ પોતાના દીલની તીજોરીમાં, અને શદરાના ગલીઆંનમાં કોઇ સારી બાબત ધ્યાનમાં રાખવાને બદલે, કોઇ કીયા જમાનાનું કેહેવાતું કોઇ પ્રકારનું થયલું અપમાન લઇને ફરેછે, અને કીનાને, નીચ ગુણોનું પાણી સીપીઆ કરીને, તેનું એક ઝાડ અને એક જંગલ બનાવેછે. જો કીના કપટવાળો રાજા પાદશાહા હોયછે તો દેશના દેશોનું નખોદ વાળેછે. એવી ખરાબ ચાલથી શું બનેછે, તે જુવો: એમ ધારો કે તેનો શત્રુ તેનો નજદીકનો સગો હોય, અને તે ગરીબી અવસ્થામાં મરણ પામ્યો, તો તેના કુમળ બચ્ચાંઓની સાથ પણ દુશમની ચલાવતો રેહેછે, અને પોતે પૈસાવાળો હોવા છતાં, તેઓની મદદે આવતો નથી. કેટલાં સંપીલાં સુખી કુટુંબો, એ પ્રમાણે પાયમાલ થાયછે, તે વાત અંજાણી નથી. માટે આપણી ફરજ એ છે કે કીના કપટથી હુમેશ દુર રેહેવું. વંદીદાદમાં આ દુષ્ટ ગુણને ઘણો ધિક્કારી કાહાડયોછે, અને એષ્મ દેવ તથા કપસ્તિ દેવ જે કીના ઉપર છે, તેઓથી પહરેજ રેહેવાને ફરમાવ્યું છે, તે ઘણુંજ વાજબી છે. એટલામાટે કીનો કદી રાખવો નહી, અને સૌ સાથ મોટું મન અને ખાલેશ દીલ રાખીને આપણને વરતવુ જોઇયે. આપણને આટલું ચોકસ યાદ રાખવું જોઇયે, કે ખોદાઇ પ્યાર, એ, ધિક્કારને વશ કરી શકેછે, નહી કે ધિક્કાર, ધિક્કારને વશ કરી શકેછે. માટે

કીનો રાખવો નહી, ને અંતઃકરણને હુમત એટલે નેક વિચાર, હુક્ત એટલે નેક વચન, તથા હુવર્સ્ત એટલે નેક કામથી સ્વચ્છ રાખવું, જે સઉથી મોટી પવિત્રાઇ ગણાયછે.

લોભ, લાલચ, ઈચ્છા, અથવા તૃષ્ણા—એ ગુણ છેકને ખરાબ છે, એમ નહી સમજવું. બીજાં કરતાંને ચઢતું થવું એ ખુદરતી છે. એવી રીતની ઉમેદવારી હોય નહી, તો વેપાર વનજ, તેમજ વિદ્યા અભ્યાસમાં, માણસ આગળ વધી શકે નહી. પણ એવી રીતની ઇચ્છાને હદમાં રાખવી જોઇયે. હદ બાહેર જ્યારે તે કરવામાં આવેછે, ત્યારે, તે જોરમાં એકલપેટાપણું બતાવેછે. બેહદ લોભ રાખી જેમ તેમ કરીને પણ, એકદમ પૈસાવાળા થવું, તે કંઇ સારી વાત ગણાતી નથી; કારણ એ પ્રમાણે કરવાથી કરીને, આ પાર કે પેલે પાર, એવી હાલતમાં તે આવી જાયછે, અને એવી રીતથી, પૈસા કમાવા કરતાં પૈસા ખોહોવાનો વધારે સંભવ રેહેછે. ઘણી વખતે, અત્યંત લોભને લીધે, તે ઘણી ગરીબી હાલતમાં પણ આવી જાયછે. હદ બાહેર લોભી ઇચ્છા અથવા તૃષ્ણા માટે આ પ્રમાણે એક શ્લોક આવેલોછે, જે ધ્યાનમાં રાખવાજોગ છે.

ઉત્ખાતં નિધિશઙ્કયા ક્ષિતિતલં ધ્માતા ગિરેર્ધા તવો
નિસ્તિર્ણઃ સરીતાં પતિર્નૃપતયો યત્નેન સંતોષિતા:
મન્ત્રા રાધનતત્પરેણ મનસા, નીતા: શ્મશાને નિશા
પ્રાપ્તઃ કાણવરાટ કોપી ન મયા તૃષ્ણેધુના મુન્ચ મામ.

અર્થ—રાખી દ્રવ્યની આશ ખોદિ પૃથવી, ગાળી ગિરી ધાતુઓ
સંતોષ્યા બહુરાયને જતનથી, ઓળંગીયા સિંધુઓ
ગાળી રાત શ્મશાનમાં દ્રધ મને, મંત્રો તણા જાપમાં
તૃષ્ણા છોડ હવે મને નવ દિઠી, કોડી ફુટી હાથમાં.

હવસ—હવસને ઈંગ્રેજીમાં (lust) "**લસ્ત**" કરી કેહેછે. કોઇ પણ જાતની નીચ પાપી ગલીચ ઇચ્છા, તે આ બોલમાં સમાએલીછે. હવસ જેમ પૈસો, ઓરત, ખાનુપીનુ, પેહેરવાસ, તેમજ કોઇ પણ ખ્યાલી ચીજ માટે હોયછે. હવસી માણસો એટલે કે ખાસ કરીને ઓરત માટે હવસ રાખનારાઓ, કુટુંબ કબીલા માટે ઘણા ધાસ્તી ભરેલા ગણાયછે, માટે તેઓથી સંભાળ રાખેલી સારી છે. એટલા માટે ખરાબ સંગત એટલે કે હવસી સંગતવાળાઓથી હમેશાં દુર રહેવું જોઇયે, અને ખાસ કરી, ઉમરે આવેલાં કુમળાં મગજોને તો ખચીત તેઓથી દુર રાખવામાં ઘણો ફાયદો છે. ખરાબ સંગત તે માણસનીજ હોતી નથી. ખરાબ ચોપડીઓ, એ પણ, નીતિને આડે રસતે ઉતારવામાં મોટાં સાધનો છે, માટે બને તેમ, એવી ચોપડીઓ, વાંચવાથી, કે વંચાવવાથી, હમેશ પહરેજ રેહેવું.

પૈસા, કપડાં, કે ખાનાપીના માટેની તૃષ્ણા કરતાંને, આ જાતની પાપી ઇચ્છા અથવા હવસ ઘણીજ ખરાબ તથા ઝેરી ગણાયછે. તે કુટુંબ કબીલદારોને ધાસ્તી-માં નાખેછે, ઇજ્જત આબરૂનો નાશ તથા તનદુરોસ્તીની બાબતમાં ઘણુંજ નુકસાન કરેછે. એ સઘળું દર્શાવવાનું હાલ મારૂં કામ નથી. કોઇ પણ જાતની ગલીચ ઇચ્છાને પેહલાથીજ દાબમાં રાખવી ઘટેછે, કારણ તેમ કીધાથી આપણને ઘણી

રીતે આપંદે, ફાયદોજ થાયછે, અને તેથી કરીને જેને સુધારાને લગતા fashion અથવા fancy એટલેકે મોહ, અથવા છગેલપણું તે ઉપર ઢળી જવાથી આપણુ અટકીએ છીયે. માણસને દુઃખ દરદો જે થાયછે, તેઓની ઉત્પતીનો મુખ્ય આધાર જોશો, તો તેનીજ પોતાની બદ ચાલ છે; જેમકે ખાધામાં પીધામાં અંદાજો નહી રાખવાથી, અજીરણુ, ઉલટી, ઝાડો, મુસો, ઇ૦ થઈ આવેછે. વગર કારણે જાતજાતના દારૂ પીધાથી, કલેજાંના દરદો, ભેજાંના દરદો, ઇ૦ થાયછે. ગોસ્ત ખાધાથી, નજલો, સંધીવા, ગુરદાના દરદો અને રેતીનું જવું, ઇ૦ તે થાયછે. માટે ખાવું પીવું તે એમજ સમજીને ખાવું પીવું કે જીવવાને માટે આપણુને ખાવું પીવું પડેછે, નહી કે ખાવા પીવા માટે આપણુ જીવીએ છીયે. ઘણો વખત સુધી ઉંઘાઇ રેહેવું, અને સુસ્તી કરવી, એ પણ એક જાતનો હવસ ગણાયછે. જરતોસ્તી માજદીયસન ધર્મમાં આળસાઇને ધિક્કારી કાહાડીછે, અને તેની ઉપરનો જે મવકલ દેવ જેને બુશાશપ દેવ કરી કેહેછે, તેનાથી દુર રેહેવાની તાકીદ કીધીછે, અને તે વાજબીજ છે. આળસુ માણસો દરરોજના પોતાના ધંધામાં ઘટતું ધ્યાન આપી શકતા નથી, જેથી તેઓના ઘરમાં ભુખમરો તથા કંગાળીયત આવેછે, માટે ઘણો વખત બીછાનામાં સુઇ રેહેવું જોઇયે નહી. શરીરની તનદરોસ્તી માટે ઉંઘ અગત્યની છે, નહી કે ઉંઘને માટે તનદરોસ્તી હોયછે માટે વધારે વખત ઉંઘી રહી, તનદરોસ્તીનો બગાડો થાય, અને ખરાબ વિચારો ઉત્પન થાય તેમ કરવું નહી. વળી અત્યંત મોજમજાહ કરવી, ઘણી થાક લાગે ત્યાંતુલીક ફરહર કરવું, તથા જેને શોખીનો ઈંગ્રેજીમાં recreation કેહેછે, તે પણ હદથી બાહેર કીધી હોય, તો તેથી ઘણા ગેરફાયદા થાયછે, માટે તેમ કરવાથી પહરેજ રેહેવું.

મોહ રાખવા વિષે—કોઇ પણ ચીજ માટે ખોટો વિચાર અથવા ખ્યાલી હવસ રાખી તેની ઉપર મરી ફીટવું તેને કેહેછે. જેમકે ઘરેણા, રંગીન રેસમી કપડાં, ઝવેરાત, ઇત્યાદી ઉપર. જો માણસ પોતાની હાલત તપાસી, તે પ્રમાણે પહેરવું રાખે તો તે બરાબર છે. પણ હદથી જીયાદા એવી નજીવી ચીજો માટે બેહદ શોખ રાખવો, એ પૈસા ટકાની ખુવારી ગણાયછે, અને સમજુ સ્યાણાઓની નજરમાં, આપણુ છાલકા મનના તથા ઇતર દેખાઇયે છીયે. માટે રંગીન પોશાકો, કોસમેટીક, અને શરીરને તાંણી તોડી ખુબસુરત કરવા જતાં, બીજાઓની નજરમાં બદસુરત નહી દેખાઇયે, અને આપણી તનદરોસ્તી નહી બગડે, તેની સંભાળ રાખવી સારી છે. વળી નીચ હવસને આધીન થઇ, પારકી સ્ત્રી માટે ફકત અનીતિમાન વિચાર લઈ જવો, અને તેને આપણી મા બેન સમાન ગણવી નહી, તે કંઇજ નહી પણ જાનવરી હવસ તથા નીચપણું બતાવેછે. જરતોશતી મજદીયસન ધર્મમાં, એવાઓને માટે સખત રીતે નાપસંદગી બતાવી છે. યજશને હા ૯ મો હોમ યસ્ત ફકરો ૩૨ માં એમ આવ્યુંછે કે—"જાદુગર મોહ પમાડનાર, હરામ હમેલ રાખનાર વેશ્યા, જેણીનું મન ઉડતું (તથા) પવનથી ઘસડાતાં વાંદલાં જેવું અસ્થિર છે તેના ખુની ફટકાને નાશ પામતાં શરીરવાળા પ્રમાણીક માણસની તરફથી તું, ઓ, પીળા હોમ! હઠાવ. પીળા રંગના

ઓ હોમ! નાશ પામતાં શરીરવાળાં પ્રમાણીક માણસની તરફથી તું તે ખુની ફટકાને હઠાવ."

વળી વંદીદાદ પરગરદ ૧૪ મીમાં આ પ્રમાણે આવ્યુંછે કે જરતોશતે હોરમજદને પુછ્યું કે હાડમંદ મુલુકોના એએ મીનો, સૌથી પવિત્ર અશો પેદા કરનાર હોરમજદ! તું કે જે હોરમજદ તેની સાથે કોણ સઉથી મોટા વેર સાથે કીનો રાખેછે, કયો શખસ સઉથી મોટી દ્વેષે કરીને દુશ્મની રાખેછે? ત્યારે હોરમજદે કહ્યું કે એએ અશો જરતોશત! ભલાઓમાંનો જે કોઇ બુરાઓમાંના (કોઇની સાથ), દેવને નહી ઇજનારાઓમાંનો (એટલે માજદીયસનમાંનાં) (જે કોઇ) દેવને ઇજનારાઓમાંનાં (એટલે ભુત પરસ્તોમાંનાં) (કોઇની સાથ) અથવા બે ગુનાહોમાંનો (જે કોઇ) ગુનેહગારોમાંના (કોઇની સાથે) તોખમને આલુદેહ કરેછે, (અથવા ખરાબ કરેછે) તે ખચીત વ્યભીચારી છે, (અને તેવો મરદ કે તેવી ઓરત, હોરમજદની સાથે ગોયા કીનો રાખેછે). વળી તેવી રીતની વ્યભીચારી માટે જણાવ્યુંછે કે એએ જરતોશત! તેવો મરદ ઇયા તેવી ઓરત પોતાની નજરથી, દોડતાં ઝરાના દોડતાં તથા વેહેતાં પાણીઓમાંના એક તૃતીયાંશ (પાણીને) સુકાવી નાખેછે. એએ જરતોશત, તે પોતાની નજરથી ઉગતાં, સોહામણા, તાજાં રંગના ઓરવરોના એક તૃતીયાંશ વધારાને નાશ કરેછે. એએ જરતોશત! તેવો મરદ ઇયા તેવી ઓરત, પોતાની નજરથી સપંદારમદ (જમીન) ના એક તૃતીયાંશ ઢાંકણને એટલે તેની લીલોતરીના ત્રીજા હિસ્સાનો નાશ કરેછે. એએ જરતોશત! તે પોતાની નજરથી અશો માણસ જે વધારે સારૂં વિચારનારો, વધારે સારૂં બોલનારો, વધારે સારૂં કામ કરનારો, હિમ્મતવાન, ફતેહમંદ તથા પવિત્ર હોયછે તેના એક તૃતીયાંશ નેક વિચાર નેક બોલ નેક કામને દુર લઇ જાયછે, અથવા નાશ કરેછે. એવા અનીતિઆનોને ઝડપથી ચાલનારા સાંપ અથવા નખરિયાંવાલાં વરૂઓ અથવા સોસવાટનાં કરતાં પણ વધારે નાશકારક, વંદીદાદમાં ગણ્યાછે. એટલા માટે રાંડોના નાચ, મુજરા, બેઠકો, ભવૈયાઓના અજીઠાં નીચ ગીતો સાંભળવાથી આપણને કેટલું દુર નાહસવું જોઇયે, તે માટે મારી તરફથી વધારે ખુલાસાની અગત્ય નથી. તેજ પ્રમાણે નજીસ નૉવેલો અને વારતાઓ અને ખરાબ નાટકોથી પણ કેટલું દુર રેહવું ઘટેછે, તે ફકત વિચારવુંજ સેહેલ છે. એને બદલે સત સંગ, સારી મંડળી, સારી સોબત, ખોદાઇ ગાયન અને સારી ચોપડીઓ એઓનોજ ઉપયોગ કરતા રેહેવું સારૂંછે.

આટલા ખુલાસા પછી આપણે જોયું કે માનસીક એટલે કે ખાકી મનના તબકા ઉપર શું નહી વિચારવું, શું નહી બોલવું, અને શું નહી કરવું. એટલે કે કેટલીક ચીજો ખરાબ છે, માટે તે કરવી નહી, એટલુંજ નહી, પણ તેઓ વિષે વિચાર પણ નહી કરવો. પણ હજુર કેટલીક બાબતો રહી ગઇછે, જેમ કે સાચું બોલવું, હંત્યા કરવી નહી, કોઇ પણ પ્રાણીનો જીવ લેવો નહી, મુખ્ય કરીને ગાઓ ગોસપંદોને આપણા ખોરાક માટે રેહેસીને તે મુરદાં ખાવાં નહી, કારણ આખી જગત ભાજી તરકારી, અનાજ પાણીથી ચીકાર ભરપુર છે, અને તે ખાધા પીધામાં લેવાયાથી, જો આપણી તંદરોસ્તી સચવાતી હોય તો

ભાજીપાલો, અનાજ, દુધ, મેવો, ઇત્યાદી ઉપર રેહેવાની કોશેશ કરવી સારી છે. હોરમજદ જે આપણા બાકી શરીરમાં ઘર કરી બેઠોછે, અને જે આખા બ્રહ્માંડમાં આપણી ઉપર તથા નીચે, એક પ્રકાશીત આકાશ તરીકે બીરાજી રહ્યોછે, અને જેને સર્વેને માટે કરણીનો કાયદો અમલમાં મુકયોછે, તો હું ધારૂછું કે આપણી સત્તા નથી કે પ્રાણી માત્રનો આપણું જીવ લઇયે, અને આપણુને લાયક નથી, કે તેની તરફથી જે ઉતરેલો કરણીને લગતો કાયદો તેની આડે આયે, કારણ કે દરેક જણ જે જન્મ લે છે, તે કાયદા પ્રમાણે તેવું બનતું રેહેછે, માટે સંપૂર્ણ રીતે તેઓ પોતાનું કર્મ ખલાસ કરે, તેની અધવચમાં તેઓને મારી નાખવાં, એનો અર્થ એટલોજ થાયછે, કે તે માહારાની સાહેબના બાંધેલા કરણીના કાયદાની સાંમે આપણ એક રીતે આયે છીયે, જેથી કંઇ નહી તો આપણુને પોતાને જીવતાં જીવત મીનોઇ આત્મીક બાબતમાં આગળ વધવામાં મોટી નડતર થાયછે. જ્યાંતુલીક સંપૂર્ણપણે, દયા અને સખાવતે આપણામાં ઘર કીધું નથી, ત્યાંતુલીક આપણ હોરમજદમાં મળી જતા નથી. ગાઓ ગોસપંદના રક્ષણ માટે આખી ઇજશ્ને તથા હોંમ યસ્ત ભરપુર છે, જે વાંચવાની ભલામણ કરૂંછું.

ઉડતા રોગો તેમજ શરીરને લગતાં દુ:ખ દરદોના અટકાવ માટે, ગુજરેલાં માણસને તેમજ કોઇ પણ મરણ પામેલાં પ્રાણીને અડકવાની શખત મનાઇ કરવામાં આવીછે. જે કોઇ નસાને અડકીને, નાહી ધોઇ સ્વચ્છ થતો નથી, તો તેના ગુનાહને **હમરીત** કેહેછે. વળી એક હમરીત જો બીજા સખ્શને અડકે, તો તે બીજા સખ્શને પણ ગલીચાઇ લાગેછે, અને તેને **પતરીત** કરીને કેહેછે. હમરીત અને પતરીત થયલા માણસોની ગલીચાઇ અને નજીસાત કેમ દુર થાય, તેને માટે વંદીદાદમાં કેટલાંક લખાણ આવ્યાંછે, અને એમ કરીને જીવતાંઓએ પોતાની તંદરોસ્તીની જાળવણી કેમ કરવી, અને ઉડતા રોગોથી કેમ બચવું, તેને માટે અચ્છો બોધ આપવામાં આવ્યોછે. ખચીત આપણા વડીલો શરીરની તંદરોસ્તી કેમ જળવાય, અને ઉડતા રોગો કેમ નહી ફેલાય, તેને માટેની વિદ્યામાં ઘણા આગળ વધેલા હોવા જોઇયે. પણ હવે એજ પ્રમાણે જો ગુજરી ગયલાં શરીર જેને નસો કેહેછે, તેને અડકવા માટે આપણને આટલી શખત મનાઇ કરવામાં આવીછે, તો તેજ પ્રમાણે ગલીચ ગુણોવાળું એક માણસ જે અનીતિમાં, અને ખરાબ ગુણો સાથ, જીંદગી ગુજારતું હોય, તો તે માનસીક એટલે મનના તબકા ઉપર મરણ પામેલો ગણાયછે. એવા માણસને **હમરીત** સમજીને દુર રેહેવું, અને ખરાબ સંગત કોઇ પણ રીતે કરવી નહી, જેથી આપણ **પતરીત** બનીએ, તેનો વિચાર કરવાને તમુનેજ સોંપુંછું. બાકી બદન-ની સપાટી ઉપર, જેમ નસાને અડકવાથી શરીરીક દુ:ખ દરદોનો ફેલાવો થવાનો સંભવ રેહેછે, તેના કરતાંને હજારો ઘણો વધારે જોરમાં, આપણને માનસીક તબકા ઉપર, નસાથી, એટલે કે બદ મનથી ભોગવવું પડેછે. એક ખરાબ માણસની બદ રીતી નીતિઓ આખા કુટુંબમાં વીજળી કરતાં વધારે ઝડપથી પ્રસિદ્ધતા મેળવેછે. શરીરીક દુ:ખ દરદો, માણસને બીમારી અને કદાચ મોત

લાવી, ત્યાં અટકેછે. પણ માનસીક નસો એટલેકે હવસી મન તથા પાપી દુષ્ટ વિચારો (જેઓને મુવેલાં માણુસ તરીકે સમજવું જોઇયે) તેની અસર મોત કરતાં પણ વધારે ગજબનાક હોયછે, કારણ કે પેહલાં તો પાપી હવસમાંથી ભયંકાર રોગો ઉત્પન થઇ, એવા કમનસીબ માણુસને રીબાવી રીબાવી મોત લાવેછે, એટલુંજ નહી પણ તેના ભલા મનની અને તેના આત્માની આસપાસ જીવતાં જીવત ગંદીલાં વાદળો ઘેરો નાખેછે, અને ખુદ ખુદાઇ પ્યારના કંઇ પણ ગ્નાન વગર, તે મરણ પામેછે, અને તેથી મરણ પછી, મીનોઇ દુનીયામાં તેને ઘણું સોસવું પડેછે.

વંદીદાદ માટે ઘણા લોકો એમ માનેછે, કે એમાં તો કુતરાં, બીલાડા, માંખ, મચ્છર, વરૂ ઉંદર, દસ્તાન, કોહોર, નજીશાત, ખરફસ્તર, ખેતીવાડી, દરૂજનશો, ઇ૦ કેટલીક બાબતોની મારામાર થઇ રહીછે, એતો પછવાડેથી લખ્યાએલીછે, અને હાલના જમાનામાં, તેમાં દરશાવેલા વિચારો ટકી શકે એવા નથી. એવી એવી વાતો, આપણને કેટલાકો તરફથી, અને ભાષાવિવેકપર આધાર રાખનારાઓ તરફથી, જણાવવામાં આવેછે, પણ એમ કરવામાં, તેઓનું અગ્નાનપણું માલમ પડેછે. દાખલા તરીકે, તેમાં ખેતીવાડી વીષે લંબાણમાં સમજાવ્યુંછે તો તેમાં ખોટું કંઇ નથી, કારણકે જમીનની ખેતીવાડી કરવાથી આપણને પુરતો ખોરાક મળેછે, તો ખેતીવાંડીની બાબત ઉપર તપકેથી સમજાવીને, બાતેનમાં, મનના અથવા માનસીક દરજ્જા ઉપર આપણને કેમ વર્તવું અને સઉથી શ્રેષ્ટ તથા ભલા ગુણો અખત્યાર કરીને, આપણા આત્માને કેમ પીછાનવો અને તેની સાથ જાથુકની દોસ્તી કેમ કરી લેવી, તેની સમજણ ભરમમાં આપવામાં આવીછે. કેટલાકો એમ સમજેછે કે આત્મા કર્તુક કરેછે, અને તેની સંભાળ લેવી જોઇએ. પણ ખરી વાત એજછે કે આત્મા કદી પણ કર્તુક કરતો નથી, તેનું કામ માણુસને ફકત ખુદાઇ રોશની જાથુક રીતે મોકલવાનું છે, અને કર્તુક કરનારા આપણ છઇએ, આત્મા નથી. વંદીદાદમાં, સાંપ, ઉંદર, કીડી, વરૂ, દરૂજનશો ઇ૦ માટે લખાણ આવ્યાંછે, તો તેની સમજણ એટલીજ છે કે, એમ કરીને સાધારણ વિચારના માણુસો માટે ખાસ તાકીદ કરવામાં આવીછે, કે જેમ તેઓનાં ઘરબાર, વાડીવજીફાની સલામતી માટે, અને તેઓના જાનની સલામતી માટે, તેઓને પકડીને દૂર કરવા પડેછે તેમજ એવાં જાનવરી ખવાસના જે દુર્ગુણો આપણામાં વસતા હોય, તો તેઓને સઉથી પેહેલાં આપણને સંતોષી, તથા પહરેજગાર બનીને તેવા ખરાબ ગુણોને દૂર કરવા, જેથી કરીને આપણને પાકીજે મન અથવા મનસ શું છે, તેની ઘટતી પીછાન થાએ. ખરફસતરો બે જાતનાં હોયછે, એક દીઠ, અને બીજાં અણદીઠ. દીઠ ખરફસતરો જેવાં કે સાંપ, વરૂ, ઇત્યાદીને આપણા જાનના બચાવ માટે

ારીને દૂર કરી શકીયે છીયે. પણ ભીતરના જે ખરફસતરો જેઓ
ાપણી શરીરી જમીનને રાત દહાડો કોતરી ખાયેછે, તેઓને દૂર કરવાનું
હેલ કામ નથી. લોભ, લાલચ, કીનો, હવસ, ક્રોધ, અહંકાર, એકલપેટાપણું,
ાસંતોષીપણું, ઇત્યાદી એઓ ભીતરના ખરફસતરો તરીકે ગણાયછે. એઓ,
ેમ આપણું, તેમજ પડોસીનું પણ ઘરબાર કોતરી ખાયછે, તો તેવા અણદીઠ
ખરફસતરોને દૂર કરવા, અને મારી નાખવા માટે જે તાકીદ કરવામાં આવીછે
ે વાજબી છે. જ્યાંતુલીક એ અણદીઠ ખરફસતરો નાશ પામતા નથી, ત્યાંતુલીક,
આપણુ મીનોઇ બાબતમાં, આગળ ને આગળ વધી શકતા નથી, અને
ખુદા સાથ દોસ્તી બંધાતી નથી, અને તેથી મરણ બાદ આપણુને ઘણું
સોસવું પડેછે.

એક વખતે એક ભોળા પણ ધર્મીક લાગણીવાળા ગ્રહસ્થે, એક પહરેજગાર
મોબેદને પુછયું કે મોબેદ સાહેબ, એક વંદીદાદ ભણવાનો કેટલો સવાબ છે.
મોબેદ સાહેબે ટુકમાં જવાબ આપ્યો, કે "એક ઉંદરને મારવા જેટલો." હવે
એ ભોળો ગ્રહસ્થ ખાકી વિદ્યા અભ્યાસમાં ઘણો ભણેલો હતો, અને ભુગોળ,
તવારીખ, હીસાબ, painting, ઇત્યાદી બાબતોમાં ઘણો ખબરદાર હતો. સાથે
સાથે, દુનીયાઇ મોજસોખ, નાટક, નાચરંગ માટે પણ ઘણો શોખીન હતો.
તેનું કુટુંબ મોટું હતું. તેનું ઘર ઘણું શણગારેલું હતું. તેના ઓરડામાં
દાખલ થાઓ, તો કોઇ શ્રીમંતના જેવું તે ઘર લાગતું હતું. જમીન
પર સાદડી, ગાલીચા બીછાવેલા, ખુરસી ટેબલપર "એન્ટીમેકેસરો" જાતજાતના
નાખેલા હતા, તેના drawing room માં, દેવાલ પર, તરેહ કીસમના "ઑઇલ
પેન્ટીંગ", તથા છબીઓ ટાંગેલી હતી. ફરનીચર તથા સર સામન બાહેરથી
ઘણો મનમોહન લાગતો હતો, અને એ ભોળાં પણ ઇતર ગ્રહસ્થના ઉંચા ટેસ્ટને
માટે, જે કોઇ તેને મળવા આવતું, તેઓ એક અવાજે તેની વખાણ ગાતાં
હતાં. ઑઇલ પેન્ટીંગ તથા છબીઓ તરેહ કીસમના માણસોની જોવામાં
આવતી હતી. કોઇ દુનીયાઇ માનને માટે ભુખ્યા તરસીયા, કોઇ પ્રપંચ રમીને
પૈસાવાળા બનેલા, કોઇ ખાકી અભ્યાસ મેળવી ચાંદ સુરજ મેળવી, ઉંચા જબા
પેહેરી બીરાજમાન થયલા, કોઇ પૈસાનાં બળે ગરીબને કચડી નાખનારા, તો કોઇ
કોઇ ખરેખર પહરેજગારીમાં અને સાદાઇમાં બીરાજમાન થયલા દીસતા હતા.
હવે આ રીતના બાહેરના સુંદર "taste" છતાં, એ ગ્રહસ્થ ખરેખર રીતે જોતાં સુખી
નહી હતો. તેના છોકરાં તેની બેદરકાર ચાલને લીધે વારેઘડીએ આજારી પડતાં હતાં.
તેના ઘરમાં ઉંદરો ઘણા થતા હતા, અને ખાવા પીવાની ચીજ બેદરકારપણે
રાખવાને લીધે તથા ધર્મનાં ફરમાન સામે જઇને, અજીથ વતાર ચાલવાથી કરીને,
બાહેરથી જોકે તેનું ઘર ઘણુંજ શોભાયમાન લાગતું હતું, તોપણ ખરૂં જોતાં,

તેનું ઘર તેના પોતાનાંજ બચાં બાળાંની બાબતમાં તથા તેનાં કુટુંબની બાબતમાં સલામત લાગતું હતું નહી. હવે ઉપર લખવા પ્રમાણે મોબેદ સાહેબે એકજ વાકયમાં જવાબ આપ્યો, તેની મતલબ ઉંડાણમાં ઘણીજ મોતેબર હતી, કારણ તેની અસર, આ ભોળા ગ્રહસ્થનાં મનપર ઘણીજ સરસ રીતે થઇ. મોબેદના કેહેવા પ્રમાણે તેણે સઉથી પેહેલાં ઉંદરોને દૂર કરવા માટેના અને ઉંદરો થાયજ નહી, તેના ઉપાયો લેવા માડીયા. ઉંદરોને માટે પેટી માડવાનું, અને તેઓ લલચાઇને ઘરમાં નહી આવે, માટે ખાધાપીધાની ચીજો સંભાળથી રાખવા માડી. ઉંદર સામે સંભાળ લેવા જતાં, કેટલા મહીનાની જે સાદડી તથા ગાલીચા નીચે, કાનકચુરા, સાંપ, ઇ૦ જાનવરો પોતાનું ઘર કરી બેઠેલાં તેઓને પણ સાફસુફ કરાવી, જેથી ઉંદરોની સાથે સાથે, આખું ઘર પણ ચોખું થતું ચાલ્યું. વળી જુની "ઑઇલ પેન્ટીંગ" તથા છબીઓ, તથા "wall paper" વૉલ પેપરોમાં જે "બેકટીરીયા" તથા બીજાં સુક્ષ્મિક જાનવરો ભરાઇ બેઠેલાં, તે, સાફસુફ કરાવવાને લીધે દુર થયાં. જુવો કે મોબેદની એક શીખાંમણથી તેના ઘરમાંથી બીમારી તથા નાતંદુરોસ્તી બેમાલુમ થયાં. આ પછી એ ભોળા ગ્રહસ્થે, મોબેદ સાહેબનો મોટો ઉપકાર માન્યો, કારણ તેની એક સલાહથી, ઉંદરો, કાનકચુરા, વીછુ, સાંપ, "બેકટીરીયા" સર્વે નેસ નાબુદ થયા. મોબેદ સાહેબ જેવણ ઘણા પહરેજગાર તથા ખબરદાર હતા, તેવણે આ પ્રમાણે જવાબ વાળીને, તે ઉપકાર સ્વિકાર્યો. "ખુદરતમાં બાહેરથી જેમ ઉંદર બીલાડાં, સાંપ, આપણને દુઃખ દેછે, અને કોઇ વખત આપણો જીવ પણ લેછે, તેના કરતાં કરોડો દરજ્જે તિક્ષણ શક્તિવાલા એવીજ રીતના દુર્ગુણો, આપણાંમાં વસ્તા રહીને, ગેથી સુખનું નખોદ વાળી આપણું મોત લાવેછે, એટલુંજ નહી, પણ મીનોઇ અમર સુખનું પણ નખોદ વાળેછે. માટે તેવા ખરાબ ગુણો જો આપણામાં વસ્તા હોયતો, તો કરણીના કાયદાને માન આપીને તથા ખરે રસ્તે તથા ખરા સુધારાપર ઉતરીને, તેઓને દુર કરવા, તોજ ગેથી તેમજ મીનોઇ બંને તંદરોસ્તીઓ ભોગવવાની આપણને આશા રેહે. એજ મતલબથી ઉંદીદાદ લખાયલાછે. મારી મતલબ ઉંદરને મારી નાખવા માટેની જેટલી હતી નહી, તેટલી, ઉંદર ઘરમાં એટલે કે તમારા શરીરી ઘરમાં થાએજ નહી, અને તમો ચોખ્ખાઇ શીખો માટેજ, મેં તમુને એવી રીતની સલાહ આપી હતી." આ અસકારક ભાષણથી, આ ભોળા ગ્રહસ્થે પોતાની ભુલ જોઇ લીધી, અને ખરો જે સુધારો, તે ઉપર ખંતીપણાથી ધ્યાન આપવાનું શરૂ કીધું; પોતાના ખાકી taste ને મીનોઇ taste માં લઇ ગયો. એનો ભલો દાખલો જોઇ, તેની મોહોરદાર પણ ખરે રસ્તે ઉતરી, અને પોતાની બેહેનપણીઓને પોતાના નેક દાખલાથી અને પહરેજગાર ચાલથી એક હીરાની માફક ખારી થઇ પડી. ખાધા પીધામાં જેવાં કે સ્વાદિષ્ટ માસના

પકવાનો, જલદ દારૂઓ, તે સર્વે આ ભલું કુટુંબ ધીમે ધીમે કમી કરીને, ભાજીપાલો, દાળભાત, તથા મેવો, ઈત્યાદી ખાવાનું શરૂ કીધું. ઉંદર દુર કરવા માટે, તે કુટુંબ અગાઉ છટકાં માડતું હતું, તે હવે પોતાની ભુલ જોઈને, તથા કોઈનો પણ જીવ બને તેમ નહી લેવો, એવા નિયમથી, તે હવે પેટી માડવા લાગ્યું, અને તેનાં સારા ગુણોના પ્રતાપથી, તથા એજીઠવટારમાં તે ઘરમાં મોટો સુધારો થવાથી, ઉંદરોએ પોતે, તે કુટુંબને આગળ જેવો કંટાળો આપવાનું માડી વાળ્યું. ધીમે ધીમે ખાકી અભ્યાસ પરથી ધ્યાન ઓછું કરીને, આ કુટુંબે મિનોઈ અભ્યાસ કરવા માંડયો, અને ધર્મશાસ્ત્રનું બાતેનમાં ગ્નાન મેળવ્યું. આગળ ચાલતાં એ કુટુંબ પૈસે ટકે તેમજ ગેથી તેમજ મીનોઈ સુખની બાબતમાં ઘણુંજ પંકાઈ નીકળ્યું. આપણ સર્વે ઈચ્છીશું કે આપણામાં જે **માહારાની મોએદ, દરતુરાંન દરતુર દાદાર હોરમજદ** ઘર કરીને બેઠોછે, તેના ગરોથમાન ઘરમાં, જીવતાં વતજી મળી જવું; એને માટેની જે રીતીનીતિની ચાવી તેને કરણીનો કાયદો **કરી કેહેછે.**

"અથ જમ્યાત યથ આફ્રીનામિ."

જેમ હું દુઆ માગું છું તેમ થાઓ. આમીન!

સમાપ્ત.